महोपाध्याय यशोविजयविरचिता

# धर्म परीक्षा

भाग - ३

चन्द्रशेखरीयावृत्ति-गुर्जरभाषान्तरसमन्विता

યુગપ્રધાન આચાર્યસમ પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.

# ધર્મપરીક્ષા

## ભાગ-૩

## ❖ સમર્પણમ્ ❖

❁ કોબાના ઉપાશ્રયના ભોંયરામાં મને ધર્મપરીક્ષા ગ્રન્થો ભણવાની પ્રેરણા કરનાર પૂ. ગુરુદેવશ્રીને...

❁ દીક્ષાના સાતમા વર્ષે વાપીમાં સૌ પ્રથમ સંસ્કૃતટીકા લખીને મુંબઈ જોવા મોકલી ત્યારે એ ટીકા જોઈને એમાં એવી કોઈ વિશેષતા ન હોવા છતાં શિષ્યના સુકૃતની પ્રશંસા માટે અતિ ઉચ્ચકોટિના શબ્દોથી પ્રશંસાપત્ર લખનાર પૂ. ગુરુદેવશ્રીને !...

❁ મારા લખાણમાં ભૂલો જોઈને 'તમે છાપવાનું બંધ કરો' એમ કોઈક આચાર્યની સૂચના આવી, ત્યારે 'જે કામ કરે, એની ભૂલ થાય જ. ચિંતા ન કર, ભૂલો સુધારવાની, લખવાનું અને છાપવાનું' એમ કહીને મારો બધો ભય દૂર કરીને જબરદસ્ત પ્રોત્સાહન આપનાર પૂ. ગુરુદેવશ્રીને...

ગુણહંસ વિજય.

॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

મહામહોપાધ્યાય યશોવિજયજી વિરચિતા

# ધર્મપરીક્ષા

## ભાગ-૩

(ચન્દ્રશેખરીયા ટીકા + વિવેચન સહિત)

❖ દિવ્યાશિષ ❖

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના
વિનેય પૂજ્યપાદ યુગપ્રધાનાચાર્યસમ પં. પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સાહેબ

❖ શુભાશિષ ❖

પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબ

❖ નિશ્રાદાતા ❖

યુગપ્રધાનાચાર્યસમ પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા. ના પટ્ટાલંકાર
પૂ. આ. શ્રી હંસકીર્તિસૂરિજી મ.

❖ ચન્દ્ર. વૃત્તિકાર + ભાષાંતરકાર ❖

મુ. ગુણહંસ વિ.

❖ પ્રકાશક ❖

**કમલ પ્રકાશન ટ્રસ્ટ** : ૧૦૨-એ, ચંદનબાળા કોમ્પ્લેક્ષ, આનંદ નગર પોસ્ટ ઑફિસ
સામે, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭, ટેલી. (૦૭૯) ૨૬૬૦ ૫૩૫૫

# ધર્મપરીક્ષા

## ભાગ-૩

યુગપ્રધાનાચાર્યસમ

પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સા.

❊ પ્રાગટ્ય દિન ❊

વિ. સં. ૨૦૭૨, કારતક સુદ ચૌદશ

સ્થળ : બારડોલી, વિરતિ મંદીર

❊ સૌજન્ય ❊

શ્રી સરદારબાગ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, બારડોલી

❊ મૂલ્ય ❊

ભણવું-ભણાવવું-પચાવવું

**આવૃત્તિ :** પ્રથમ સંસ્કરણ, **નકલ :** ૭૦૦

❊ મુદ્રક ❊

પાર્શ્વ ઓફસેટ - ક્રિએટીવ પ્રકાશન

"વિક્રમ", એમ.જી. રોડ, વેરાવળ - ૩૬૨૨૬૫, ફોન - ૦૨૮૭૬-૨૨૨૬૧૭

**ટાઈટલ ડીઝાઈન :** નેમ ગ્રાફીક્સ, મો. ૯૪૨૮૬૦૮૨૭૯

❖ પ્રકાશક ❖

કમલ પ્રકાશન ટ્રસ્ટ

नमोऽस्तु तस्मै जिनशासनाय

प्रस्तावना

# ધર્મપરીક્ષા ભાગ-૩

## ચારિસંજીવનીચાર ન્યાય

સમ્યગ્દર્શન એટલે અરિહંતને સુદેવ તરીકે માનવા, પંચમહાવ્રત પાલકોને જ સુગુરુ તરીકે માનવા, અને જૈનધર્મને જ સુધર્મ તરીકે માનવો. સુદેવ-સુગુરુ અને સુધર્મ એ ત્રણ તત્ત્વો છે અને એ તત્ત્વો ઉપર શ્રદ્ધા એ જ સમ્યક્ત્વ છે.

સાચો સમ્યક્ત્વી અરિહંત સિવાય કોઈ દેવને ન નમે, ન પૂજે. પંચમહાવ્રતધારી જૈન અણગાર સિવાય કોઈ સંન્યાસી, બાવા વિગેરેને સુગુરુ ન માને, ન નમે, ન વંદે. જૈનધર્મ સિવાય બીજા કોઈ જ ધર્મને સુધર્મ, આદરણીય, કર્ત્તવ્ય ન માને.

આ બધા પાછળ મુખ્ય વાત એ છે કે સમ્યક્ત્વી આત્મા સુદેવ કોને કહેવાય ? સુગુરુ કોને કહેવાય ? સુધર્મ કોને કહેવાય ? એ બધું જાણે છે. એટલે જ એ અરિહંતાદિને છોડીને બીજા કોઈને ય સુદેવાદિ તરીકે માનવા તૈયાર નથી.

જેમ એક રોગી ઘણા વૈદ્યો પાસે પોતાના રોગનો નાશ કરાવવા માટે ફરી આવે અને પછી જે વૈદ્યનું નિદાન એને સચોટ લાગે, જે વૈદ્યની દવા એને અસરકારક લાગે એ જ વૈદ્યને પોતે આજીવન માટે પોતાનો ફેમિલી વૈદ્ય બનાવી દે. બીજાઓ એને અન્યવૈદ્યાદિની દવા કરવાની વાત કરે તો પણ આ અનુભવી રોગી કહી જ દે કે "આ વૈદ્યે જ અત્યાર સુધી બધા રોગો મટાડ્યા છે...માટે એને જ બતાવીશ."

અહીં એક વાત સ્પષ્ટ છે કે આ રીતે બીજા વૈદ્યોને છોડવામાં અને એક જ વૈદ્યને પકડી રાખવામાં એનો વૈદ્ય પ્રત્યેનો વ્યક્તિરાગ કોઈ ન જ માને. રોગીને વૈદ્ય પર રાગ નથી. પણ પોતાનો રોગ નાશ પામે એની સાથે નિસ્બત છે. એ રોગનાશ જે વૈદ્ય દ્વારા જણાયો થયો એ જ વૈદ્યને એ પકડી રાખે. એમાં કદાગ્રહ, અંધરાગ, વ્યક્તિરાગ ન જ કહેવાય. ઉલ્ટું સમ્યક્ સમજણ કહેવાય.

એમ સમ્યગ્દૃષ્ટિ આત્માએ શિવ, કૃષ્ણ, કપિલ, બુદ્ધ, મહાવીરાદિ તમામ દેવોની પરીક્ષા કરી. એ બધાની પરીક્ષા કર્યા બાદ એને જણાયું કે વીતરાગદેવમાં જ સાચું દેવત્વ

છે, બાકી બધામાં સાચું સંપૂર્ણ દેવત્વ નથી. અને એટલે પછી એ નિર્ણય કરે કે "હવે હું વીતરાગ સિવાય કોઈને પણ દેવ તરીકે નહિ જ માનું." તો એમાં એનો કદાગ્રહ, અંધરાગ, વ્યક્તિરાગ નથી. પણ સાચી સમજ છે.

એમાં એને તો પોતાના મોક્ષ સાથે નિસ્બત છે. એ મોક્ષ એને વીતરાગદેવ પાસેથી ઝડપી પ્રાપ્ત થતો દેખાયો એટલે એણે વીતરાગને દેવ તરીકે સ્વીકારી લીધા.

જેમ કેટલાક વૈદ્યો એવા હોય કે મુખ્યવૈદ્ય કરતા થોડા લાંબા કાળે પણ રોગ મટાડનારા હોય. તો કેટલાકો તો માત્ર નામના જ વૈદ્ય હોય. રોગ મટાડવાના નામે હજાર નવા રોગો ઉત્પન્ન કરવાના ધંધા કરનારા પણ હોય. સમજુ રોગી આ બે ય પ્રકારના વૈદ્યને બાજુ પર મૂકી પોતાના અનુભવ પ્રમાણે સર્વોત્કૃષ્ટ વૈદ્યને સ્વીકારે.

એમ કેટલાક દેવો એવા હોય કે વીતરાગ કરતા થોડા લાંબા કાળે પણ મોક્ષ તરફ લઈ જનારા હોય. તો કેટલાક દેવો તો મોક્ષ તરફ લઈ જવાને બદલે સંસાર વધારનારા હોય. **સમજુ સમ્યક્ત્વી આ બેય પ્રકારના દેવોને ત્યાગી દે** એ એની સમજણનું જ ફળ છે.

એટલે "અરિહંતાદિ સિવાય બાકીનાને દેવાદિ ન માનવા" એવી સમ્યક્ત્વીની પ્રતિજ્ઞામાં અરિહંતાદિ પ્રત્યે વ્યક્તિરાગ પણ નથી કે ઈતર દેવાદિ પ્રત્યે દ્વેષ પણ નથી. માત્ર શુદ્ધ મોક્ષેચ્છાથી પ્રગટ થયેલ આ ભાવના છે.

જો વેપારીઓ નુકશાન કરાવનારા કે ઓછો નફો કરાવનારાઓની સાથે વેપાર છોડીને વધુ નફો કરાવનારાની સાથે જ વેપાર કરવા તૈયાર થાય છે, અને તે વેપારીઓ ચતુર, સમજુ ગણાય છે, તો સમ્યક્ત્વી પણ નુકશાન કરાવનારા કે ઓછો લાભ કરાવનારા કુદેવ, કુગુર્વાદિને છોડી દે અને સુદેવાદિને સ્વીકારે તો એ પ્રવૃત્તિ અનુચિત ન જ કહેવાય.

જે વૈદ્યના નિદાનો ખોટા કે ઓછા સાચા સાબિત થતા હોય, જે વૈદ્યની દવા નિષ્ફળ કે વિપરીત ફળ આપનારી બનતી હોય, એવું એ રોગીએ સ્વયં અનુભવ્યું હોય અથવા તો એના ચોક્ખા દૃષ્ટાન્તો જોયા હોય, શિષ્ટપુરુષોએ ઢગલાબંધ દૃષ્ટાન્તાદિ દ્વારા રોગીને સમજાવ્યું હોય કે 'આ વૈદ્ય પાસે નિદાન કે દવા કરાવવા જેવી નથી.' આમ છતાં કોઈ રોગી મૂર્ખતા, ગેરસમજ વિગેરે કારણસર એ જ વૈદ્યની દવા કરે રાખે, બીજા વૈદ્યોને ગાળ દેતો ફરે...તો એ રોગી ભયંકર ભૂલ કરી રહ્યો છે. એ સ્પષ્ટ સમજી શકાય

છે.

એમ નુકશાન કરાવનાર વિચિત્ર વ્યક્તિ સાથે નવો વેપાર કરવા તૈયાર થયેલાને સજ્જનો સમજાવે કે, "આ માણસ સાથે વેપાર કરવા જેવો નથી. ઘણાઓને નુકશાનમાં ઉતાર્યા છે, લુચ્ચો છે." અને તેમ છતાં જો પૈસા વધુ કમાવવાના લોભાદિને લીધે એ વેપારી એ વિચિત્રમાણસની સાથે વેપાર કરે તો સજ્જનો કહેવાના જ કે આ ભંયકર ભૂલ કરે છે.

કેટલાક અજૈન દેવો, અજૈન ગુરુઓ સ્વયં રાગદ્વેષથી ભરેલા છે, તેઓ પાસે આત્માના સુખ માટેના કઈ સમ્યક્ ઉપાયો નથી. પશુહિંસા વિગેરે ઢગલાબંધ નકામા અનુષ્ઠાનો તેઓ શરણે આવેલાઓ પાસે કરાવીને દુર્ગતિમાં ધકેલી દે છે. તેઓ સ્વયં સ્ત્રીભોગી છે, ભોજન લંપટ છે... જો ગણતરી માંડીએ તો વીતરાગ દેવ અને જૈનસુશ્રમણની તુલનામાં એ કુદેવ-કુગુરુઓમાં ઢગલાબંધ દોષો છે.

આવા કુદેવ-કુગુરુને જે જીવો પકડી રાખે, સ્વયં નુકશાનો અનુભવવા છતાં એમને ન છોડે જૈન સાધુઓ વિગેરે એ જીવોને સચોટ દૃષ્ટાન્તો, સચોટ યુક્તિઓ દ્વારા બધું સમજાવે, છતાં માત્ર પોતાના ધર્મ પ્રત્યેના ખોટા રાગને લીધે, કુદેવ-કુગુરુ પ્રત્યેના વ્યક્તિરાગને લીધે જે કુદેવ-કુગુરુ વિગેરેને ન છોડે તેઓ ભયંકર ભૂલ કરી રહ્યા છે એ સ્પષ્ટ છે. એમને કુપાત્ર ગણવા પડે. આ જીવો આભિગ્રહિક મિથ્યાત્વી ગણાય.

પરંતુ જેઓ જીવનમાં સૌ પ્રથમવાર રોગી બનીને એ રોગના નાશ માટે વૈદ્યો પાસે જઈ રહ્યા છે. કોઈ વૈદ્યોનો એમને અનુભવ નથી. કયા વૈદ્ય સારા કે કયા વૈદ્ય ખરાબ ? આવી જેને બિલકુલ ગતાગમ નથી. ઈચ્છા છે એક જ કે રોગનાશ કરવો. એ માટે એટલી સમજણ છે કે વૈદ્યના શરણે જવું. પણ "વૈદ્યો નકામા કે રોગ વધારનારા ય હોઈ શકે છે. સારા વૈદ્યો તો ઘણા ઓછા હોય" આવી જેને બિલકુલ સમજ નથી, એવો રોગી તો રોગનાશ માટે જે વૈદ્ય મળે એની પાસે જવાનો, રોગનાશ ન થાય ત્યાં સુધી રોગનાશ માટે બધે ફર્યા કરવાનો.

આ જીવ સારા-ખોટા બધા વૈદ્યો પાસે જાય છે, બધાને રોગનાશક માને છે. એની હાલત કદાચ એવી છે કે તાત્કાલિક કોઈક સાચો વૈદ્ય એને કહી દે કે "તું જે બીજા વૈદ્ય પાસે જવાનો છે, એ તદ્દન ખોટો વૈદ્ય છે." તો એ સાચા વૈદ્યની સાચી વાતને પણ નિંદા સમજી બેસી એ સાચા વૈદ્યને ગાળો દેવા માંડે.

આ જીવમાં માત્ર અણસમજ છે, અજ્ઞાન છે. હા ! એની ભૂમિકા એવી તો છે જ કે આ રીતે બધા વૈદ્યોમાં ફરતા ફરતા જે વૈદ્યની દવા એને લાગુ પડશે...અનુભવથી એને સમજાશે કે આ  વૈદ્ય સાચો છે, બાકીના ખોટા છે, તો એ વખતે એ ખોટા વૈદ્યને છોડીને સાચા વૈદ્યનો જ સ્વીકાર કર્યા વિના રહેવાનો નથી.

આમ આ જીવની ભવિષ્યમાં સાચા જ વૈદ્યને પકડવાની, ખોટા વૈદ્યોને છોડી દેવાની પાત્રતા હોવા છતાં ય વર્તમાનમાં તો એ બધા જ વૈદ્યોને સારા-રોગનાશક માની રહ્યો છે. છતાં આ જીવ સારો ગણાય છે, કરુણાપાત્ર ગણાય છે. સ્વાનુભવ કે કોઈની સમ્યક્ સમજણ દ્વારા સુધરી જવાની એની જબરજસ્ત પાત્રતા છે.

એમ સંસારનાશની ઈચ્છાવાળો બનેલો અને તે માટે દેવ-ગુરુ-ધર્મનું શરણ જરુરી સમજનારો છતાં અણસમજું આત્મા સંસારનાશ માટે, મોક્ષ માટે બધા દેવોને સંસારનાશક સમજી પૂજે, બધા ગુરુઓને સંસારનાશક સમજી વાંદે, બધા ધર્મોને સંસારનાશક માની આદરવા તત્પર રહે.

એને બિચારાને એ ખબર નથી કે સંસારનાશક દેવાદિ તો કોંક જ હોય, મોટા ભાગના દેવાદિ તો સંસારવર્ધક કે નકામા જ હોય છે. પણ આની અત્યારની ભૂમિકા એવી છે કે જો કોઈ એને એમ કહે કે વીતરાગદેવાદિ સિવાય બાકીના બધા દેવાદિ ખોટા છે. તો કદાચ આ જીવ એ કહેનારાને જ નિંદક માની, વીતરાગદેવાદિને જ નકામા માની લે તો નવાઈ નહિ.

આ જીવમાં કદાગ્રહ નથી ઈચ્છા માત્ર એક જ છે કે પોતાનો મોક્ષ મેળવવો. એટલે જ આ જીવો મધ્યસ્થ મિથ્યાત્વી કહેવાય છે.

આ લોકોને સીધો જ વીતરાગમાત્રની પૂજાદિ કરવાનો ઉપદેશ આપવો ન જોઈએ. કેમકે એ એમને ઉંધો જ પડે.

પણ જેમ કોઈક રોગી પોતાના રોગના નાશ માટે બે વૈદ્યોની દવા કરતો હોય. એમાં એક વૈદ્યની દવા ઓછી અસરકારક અને બીજાની દવા તો વળી ઉંધી પડનારી હોય, તો સજ્જનો આ જાણવા છતાં જો એવો અનુભવ કરે કે "અત્યારે આ રોગી આ બે વૈદ્યો ઉપર શ્રદ્ધાવાળો છે. આપણા કહેવા માત્રથી એની એ શ્રદ્ધા તુટવાની નથી જ. આપણે ના પાડશું તો ય એ પાછો નહિ વળે."

છતાં સજ્જનોને લાગે કે આ રોગી કદાગ્રહી નથી. સાચી સમજણ આવશે પછી સુધરી જશે. તો સજ્જનો પેલા બે વૈદ્યોની દવા લેવાની ના પાડવાને બદલે ત્રીજા સાચા વૈદ્યની દવા લેવાની ભારભરી સલાહ આપશે કે "જો પેલા બે વૈદ્યોની દવા ચાલુ જ રાખ તેમાં કંઈ નુકશાન નથી. પણ આ ત્રીજા વૈદ્યની દવા પણ લે, જલ્દી સારું થશે..." અને રોગનાશની તીવ્ર ઈચ્છાવાળો તે રોગી ત્રીજા વૈદ્યની પણ દવા શરુ કરશે. હવે સજ્જનોને ઝાઝી મહેનત કરવાની જરુર નહિ રહે. સાચા વૈદ્યની દવા પોતાની જોરદાર અસર બતાવશે, રોગીનો રોગ પૂર્વે કરતા અત્યંત ઝપાટાબંધ નાશ પામશે. મધ્યસ્થરોગી સમજી જશે કે "પહેલા બે વૈદ્ય અને આ વૈદ્યમાં આભ-ગાભનું અંતર છે." પછી તો રોગી સ્વયં બે વૈદ્યોને છોડી સાચા વૈદ્યને જીંદગીભર માટે પકડી લેશે. અથવા તો આવા એના અનુભવ બાદ સજ્જનોએ માત્ર ટકોર જ કરવાની રહેશે કે "છોડી દે, પેલા વૈદ્યોને." અને સુતરના તાંતણાની માફક એ બે વૈદ્ય સાથેનો સંબંધ રોગી તોડી નાંખશે.

ત્રીજા વૈદ્યની શરુ થયેલી દવાએ જ આ બધું કામ કરી આપ્યું, પણ એ દવા ચાલુ કરાવવા માટે શરુઆતમાં તો બે વૈદ્યોની દવા પણ મંજુર રાખવી પડી.

બસ, આ જ રીતે મધ્યસ્થમિથ્યાત્વીઓને સદ્ગુરુઓ એટલું જ કહે કે "ભાઈ ! જગતના બધા દેવો પૂજનીય છે. શંકર, કૃષ્ણ, વીતરાગાદિ બધા જ પૂજ્ય છે. દરેકમાં તે તે ગુણો છે. એમ જૈનસાધુ, બૌદ્ધસાધુ...બધા વંદનીય છે...તું તારા ઈષ્ટદેવ, ગુરુ, ધર્મને તો માન જ. પણ એ સાથે આ બધાયને માન. બધા સરખા છે..."

અને અનાભિગ્રહિક મિથ્યાત્વી આ વાતમાં લપેટાય (!) ઈષ્ટદેવાદિ ઉપરાંત વીતરાગાદિની ભક્તિ પણ કરવા માંડે. બસ, હવે સદ્ગુરુઓની મહેનત ઘટી જાય છે. વીતરાગદેવ, જૈનસુશ્રમણ અને જૈનક્રિયાઓનો નોંધપાત્ર જબરદસ્ત મોટો લાભ તેને દેખાય. આપો આપ એને ભાન થઈ જાય કે "આ વીતરાગદેવાદિ કંચન છે, તો અન્ય દેવાદિ કથિર છે. વીતરાગદેવાદિ દૂધ છે, તો આ અન્ય દેવાદિ પાણી છે." અને એ કુદેવાદિનો પોતાની મેળે કે છેવટે સદ્ગુરુઓની સચોટ ટકોરે જ ત્યાગ કરી દે.

આમ અહીં તે જીવને સન્માર્ગે વાળવા માટે વીતરાગપૂજાદિ ઉપયોગી બન્યા, પણ એ સાથે એની જુની કુદેવાદિની પૂજાદિને તત્કાળ પૂરતી મંજુરી આપવી પડી છે.

(૧) અજૈનોની આમ "મારા ઈષ્ટદેવ જ વંદનીય" ઈત્યાદિ માન્યતા અભિગ્રહિક મિથ્યાત્વ, કદાગ્રહ.

(૨) જૈનોની આમ "વીતરાગદેવ વંદનીય" ઈત્યાદિ માન્યતા એ નિર્મળ સમ્યક્દર્શન.

(૩) અનાભિગ્રહિકને પ્રારંભિક દશામાં "બધા જ દેવો વંદનીય, બધા ગુરુઓ વંદનીય."

(૪) અનાભિગ્રહિક મિથ્યાત્વ પણ અપેક્ષાએ સારું.

આવા અનેક પદાર્થો ઉપરના લખાણ ઉપર ચિંતન-મનન કરવાથી સ્પષ્ટ થશે.

આમાંથી એક તાર પકડવાનો છે કે આ વાત માત્ર અજૈનો માટે ન સમજવી. વર્તમાનમાં જે જૈનો સૌ પ્રથણવાર ધર્મ તરફ વળતા હોય છે, તેઓ પણ શરુઆતમાં આવી જ વિચારધારા ધરાવતા હોય છે કે "મહાવીર કે શિવ કે કૃષ્ણ...છેવટે તો બધા સરખા જ છે ને ? સંન્યાસીઓ કે જૈન સાધુઓ...બધા સંસારત્યાગી જ છે ને ? જૈનધર્મ કે અન્યધર્મ...બધા આત્મહિતની જ વાત કરે છે ને ?"

આ નવા પ્રકારના જૈનો અનાભિગ્રહિક મિથ્યાત્વની ભૂમિકામાં હોય એવું સ્પષ્ટ લાગે. આ લોકોને સીધું એમ કહેવું કે "જૈનોના ભગવાન વીતરાગ સિવાય બાકી બધા દેવો નકામા છે, તુચ્છ છે.... જૈન સાધુઓ સિવાય બાકી બધા સંન્યાસી વિગેરે નામ માત્રના સાધુ છે. અરે ! જૈન સાધુઓમાં પણ અમુક જ ગચ્છના સાધુઓ સારા-સાચા, બાકી બધા ઉન્માર્ગગામી છે...જૈનધર્મ સિવાય બાકીના બધા ધર્મો અંધકારમાં છે..." એ તો એમને ઉલ્ટું વીતરાગ, જૈનસાધુ, જૈનધર્મ પ્રત્યે અણગમો ઉત્પન્ન કરાવી દેનારું બને.

એટલે આવા નવા જૈનો કદાચ શીરડીના સાંઈબાબા, શંકર, કૃષ્ણાદિને માનનારા ય હોય, છેલ્લી કક્ષાના શિથિલાચારીઓની સેવા-ભક્તિ કરનારા ય હોય, અન્યધર્મોના અનુષ્ઠાનો કરનારા પણ હોય, છતાં શરુઆતથી જ બધાનું ખંડન કરવા માંડવું એ શરણે આવેલાઓના માથા કાપી નાંખવા જેવું છે. એ ખંડન સો ટકા સાચું હોવા છતાં આ અવસ્થામાં તો પેલા જીવોને જૈનમાર્ગથી દૂર ધકેલનાર બની જાય છે. માટે એ વખતે તો બીજા દેવોની સાથે અરિહંતદેવને પૂજતો-વંદતો, બીજા ગુરુઓની સાથે જૈન સાધુઓને પૂજતો-વંદતો...કરવો. સુગુરુ-સુદેવ-સુધર્મની પ્રશંસાદિ ચોક્કસ કરી શકાય, પણ ઈતરની નિંદા ન કરાય. વીતરાગદેવના ગુણો હજી વર્ણવાય, પણ શંકરાદિના છતાં દોષો ય ત્યારે ન વર્ણવાય. સુસાધુના આચારો હજી વર્ણવાય પણ શિથિલાચારીઓના શિથિલાચારની વખોડણી ન કરાય. જૈનધર્મના અદ્ભુત ચિંતનો, પદાર્થો હજી મૂકાય પણ ઈતરધર્મોના હિંસકપાત્રાદિની વખોડણી ન કરાય.

હા ! એ જીવો થોડાક જ કાળમાં વિવેકી બનવાના જ છે. એ પછી આ બધા ખંડનો એકદમ ઉપયોગી બને.

ટુંકમાં આપણા પ્રત્યે એને વિશ્વાસ ઉત્પન્ન થાય, વીતરાગદેવ, જૈન સાધુ, જૈનધર્મની અલ્પ પણ વિશિષ્ટતા એને અનુભવાય કે પછી તરત જ આ બધા ખંડનો અવસર પ્રમાણે કરવામાં શાસ્ત્રબાધ નથી એ રીતે જ એ મહાસમ્યક્ત્વી બનશે.

આ વિવેક, આ દેશના પદ્ધતિ દરેક વ્યાખ્યાનકારોએ સમજવી જોઈએ. જેથી કોઈના પણ અહિતમાં આપણે નિમિત્ત ન બનીએ.

પણ આ બધું ય ખરા અર્થમાં **પરોપકારની ભાવના હશે, પોતાના ગચ્છાદિનો અંધરાગ નહિ હોય, આકાશ જેટલી વિરાટ દૃષ્ટિ હશે, તો શક્ય બનશે.**

## સર્વજ્ઞ એક છે

જૈનદર્શનમાં ઋષભ, અજિત વિગેરે ચોવીશ તીર્થંકરો અને એમના સિવાય અસંખ્ય કેવલીઓ આ ચોવીશીમાં સર્વજ્ઞ તરીકે માનેલા છે. જો સિદ્ધોને ભેગા ગણીએ તો જૈનદર્શન અનંત આત્માઓને સર્વજ્ઞ તરીકે માને છે.

હવે એ બધા જ આત્માઓનું જ્ઞાન એક સરખું જ છે. ઋષભજી જેટલું જાણે છે, એટલું જ અજિતાદિ તમામ સિદ્ધ ભગવંતો જાણે છે. એક તસુભાર જેટલો પણ એ અનંત આત્માઓના જ્ઞાનમાં ભેદ નથી.

એટલે ખરેખર તો સર્વજ્ઞો અનંતા છે, પણ બધાના જ્ઞાનમાં કોઈ જ ભેદ નથી. એટલે એ જ્ઞાનની સમાનતાની દૃષ્ટિએ "સર્વજ્ઞ એક જ છે." એમ કહેવાય છે.

મોટી બેંકમાં પૈસાની લેવડ-દેવડ માટે ૮-૧૦ કાઉન્ટરો રાખવામાં આવે છે. ૫૦૦૦રૂ.નો ચેક વટાવવા ગયેલો વ્યક્તિ પુછે છે કે "આ ૧૦ કાઉન્ટરમાંથી હું કઈ જગ્યાએ ચેક વટાવું ? મારે ૫૦૦૦ જોઈએ છે." જાણકાર કહેશે કે "ભાઈ ! કોઈપણ કાઉન્ટર પાસે ચેક વટાવો. તમને ૫૦૦૦ જ મળવાના છે ઓછા ય નહિ અને વધારે પણ નહિ."

અનંતા સર્વજ્ઞોને જોઈને કોઈ પુછે કે "મારે મોક્ષ જોઈએ છે, હું કયા સર્વજ્ઞની આરાધના કરું તો મને મોક્ષ મળે ?" તો સદ્ગુરુ કહે કે "ભાગ્યવાન્ ! તું કોઈપણ

સર્વજ્ઞની આરાધના કર. તને મોક્ષ મળશે."

પાંચ હજાર મેળવવા માટે કોઈ કાઉન્ટર કે કાઉન્ટર ઉપર બેઠેલા વ્યક્તિની એટલી બધી અગત્યતા નથી, જેટલી અગત્યતા ચેક વ્યવસ્થિત હોવાની, સહી વ્યવસ્થિત હોવાની, ચેક વટાવવાની વિધિ વ્યવસ્થિત હોવાની છે.

મોક્ષ પ્રાપ્તિ માટે કોઈ ચોક્કસ સર્વજ્ઞની એટલી બધી અગત્યતા નથી, જેટલી અગત્યતા જીવ દ્વારા કરાતી સર્વજ્ઞની આરાધનાની છે.

જો ચેક વિગેરે બરાબર હશે તો કોઈપણ કાઉન્ટર પાસેથી ૫૦૦૦ મેળવી શકાશે. એમ જો **સર્વજ્ઞની આરાધના બરાબર હશે તો કોઈપણ સર્વજ્ઞ પાસેથી મોક્ષ મેળવી શકાશે.**

હા ! ૫૦૦૦ મેળવવા માટે કાઉન્ટર તો જોઈશે જ. ભલેને એ કાઉન્ટર નં. ૧ હોય કે કાઉન્ટર નં.૧૦ હોય. ૧૦માંથી કોઈપણ એકપણ કાઉન્ટર ન હોય તો તો ૫૦૦૦ ન જ મળે.

એમ મોક્ષપ્રાપ્તિ માટે કોંક સર્વજ્ઞવીતરાગ દેવની આરાધના તો જોઈશે જ. ભલે એ સર્વજ્ઞ પછી વીર હોય કે ઋષભજી હોય. એ મુખ્ય બાબત નથી પણ એકાદ પણ સર્વજ્ઞની આરાધના વિના તો મોક્ષ ન જ મળે.

હવે ઋષભની આરાધના કરનારાઓ ય સર્વજ્ઞના ભક્ત કહેવાય. તો મહાવીરની આરાધના કરનારાઓ પણ સર્વજ્ઞના ભક્ત કહેવાય. કેમકે ઋષભ કે મહાવીર બેય સર્વજ્ઞ છે. સર્વજ્ઞ તરીકે સમાન-એક છે માટે જ તો ઋષભાદિના ભક્તો કે મહાવીરાદિના ભક્તો બધા મોક્ષ પામે છે.

હા, જેઓ વધુ સારી આરાધના કરતા હશે, તેઓ સર્વજ્ઞના વધુ સારા, નજીકના ભક્ત ગણાશે. પછી એ ભક્ત ઋષભસર્વજ્ઞનો ય હોય કે મહાવીરસર્વજ્ઞનો ય હોય. એમાં કોઈ એકાંત નથી.

સર્વજ્ઞોની સાક્ષાત્ નજર સમક્ષ હાજરી તો બધાને નથી જ મળતી, હજારો-લાખો જીવો મનથી સર્વજ્ઞને કલ્પીને અથવા પ્રતિમામાં સર્વજ્ઞને કલ્પીને, સાચા સર્વજ્ઞમાં રહેલા ગુણોને યાદ કરીને, સ્તવીને સર્વજ્ઞની આરાધના કરે છે. શાસ્ત્રવચનોને ઋષભાદિસર્વજ્ઞોના વચન માનીને એ પ્રમાણે આચાર પાળીને સર્વજ્ઞની આરાધના કરે છે.

આ બધા પદાર્થો જૈનદર્શને માનેલા સર્વજ્ઞોને આશ્રયીને તો સ્પષ્ટપણે સંભવી જ શકે છે. કેમકે જૈનદર્શન માનેલા સર્વજ્ઞો ખરેખર સર્વજ્ઞો જ છે.

પ્રશ્ન એ ઊભો થાય છે કે "હિન્દુઓ રામને સર્વજ્ઞ, ગુણવાન, ભગવાન માનીને આરાધે, કૃષ્ણને સર્વજ્ઞાદિ માનીને આરાધે, શિવને-કપિલને-બુદ્ધને સર્વજ્ઞાદિ માનીને આરાધે...આ બધાની સર્વજ્ઞની આરાધનાનું ફળ શું ? જૈનદર્શન પ્રમાણે તો આ બધા જીવો ખરેખર સર્વજ્ઞ છે જ નહિ ? તો પછી આ બધા હિન્દુઓ અસર્વજ્ઞને સર્વજ્ઞ માનીને એની આરાધના કરે, તો એ હિન્દુઓ સર્વજ્ઞના સેવક કહેવાય ખરા ?

ઋષભ-મહાવીર તો પરસ્પર એક સરખા મતવાળા હોવાથી કોઈની પણ આરાધના કરીએ એ સર્વજ્ઞની જ આરાધના ગણાય, પણ રામ, કૃષ્ણ, શિવ, બુદ્ધ આ બધા સર્વજ્ઞ ક્યાં છે ? તેઓનું અને ઋષભાદિનું જ્ઞાન એક સરખું ક્યાં છે ? તો પછી રામ, કૃષ્ણાદિની આરાધના એ સર્વજ્ઞની આરાધના શી રીતે કહેવાય ?"

પણ શ્રીહરિભદ્રસૂરિજીએ અને એમના અભિપ્રાયોને દઢ કરનારા મહોપાધ્યાયજીએ આ વિષયમાં એક જબરદસ્ત ક્રાંતિ કરી છે. તેઓએ એક એવો પદાર્થ સ્વીકાર્યો છે કે જે જૈનદર્શનને માન્ય હશે કે કેમ ? એવી શંકા થઈ પડે.

પણ આ બે ય મહાત્માઓ જિનશાસનના ગગનના સર્વોત્કૃષ્ટ ચમકતા સિતારાઓ છે. શા માટે તેઓએ આવો પદાર્થ કહ્યો હશે ? એની વિચારણા કર્યા વિના એમનું ખંડન કરવું કે વગર વિચાર્યે એમણે કહેલો પદાર્થ સ્વીકારી લેવો એ બે ય એમની આશાતના છે.

હરિભદ્રસૂરિજી કહે છે કે, "કપિલ, બુદ્ધ વિગેરે બધા પણ સર્વજ્ઞ જ છે. જેવા મહાવીર સર્વજ્ઞ, એવા જ આ કપિલ, બુદ્ધાદિ પણ સર્વજ્ઞ છે."

જો આ પદાર્થ માની લઈએ તો પછી બધું સંગત થઈ જાય. કેમકે જેમ ઋષભ-વીર બે ય સર્વજ્ઞ હોવાથી બેમાંથી કોઈની પણ સેવા કરનારો આત્મા સર્વજ્ઞસેવક જ કહેવાય. તો એ જ રીતે બુદ્ધ-કપિલ-રામ-કૃષ્ણ આદિ પણ ઋષભ-વીર જેવા જ સર્વજ્ઞ હોવાથી તેઓની સેવા કરનારા પણ સર્વજ્ઞના સેવક કહી શકાય.

હા ! સેવાની પદ્ધતિ તો જુદી જુદી રહેવાની જ. કોઈ ઋષભની પૂજા કરે, કોઈ ઋષભના વચન પ્રમાણે અનુકંપા કરે, કોઈ દેશવિરતિ પાળે, કોઈ સર્વવિરતિ પાળે.

બધી ઋષભની સેવા જ છે. એમ કોઈ બુદ્ધની પૂજા કરે, બુદ્ધના વચન પ્રમાણે જીવદયા પાળે, બુદ્ધના વચન પ્રમાણે સંસાર ત્યાગે...આ બધી પણ બુદ્ધની જાતજાતની સેવા જ છે.

૧000 ફુટ દોડની હરિફાઈમાં ૧૦ લાંબા ૧000 ફુટના પટ્ટા દોરેલા હોય. એક બાજુ ૧૦ દોડવીરો દોડવા માટે ઊભા હોય. બીજી બાજુ એ ૧૦ વિભાગોમાં ૧000 ફુટ પાસે રિબીનો બાંધેલી હોય. જે સૌથી પહેલો પોતાના વિભાગની રિબીન તોડે તે વિજયી બને. પ્રથમ વિભાગમાં રહેલાએ પ્રથમ વિભાગની રિબીનને આંબવાની હોય. એમ તે તે વિભાગમાં રહેલાએ તે તે વિભાગની રિબીનને આંબવાની હોય. પહેલા વિભાગવાળાએ આડા દોડીને બીજા...દશમા વિભાગની રિબીનને આંબવાની હોતી નથી. આમ અહીં જોઈએ તો દશેય દોડવીરોનું પોત પોતાનું લક્ષ્ય જુદી જુદી રિબીન છે. છતાં એ બધી રિબીન એક સરખી જ ગણાય છે.

ઋષભ, વીર, કૃષ્ણ, શિવ, બુદ્ધ, કપિલાદિ ૧૦ જુદા જુદા સર્વજ્ઞો ૧૦ જુદી જુદી રિબીન જેવા છે. તેઓનો ધર્મ-શાસન એ તેમનો વિભાગ કહેવાય. તે તે વિભાગમાં રહેલાઓ પોત પોતાના દેવને આંબવા, પામવા પ્રયત્ન કરે.

હવે જેમ દોડવીરો દોડ શરુ કરે ત્યારબાદ કોઈક આગળ હોય, કોઈક પાછળ હોય...આ બધું બને. એમ તે તે સર્વજ્ઞોની સેવા કરી રહેલાઓ પણ પોતાની સેવા પ્રમાણે સર્વજ્ઞના નજીકના સેવક, દૂરના સેવક...ગણાય.

એટલે હવે હિન્દુઓ, બુદ્ધો જે કોઈપણ માર્ગાનુસારી ક્રિયાઓ "અતિથિસત્કાર, સુપાત્ર દાન, જીવદયા, અનુકંપા, તપ" વિગેરે કરે. એ બધી પોતાના ભગવાનની સેવા છે. અર્થાત્ તેમના ભગવાનથી અભિન્ન એવા તમામ સર્વજ્ઞોની સેવા છે.

જેમ જિનપૂજાદિ કરનારા જૈનો સર્વજ્ઞસેવક કહેવાય, કેમકે જિન સર્વજ્ઞ છે, તેમ શિવપૂજાદિ કરનારા અજૈનો પણ સર્વજ્ઞ સેવક કહેવાય, કેમકે શિવ સર્વજ્ઞ છે.

હા ! જિનપૂજા, દેશવિરતિ, સર્વવિરતિ વિગેરે સર્વજ્ઞની ઉંચી કક્ષાની ભક્તિ છે. એટલે એ ભક્તિ કરનારાઓ સર્વજ્ઞના ઉંચા સેવક કહેવાય. જ્યારે અજૈનોની માર્ગાનુસારી ક્રિયાઓ તેમની નીચી કક્ષાની સર્વજ્ઞની ભક્તિ છે. માટે તેઓ સર્વજ્ઞના નીચા સેવક કહેવાય.

પ્રશ્ન એ થાય કે "અજૈનોના શાસ્ત્રોમાં તો પશુહિંસા વિગેરેને પણ કર્ત્તવ્ય માન્યા છે. જો એમના ભગવાન સર્વજ્ઞ હોય તો આવા બધા ઉપદેશ આપે ખરા ?"

એનું સમાધાન પણ સ્પષ્ટ છે કે "જૈનોમાં પણ ભગવાન અને શાસ્ત્રના નામે કેટલીક અનુચિત પ્રવૃત્તિઓ ચાલે જ છે ને ? (દા.ત. ભરચોમાસામાં પુષ્કળ વિરાધનાઓ કરીને બસ-ટ્રેન દ્વારા વીડિયો જોતા જોતા પાલિતાણાદિની યાત્રા એ ધર્મ જ મનાય છે ને ?) એ કંઈ ભગવાને નથી કહી. ભગવાનના નામે કોઈ ઉંધી ચત્તી પ્રવૃત્તિ કરે તો એમાં કંઈ ભગવાનને દોષ ન દેવાય.

એમ બુદ્ધ, કપિલાદિ એ કદિ પશુહિંસા, માંસભક્ષણ વિગેરે અનુચિત્તપ્રવૃત્તિઓનો ઉપદેશ આપ્યો જ નથી. એ તો કેટલાક વિચિત્ર જીવોએ પોતાની બુદ્ધિથી શાસ્ત્રાદિના નામે શરુ કરેલ છે.

જરાક તો વિચારો, બુદ્ધ, પતંજલિ, કપિલ વિગેરે કંઈ હલકા માનવો ન હતા, ખાનદાન કુળના, ઉચ્ચકોટિના સંસ્કારવાળા હતા. તેઓના નિરુપણો વાંચીએ તો સ્પષ્ટ લાગે કે "તેઓનો આત્મા કેવો સુંદર હશે ?" આવા મહાત્માઓ ગમે તેવા આચારોના ઉપદેશો આપે જ શી રીતે ? તેઓએ માર્ગાનુસારી આચારોના જ ઉપદેશ આપ્યા હતા અને એટલે તેઓની સર્વજ્ઞતામાં શંકા કરવાની કોઈ જરૂર નથી."

એટલે જેવા ઋષભાદિ તેવા જ બુદ્ધાદિ. જેવા ઋષભાદિના ભક્તો, તેવા જ બુદ્ધાદિના ભક્તો. ઓછા-વત્તાપણું તો ભક્તોની ભક્તિને આભારી છે. તે સર્વજ્ઞોમાં કોઈ ફેર નથી.

છેલ્લો પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે "જો બુદ્ધ, કપિલ અને વીર ત્રણેય સર્વજ્ઞ હતા, તો બુદ્ધે આત્માને ક્ષણિક = અનિત્ય કહ્યો, કપિલે નિત્ય કહ્યો, વીરે નિત્યાનિત્ય કહ્યો, એવું કેમ ? આ તો પરસ્પર ત્રણેયનો મત વિરોધી દેખાય છે. બધાનું જ્ઞાન સમાન છે તો બધાને જ્ઞાનમાં એક સરખા જ પદાર્થો દેખાય. તો બધાનો નિરુપણ પરસ્પર વિરોધી ન જ હોવું જોઈએ ને ?"

આ પ્રશ્નના ત્રણ સમાધાનો છે.

→ (૧) પાર્શ્વપ્રભુએ પોતાના શિષ્યોને કહ્યું કે "કોઈપણ વર્ણના વસ્ત્રો વપરાશે." પ્રભુ વીરે પોતાના શિષ્યોને કહ્યું કે "શ્વેત જ વપરાય લાલાદિ ન વપરાય." આ બે ય

તીર્થંકરો એક સરખા જ્ઞાનવાળા હોવા છતાં એકે લાલાદિ વસ્ત્રોની રજા આપી, તો એકે ના પાડી. અહીં તેઓના જ્ઞાનમાં ફરક છે એવું તો કોઈ નથી માનતું, એનો ઉત્તર એ જ અપાય છે કે પાર્શ્વપ્રભુના શિષ્યો ઋજુ-પ્રાજ્ઞ હોવાથી તેઓ કોઈપણ વસ્ત્ર પહેરે, તોય તેમનું હિત થાય. એટલે પાર્શ્વપ્રભુએ એ દેશના આપી. જ્યારે વીરશિષ્યો વક્ર-જડ હોવાથી તેઓનું લાલાદિવસ્ત્રોથી અહિત થાય, એટલે એ ન થવા દેવા માટે વીરપ્રભુએ લાલવસ્ત્રાદિનો નિષેધ કર્યો. બેયના નિરુપણો વિરોધી દેખાતા હોવા છતાં ખરેખર વિરોધ નથી. શિષ્યોના હિતને અનુસારે જ તેઓએ તેવા ઉપદેશો આપેલા છે.

બસ આ જ વાત અહીં લાગુ પડે છે. બુદ્ધ-કપિલ કે વીર આત્માને નિત્યાનિત્ય જાણતા જ હતા. પણ બુદ્ધને પોતાના શિષ્યોના હિતને માટે અનિત્યત્વની દેશના જરુરી લાગવાથી તેમણે આત્માને અનિત્ય કહ્યો. કપિલે શિષ્યોના હિતને માટે નિત્યત્વની દેશના જરુરી લાગવાથી તેમણે આત્માને નિત્ય કહ્યો. પ્રભુવીરે શિષ્યોના હિતને માટે નિત્યાનિત્યત્વની દેશના જરુરી લાગવાથી તેમણે એ રીતે પ્રરુપણા કરી. બાકી બધાને સાચો-સંપૂર્ણ-સમાન જ્ઞાન જ હતુ.

હા ! એ પછી તેઓના શિષ્યોએ એકાંત પકડીને બધું ક્ષણિક જ છે...આત્મા એકાંતે નિત્ય જ છે...એવી પ્રરુપણા કરી, પણ એમાં એ સર્વજ્ઞોનો શું દોષ ? એમ તો વીરના વચનો પકડીને પણ દિગંબરાદિમતો ઉભા નથી થયા ?

(૨) જૈનો માને છે કે “પ્રભુની દેશના દરેકને પોતપોતાની ભાષામાં પરિણમે છે, પ્રભુનો એ અચિન્ત્ય પુણ્યપ્રભાવ છે.” આનો સ્પષ્ટ અર્થ એ છે કે પ્રભુનું એક જ વચન દરેક જીવોને પોતપોતાની ભૂમિકા પ્રમાણે પોતાનું હિત થાય એ રીતે જ સમજાય. દા.ત. જીવહિંસા કરવી ન જોઈએ. આ વચનથી માર્ગાનુસારી કસાઈ ગાય-બળદાદિ પંચેન્દ્રિયોને મારવાના છોડી દે. એ જ વચન સાંભળીને સમ્યગ્દૃષ્ટિ પ્રમાદ દ્વારા થતી કીડી વિગેરેની હિંસાને છોડી દે. એ જ વચન સાંભળીને વ્રતધારી શ્રાવક એકેન્દ્રિયોની હિંસાને છોડે અને એ જ વચન સાંભળીને સાધુ અશુભપરિણામ રૂપ આત્મહિંસાને છોડી દે.

વચન એક જ, પણ પ્રભુના પુણ્યપ્રભાવથી બધા તેનો અર્થ જુદો જુદો પકડે. અહીં જીવશબ્દથી કોંકે પંચેન્દ્રિય, કોંકે વિકલેન્દ્રિય, કોંકે એકેન્દ્રિય, કોંકે પોતાનાં આત્માને જ પકડ્યો.

બસ એ જ પ્રમાણે બુદ્ધ, કપિલ અને વીર ત્રણેયની દેશના એક સરખી જ હતી.બધાએ આત્માને નિત્યાનિત્ય જ કહ્યો હતો. એટલે દેશના જુદી જુદી હતી જ નહિ. પણ તેઓના પુણ્ય પ્રભાવે શ્રોતાઓને પોતાનું હિત થાય તે રીતનો જ અર્થ સમજાયો. બૌદ્ધના શ્રોતાઓને એમ લાગ્યું કે પ્રભુએ બધુ અનિત્ય, નશ્વર કહ્યું છે...એમ બધામાં સમજવું.

અને એટલે વિશ્વમાં એવું પ્રસિદ્ધ થયું કે બુદ્ધ આત્માને અનિત્ય માને છે...હકીકતમાં તો ત્રણેયનો મત એક જ છે.

(૩) ત્રીજુ સમાધાન એ છે કે બુદ્ધ-કપિલ સ્વયં સર્વજ્ઞ ન હતા. પણ સર્વજ્ઞોના વચનોને અનુસરનારા મહર્ષિઓ હતા. કપિલને પોતાના કાળમાં સર્વજ્ઞએ કહેલ આત્માની નિત્યતાની વાત વધુ હિતકારી લાગી. એટલે એમણે એ દ્રવ્યાસ્તિકનયને પકડીને એ પ્રમાણે દેશના આપી. બુદ્ધને પોતાના કાળમાં આત્માની અનિત્યતાની વાત વધુ હિતકારી લાગી. એટલે એમણે પણ સર્વજ્ઞના વચનમાંથી પર્યાયાસ્તિકનયને પકડીને અનિત્યતાની દેશના આપી.

હવે આ બેય મહર્ષિઓએ બે નયનો બોધ હોવા છતાં તે તે કાળ પ્રમાણે એક એક નયની દેશના આપી. પણ એ બે ય નયોનું મૂળ તો સર્વજ્ઞ જ છે ને ? સર્વજ્ઞની દેશના જ છે ને ? એનું ખંડન એ છેવટે તો સર્વજ્ઞનું જ ખંડન થયું ને ? ←

એક પિતા બે પુત્રોને એક વિશાળ મકાન સોંપી જાય. કાળક્રમે બે ભાઈઓ અડધું અડધું મકાન વેંચી લે. પણ પછી એ અડધા-અડધા મકાનને કોઈ તોડે તો એ તોડનારો એમ તો ન જ કહી શકે હું તો આ બે દીકરાઓના મકાન તોડું છું. એમના પિતાનું મકાન નથી તોડતો.

કેમકે બે ભાગમાં વેચાયેલો મકાન પણ કહેવાય તો પિતાનો જ. એમ અહીં પણ સમજવું.

આ રીતે બુદ્ધ, કપિલ, વીર બધા સર્વજ્ઞો જ છે, અને છતાં ઉપર બતાવેલા બે કારણો દ્વારા તેમની દેશનામાં ભેદ પણ ઘટી શકે છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ બુદ્ધ, કપિલાદિને પણ સર્વજ્ઞ તરીકે શા માટે સ્વીકાર્યા ? એના કારણો તપાસીએ.

(૧) "ખરેખર તેઓ સર્વજ્ઞ જ હતા, માટે સર્વજ્ઞ તરીકે સ્વીકાર્યા હોય." પણ આ કારણ વાસ્તવિક લાગતું નથી. (૨) તેઓશ્રી બૌદ્ધો, સાંખ્યો વિગેરેને આવું કહેવા દ્વારા ઉન્માર્ગે જતા અટકાવવા માંગતા હોય. તે આ પ્રમાણે-"બૌદ્ધો ! ભગવાન બુદ્ધ તો આત્માદિ વસ્તુઓને નિત્યાનિત્ય માનતા-જાણતા હતા. પણ શિષ્યોના હિત માટે તેમણે અનિત્યતાની પ્રધાનતાએ દેશના આપી છે...એટલે ખરેખર તો એમની માન્યતા અનિત્યતાની દેશના આપવા છતાં નિત્યાનિત્યત્વની જ હતી..." આ રીતે સમજાવટથી બૌદ્ધાદિઓ સન્માર્ગે વળે. આમાં બુદ્ધને સર્વજ્ઞ કહે, અને પછી આ નિરુપણ કરે તો બૌદ્ધો સમ્યગ્બોધ પામે. જો એમ કહે કે "બુદ્ધે તો ખોટી દેશના આપી છે..." તો સ્વાભાવિક છે કે બૌદ્ધો ઉશ્કેરાય. (૩) ખરી હકીકત એ લાગે છે બુદ્ધ, કપિલ ભલે સર્વજ્ઞ ન હતા, પણ તેઓનો બોધ માર્ગાનુસારી ચોક્કસ હતો. ક્ષયોપશમભાવનાજ્ઞાનાદિ દ્વારા તેઓ વાસ્તવિક તત્ત્વને ખૂબ જ સારી રીતે સમજ્યા હતા. અને એ હકીકત એમના નિરુપણો ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

એટલે મોક્ષ માટે, આત્મા માટે ઉપયોગી ઘણું ખરું જ્ઞાન તે મહાત્માઓ પાસે હતું. આવો જબરદસ્ત માર્ગાનુસારી ક્ષયોપશમ જે મહાત્માઓનો હોય, તેઓ નક્કી નજીકના જ કાળમાં સર્વજ્ઞ બન્યા વિના ન રહે. એટલે જેમ યુવરાજ ભાવિમાં રાજા બનવાનો હોવાથી રાજા કહેવાય. એમ આ બુદ્ધાદિ પણ ભાવિમાં-નજીકમાં જ સર્વજ્ઞ બનનાર હોવાથી તેમને સર્વજ્ઞ કહેવાય.

જૈનદર્શનમાં ज्ञानं प्रशस्यं सर्वत्रम् એ વિગેરે પાઠો દ્વારા કહ્યું છે કે "સમ્યગ્દૃષ્ટિ સર્વજ્ઞ છે. કેમકે સર્વત્ર એ આગમના અર્થોને આગળ કરીને સમ્યક્ બોધ કરે છે." તો આવા જ વિશિષ્ટ બોધના સ્વામી બુદ્ધાદિ પણ સર્વજ્ઞ તરીકે કહી શકાય.

છતાં આ બાબતમાં ગીતાર્થ મહાપુરુષો જે સમાધાન આપે તે પ્રમાણ.

બાકી હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે-આ બુદ્ધ, કપિલ વિગેરેનો "આત્મા અનિત્ય" વિગેરે નિરુપણ કરવા પાછળ કયો ગંભીર આશય હતો ? એ જાણ્યા વિના એમનું, એમના નિરુપણોનું ખંડન કરવું એ બિલકુલ બરાબર નથી.

આંધળાઓને સૂર્ય-ચંદ્ર છે કે નહિ ? કેવો છે ? એ અંગે પોતાનો નિર્ણય આપવાનો કોઈ જ અધિકાર નથી, એમ છદ્મસ્થો એવા આપણે એ મહાત્માઓના ગંભીર નિરુપણ અંગે અભિપ્રાય આપવા માટે અધિકારી નથી.

બાકી એ મહાત્માઓનું ખંડન, નિંદા એ તો જીભ કપાઈ જાય એ કરતાંય વધુ ખરાબ છે. જીભ કપાઈ જાય એ સારી, પણ આ મહાત્માઓની નિંદા ખોટી.

આ વચનો ઉપરથી સ્પષ્ટ જણાય છે કે હરિભદ્રસૂરિજી એ મહાત્માઓ પ્રત્યે પુષ્કળ બહુમાન, સત્કારવાળા હતા. એ વિના આવું સ્પષ્ટ નિરુપણ સંભવી ન શકે.

## માર્ગાનુસારિતાનું કારણ

વ્યવહારનય, ક્રિયાનય **પ્રવૃત્તિપ્રધાન** છે. આ બે નયો બધે પ્રવૃત્તિને જ વધુ મહત્ત્વ આપે. મોક્ષની પ્રાપ્તિ પણ આ નયો તો પ્રવૃત્તિથી માને. ગુણસ્થાનોની વ્યાખ્યા પણ મુખ્યત્વે પ્રવૃત્તિના આધારે કરે.

જ્યારે નિશ્ચયનય, જ્ઞાનનય **પરિણતિપ્રધાન** છે. આ બે નયો પરિણતિને વધુ મહત્ત્વ આપે. મોક્ષની પ્રાપ્તિ માટે પણ આ નયો તો પરિણતિને જ મુખ્ય માને. ગુણસ્થાનોની વ્યાખ્યા આ નયો પરિણતિના આધારે કરે.

અનાદિકાળથી સંસારમાં ભટકતો જીવ કદિ જ્ઞાનદર્શનચારિત્ર રૂપ મોક્ષમાર્ગને અનુસરતો નથી. એ સંસારમાર્ગે કષાયાદિમાં જ આગળ વધ્યો છે, ભટક્યો છે. પણ એમ કરતા કરતા એ જ જીવ ચરમાવર્તમાં પ્રવેશે. કાળ પાકે, ભવિતવ્યતા પાકે, ત્યારે એ મોક્ષમાર્ગને અનુસરતો થાય. જ્ઞાનાદિની પ્રાપ્તિને અભિમુખ થાય. આવો જીવ માર્ગાનુસારી કહેવાય. અપુનર્બંધકાદિ જીવો માર્ગાનુસારી કહેવાય છે.

આ માર્ગાનુસારિતા આત્માનો એક વિશેષ પ્રકારનો પરિણામ, અધ્યવસાય છે. હવે આ અધ્યવસાયને ઉત્પન્ન કોણ કરે ? એની વિચારણા શરુ થઈ એટલે નિશ્ચયનય-જ્ઞાનનયે પોતાનું સમ્યક્ મન્તવ્ય રજુ કર્યું કે **"જીવમાં પ્રગટેલા ભવાભિનંદીદોષોને શત્રુભૂત ગુણો એ માર્ગાનુસારિતાનું કારણ છે."**

સંસાર જ જેને ખૂબ ગમે, વિષય સુખો જ જેને ખૂબ ગમે તે જીવ ભવાભિનંદી કહેવાય. ક્ષુદ્રતા વિગેરે એના દોષો છે. એ દોષોના પ્રતિપક્ષભૂત ગુણો અંશરુપે પણ જે જીવમાં પ્રગટે, એ જીવ માર્ગાનુસારી બનવા માંડે.

જે જીવમાં આ ગુણો પ્રગટે તે અવશ્ય માર્ગાનુસારી બને જ, જે જીવમાં આ ગુણો ન પ્રગટે તે માર્ગાનુસારી ન જ બને એ નિશ્ચિત હકીકત છે.

ક્રિયાનય કે વ્યવહારનય માર્ગાનુસારિતા પ્રત્યે પ્રવૃત્તિને-ક્રિયાને કારણ માને છે. પણ એવી કોઈ ક્રિયા ખરી ? કે જે હોય તો માર્ગાનુસારિતા આવે ? અને જે ન હોય તો માર્ગાનુસારીતા ન જ આવે ?

જો આપણે એમ કહીએ કે જિનપૂજા વિગેરે ક્રિયાઓ માર્ગાનુસારીતાનું કારણ છે તો એ ક્રિયાઓ ભૂતકાળમાં અનંતી વાર કરી, છતાં માર્ગાનુસારિતા પ્રગટી નથી. હા! કદાચ કોઈ એમ કહે કે "જૈન શાસ્ત્રની ક્રિયાઓ ઉપરાંત કાળપરિપાકાદિ કારણો પણ જોઈએ ને ? એ ન હોય તો શી રીતે માર્ગાનુસારીતા પ્રગટે ?" તો એની સામે બીજો પ્રશ્ન એ ઉભો થાય કે "પતંજલિઋષિ, ભદન્તભાસ્કર વિગેરે અજૈન મહર્ષિઓને માર્ગાનુસારિતા માની છે. તેઓ પાસે તો જૈનક્રિયા નથી. તો પછી જૈનક્રિયાઓ વિના પણ માર્ગાનુસારિતા પ્રગટી શકતી હોવાથી શી રીતે એ ક્રિયાઓને માર્ગાનુસારિતાનું કારણ કહેવાય ?"

આવી મુશ્કેલીઓ દૂર કરવા માટે એક ચોક્કસ વ્યવસ્થા વિચારવામાં આવી છે.

માર્ગાનુસારિતા પામનારા જીવો જૈનકુળમાં જન્મેલા જૈનો પણ હોય કે હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી વિગેરે કુળમાં જન્મેલા અજૈનો પણ હોય. માર્ગાનુસારિતા કોઈપણ પામી શકે છે.

એમાં જૈનકુળમાં જન્મેલાઓ તો સામાન્યથી અરિહંત દેવોની પૂજા-સ્તવના, જૈનસાધુઓની સેવા-ભક્તિ-વંદનાદિ અને જિનપૂજા-સામાયિકાદિ જૈનધર્મની ક્રિયાઓ જ કરવાના. આ બધી ક્રિયાઓ એવી છે કે જે માત્ર જૈનધર્મને માન્ય છે. કોઈ અજૈનધર્મો અરિહંતાદિની પૂજાદિ કરવાની વાત તો કરવાના જ નથી. એટલે આ જૈનોને જ માન્ય એવી ક્રિયાઓ કહેવાય.

જૈનો આવી જૈનોને જ માન્ય એવી ક્રિયાઓ કરતા કરતા માર્ગાનુસારિતાને પામે. અથવા તો પછી ગરીબોને દાન, પશુઓની રક્ષા, પંખીઓને દાણા નાંખવા...વિગેરે સેંકડો પ્રકારની ક્રિયાઓ એવી છે કે જે માત્ર જૈનોને માન્ય નથી, પરંતુ જૈન ઉપરાંત હિન્દુ વિગેરે અન્ય ધર્મોને પણ માન્ય છે. જૈનો આવી ઉભયમાન્ય ક્રિયાઓ કરતા કરતા પણ માર્ગાનુસારિતાને પામે.

આમ જૈનો માત્ર જૈનોને માન્ય એવી ક્રિયાઓ કે ઉભય=જૈન-અજૈન બેયને માન્ય એવી જૈનક્રિયાઓ દ્વારા માર્ગાનુસારિતાને પામી શકે.

હવે જે અજૈનો છે, એ ત્રણ પ્રકારના હોઈ શકે છે. **(૧) વ્યુત્પન્ન (૨) અવ્યુત્પન્ન (૩) અભિનિવેશી.**

જે સ્વયં મધ્યસ્થ હોય ઉપરાંત સારી-ખોટી વાત સમજી શકવા સમર્થ હોય, તે વ્યુત્પન્ન કહેવાય.

જ્યારે જે તદ્દન જડકક્ષાના હોય, પોતાના મત ઉપર કદાગ્રહી પણ નહિ તો સાચી-ખોટી વાત સમજવા અને એ પ્રમાણે પ્રવૃત્તિ કરવાની તૈયારી પણ નહિ. આવા જીવો અવ્યુત્પન્ન કહેવાય.

જ્યારે જેઓ પોત-પોતાના ધર્મમાં કદાગ્રહી હોય, એમને ગમે તેટલી સાચી વાત સમજાવીએ તો પણ, તેઓ સામે જવાબ ન આપી શકે તો પણ, પોતાની વાત-પદાર્થ ખોટો સાબિત થાય છે એવું અનુભવાય તો પણ તેઓ પોતાના ધર્મ-ક્રિયાદિનો રાગ ન છોડે તે અભિનિવેશી કહેવાય.

આમાં જેઓ વ્યુત્પન્ન છે, તેઓને વાસ્તવિક પદાર્થ સાથે નિસ્બત હોય છે. "મારો ધર્મ-તારો ધર્મ" આવા ભેદભાવ કે કદાગ્રહ બિલકુલ હોતા નથી. આ જીવો પોત-પોતાના ધર્મમાં રહીને અનુકંપા, જીવદયાદિ સુંદર આચારો પાળે તોય એમને માર્ગાનુસારીતા પ્રગટે. એનું કારણ એ જ છે કે આ બધી ક્રિયાઓ કરવાથી એમને જે કંઈ લાભ થાય, એ બધામાં એમને એવી બુદ્ધિ ન થાય કે, "મારા ધર્મની ક્રિયા કરી, માટે મને લાભ થયો. માટે હવે મારા જ ધર્મની વધુમાં વધુ ક્રિયા કરું." જો આવું થાય તો એ મિથ્યાધર્મમાં જ એને રાગ થઈ જવાથી આભિગ્રહિકમિથ્યાત્વ આવી જાય. પરંતુ એને તો એમ થાય કે "આ જીવોની દયા પાળી, માટે મને રાગદ્વેષહાનિ, પ્રસન્નતા વિગેરે લાભો થયા. તેથી વધુને વધુ જીવદયા પાળું."

અને એટલે જ્યાં વધુને વધુ જીવદયાદિ દેખાય, ત્યાં પ્રવૃત્તિ કરવા લાગી પડે. એટલે એ રીતે એ જૈનમાર્ગ તરફ આગળ વધે કેમકે વધુમાં વધુ ઉંચી ક્રિયાઓ તો જૈનમાર્ગમાં જ છે.

જેને રોગનાશ સાથે જ નિસ્બત છે એવો રોગી કોઈક વૈદ્યની દવાથી થોડુંક સારું થાય અને તેના પછી એને ખબર પડે કે આના કરતા પણ વધુ સારી દવા બીજા વૈદ્ય પાસે છે. તો એ થોડુંક સારુ કરનારી દવા આપનારા વૈદ્યને જ પકડી રાખવાની મૂર્ખતા કરવાને બદલે વધુ સારું કરનારા વૈદ્યની દવા લેવા જાય જ છે.

જેને કમાણી સાથે જ નિસ્બત છે એવા વેપારીઓ કોઈક સાથે ધંધો કરીને થોડી કમાણી કરે અને પછી બીજા કોઈ સાથે ધંધો કરવામાં મોટી કમાણીની શક્યતા દેખાય તો પેલા સાથે ધંધો કરવાનો બાજુ પર મૂકીને એ નવા ધંધા પણ કરવાનો જ.

એમ વ્યુત્પન્ન આત્માને રાગદ્વેષહાનિ, પ્રસન્નતા, મોક્ષાદિ પદાર્થો સાથે નિસ્બત છે. એ વિષયમાં એને થોડી ઘણી સફળતા પોતાના અજૈનધર્મની ક્રિયાથી મળે, એટલા માત્રથી એ કઈ અજૈનધર્મને સર્વસ્વ માની લેવાની ભુલ ન કરે. એ તો વધુને વધુ લાભ કરાવનારી ક્રિયાઓ તરફ નજર દોડાવે. એને અંદાજ આવે કે આ સ્થૂલઅહિંસા, સ્થૂલસત્યથી આટલો લાભ થયો, તો આ વધુમાં વધુ આચરવાથી વધુને વધુ લાભ થશે. એટલે એ વધુને વધુ લાભ જેમાં હોય તેમાં પ્રવૃત્તિ કરે જ.

એટલે વ્યુત્પન્નો પોતાના ધર્મની સુંદર ક્રિયાઓ કરે તોય એ ક્રિયાઓ એમને માર્ગાનુસારિતા લાવી આપી દે.

પણ અવ્યુત્પન્ન અને અભિનિવેશીઓની વાત જુદી છે. તેઓ પોતાના ધર્મની સારી ક્રિયા કરે તેમાંય આ સારા ધર્મની ક્રિયા છે આવા પ્રકારનો સ્વમતરાગ કામ કરતો હોય. અવ્યુત્પન્નો ભલે પેલા કદાગ્રહી જેવા ન હોય, તોય તત્ત્વાભિમુખતા ન હોવાથી જ્યાં હોય, જે કરતા હોય એને સારું-સુંદર માનીને કર્યા કરે. એમાં વાસ્તવિક્તાનો તો વિચાર જ ન કરે.

(દા.ત. દિગંબરકુળમાં જન્મેલાઓ દિગંબરમતના આચાર-વિચાર પ્રમાણે પ્રવર્તે, શ્વેતાંબરમાં જન્મેલાઓ શ્વેતાંબરમતના આચાર-વિચાર પ્રમાણે પ્રવર્તે. મૂર્તિપૂજક કુળમાં જન્મેલાઓ પ્રતિમાને પૂજે, અને સ્થાનકવાસીમાં જન્મેલાઓ પ્રતિમાને ન પૂજે. આમા મોટા ભાગના જીવો તો માત્ર તે તે કુળના રિવાજ પ્રમાણે જ પ્રવૃત્તિ કરતા હોય છે. જૈનોને પૂછો કે "આ પત્થરની પ્રતિમાને પૂજવાથી શું લાભ ?..." તો સચોટ જવાબો ભાગ્યે જ કોઈક આપશે. એમ સ્થાનકવાસીને કોઈ પુછે કે "પ્રતિમાની પૂજા કેમ ન કરાય ?..." તો એ પણ સચોટ ઉત્તર ભાગ્યે જ આપી શકે.

આમ છતાં આ જીવો એવા કદાગ્રહી પણ ન લાગે. મૂર્તિપૂજકો સ્થાનકવાસીઓને ઉન્માર્ગગામી ન માને કે સ્થાનકવાસીઓ મૂર્તિપૂજકોને ઉન્માર્ગગામી ન માને. માત્ર એક આચારભેદ સમજીને વ્યવહાર કરે. આ બધા અવ્યુત્પન્ન જીવો છે...)

એટલે આવાઓને એમની સારી ક્રિયાઓ પણ માર્ગ તરફ લાવનારી ન બને.

એટલે તેઓને નુકશાન ન થાય. એમ વ્યુત્પન્ન અજૈનાદિ જૈનક્રિયા કરે કે અજૈનક્રિયા કરે એમને નુકશાન નથી.

પણ અગીતાર્થ સાધુઓએ તો ગીતાર્થની નિશ્રામાં જ રહેવું પડે. જો એ સાધુઓ ગમે ત્યાં ભટકે તો નુકશાન પામે. એમ અવ્યુત્પન્ન-અભિનિવેશીએ માર્ગાનુસારી બનવા જૈનક્રિયા જ આદરવી પડે. બીજી કોઈ ક્રિયાઓ એને માર્ગાનુસારી બનાવી ન શકે.

આમ

(૧) જૈન મિથ્યાત્વીઓ જૈનક્રિયાથી માર્ગાનુસારિતા પામે.

(૨) અજૈન વ્યુત્પન્ન મિથ્યાત્વીઓ જૈનક્રિયાથી કે જૈનોને પણ માન્ય અજૈનક્રિયાથી માર્ગાનુસારિતા પામી.

(૩) અજૈન અવ્યુત્પન્ન, અભિનિવેશી મિથ્યાત્વીઓ માત્ર જૈનક્રિયાથી જ માર્ગાનુસારિતા પામે.

પછી એ જૈનક્રિયા અજૈનમાન્ય હોય કે અજૈનને માન્ય ન હોય તો ય ચાલે. પણ જૈનમાન્ય એવી પણ અજૈન ક્રિયા એમને માર્ગાનુસારિતા ન અર્પી શકે.

આ ક્રિયાની માર્ગાનુસારિતા પ્રત્યેની કારણતાનો શાસ્ત્રીય વિચાર છે.

**મુ. ગુણહંસવિ.**

# अनुक्रमणिका


| क्र. | विषय | पृष्ठ |
|---|---|---|
| १ | आभिनिवेशिकमपि अनेकविधम् | ३ |
| २ | सांशयिकमपि अनेकविधम् | ४ |
| ३ | अनाभोगिकमपि अनेकविधम् | ५ |
| ४ | अनाभिग्रहिकसांशयिकानाभोगरूपाणि लघूनि | ६ |
| ५ | आभिग्रहिकाभिनिवेशमिथ्यात्वे गुरुणी | ८ |
| ६ | उपदेशपदपाठः, तत्तात्पर्यञ्च | ९ |
| ७ | माषतुषादीनामेव संशयानध्यवसायौ असत्प्रवृत्त्यननुबन्धिनौ, इति पूर्वपक्षः | ११ |
| ८ | मिथ्यादृशां संशयानध्यवसायौ विपर्यासशक्तियुक्तत्वादसत्प्रवृत्ति-अनुबन्धिनौ इति पूर्वपक्षः | १३ |
| ९ | मिथ्यादृशां शुभपरिणामोऽपि फलतोऽशुभ एवेति उपदेशपदपाठमाश्रित्य पूर्वपक्षः | १४ |
| **१०** | **एकादशी गाथा** | **१७** |
| ११ | मिथ्यादृशां मिथ्यात्वमन्दतयाऽपि माध्यस्थ्यम् | १७ |
| १२ | सदन्धन्यायः | १८ |
| १३ | सदन्धन्यायप्ररूपको ललितविस्तरापाठः | २० |
| १४ | गाढमिथ्यादृशां मोक्षक्षयोपशमाभावेऽपि कारणान्तराद् रागद्वेषमन्दता भवति, सा च पापानुबन्धिपुण्यहेतुः | २० |
| १५ | मोहापकर्षप्रयुक्ता रागद्वेषमन्दता पुण्यानुबन्धिपुण्यहेतुः | २२ |
| **१६** | **द्वादशी गाथा** | **२४** |
| १७ | अनाभिग्रहिकमिथ्यात्वमपि शोभनम् | २४ |
| १८ | अनाभिग्रहिकं मिथ्यात्वं सर्वदेवगुर्वादिश्रद्धानलक्षणं शोभनम् | २५ |
| १९ | वीतरागसम्बन्धि अविशेषश्रद्धानमपि दशाभेदेन गुणकारि | २६ |
| २० | योगबिन्दुपाठः | २८ |
| २१ | 'सर्वदेवनमस्कर्तॄणां दुर्गतिगमनाभावः' इति पाठः | ३० |
| २२ | चारिसञ्जीवनीचारन्यायः | ३२ |
| २३ | चारिसञ्जीवनीचारन्यायप्रतिपादिका कथा | ३३ |
| २४ | गुणाधिक्यपरिज्ञानाद् वीतरागदेवभक्तिरिष्यते | ३७ |

| क्र. | विषय | पृष्ठ |
|---|---|---|
| २५ | विशेषस्याज्ञानदशायां आदिधार्मिकस्य साधारणी एव देवभक्तिः, तज्ज्ञाने तु विशेषतः | ४० |
| २६ | भिक्षादानेऽपि अयमेव नियमो यदुत सुपात्रापात्राद्यज्ञानदशायां साधारणं भिक्षादानं, तज्ज्ञानं तु विशेषतः | ४१ |
| २७ | 'अनाभिग्रहिकं गुणकारि' इति सिद्धिः | ४२ |
| २८ | विशेषज्ञाने सत्यपि वीतरागान्यदेवयोः मध्ये माध्यस्थ्यरूपं अनाभिग्रहिकं आभिग्रहिकसदृशम् | ४३ |
| २९ | अवस्थाविशेषे वीतरागान्यदेवयोः मध्ये समानतादर्शनमपि न दुष्टम् | ४५ |
| ३० | मिथ्यादृशां स्वस्वदेवविषयकः शुभोऽपि अध्यवसायः पापानुबन्धिपुण्यप्रकृति-कारणम् - इति पूर्वपक्षः | ४५ |
| ३१ | पृथिव्याद्यारम्भात् सकाशाद् अन्यदेवाराधनं महान् दोषः - इति पूर्वपक्षः | ४८ |
| ३२ | उत्कृष्टमिथ्यादृशामेव शुभोऽप्यध्यवसायः पापानुबन्धिपुण्यकारणं, तेषामेव स्वदेवाराधनं महानर्थकरम् इति उत्तरपक्षः | ४९ |
| ३३ | पूर्वभूमिकायां शुभभावहेतुरपि धर्मो उत्तरभूमिकायां त्याज्यतेऽपि, यथा जिनपूजा संयमजीवने | ५० |
| ३४ | सम्यग्दृशां अन्यदेवाराधनं प्रत्याख्यातव्यं, आदिधार्मिकाणां तु तत् स्वभूमिकापेक्षयोचितमेव | ५१ |
| ३५ | मिथ्यादृशां स्वदेवाराधनं साधूनां अनुमोद्यम् | ५३ |
| ३६ | सम्यक्त्वाद्यनुगतं कार्यं स्वरूपेणाप्यनुमोद्यं, इतरच्च मार्गबीजत्वादिनाऽनुमोद्यम् | ५४ |
| **३७** | **त्रयोदशी गाथा** | **५५** |
| ३८ | अनाभिग्रहिकं गुणान्तराधायकत्वेन शोभनम् | ५५ |
| ३९ | मित्रादिदृष्टिभाजां प्रथमं गुणस्थानं सान्वर्थं सिद्धम् | ५६ |
| ४० | मित्रादृष्टिवर्णनम् | ५८ |
| ४१ | चरमयथाप्रवृत्तकरणं परमार्थतोऽपूर्वकरणमेव | ६० |
| ४२ | तारादृष्टिवर्णनम् | ६१ |
| ४३ | तारादृष्टिमान् शिष्टाचारं पुरस्कृत्य प्रवर्त्तते | ६२ |
| ४४ | बलादृष्टिवर्णनम् | ६३ |
| ४५ | दीप्रादृष्टिवर्णनम् | ६४ |

| क्र. | विषय | पृष्ठ |
|---|---|---|
| ४६ | मित्रादृष्टिस्तृणाग्निकणोपमा | ६४ |
| ४७ | मित्रादृष्टिः अल्पवीर्यवती, अत एव पटुस्मृतिबीजसंस्काराधानरहिता | ६६ |
| ४८ | तारादृष्टिः मित्रासदृशी | ६७ |
| ४९ | बलादृष्टिः काष्ठाग्निकणतुल्या | ६८ |
| ५० | दीप्रादृष्टिः दीपप्रभासदृशी | ६९ |
| ५१ | मित्रादिदृष्टिमतां अनाभिग्रहिकत्वं शोभनम् - इति निष्कर्षः | ७० |
| ५२ | जैनत्वं विना गुणलाभासंभव इति पूर्वपक्षः | ७२ |
| ५३ | मित्रादिदृष्टिमतां भावेन जैनत्वमिति उत्तरपक्षः | ७३ |
| ५४ | वेद्यसंवेद्यपदस्यावेद्यसंवेद्यपदस्य च लक्षणम् | ७४ |
| ५५ | वेद्यसंवेद्यपदं निश्चितागमतात्पर्यार्थयोगिनां, इतरत्तु स्थूलबुद्धीनां भवति | ७८ |
| ५६ | सर्वज्ञसेवकत्वाद् भावजैनत्वं मित्रादिदृष्टिमताम् | ८० |
| ५७ | मिथ्यादृशामपि जैनत्वे जैनाजैनव्यवस्थाविलोप इति पूर्वपक्षः | ८० |
| ५८ | कदाग्रहिमिथ्यादृशानां न जैनत्वमिति न व्यवस्थाविलोप इति समाधानम् | ८१ |
| ५९ | निरतिशयगुणवत्त्वेन मुख्यः सर्वज्ञ एक एव, तत्प्रतिपत्तिमतां सर्वेषां तद्भक्तत्वं समानम् | ८१ |
| ६० | सम्यग्दृशां सर्वज्ञासन्नत्वं, मिथ्यादृशां चानासन्नत्वं, किन्तु सर्वज्ञसेवकत्वं तु सर्वेषामेव | ८७ |
| ६१ | योगदृष्टिसमुच्चयपाठः | ८८ |
| ६२ | विचित्रफलार्थिनां नानादेवेषु चित्रा, मोक्षमार्गार्थिनां च सर्वज्ञेऽचित्रा भक्तिरिति परेषामभिप्रायः | ९० |
| ६३ | योगदृष्टिसमुच्चयपाठः | ९२ |
| ६४ | मोक्षार्थिनां गुणस्थानभेदेऽपि मोक्षमार्गानुकूलसर्वज्ञभक्तिर्भवत्येव सर्वेषाम् | ९३ |
| ६५ | अस्मिन्नर्थे योगदृष्टिसमुच्चयपाठः | ९४ |
| ६६ | देशनाभेदान्नैकः सर्वज्ञ इति पूर्वपक्षः | ९८ |
| ६७ | शिष्यानुसारेण देशनाकरणाद् देशनाभेदः, इति प्रथमं समाधानम् | ९९ |
| ६८ | वक्तुरचिन्त्यपुण्यप्रभावेन एकस्या एव देशनाया भेदेन श्रोतृणां परिणतिः इति द्वितीयं समाधानम् | १०० |

| क्र. | विषय | पृष्ठ |
|---|---|---|
| ६९ | सर्वज्ञमतानुयायिनां कपिलादीनां ऋषीनामेव तत्तत्काले नयभेदाद्देशनाभेद इति तृतीयं समाधानम् | १०० |
| ७० | देशनाभेदकारणत्रयप्रतिपादको योगदृष्टिसमुच्चयपाठः | १०४ |
| ७१ | व्यवहारतो जैनमार्गाश्रयणाभावे अजैनानां न भावजैनत्वप्रापकं माध्यस्थ्यं इति पूर्वपक्षः | १०७ |
| ७२ | अजैनानामपि मोहमान्द्ये सति भावजैनत्वप्रापकं माध्यस्थ्यं इति उत्तरपक्षः | १०८ |
| ७३ | अत्रार्थे योगबिन्दुपाठः | १०९ |
| **७४** | **पञ्चदशी गाथा** | **११४** |
| ७५ | अपुनर्बन्धकानां भावाज्ञाकारणत्वाद् द्रव्याज्ञासम्भवः | ११४ |
| ७६ | अपुनर्बन्धकोचिताचारः परम्परया सम्यग्दर्शनादिसाधकः | ११५ |
| ७७ | अत्रार्थे उपदेशपदपाठः | ११५ |
| ७८ | द्रव्यशब्दस्यार्थद्वयनिरूपणम् | ११७ |
| ७९ | व्यवहारतो जैनमार्गस्थानामेवापुनर्बन्धकत्वसम्भवः | ११९ |
| ८० | अत्रार्थे उपदेशपदगाथा धर्मबीजप्रतिपादनञ्च | १२१ |
| ८१ | धर्मबीजप्रतिपादनम् | १२३ |
| ८२ | अपुनर्बन्धको नानास्वरूपः, ततस्तस्य तत्तत्तन्त्रोक्ता मोक्षार्था क्रिया, सम्यग्दृष्टेश्च स्वतन्त्रोक्ता क्रिया | १२७ |
| ८३ | अत्रार्थे योगबिन्दुसूत्रवृत्तिपाठः | १२९ |
| ८४ | सम्यग्दृष्टिवर्णनम् | १३० |
| ८५ | अजैनानामपि माध्यस्थ्ये सति जिनाज्ञासद्भावः | १३१ |
| ८६ | जैनक्रियां विना प्रधानद्रव्याज्ञा कथं सम्भवेदजैनानाम् ? इति पूर्वपक्षः | १३२ |
| ८७ | मार्गानुसारिभाव एव जिनाज्ञा इति समाधानम् | १३२ |
| ८८ | जैनक्रिया मार्गानुसारिभावस्य उपकारे, अजैनक्रिया च मार्गानुसारिभावस्यापकारे नियता न | १३३ |
| ८९ | पतञ्जल्यादीनां योगदृष्टिसद्भावाभिधानान्मार्गानुसारित्वसिद्धिः | १३५ |
| ९० | अत्रार्थे योगबिन्दुवृत्तिपाठः | १३६ |
| ९१ | जैनाजैनोभयाभिमतशुद्धस्वरूपक्रियाया मार्गानुसारिताहेतुत्वसिद्धिः | १३७ |
| ९२ | अध्यात्मविदां हेयोपादेयविषयमात्रपरीक्षाप्रवणत्वप्रतिपादनम् | १३८ |

| क्र. | विषय | पृष्ठ |
|---|---|---|
| ९३ | नियतक्रियाया मार्गानुसारिभावजनने नैकान्तिकत्वमात्यन्तिकत्वं वा | १४० |
| ९४ | अन्यलिङ्गसिद्धादिभेदेनाजैनानामपि भावाज्ञासिद्धिः | १४१ |
| ९५ | परसमयानभिमता स्वसमयाभिमतक्रियैव मार्गानुसारिताहेतुः इति पूर्वपक्षः | १४२ |
| ९६ | उभयाभिमताकरणनियमादिनैव पतञ्जल्यादीनां मार्गानुसारित्वप्रतिपादनमिति समाधानम् | १४२ |
| ९७ | भवाभिनन्दिदोषप्रतिपक्षा गुणा एव हि नियता मार्गानुसारिताहेतवः, न तु काचित्क्रिया | १४५ |
| ९८ | अजैनग्रन्थसम्मतिः अव्युत्पन्नस्याभिनिविष्टस्य निजमार्गदृढताकारणं, न तु अन्यस्य | १४८ |
| ९९ | निश्चयतः परमतबाह्यानामेव मार्गानुसारित्वं, नान्येषां इति केषाञ्चिन्मतम् | १५२ |
| १०० | सद्ग्रहप्रवृत्तिजनितया नैश्चयिकया परसमयबाह्यतया पतञ्जल्यादीनामपि मार्गानुसारित्वमिति समाधानम् | १५४ |

॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥

॥ णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

**મહામહોપાધ્યાય શ્રી લઘુહરિભદ્રબિરુદધારી યશોવિજયજીમહારાજવિરચિત**

# धर्मपरीक्षा-भाग-३

## ગ્રન્થ ઉપર

## चन्द्रशेखरीया ટીકા અને ગુજરાતી વિવેચન.

विशाललोचनदलं, प्रोद्यद्दन्तांशुकेसरम् । प्रातर्वीरजिनेन्द्रस्य, मुखपद्मं पुनातु वः ॥

---

**यशो० : तदेवमभव्यस्याप्याभिग्रहिकं मिथ्यात्वं भवतीति प्रदर्शयितुमाभिग्रहिकस्य षड्भेदा उक्ताः, अथानाभिग्रहिकादीनामपि सामान्येन बहुप्रकारत्वं निर्दिशन्नेतेषु गुरुलघुभावं विवेचयति –**

---

चन्द्र० : **एवं** = अनन्तरोदितरीत्या **अभव्यस्यापि** = न केवलं भव्यस्यैवेत्य**पि**शब्दार्थः । **अथ** = अधुना **अनाभिग्रहिकादीनामपि** = न केवलमाभिग्रहिकस्येत्य**पि**शब्दार्थः, अत्रादिशब्दादाभिनिवेशिकादिपरिग्रहः । **सामान्येन** = नियतसंख्यकानां प्रकाराणामप्रतिपादनेन । यथा हि आभिग्रहिकस्य षट्संख्याकाः प्रकारा अभिहिताः, तथाऽनाभिग्रहिकानां न कथयिष्यति ग्रन्थकृदिति भावः, अथवा बहुप्रकाराणामाकाराप्रतिपादनेनेति । यथा हि आभिग्रहिके षट्प्रकाराणामाकाराः सूत्र एव प्रदर्शिताः, तथाऽनाभिग्रहिकादीनां नात्र प्रदर्श्यत इति भावः । अत एवाह – **बहुप्रकारत्वं** = बहवोऽनियतसंख्याकाः प्रकारा यस्य तद् बहुप्रकारं, तत्त्वम् । **एतेषु** = आभिग्रहिकादिषु पञ्चसु मिथ्यात्वेषु **गुरुलघुभावं** = एतेषां मध्ये कतरमिथ्यात्वं गुरु, कतरच्च लघु इत्यादि ।

ચન્દ્ર૦ : આ પ્રમાણે “અભવ્યને પણ આભિગ્રહિક મિથ્યાત્વ છે” એ દેખાડવા માટે આભિગ્રહિકના છ ભેદો કહ્યા. હવે અનાભિગ્રહિકાદિ મિથ્યાત્વોની પણ સામાન્યથી બહુપ્રકારતાને દેખાડતા ગ્રન્થકાર તે પાંચ મિથ્યાત્વોમાં ગુરુ-લઘુ ભાવનું વિવેચન કરે છે.

(આભિગ્રહિકના ભેદો બતાવ્યા. એ વિશેષથી ષટ્પ્રકારતા બતાવેલી કહેવાય. અહીં અનાભિગ્રહિકના ચોક્કસ સંખ્યાના પ્રકાર નથી બતાવવાના. એટલે એમના બહુપ્રકારો સામાન્યથી જ બતાવેલા કહેવાય. **અથવા** એ ઘણા પ્રકારોના આકારો બતાવ્યા વિના એ સામાન્યેન શબ્દનો અર્થ છે. અર્થાત્ જેમ આભિગ્રહિકમાં 'આત્મા નથી' વિગેરે આકાર બતાવેલા તેમ અહીં નથી બતાવવાના.

તથા આ પાંચ મિથ્યાત્વોમાં કયું મિથ્યાત્વ ગુરુ = ભારે = ખરાબ અને કયું લઘુ = હલકું = ઓછું ખરાબ એનું વિવેચન પણ ગ્રન્થકાર કરે છે.)

**यशो० : अणभिग्गहिआईण वि आसयभेएण हुंति बहुभेआ ।**
**लहुआइं तिण्णि फलओ एएसुं दुन्नि गरुआइं ।।१०।।**

अनाभिग्रहिकादीनामप्याशयभेदेन भवन्ति बहुभेदाः ।
लघूनि त्रीणि फलतः एतेषु द्वे गुरुणी ।।१०।।

**चन्द्र० : अनाभिग्रहीकादीनामपि आशयभेदेन बहुभेदा भवन्ति । एतेषु फलतस्त्रीणि लघुकानि द्वे गुरुणी** - इति गाथार्थः ।

**ચન્દ્ર૦ : અર્થ :** અનાભિગ્રાહિકાદિના પણ આશયભેદથી ઘણા ભેદો થાય છે. એ (પાંચ) મિથ્યાત્વોમાં ફલની અપેક્ષાએ ત્રણ લઘુ છે બે ગુરુ છે.

**यशो० : अणभिग्गहिआईण वि त्ति । अनाभिग्रहिकादीनामपि मिथ्यात्वानां आशयभेदेन=परिणामविशेषेण बहवो भेदा भवन्ति । तथाहि—अनाभिग्रहिकं किंचित्सर्वदर्शनविषयं यथा 'सर्वाणि दर्शनानि शोभनानि' इति । किंचिद्देशविषयं यथा 'सर्व एव श्वेताम्बर-दिगम्बरादिपक्षाः शोभनाः' इत्यादि ।**

**चन्द्र० :** बहून् भेदानेव दर्शयति - **तथाहि** इत्यादि । **किञ्चिद्** = अनाभिग्रहिकं **देशविषयं** = सर्वदर्शनानामेकादिर्यो देशः श्वेताम्बरदर्शन-दिगम्बरदर्शनादिरुपः, तद्विषयम् । एतदेवाह - **सर्व एव श्वेते**त्यादि ।

**ચન્દ્ર૦ :** અનાભિગ્રહિકાદિ મિથ્યાત્વોના પણ આશયભેદથી = પરિણામવિશેષથી ઘણા ભેદો થાય છે. તે આ પ્રમાણે - કોઈક અનાભિગ્રહિક સર્વદર્શનવિષયક હોય છે.

દા.ત. બધા દર્શનો સારા છે. તો કોઈક અનાભિગ્રહિક દેશ વિષયક હોય છે. **દા.ત.** "શ્વેતાંબર - દિગંબરાદિ પક્ષો સારા છે."

---

**यशो० : आभिनिवेशिकमपि मतिभेदाभिनिवेशादिमूलभेदादनेकविधं जमालिगोष्ठामाहिलादीनाम् । उक्तं च व्यवहारभाष्ये –**

मइभेएण जमाली पुव्विं वुग्गाहिएण गोविंदो । संसग्गीए भिक्खू गोट्ठामाहिल अहिणिवेसा ।। **त्ति** ।

---

**चन्द्र० :** एवमनाभिग्रहिकस्य बहुभेदानभिधायाधुना आभिनिवेशिकस्य बहुभेदान् प्रदर्शयति - **आभिनिवेशिकमपि मतिभेदाभिनिवेशे**त्यादि, मतिभेदश्चाऽभिनिवेशश्च आदौ यस्य स मतिभेदाभिनिवेशिकादिः, स चासौ मूलभेदश्च । तस्मात् **अनेकविधं** = अनेकप्रकारं **जमालिगोष्ठमाहिलादीनां** = मतिभेदाज्जमालेः, अभिनिवेशाच्च गोष्ठामाहिलादेः इति ।

एतस्मिन्नर्थे शास्त्रपाठमाह - **उक्तं** चेत्यादि । व्यवहारभाष्यसंक्षेपार्थस्त्वयम् - मतिभेदेन जमालिः, पूर्वं व्युद्ग्राहितेन गोविन्दः । संसर्गाद् भिक्षुः, अभिनिवेशाद् गोष्ठामाहिलः - इति।

अत्र 'क्रियमाणं कृतम्' इति या सम्यग् मतिः, तस्य भेदेन 'कृतमेव कृतम्' इति मत्यन्तररुपेण जमालिराभिनिवेशिकोऽभवत् । जैनदीक्षास्वीकारात्प्रागेव "जैनं दर्शनं मिथ्या" इत्यादिना जैनदर्शनं प्रति द्वेषप्राप्तिः पूर्वं व्युद्ग्राहितम् । तेन गोविन्द आभिनिवेशिकोऽभवत्। स हि जैनदर्शनं जेतुं बहुशो जैनदीक्षा गृहीत्वा जैनसिद्धान्तं पठित्वा तत्खण्डनं कर्तुं प्रायततेति। भिक्षुस्तु संसर्गेनाभिनिवेशिकोऽभवत् । गोष्ठामाहिलस्तु दुर्बलिकापुष्यमित्रविषयकमत्सररुपाद् अहंकाररुपाद् निजपदार्थदृढरागरुपाच्चाभिनिवेशाद् आभिनिवेशिकोऽभवदिति ।

**ચન્દ્ર૦ :** આભિનિવેશિક મિથ્યાત્વ પણ મતિભેદ, અભિનિવેશ વિગેરે મૂલભેદથી અનેક પ્રકારનું છે. જમાલિને મતિભેદથી, ગોષ્ઠામાહિલને અભિનિવેશથી આ મિથ્યાત્વ થયું.

વ્યવહારભાષ્યમાં કહ્યુ છે કે "જમાલિ મતિભેદથી, પૂર્વ વ્યુદ્ગ્રાહિત વડે (પૂર્વની ખોટી ચડામણી-ગેરસમજ વડે) ગોવિંદ, સંસર્ગ વડે ભિક્ષુ અને અભિનિવેશ વડે ગોષ્ઠામાહિલ આભિનિવેશિક થયા." (અહીં "क्रियमाणं कृतं" એ મતિને બદલે "कृतं कृतं" એવી મતિ જમાલિની થઈ. આ મતિભેદના લીધે તે જમાલિ મિથ્યાત્વી બન્યો.

ગોવિંદ તો "જિનમત તદ્દન ખોટો છે" ઈત્યાદિ ગેરસમજવાળો બનેલો. અને માટે જિનમતને હરાવવા તેણે ઘણીવાર જૈનદીક્ષા લઈ, જૈનદર્શન ભણી અને પછી એની વિરુદ્ધમાં પ્રરૂપણા કરી. એટલે એ પૂર્વ વ્યુદ્ગ્રાહત (त = ભાવના અર્થમાં છે વ્યુદ્ગ્રાહણ) વડે અભિનિવેશી બન્યો.

ભિક્ષુ સંસર્ગ વડે અભિનિવેષી બન્યો.

ગોષ્ઠામાહિલ દુર્બલિકાપુષ્પમિત્ર પ્રત્યેની ઈર્ષ્યા, પોતાના અહંકાર, સ્વાભિપ્રાય ઉપર દઢ રાગ રૂપ અભિનિવેશથી અભિનિવેશી બન્યો.)

**<u>यशो०</u> : सांशयिकमपि सर्वदर्शन-जैनदर्शन-तदेकदेश-पद-वाक्यादिसंशयभेदेन बहुविधम् ।**

**<u>चन्द्र०</u> : सर्वदर्शने**त्यादि, "सर्वाणि दर्शनानि शोभनानि न वा ?" इति सर्वदर्शनविषयकं सांशयिकं,

"जैनदर्शनं शोभनं न वा ?" इति जैनदर्शनविषयकं सांशयिकं,

"महानिशीथं प्रामाणिकं न वा ?" इति जैनदर्शनैकदेशविषयकं सांशयिकं,

"धर्मो मङ्गलमिति गाथायां सप्तदशप्रकारे संयमे तपसोऽपि अन्तर्भावात् पृथक्तपः पदं युक्तं न वा ?" इति पदविषयकं सांशयिकं,

"एमेव समणा मुत्ता" इति गाथायां "विहङ्गमा व पुप्फेसु" इति वाक्यं सम्यग् न वा ? यतो "जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं" इति वाक्यादेव तदर्थस्य पूर्वं प्रतिपादितत्वात्" इत्यादिकं वाक्यविषयकं सांशयिकं मिथ्यात्वं बोध्यम् ।

आदिपदात्श्लोकादिविषयकं सांशयिकं बोध्यम् । यथा – "महुकारसमा बुद्धा" इत्यादिश्लोकः सम्यग् न वा ? यतोऽस्यार्थस्य प्राक्तनगाथासु प्रतिपादितत्वमस्ति – इति ।

**<u>ચન્દ્ર</u>૦ :** સાંશયિક મિથ્યાત્વ પણ સર્વદર્શન, જૈનદર્શન, જૈનદર્શનનો એક દેશ, પદ, વાક્ય વિગેરે સંબંધી સંશયોના ભેદ વડે અનેક પ્રકારનું છે.

[(૧) "બધા દર્શનો સારા છે કે નહિ ?" એ સર્વદર્શન વિષયક સંશય છે.

(૨) "જૈન દર્શન સારું-સાચું છે કે નહિ ?" એ જૈનદર્શન વિષયક સંશય છે.

(૩) "મહાનિશીથ આગમ પ્રામાણિક છે કે નહિ ?" એ જૈનદર્શનના એક દેશનો સંશય છે.

(૪) "દશવૈકાલિકની પહેલી ગાથામાં "તપ" પદ યોગ્ય છે કે કેમ ? કેમકે સત્તરપ્રકારનાં સંયમમાં તપનો સમાવેશ થઈ જાય છે." આ પદ વિષયક સંશય છે.

(૫) "દશવૈકાલિકની ત્રીજી ગાથામાં "विहङ्गमा व पुप्फेसु" વાક્ય યોગ્ય છે કે કેમ ? કેમકે એની બીજી ગાથામાં જે એનો અર્થ દર્શાવાઈ ગયો છે." આ વાક્યનો સંશય છે.)

(૬) "દશવૈકાલિકના પ્રથમ અધ્યયનની છેલ્લી ગાથા યોગ્ય છે કે કેમ? કેમકે તેનો અર્થ પૂર્વની ચાર ગાથામાં આવી ગયો છે." આ (આદિપદગ્રાહ્ય) શ્લોક = ગાથાનો સંશય છે.]

**<u>यशो०</u> : अनाभोगोऽपि सर्वांशविषयाव्यक्तबोधस्वरूपो विवक्षितकिंचिदंशाव्यक्तबोधस्वरूपश्चेत्यनेकविधः । न खलु महामोहशैलूषस्यैको नर्त्तनप्रकारोऽस्तीति ।**

**<u>चन्द्र०</u> : सर्वांशविषये**त्यादि, अयं चैकेन्द्रियादीनाम् । **विवक्षितकिंचिदंशे**त्यादि, अयं च संज्ञिपञ्चेन्द्रियानामेव । इतरांशानां व्यक्तबोधस्य संज्ञिपञ्चेन्द्रियेष्वेव सम्भवादिति । **अनेकविधः** = न एका विधा = प्रकारो यस्य स इति ।

**ननु** किमेतानि मिथ्यात्वानि अनेकप्रकाराणि भवन्ति ? एकप्रकाराणि किं न भवन्ति ? इत्याशङ्कायामाह - **न खलु** इत्यादि । **शैलूषः** = नटः, शेषं स्पष्टम् ।

**<u>चन्द्र०</u> :** અનાભોગ પણ સર્વાંશવિષયક અવ્યક્તબોધ સ્વરૂપ અને વિવક્ષિત કોઈક અંશમાં અવ્યક્તબોધ સ્વરૂપ એમ અનેકપ્રકારનો છે. (એકેન્દ્રિયાદિને કોઈપણ અંશમાં લેશ પણ વ્યક્તબોધ ન હોવાથી તેઓને સર્વાંશવિષયમાં અવ્યક્તબોધ રૂપ મિથ્યાત્વ છે. જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિયોને ઘણા અંશોમાં વ્યક્તબોધ હોય તોય કેટલાક અંશમાં અવ્યક્તબોધ હોય. સ્પષ્ટ બોધ ન હોય તો તેને **વિવક્ષિત** = તે તે કોઈક અંશમાં અવ્યક્તબોધ રૂપ મિથ્યાત્વ ગણાય.

**પ્રશ્ન :** પણ આમ પાંચેય મિથ્યાત્વોના અનેક પ્રકારો કેમ પડે છે ? તેઓ એક જ પ્રકારના કેમ નથી ?)

**ઉત્તર :** અરે ભાઈ ! આ મહામોહ તો નટડો છે. અને નટ કંઈ એક જ પ્રકારે નાચતો હશે ? (એ તો જાત-જાતના, ભાત-ભાતના નૃત્યો દેખાડે જ. મહામોહના વિચિત્ર અનેક પ્રકારના ઉદયોને લીધે આવા જાતજાતના મિથ્યાત્વના પેટાપ્રકારો પણ પડે છે.)

**<u>चन्द्र</u>० :** इदन्तु बोध्यम् । माषतुषादिकल्पानां ज्ञानावरणोदयप्रयुक्तो विवक्षितकिञ्चिद्विषयाव्यक्तबोधः सम्भवति । न च स मिथ्यात्वम् । मिथ्यात्वमोहनीयोदयप्रयोज्यस्यैव तादृशाव्यक्तबोधस्यानाभोगमिथ्यात्वत्वादिति । दृश्यते च संसारसम्बन्धिषु सूक्ष्मपदार्थेषु सूक्ष्ममतीनामपि मिथ्यात्वमोहोदयाद् धार्मिकतत्त्वेऽप्यव्यक्तो बोध इति न किञ्चिदनुपपन्नम् ।

**<u>ચન્દ્ર</u>० :** (આ જાણવું કે માષતુષાદિ જેવા સાધુઓને જ્ઞાનાવરણના ઉદયને લીધે તે તે વિષયોમાં અવ્યક્તબોધ થાય જ છે. પણ તે મિથ્યાત્વ ન ગણવું. કેમકે મિથ્યાત્વમોહનીયના ઉદયને લીધે જે તાદૃશ અવ્યક્તબોધ થાય તે જ અનાભોગમિથ્યાત્વ ગણાય.

વળી આવું સ્પષ્ટ દેખાય છે કે કેટલાકોને અબજો રૂપિયાના ધંધા વિગેરે સંસાર સંબંધી પદાર્થોમાં જોરદાર બુદ્ધિ હોય છે, છતાં તેઓ ધાર્મિક પદાર્થોમાં સાંભળવા છતાંય કંઈ સમજતા નથી. મૂઢ જેવા જ રહે છે. એમાં મિ.મોહનો ઉદય ભાગ ભજવે છે. આમ જ્ઞાનાવરણોદયજન્ય અને મિ.મોહોદયજન્ય અવ્યક્તબોધમાં સ્પષ્ટ ભેદ હોવાથી કંઈ મુશ્કેલી પડતી નથી.)

---

**<u>यशो</u>० : एतेष्वाभिग्रहिकादिषु मिथ्यात्वेषु मध्ये त्रीण्यनाभिग्रहिक-सांशयिकाऽनाभोगरूपाणि फलतः प्रज्ञापनीयतारूपं गुरुपारतन्त्र्यरूपं च फलमपेक्ष्य लघूनि, विपरीतावधारणरूपविपर्यासव्यावृत्तत्वेनैतेषां क्रूरानुबन्धफलकत्वाभावात् ।**

---

**<u>चन्द्र</u>० :** एतेषु गुरुलघुभावं विवेचयति - **एतेष्वित्यादि** । **प्रज्ञापनीयतारुपं** = अनाभिग्रहिकमिथ्यात्वस्येदं फलं, **गुरुपारतन्त्र्यरुपं च** = सांशयिकानाभोगमिथ्यात्वयोरिदं फलम् । यद्वा प्रज्ञापनीयतारुपं फलं सांशयिकस्यापि दृष्टव्यम् ।

अनाभिग्रहिको हि कस्मिन्नपि पदार्थे कदाग्रहयुक्तो नास्ति, ततश्च स सुखेनैव सम्यक् पदार्थः प्रज्ञापयितुं पार्यत इति युक्तं अनाभिग्रहिकमिथ्यात्वस्य प्रज्ञापनीयतारुपं फलम् ।

तथा लोकेऽपि क्वचिदर्थे संशयं प्राप्ता जनास्तदर्थज्ञातृशरणं भजन्तो दृश्यन्ते । एवं क्वचिदपि

पदार्थे संशयं प्राप्तास्तत्पदार्थज्ञगुरोः पारतन्त्र्यं भजन्त एवेति युक्तं सांशयिकस्य गुरुपारतन्त्र्यरुपं फलम् ।

एवं यथा मार्गमजानाना मार्गज्ञशरणं स्वीकुर्वन्त्येव । एवं अव्यक्तबोधवन्तो माषतुषादिकल्पा व्यक्तबोधवतो गुरोः परतन्त्रतां स्वीकुर्वन्त्येवेति युक्तं अनाभोगस्यापि गुरुपारतन्त्र्यरुपं फलम् ।

तथा विषरहितमपि भोजनं विषमिश्रितं निश्चिन्वतः सकाशात् "तद्भोजनं विषमिश्रितं न वा इति ?" संशयवान् सुखेन प्रज्ञापनीयो भवतीति दृश्यते । एवं शास्त्रीयादिपदार्थेषु विपरीतनिश्चयं प्राप्तस्य सकाशात्शङ्काप्राप्तो हि सुखं प्रज्ञापनीयो भवतीति सांशायिकस्य प्रज्ञापनीयतारुपं फलं युक्तम् ।

एवं यथायोगं अन्यदपि विवेचनीयम् ।

**ननु** एतादृशफलमपेक्ष्यापि तेषां लघुत्वं कथं सम्भवेत्, मिथ्यात्वोदयजन्यत्वाद्-गुरुत्वमेव तेषाम् ? इत्याशङ्कायां एतेषां लघुत्वे कारणमाह - **विपरीतावधारणे**त्यादि, विपरीतो यो निश्चयः, तद्रुपो यो विपर्यासः, तद्रहितत्वेनेति । **एतेषां** = अनाभिग्रहिकसांशयिकानाभोगानां **क्रुरानुबन्धे**त्यादि, **क्रुरानुबन्धः** = पापानुबन्धः फलं येषां तानि क्रुरानुबन्धफलकानि, तत्त्वाभावात् ।

एतेषु विपरीतनिश्चयो नास्तीति तु स्पष्टमेव । सांशयिके अनाभोगे च निश्चयस्यैवाभावाद् विपरीतनिश्चयस्तु दूरे एव । अनाभिग्रहिके च शोभनाशोभनेषु सर्वेषु वस्तुषु शोभनत्वबोधात् सर्वथा विपरीतनिश्चयस्याभावात् तत्रापि च न विपरीतनिश्चय इति ।

<u>ચન્દ્ર</u>૦ : આ આભિગ્રહિકાદિ પાંચ મિથ્યાત્વોને વિશે અનાભિગ્રહિક, સાંશયિક અને અનાભોગ રૂપ ત્રણ મિથ્યાત્વો પ્રજ્ઞાપનીયતારૂપ ફળ અને ગુરુપારતન્ત્ર્યરૂપ ફળની અપેક્ષાએ લઘુ = નાના છે, ઓછા ખરાબ છે. (આમાં અનાભિગ્રહિકનું ફળ પ્રજ્ઞાપનીયતા છે અને સાંશયિક + અનાભોગનું ફળ ગુરુપાસ્તન્ત્ર્ય છે.

અનાભિગ્રહિક કોઈપણ પદાર્થમાં કદાગ્રહ વાળો ન હોવાથી એને કોઈપણ સાચો પદાર્થ સહેલાઈથી પ્રજ્ઞાપના કરી શકાય છે, સમજાવી શકાય છે. એટલે અનાભિગ્રહિકનું ફળ પ્રજ્ઞાપનીયતા સ્પષ્ટ જ છે.

તથા લોકમાં દેખાય છે કે કોઈપણ વસ્તુમાં સંશયવાળો થયેલો વ્યક્તિ એ વસ્તુની જાણકારીવાળાના શરણે જાય છે. એના કહ્યા પ્રમાણે કરે છે. તેમ અહીં પણ

જિનવચનાદિમાં સંશયરૂપ સાંશયિક મિથ્યાત્વ પણ ગીતાર્થ ગુરુની પરતંત્રતાને ઉત્પન્ન કરી દે એ સ્વાભાવિક છે.

એમ અજ્ઞાની માણસ પણ તે તે વસ્તુના જ્ઞાનીનું શરણ સ્વીકારીને કામ કરે છે. એટલે અનાભોગ મિથ્યાત્વ પણ ગુરુપારતન્ત્ર્યને જન્મ આપે તે સમજી શકાય છે.

**અથવા** સાંશયિક મિ. ના પણ ફળ તરીકે પ્રજ્ઞાપનીયતા કહી શકાય. જેમ-ખોટી વસ્તુમાં કદાગ્રહવાળા બનેલાને સાચી વસ્તુ સમજાવવી અઘરી છે, જ્યારે એ જ ખોટી વસ્તુમાં શંકાવાળાને સાચી વસ્તુ સમજાવવી સરળ પડે છે. એટલે જાણી શકાય છે કે સાંશયિક એ પ્રજ્ઞાપનીયતાને જન્મ આપે છે. દા.ત. આ ભોજન વિષમિશ્રિત છે એવું જેને દૃઢનિશ્ચયજ્ઞાન હોય, તેને આ વિષરહિત છે એ વાત સમજાવવી કપરી છે. 'પણ આ ભોજન વિષમિશ્રિત છે કે નહિ ?' એવી શંકાવાળાને આ વિષમિશ્રિત નથી એ વાત યુક્તિઓવડે સમજાવવી સરળ થઈ પડે છે.

આમ ક્યાં મિથ્યાત્વનું કયું ફળ ? તે સમ્યક્ રીતે વિચારવું.

આમ આ ત્રણ મિથ્યાત્વો આવા સુંદર ફળ આપે છે, માટે તે ઓછા ખરાબ છે. (સારા છે. એમ પણ કહી શકાય. કેમકે આવા સુંદર ફળો આપે છે. છતાં એનું મૂળસ્વરૂપ મિથ્યાત્વ તરીકેનું છે. એટલે સારા છે શબ્દ વાપર્યો નથી.)

**પ્રશ્ન :** આ બે ફળ આપે છે, એટલા માત્રથી આ ત્રણ મિથ્યાત્વો ઓછા ખરાબ શી રીતે કહી શકાય ?)

**ઉત્તર :** ઉંધો = ખોટો નિશ્ચય કરવા રૂપ જે વિપર્યાસ છે તે આ મિથ્યાત્વોમાં નથી અને માટે આ મિથ્યાત્વો ક્રૂર અનુબંધ = પાપાનુબંધ રૂપ ફળને જન્મ આપનારા નથી.

(સાંશયિક અને અનાભોગમાં તો નિશ્ચયાત્મક જ્ઞાન જ ન હોવાથી ત્યાં વિપરીતનિશ્ચય નથી જ્યારે અનાભિગ્રહિકમાં સારા-ખરાબ બધા દર્શનોને સારા માનવા રૂપ નિશ્ચય છે. એટલે આ સંપૂર્ણ પણે વિપરીત નિશ્ચય નથી. અને માટે જ તે પણ પાપાનુબંધજનક ન બને.)

---

**यशो० : द्वे आभिग्रहिकाभिनिवेशलक्षणे मिथ्यात्वे गुरू (गुरुणी), विपर्यासरूपत्वेन सानुबन्धक्लेशमूलत्वात् ।**

**चन्द्र० : गुरु** = महती अशोभने इति । **विपर्यासरुपत्वेन** = विपरीतावधारण-रुपत्वेन **सानुबन्धक्लेशमूलत्वात्** = अनुबन्धयुक्तस्य पापकर्मणो हेतुत्वादिति । आभिग्रहिके हि "आत्मा नित्य एव" इत्यादिरुपं विपरीतावधारणं, आभिनिवेशिके च "कृतमेव कृतम्" इत्यादिरुपं विपरीतावधारणं अस्त्येवेति ।

**ચન્દ્ર૦ :** આભિગ્રહિક અને આભિનિવેશિક સ્વરૂપ બે મિથ્યાત્વો વધુ ખરાબ છે. કેમકે તેઓ વિપરીતનિશ્ચય રૂપ હોવાથી પાપાનુબંધનું કારણ છે. (આભિગ્રહિકમાં "આત્મા નિત્ય જ છે." ઈત્યાદિ અને આભિનિવેશિકમાં "कृतमेव कृतं" વિગેરે વિપરીતનિશ્ચયો પહેલા જ છે.)

---

**यशो० : उक्तं चोपदेशपदे (१९८)–**

एसो अ एत्थ गुरुओ, णाऽणज्झवसायसंसया एवं । जम्हा असप्पवित्ती, एत्तो सव्वत्थणत्थफला ।।

---

**चन्द्र० :** साक्षिपाठमाह – "**उक्तं च**" इत्यादि । उपदेशपदगाथासंक्षेपार्थस्त्वयम् – **एत्थ** = **अत्र** = विपर्यासानध्यवसायसंशयेषु **एष च** = विपर्यासश्च **गुरुकः** = महाशोभनः, अनध्यवसायसंशयौ न **एवं** = महान्तौ अशोभनौ । यस्माद् **एतस्मात्** = विपर्यासात् सर्वत्रानर्थफला असत्प्रवृत्तिर्भवति इति ।

**ચન્દ્ર૦ :** (આ વિષયમાં સાક્ષીપાઠ આપે છે કે) ઉપદેશપદમાં કહ્યું છે કે-વિપર્યાસ, અનધ્યવસાય અને સંશયને વિશે વિપર્યાસ ગુરુ છે. અનધ્યવસાય અને સંશય એવા નથી. કેમકે આ વિપર્યાસ દ્વારા સર્વત્ર અનર્થફળવાળી પ્રવૃત્તિ થાય છે. (પાપાનુબંધ થાય છે.)

---

**यशो० : दुष्प्रतीकारोऽसत्प्रवृत्तिहेतुत्वेनैव विपर्यासोऽत्र गरीयान् दोषः, न त्वनध्यवसाय-संशयावेवंभूतौ, अतत्त्वाभिनिवेशाभावेन तयोः सुप्रतीकारत्वेनात्यन्तानर्थसंपादकत्वा-भावादित्येतत्तात्पर्यार्थः ।।१०।।**

---

**चन्द्र० :** महोपाध्याया उपदेशपदगाथातात्पर्यं प्रदर्शयति – **दुष्प्रतीकारो** इत्यादि । अन्वयस्त्वेवम् – **अत्र** = आभिग्रहिकाभिनिवेशिकयोः **दुष्प्रतीकारः** = दुरीकर्तुं दुःशकः **विपर्यासः असत्प्रवृत्तिहेतुत्वेन** = असत्प्रवृत्त्यनुबन्धजनकत्वेन **गरीयान् दोषः** । अत्र

"दुष्प्रतीकारः" इति विपर्यासपदविशेषणं हेतुगर्भितम् । यतः स विपर्यासो दुष्प्रतीकारः, तत एव स विपर्यासोऽसत्प्रवृत्तिहेतुरिति । तथा यतः स विपर्यासोऽसत्प्रवृत्तिहेतुः, ततः स गरीयान् दोष इति । **एवंभूतौ** = गरीयांसौ दोषभूतौ । तत्र कारणमाह - **अतत्त्वाभिनिवेशाभावेन** = आत्मनास्तित्वादिषु अतत्त्वेषु कदाग्रहाभावेन **तयोः** = अध्यवसायसंशययोः **सुप्रतीकारत्वेन** = सुखं दुरीकर्तुं शक्यत्वेन **अत्यन्तानर्थसंपादकत्वाभावात्** = सकृत्पापप्रवृत्तिजनकत्वेऽपि पापानुबन्धजनकत्वाभावादिति **अत्यन्त**पदगर्भितार्थः । **इति** = एवंरुपः **एतत्तात्पर्यार्थः** = उपदेशपदगाथायास्तात्पर्यार्थः ।

**ચન્દ્ર૦** : (ઉપદેશપદની ગાથાનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે કે આ) આભિગ્રહિક અને આભિનિવેશિકમાં દુષ્પ્રતીકાર એવો જે વિપર્યાસ છે, તે અસત્પ્રવૃત્તિનું કારણ હોવાને લીધે જ મોટો દોષ છે. (અહીં દુષ્પ્રતીકાર પદ વિપર્યાસનું વિશેષણ બનાવેલ છે. તે હેતુગર્ભિત છે. આ વિપર્યાસ દુષ્પ્રતીકાર છે, માટે તે અસત્પ્રવૃત્તિનું કારણ છે. અને માટે આ વિપર્યાસ મોટા દોષરૂપ છે.

પરંતુ અનધ્યવસાય = અનાભોગ અને સંશય એ મોટા દોષરૂપ નથી. (કેમકે આમાં "આત્મા નથી" વિગેરે અતત્ત્વોમાં કદાગ્રહ પડેલો નથી.) અને કદાગ્રહ ન હોવાને લીધે આ બે સુપ્રતીકાર છે. સહેલાઈથી દૂર કરી શકાય તેવા છે. અને માટે જ એ અત્યન્ત અનર્થના સંપાદક બનતા નથી. (તાત્કાલિક એકાદવાર અસત્પ્રવૃત્તિનું કારણ બની પણ જાય. પરંતુ અત્યન્ત અનર્થ = પાપના અનુબંધ = અસત્પ્રવૃત્તિની પરંપરાના જનક ન બને.)

(અહીં અમે આ પ્રમાણે અર્થ કર્યો કે **"દુષ્પ્રતીકાર** વિપર્યાસ અસત્પ્રવૃત્તિનું કારણ હોવાથી મોટો દોષ છે." ક્યાંક વળી આવો અર્થ પણ દેખાય છે કે "વિપર્યાસ અસત્પ્રવૃત્તિનું કારણ હોવાથી **દુષ્પ્રતીકાર** મોટો દોષ છે."

આ બીજો અર્થ આ સ્થળે અમને ઉચિત લાગ્યો નથી. ઉપાધ્યાયજી મ.નો અભિપ્રાય બીજા અર્થને જણાવવાનો જણાતો નથી. તેની બે યુક્તિઓ આ પ્રમાણે છે.

(૧) જો બીજો અર્થ સ્વીકારીએ તો, "બધા દર્શનો સારા છે" ઈત્યાદિરૂપ અનાભિગ્રહિક મિથ્યાત્વ પણ વિપર્યાસ રૂપ તો છે જ. અને એટલે વિપર્યાસ અસત્પ્રવૃત્તિનું કારણ હોવાથી દુષ્પ્રતીકાર મોટો દોષ છે એમ અર્થ પ્રમાણે આ અનાભિગ્રહિક રૂપ વિપર્યાસને પણ દુષ્પ્રતીકાર મોટો દોષ માનવો પડે. જ્યારે એ તો લઘુદોષ છે. એ વાત

પૂર્વે જ જણાવી ગયા.

(૨) ઉપાધ્યાયજીની આ પંક્તિ - अतत्त्वाभिनिवेशाभावेन..... નો અર્થ ધ્યાનથી વિચારો. તેઓ કહે છે કે "અનધ્યવસાય સંશયમાં અતત્ત્વાભિનિવેશ ન હોવાથી તે સુપ્રતીકાર છે, સુપ્રતીકાર છે માટે જ અત્યન્ત અનર્થના સંપાદક નથી. અને માટે મોટા દોષ રૂપ નથી."

આનો સીધો અર્થ એ કે = જે દુષ્પ્રતીકાર હોય, તે અત્યન્ત અનર્થના સંપાદક હોય અને માટે તે મોટો દોષ હોય. અહીં અત્યંત અનર્થ તરીકે અસત્પ્રવૃત્તિ જ લેવાની છે. એટલે સીધો અર્થ આ કે "દુષ્પ્રતીકાર દોષ અસત્પ્રવૃત્તિ સંપાદક હોવાથી મોટો દોષ છે." આ જ અર્થ અમે કર્યો છે.)

## ૧૦મી ગાથા સંપૂર્ણ

## ૧૧મી ગાથા શરૂ

**यशो० : नन्वत्र माषतुषादीनां चारित्रिणामेव संशयानध्यवसाययोरसत्प्रवृत्त्यननुबन्धित्वमुक्तं, तच्च युक्तं, तेषां मिथ्यात्वमोहनीयानन्तानुबन्धिनां प्रबलबोधविपर्यासकारिणां प्रबलक्रियाविपर्यासकारिणां च तृतीयकषायादीनामभावात्।**

**चन्द्र० :** एवं महोपाध्यायैः उपदेशपदगाथावलम्बनेन अनाभोगादीनामशुभानुबन्धाजनकत्वं प्रसाधितम् । पूर्वपक्षस्तु पञ्चानामपि मिथ्यात्वानामेकान्तेनाशुभानुबन्धजनकत्वं मन्यमानः स्वमतसंरक्षणार्थं प्रयतते - **ननु अत्र** = उपदेशपदगाथायां अनन्तरमेव प्रतिपादितायां **चारित्रिणामेव** = न तु मिथ्यात्विनामिति **एवकारार्थः** । **प्रबलबोधे**त्यादी, प्रबलश्चासौ यो बोधस्य विपर्यासः, तत्कारिणामिति । **प्रबलक्रिये**त्यादि, प्रबलो यः क्रियाया विपर्यासः, तत्कारिणामिति ।

अत्रानन्तानुबन्धिकषाया यद्यपि चारित्रमोहनीयभेदत्वात्क्रियाविपर्यासजनका वक्तुं युक्ताः, तथापि ते प्रायो मिथ्यात्वसहचारिणः । मिथ्यात्वं च बोधविषयकप्रबलविपर्यासस्य हेतुः, ततोऽनन्तानुबन्धिकषाया अपि प्रबलबोधविपर्यासकारिणः परिगणिता इति बोध्यम् ।

"**तृतीयकषायादीनाम्**" इत्यत्रादिपदाद् द्वितीयकषायपरिग्रहः । द्वितीयतृतीयकषाया हि सर्वविरतिचारित्रप्रतिबन्धकाः सन्तो वेषधारिणां प्रबलं चारित्रक्रियाविपर्यासं मिथ्यात्वाभावेऽपि

जनयन्त्येव । सञ्ज्वलनकषायाणां तु चारित्रक्रियाविपर्यासजनकत्वेऽपि प्रबलस्य चारित्रक्रियाविपर्यासस्य जनकत्वं नास्तीति आदिपदात्तत्परिग्रहो न कार्यः । अत एव **द्वितीयकषायादीनां** इत्यनुक्त्वा **तृतीयकषायादीनां** इत्युक्तम् । यतो हि अनन्तानुबन्धिकषायाः प्रथमे मिथ्यात्वेन सह परिगणिता एव । ततश्च यदि "द्वितीयकषायादीनां" इत्युच्येत, तर्हि द्वितीयतृतीयचतुर्थकषायानां परिग्रहोऽपि सम्भवेत् ।

किन्तु प्रथमकषायान् प्रतिपाद्य "द्वितीयकषायादीनां" इति अनुक्त्वा "तृतीयकषायादीनां" इति पदोपादानेन तु पूर्वपक्षेण गूढाभिप्रायः प्रदर्शित - इति ज्ञायते ।

**ચન્દ્ર૦** : (ઉપાધ્યાયજીએ ઉપદેશપદની ગાથા દ્વારા એ વાત સિદ્ધ કરી કે અનાભોગાદિ ત્રણ મિથ્યાત્વો પાપાનુબંધના જનક નથી. હવે જે પૂર્વપક્ષ પાંચેય મિથ્યાત્વોને એકાંતે પાપાનુબંધના જનક માને છે. તે પોતાના મતનું રક્ષણ કરવા માટે પ્રયત્ન શરૂ કરે છે.)

**પૂર્વપક્ષ** : (તમે જે ઉપદેશપદની ગાથા બતાવી કે જેમાં અનાભોગ + સંશયને પાપાનુબંધના અજનક કહ્યા છે. એ વાત બરાબર છે. પણ ત્યાં "કયા જીવોના અનાભોગાદિને પાપાનુબંધના અજનક કહ્યા છે ? એ તો કહો.) ત્યાં મિથ્યાત્વીના અનાભોગ, સંશયની વાત નથી. પણ માષતુષાદિ જે ચારિત્રધરો છે, તેઓના જ સંશય અને અનાભોગની અસત્પ્રવૃત્તિ-અનનુબંધિતા કહેવાયેલી છે. અને એ તો બરાબર જ છે. કેમકે ચારિત્રધર મહાત્માઓને સમ્યગ્બોધમાં પ્રબલ વિપર્યાસ કરાવનાર એવા મિથ્યાત્વમોહ અને અનંતાનુબંધીના ઉદયનો અભાવ છે. અને ક્રિયામાં પ્રબળ વિપર્યાસ કરાવનાર એવા ત્રીજા (પ્રત્યાખ્યાનીય) અને બીજા (અપ્રત્યાખ્યાનીય) કષાયનો પણ અભાવ છે. એટલે ચારિત્રધરોને બોધનો પ્રબલવિપર્યાસ પણ નથી થતો કે ચારિત્રક્રિયાનો પ્રબલ વિપર્યાસ પણ નથી થતો. એટલે ચારિત્રધરોના અનાભોગ-સંશય એ અસત્પ્રવૃત્તિના અનુબંધના કારણ ન બને એ તો બરાબર.

(અહીં અનંતાનુબંધી કષાયો ચારિત્રમોહ હોવાથી ખરેખર તો ક્રિયાવિપર્યાસના જનક માનવા જોઈએ. છતાં તે કષાયો પ્રાયઃ મિથ્યાત્વની સાથે જ રહેનારા હોવાથી એમને બોધ વિપર્યાસના જનક કહ્યા છે.

તથા **"તૃતીયકષાયાદીનાં"** માં આદિપદથી બીજા નંબરના કષાય લેવા. સંજ્વલન નહિ. કેમકે સંજ્વલન કષાયો જો કે ચારિત્રક્રિયામાં વિપર્યાસ કરાવે ખરા, છતાં પણ તે **પ્રબલ** ક્રિયાવિપર્યાસ ન કરાવી શકે. જ્યારે બીજા-ત્રીજા કષાયો તો સર્વવિરતિચારિત્ર

પ્રતિબંધક એવા જોરદાર ક્રિયાવિપર્યાસને કરાવી શકે.

વળી **દ્વિતીયકષાયાદીનાં** જ ખરેખર લખવું જોઈએ ને ? કેમકે અનંતાનુબંધી નામના = પ્રથમકષાય બતાવી દીધા. તો હવે 'દ્વિતીયાદિ કષાયો' એમ લખવું ઉચિત હતું છતાં **"તૃતીયાદિકષાય"** લખ્યું છે. એનાથી આ ગૂઢ અભિપ્રાય જણાય છે કે દ્વિતીયાદિ લખે તો ૨-૩-૪ નંબરના કષાયો પણ લેવાઈ જવાનો સંભવ રહે. જ્યારે પ્રથમકષાયો બતાવ્યા બાદ, બીજાને લેવાને બદલે ત્રીજાનો ઉલ્લેખ કરીને તેઓ સૂચિત કરવા માંગે છે કે અહીં "આદિ" પદથી બીજાકષાય લેવા ચોથા નહિ.)

---

**यशो० : मिथ्यादृशां संशयानध्यवसाययोश्च न तथात्वं युक्तं, विपर्यासशक्तियुक्तत्वात्तेषाम्। अतः शुभपरिणामोऽपि तेषां फलतोऽशुभ एवोक्तः श्रीहरिभद्रसूरिभिः,**

---

**चन्द्र० :** पूर्वपक्ष एव प्राह — **मिथ्यादृशां** इत्यादि । न **तथात्वं** = नासत्प्रवृत्त्यननुबन्धित्वं, किन्तु असत्प्रवृत्त्यनुबन्धित्वमेव । तत्र कारणमाह - **विपर्यासशक्तियुक्तत्वात्** = विपरीतावधारणस्य या शक्तिर्मिथ्यात्वोदयरुपा, तद्युक्तत्वात् तेषाम् ।

**अतः** = विपर्यासशक्तियुक्तत्वात् **शुभपरिणामोऽपि** = न केवलमशुभपरिणाम एवेत्य**पि**शब्दार्थः । शुभपरिणामश्च जिनेश्वरबहुमानादिरुपोऽनेकविधः । **फलतः** = परम्परया **अशुभ एवोक्तः** ।

**ચન્દ્ર૦ :** (આમ ચારિત્રીઓને જ્ઞાનાવરણોદયથી થયેલ અનાભોગ કે સમ્યક્ત્વમોહનીયોદયથી થયેલ શંકા એ અસત્પ્રવૃત્તિઅનુબંધી ન બને, એ બરાબર પરંતુ) મિથ્યાત્વીઓને મિથ્યાત્વોદયયુક્ત અનાભોગ અને શંકા તો અસત્પ્રવૃત્તિ-અનુબંધી બને જ. એમનું અસત્પ્રવૃત્તિ-અનનુબંધિત્વ યોગ્ય નથી. કેમકે વિપર્યાસની શક્તિરૂપ મિથ્યાત્વોદયથી યુક્ત તે જીવો છે.

તે મિથ્યાત્વીઓ વિપર્યાસશક્તિથી યુક્ત છે મોટે જ તો તેઓનો શુભપરિણામ શ્રીહરિભદ્રસૂરિ વડે પણ ફલતઃ = પરંપરાએ અશુભ જ કહેવાયો છે. (અર્થાત્ તેઓને જે જિનભક્તિ વિગેરેના પરિણામ હોય છે, તે પરંપરાએ દુર્ગત્યાદિફળ આપનારા, પાપપ્રવૃત્તિ વધારનારા બનતા હોવાથી અશુભ જ કહ્યા છે.)

---

**यशो० : तथाहि —**

गलमच्छभवविमोअगविसन्नभोईण जारिसो एसो ।

मोहा सुहो वि असुहो तप्फलओ एवमेसो त्ति ।। **(उप. पद. १८८)**

'गलेत्यादि-गलो नाम प्रान्तन्यस्तामिषो लोहमयः कण्टको मत्स्यग्रहार्थं जलमध्ये संचारितः, तद्ग्रसनप्रवृत्तो मत्स्यस्तु प्रतीत एव, ततो गलेनोपलक्षितो मत्स्यो गलमत्स्यः । भवाद्= दुःखबहुलकुयोनिलक्षणाद् दुःखितजीवान् काकशृगालपिपीलिकादीन् तथाविधकुत्सितवचन-संस्कारात्प्राणव्यपरोपणेन मोचयत्युत्तारयतीति भवविमोचकः पाखण्डविशेषः । विषेण मिश्रमन्नं तद् भुङ्क्ते तच्छीलश्च यः स तथाविधः, ततो गलमत्स्यश्च भवविमोचकश्च विषान्नभोजी चेति द्वन्द्वः, तेषां यादृश एष=परिणामः प्रत्यपायफल एव। कुतः ? मोहादज्ञानात्पर्यन्तदारुणतया शुभोऽपि स्वकल्पनया, स्वरुचिमन्तरेण तेषां तथा प्रवृत्तेरयोगात्सुन्दरोऽपि सन् अशुभः=संक्लिष्टः एव। कुतः ? इत्याह-तत्फलतः=भावप्रधानत्वान्निर्देशस्य तत्फलत्वाद्=अशुभपरिणामफलत्वाद्। अथ प्रकृते योजयन्नाह - एवं=गलमत्स्यादिपरिणामवत्, एषोऽपि=जिनाज्ञोल्लङ्घनेन धर्मचारिपरिणामः तत्फलत्वादशुभ एव, आज्ञा-परिणामशून्यतयोभयत्रापि समानत्वेन तुल्यमेव किल फलम्"

---

**चन्द्र० :** पूर्वपक्षो हरिभद्रसूरिनिगदितं पाठं दर्शयति - **तथा हि** इत्यादि । गाथासंक्षेपार्थस्त्वयम्- गलमत्स्यभवविमोचकविषान्नभोजिनां यादृश एष शुभोऽपि मोहात् **तत्फलतः** = अशुभफलतः **अशुभः**, एवमेषोऽपि इति ।-एतद्भावार्थस्तु अनन्तरमेव तट्टीकादर्शनात् स्पष्टीभविष्यति ।

**गलेत्यादि** इत्यादि टीका तु सुगमैव । नवरम् - **प्रान्तन्यस्तामिषः** = अन्तभागे स्थापितं मांसं यस्मिन् स इति भावः । **तथाविधकुत्सितवचनसंस्कारात्** = 'भविष्यत्सिद्धीनां सर्वेषामपि जीवानां मारणेन उपकारद्वयो भविष्यति, दुःखाद्विमोचनेन केवलिदृष्टनियतभवानामल्पताकरणेन च । एवं च ते शीघ्रं मोक्षं प्राप्स्यन्ते' इत्यादिरुपाणि यानि कुत्सितानि = निन्दनीयानि वचनानि, तत्संस्कारात् = भूयोभूयस्तादृशवचनश्रवणभणनचिन्तनादिरुपात् **प्राणव्यपरोपणेन** = हिंसया **पाखण्डविशेषः** = कुमतविशेषः । **शुभोऽपि स्वकल्पनया** = परमार्थतस्तावत्शुभो नास्त्येव, किन्तु मूढः स्वयमेव स्वपरिणामं शुभं मन्यत इति । **ननु** कथं स्वकल्पनया स शुभः, न परमार्थात् ? इत्यत आह - **स्वरुचिमन्तरेण** = मूढताजनितां स्वकल्पनां विना **तेषां तथाप्रवृत्तेः** = अशुभानुबन्धजनयित्र्याः प्रवृत्तेः **अयोगात्** । शुभोऽपि इति पाठगत-

शब्दस्यान्वर्थमाह - **सुन्दरोऽपि** इति ।

**भावप्रधानत्वान्निर्देशस्य** = "तत्फलतः" इति य उपदेशपदगाथायां पदनिर्देशः, स *भावप्रधानोऽस्ति, ततश्च तत्र भावसूचकः "त्व-ता"प्रत्ययोऽसन्नपि अवगन्तव्यः । अत एवाह* - **तत्फलत्वात्** = **अशुभपरिणामफलत्वात्** = अशुभपरिणामस्यैव फलं यस्य तद् अशुभपरिणामफलं, तत्त्वात् । अशुभपरिणामस्य यादृशं फलं भवति, तादृशमेव प्रकृतशुभपरिणामस्य भवतीति फलापेक्षया स शुभपरिणामोऽशुभ उच्यते ।

एवं दृष्टान्तमभिधाय हरिभद्रसूरिः **प्रकृते** = जिनाज्ञोल्लङ्घनयुक्ते धर्मपरिणामे वक्तुमारब्धे **योजयन्नाह** । **तत्फलत्वात्** = अशुभफलत्वाद् **अशुभ एव** । अशुभत्वे कारणमाह - **आज्ञापरिणामे**त्यादि, **उभयत्रापि** = न केवलमशुभ एव, किन्तु शुभेऽशुभे च, उभयस्मिन्नपि । यत उभयमपि आज्ञापरिणामशून्यं, तत उभयमपि समानम् । तत उभयस्यापि तुल्यमेव फलं इति भावार्थः ।

**चन्द्र०** : હરિભદ્રસૂરિજીના શાસ્ત્રનો પાઠ આ પ્રમાણે છે. ગલમત્સ્ય, ભવવિમોચક, વિષાન્નભોજીઓનો જેવા પ્રકારનો આ પરિણામ શુભ હોવા છતાં પણ મોહને લીધે અશુભ જ ફળવાળો હોવાથી અશુભ છે. તેમ આ પરિણામ (આજ્ઞોલ્લંઘનવાળો ધર્મકરણપરિણામ) જાણવો.

**આની ટીકા :** ગલ એટલે લોખંડના કાંટાના અંતભાગ ઉપર માસંનો ટુકડો લગાડવામાં આવેલો હોય. તે લોખંડનો કાંટો, કે જે માછલાને પકડવા માટે પાણીમાં નંખાતો હોય છે. તેને ગળવામાં = તે માંસને ખાવા માટે પ્રવૃત્ત થયેલો માંછલો તો પ્રસિદ્ધ જ છે. એટલે ગલથી ઉપલક્ષિત એવો માછલો (ગલથી ઓળખાયેલો માછલો) તે ગલમત્સ્ય કહેવાય.

**ભવવિમોચક :** દુ:ખથી ભરેલી ખરાબ યોનિઓ એ ભવ કહેવાય. તેમાંથી કાગડા, શિયાળ, કીડી વગેરે દુ:ખી જીવોને જે છોડાવે તે ભવવિમોચક કહેવાય. એ શી રીતે તે જીવોને ભવમાંથી છોડાવે ? તેનું સમાધાન એ છે કે તે જીવોને મારી નાંખીને તેમને છોડાવે.

(**પ્રશ્ન :** જીવોને ભવથી છોડાવવા માટે મારી નાંખવા રૂપ ઉપાય તો ભયંકર કહેવાય ? આવું આ લોકો શા માટે કરે ?)

**ઉત્તર :** જેઓનો ભવિષ્યમાં મોક્ષ થવાનો છે તે જીવોના "કેટલા ભવો બાકી છે" તે ભવોની સંખ્યા કેવલીના જ્ઞાનમાં તો નક્કી જ છે. એટલે જો દુ:ખી જીવોને મારી નાંખીએ તો તેઓ ઉપર બે ઉપકાર થાય. (૧) દુ:ખમાંથી છૂટકારો. (૨) નિશ્ચિત્તભવોમાંથી એકભવ ઓછો થવાથી તેઓ જલ્દી મોક્ષ પામે. માટે આ જીવોને મારી નાંખવા. આવા પ્રકારના નિંદનીય વચનો સાંભળીને, વાંચીને-વિચારીને એ વચનોના સંસ્કારને કારણે આ લોકો હિંસાદિ કરતા હોય છે.

આ એક મતનો વિશેષપ્રકારનો **પાખંડ** = મત જ છે.

વિષથી મિશ્રિત અન્નને ખાનાર તે વિષમિશ્રિતભોજી કહેવાય.

તેઓનો જેવા પ્રકારનો આ પરિણામ પ્રત્યપાય = નુકશાનો રૂપી ફળવાળો જ છે. કેમકે તેઓને અજ્ઞાન પડેલું છે. અને એટલે તેઓનો શુભ પરિણામ પણ અંતે ભયંકર વિપાકવાળો બને છે. માટે તે અશુભ જ = સંક્લેશવાળો જ કહેવાય.

ખ્યાલ રાખવો કે આ પરિણામ શુભ તો કહેવાય જ નહિ. આ તો તેઓની પોતાની કલ્પના પ્રમાણે તેમનો પરિણામ શુભ કહ્યો છે.

(**પ્રશ્ન :** તે ગલમત્સ્યાદિ શું પોતાના પરિણામને સારો માને છે ? શુભ માને છે ?)

**ઉત્તર :** હાસ્તો. જો તેમને આ ગલમાંસ ખાવાની, હિંસા કરવાની, વિષભોજન કરવાની રૂચિ ન હોત તો તેઓ આવી મોટા નુકશાનને કરનારી પ્રવૃત્તિ કરે ખરા ? એટલે તેઓ તો પોતાના તે પરિણામને સારો માને જ છે. માટે એ દૃષ્ટિએ અમે એમને શુભ કહ્યો છે.

આ પરિણામ સંક્લિષ્ટ શા માટે કહેવાય ? એનું કારણ બતાવે છે કે અશુભપરિણામના જે ફળ છે, તે જ ફળને આપનાર આ કહેવાતો શુભ પરિણામ છે, માટે તે અશુભ કહેવાય.

અહીં ગાથામાં **तत्फलतः** શબ્દ છે. તે શબ્દનિર્દેશ ભાવપ્રધાન છે. એટલે કે તેમાં ભાવવાચક ત્વ-તા લગાડ્યા નથી, પણ એ સમજી લેવાના છે અને માટે જ **तत्फलत्वात्** એમ શબ્દ સમજવો.

(આમ દૃષ્ટાન્તો બતાવીને હવે પ્રસ્તુત પરિણામમાં આ વાતને જોડતા કહે છે કે) **આ પ્રમાણે** = ગલમત્સ્યાદિના પરિણામની જેમ આ જિનાજ્ઞાના ઉલ્લંઘન વડે ધર્મ કરવાનો

પરિણામ પણ અશુભ પરિણામના ફળવાળો હોવાથી અશુભ જ માનવો. (વેઠ ઉતારીને પૂજા-પ્રતિક્રમણાદિ કરવાનો પરિણામ, દોષો સેવીને ગોચરી વહોરવાનો પરિણામ, આ બધા આજ્ઞા ઉલ્લંઘન કરવા પૂર્વકના ધર્મ કરવાના પરિણામ છે.

**પ્રશ્ન :** આ પરિણામ અશુભપરિમાણના જ ફળને આપે છે, તેવું શા માટે ? દેખાવમાં તો તે શુભ છે.)

**ઉત્તર :** જેમ હિંસાદિના અશુભપરિણામ આજ્ઞાપરિણામથી શૂન્ય છે. તેમ આ કહેવાતા શુભ પરિણામ પણ આજ્ઞાપરિણામથી શૂન્ય છે અને આ કારણસર બેયમાં સમાનતા છે અને સમાનતા છે માટે તે બેયનું સમાન જ ફળ છે.

(**પૂર્વપક્ષસાર :** ઉપાધ્યાયજીએ મિથ્યાત્વીઓના અનાભોગ-સંશયને ઓછા ખરાબ, પાપાનુબંધ-અજનક કહ્યા. જ્યારે પૂર્વપક્ષે આ પાઠ આપીને એ સાબિત કરવા પ્રયત્ન કર્યો છે કે મિથ્યાત્વીના તો સારા પરિણામો પણ ભયંકર વિપાકવાળા બતાવ્યા જ છે. તો એમના અનાભોગ-સંશય તો સુતરાં પાપાનુબંધજનક બની જ રહે ને ?)

---

**यशो०** : **इत्येतदाशङ्कायामाह –**

**मज्झत्थत्तं जायइ जेसिं मिच्छत्तमंदयाए वि ।**
**ण तहा असप्पवित्ती सदंधणाएण तेसिं पि ।।११।।**

मध्यस्थत्वं जायते येषां मिथ्यात्वमन्दतयाऽपि ।
न तथाऽसत्प्रवृत्तिः सदन्धज्ञातेन तेषामपि ।।११।।

---

**चन्द्र०** : **एतदाशङ्कायां** = अनन्तरमेव प्रतिपादितायां सत्यां **आह** = समादधाति-

**गाथार्थ :- एषां मिथ्यात्वमन्दतयाऽपि माध्यस्थ्यं जायते, तेषामपि सदन्धन्यायेन तथाऽसत्प्रवृत्तिर्न** - इति गाथार्थः ।

**ચન્દ્ર૦** : આ પ્રમાણે ની શંકા થયે છતે ઉપાધ્યાયજી ૧૧મી ગાથામાં સમાધાન આપે છે.

**ગાથાર્થ :** જેઓને મિથ્યાત્વની મંદતા દ્વારા પણ માધ્યસ્થ ઉત્પન્ન થાય, તેઓને પણ સુંદર અંધના ન્યાયથી તેવા પ્રકારે અસત્પ્રવૃત્તિ ન હોય.

**यशो० : मज्झत्थत्तं ति । मध्यस्थत्वं =रागद्वेषरहितत्वं, जायते येषां मिथ्यात्वमन्दतयाऽपि, किंपुनस्तत्क्षयो-पशमादित्यपिशब्दार्थः, तेषामपि=मन्दमिथ्यात्ववतामपि, किं पुनः सम्यग्दृष्ट्यादीनाम्, न तथा = दृढविपर्यासनियतप्रकारेण असत्प्रवृत्तिः स्यात्। केन? सदन्धज्ञातेन=समीचीनान्धदृष्टान्तेन।**

---

**चन्द्र० : रागद्वेषरहितत्वं** = मिथ्यात्वमन्दताप्रयुक्तं उत्कटरागद्वेषरहितत्वम् । सर्वथा रागद्वेषराहित्यं तु वीतरागाणामिति बोध्यम् । **दृढविपर्यासनियतप्रकारेण** = दृढविपर्यासस्य नियतः = व्याप्तो योऽसत्प्रवृत्तिप्रकारः, तेन, अन्येन तु असत्प्रवृत्तिः स्यादपीति भावः । **समीचीनान्धदृष्टान्तेन** = **समीचीनः** = निकाचितसत्सातोदययुक्तः ।

**ચન્દ્ર૦ : અર્થ :** જેઓને મિથ્યાત્વના ક્ષયોપશમ દ્વારા રાગદ્વેષરહિતતા પ્રાપ્ત થાય, તેમની તો શી વાત કરવી ? પણ જેઓને મિથ્યાત્વની મંદતા દ્વારા પણ જે કંઈક રાગદ્વેષરહિતતા ઉત્પન્ન થાય, તેઓને પણ દઢવિપર્યાસને નિયત એવા પ્રકાર વડે અસત્પ્રવૃત્તિ ન થાય.

(આશય એ છે કે અસત્પ્રવૃત્તિઓ સમ્યગ્દૃષ્ટિ વિગેરેને પણ હોય જ, પરંતુ "આ જ સુંદર છે" એવા દઢવિપર્યાસની હાજરીમાં જેવા પ્રકારની નિષ્ઠુર પાપપ્રવૃત્તિ થતી હોય છે, તેવા પ્રકારની નિષ્ઠુર પાપપ્રવૃત્તિ તો સમ્યગ્દૃષ્ટિઓને કે મન્દમિથ્યાત્વીઓને ન જ હોય. પણ કંઈક ધ્રુજારાવાળી તીવ્રતા વિનાની પાપપ્રવૃત્તિ હોય.) આ અસત્પ્રવૃત્તિ સુંદર અંધના દૃષ્ટાન્તથી સમજી શકાય છે. (એ આગળ સમજાવશે.)

---

**यशो० : यथा हि सदन्धः सातवेद्योदयादनाभोगेनापि मार्ग एव गच्छति, तथा निर्बीजत्वेन निर्बीजभावाभिमुखत्वेन वा मोहापकर्षजनितमन्दरागद्वेषभावोऽनाभोग-वान्मिथ्यादृष्टिरपि जिज्ञासादिगुणयोगान्मार्गमेवानुसरतीति**

---

**चन्द्र० :** सदन्धदृष्टान्तमेव विवेचयति - **यथाहि सदन्धः** = निकाचितसातोदयवान् प्रज्ञाचक्षुः **सातवेद्योदयाद् अनाभोगेनाऽपि** = मार्गज्ञानाभावेऽपि **मार्ग एव** = न तून्मार्गे, अन्यथा सातवेद्योदयानुपपत्तेः । सातवेद्योदयो हि अन्धस्य सातमेव दद्यात् । यदि च स उन्मार्गगामी स्यात्, तर्हि तस्यासातं स्यात् । तथा च तस्य सातवेद्योदयो न घटेत । तस्मात् तस्य मार्ग एव प्रवृत्तिर्भवति इति अभ्युपगन्तव्यम् ।

एवं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिकं विवेचयति - **तथा** इत्यादि । **निर्बीजत्वेन** मोहोत्कर्षस्य सप्ततिकोटाकोटिसागरोपमस्थितिबन्धलक्षणस्य यद् बीजं, तद्रहितत्वेन **निर्बीजभावाभिमुखत्वेन वा** = तादृशबीजरहितत्वस्य याऽभिमुखता, तया । पदद्वयस्यापि मोहापकर्षपदेन सहान्वयः कर्त्तव्यः । मोहापकर्षो हि द्वाभ्यां प्रकाराभ्यां भवति - निर्बीजत्वेन निर्बीजभावाभिमुखत्वेन च । तत्र प्रथमप्रकारेण मोहपकर्षोऽपुनर्बन्धकस्य । स हि न पुनर्मोहनीयस्योत्कृष्टां स्थितिं बध्नातीति । द्वितीयप्रकारेण च मोहापकर्षः सकृद्बन्धकस्य । तस्य हि उत्कृष्टाया मोहस्थितेर्बीजं विद्यते, तथापि सकृद् बध्वा तदनन्तरं न कदापि स तां बध्नातीति स निर्बीजत्वाभिमुखोच्यते ।

इत्थं चान्यतरेणापि प्रकारेण यो मोहापकर्षः, तज्जनितो मन्दरागद्वेषभावो यस्य स, मोहापकर्षजनितमन्दरागद्वेषभावः । **अनाभोगवान् मिथ्यादृष्टिरपि** = न केवलं सम्यग्दृष्टि-रेवेत्य**पि**शब्दार्थः । **अथवा** न केवलं मार्गाभोगवान् मिथ्यादृष्टिरेवेत्य**पि**शब्दार्थः ।

**सकृद्बन्धकस्य** नयविशेषापेक्षया मार्गानुसरणं न दुष्टमिति उपदेशरहस्यादौ पूज्यैरेव प्रतिपादितरीत्या ज्ञायत इति बोध्यम् ।

**ચન્દ્ર૦ :** જેમ નિકાચિત શાતાવેદનીયના ઉદયવાળો અંધ માર્ગનું જ્ઞાન ન હોય તો પણ શાતાવેદોદયના લીધે માર્ગમાં ગમન કરે છે. પણ ઉન્માર્ગમાં ગમન કરતો નથી. (જો એનું ઉન્માર્ગમાં ગમન થાય, તો તો તેને સાતવેદોદય ન ઘટે. સાતોદય અંધને અશાતા ન આપે એ હકીકત છે. હવે જો તે ઉન્માર્ગમાં ગમન કરનારો બને, તો પછી તેને અશાતા થાય અને તો પછી તેને શાતોદય કહી ન શકાય. તેથી તેની માર્ગમાં જ પ્રવૃત્તિ થાય છે એમ માનવું.)

એ જ રીતે નિર્બીજ રૂપે અથવા નિર્બીજત્વની અભિમુખ રૂપે જે મોહાપકર્ષ = મોહમંદતા થયી હોય, તેનાથી ઉત્પન્ન થયેલ રાગદ્વેષની મંદતાવાળો જીવ અનાભોગવાળો મિથ્યાત્વી હોય તો ય એટલે કે સમ્યક્ માર્ગાદિના જ્ઞાનવાળો ન હોય તો પણ તે મિથ્યાત્વી પણ જિજ્ઞાસા વિગેરે ગુણોનો યોગ થયો હોવાને લીધે માર્ગને જ અનુસરે છે એમ કહેલું છે.

(મોહનો = મિથ્યાત્વમોહનીયનો અપકર્ષ બે રીતે થાય. નિર્બીજરૂપે અને નિર્બીજત્વાભિમુખરૂપે. તેમાં નિર્બીજરૂપે મોહાપકર્ષ અપુનર્બંધકને હોય. તેને ફરીથી ઉત્કૃષ્ટ મોહસ્થિતિ બંધાવાની નથી. એટલે તેને મોહોત્કર્ષનું બીજ નથી. માટે આ મોહાપકર્ષ નિર્બીજ કહેવાય.

જ્યારે અસકૃત્બંધકને એકવાર ઉત્કૃષ્ટ મોહસ્થિતિ બંધાવાની હોવાથી એનું બીજ તો પડેલું જ છે. પણ એકવાર બાંધ્યા પછી ફરી એ કદિ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાનો નથી. માટે તેનામાં બીજ પડેલું હોવા છતાં તે નિર્બીજતાને અભિમુખ છે. તેનો મોહાપકર્ષ પણ નિર્બીજતાને અભિમુખ કહેવાય.

'સકૃત્બંધક પણ નયવિશેષની અપેક્ષાએ માર્ગને અનુસરનારો છે જ' એ વાત ઉપાધ્યાયજી વડે ઉપદેશરહસ્યમાં કરાયેલા નિરૂપણો જોવાથી જણાઈ આવે છે માટે અહીં તેને લેવામાં કોઈ વાંધો જણાતો નથી.)

---

**यशो० : उक्तं - च ललितविस्तरायाम्**–'अनाभोगतोऽपि मार्गगमनमेव सदन्धन्यायेन इत्यध्यात्मचिन्तकाः'।

---

**चन्द्र० :** मन्दमिथ्यादृष्टिः अनाभोगवान्नपि मार्गमेवानुसरतीत्यर्थे शास्त्रपाठमाह – **उक्तं च** इत्यादि । **अनाभोगतोऽपि** = मार्गाज्ञानतोऽपि, मार्गज्ञानाभावेऽपीति भावः ।

**ચન્દ્ર૦ :** લલિતવિસ્તરામાં કહ્યું છે કે "(આવા મહાત્માઓને) અનાભોગ હોય તો પણ સદન્ધન્યાય પ્રમાણે માર્ગગમન જ હોય. એમ અધ્યાત્મચિન્તકો કહે છે."

---

**यशो० : इदमत्र हृदयं–यः खलु मिथ्यादृशामपि केषाञ्चित्स्वपक्षनिबद्धोद्धुरानुबन्धानामपि प्रबलमोहत्वे सत्यपि कारणान्तरादुपजायमानो रागद्वेषमन्दतालक्षण उपशमो भूयानपि दृश्यते, स पापानुबन्धिपुण्यबन्धहेतुत्वात्पर्यन्तदारुण एव, तत्फलसुखव्यामूढानां तेषां पुण्याभासकर्मोपरमे नरकादिपातावश्यंभावादित्यसत्प्रवृत्तिहेतुरेवायम्।**

---

**चन्द्र० :** महोपाध्याया निष्कर्षं प्राहुः – **इदमत्र हृदयं** इत्यादि । **मिथ्यादृशामपि** = सम्यग्दृशां तावद् उपशमो दृश्यते एव, किन्तु मिथ्यादृष्टीनामपि **केषाञ्चित्** = न तु सर्वेषाम्। **स्वपक्षे**त्यादि, स्वपक्षे **निबद्धः उद्धुरः** = उत्कृष्टः **अनुबन्धः** येषां, तेषां, स्वपक्षकदाग्रहवतामपि इति भावः। स्वपक्षकदाग्रहरहितानां तु मिथ्यादृष्टीनां उपशमो दृश्यते, किन्तु स्वपक्षकदाग्रहवतामपि स दृश्यत इ**त्यपि**शब्दार्थः। **प्रबलमोहत्वे सत्यपि** = असति प्रबलमोहे तावद् उपशमो दृश्यत एवे**त्यपि**शब्दार्थः ।

**कारणान्तरात्** = मोहापकर्षात्मकं यद् उपशमकारणं, तद्भिन्नात्कारणाल्लब्धिप्रशंसाद्याशंसादिलक्षणात् । **भूयानपि** = स्वल्पेभ्यस्तावद् दृश्यत एवे**त्यपि**शब्दार्थः ।

**सः** = प्रबलमोहयुक्त उपशमः **पापानुबन्धिपुण्यहेतुत्वात्** = प्रबलमोहस्य पापानुबन्धजनकत्वात्, उपशमस्य च पुण्यहेतुत्वात् प्रबलमोहयुक्तोपशमस्य पापानुबन्धिपुण्यहेतुत्वं युक्तमेवेति । **पर्यन्तदारुण एव** = "न तु पर्यन्ते शोभनोऽपि भवतीति" **एव**कारार्थः ।

कुतः पर्यन्तदारुण एव स उपशमः ? इत्याशङ्कायां कारणमाह - **तत्फलसुखव्यामूढानां** तस्य = पापानुबन्धिपुण्यस्य फलं **यत्सुखं** = देवादिसम्बन्धि, तस्मिन् **व्यामूढानां** = गाढासक्तानां **तेषां पुण्याभासकर्मोपरमे** = पापानुबन्धिपुण्यस्य परमार्थतः पापत्वमेवेति पापमपि पुण्यवद् आभासमानं यत् तादृशं कर्म, तन्नाशे **नरकादिपातावश्यंभावाद् इति** = एतस्मात्कारणात् पर्यन्तदारुणत्वरुपाद् **असत्प्रवृत्तिहेतुरेव अयं** = उपशम इति ।

तथा चानुमानम् - स्वपक्षकदाग्रहिणां मिथ्यात्विनामुपशमः असत्प्रवृत्तिहेतुः पर्यन्तदारुणत्वात्, यो यः पर्यन्तदारुणः, स सोऽसत्प्रवृत्तिहेतुः, यथा पर्यन्ते मरणप्रापको विषान्नभोजनाभिलाषो विषान्नभक्षणात्मकासत्प्रवृत्तिहेतुरिति ।

**ચન્દ્ર૦ :** અહીં આ સાર છે કે મિથ્યાત્વીઓને પણ, પોતાના પક્ષમાં બંધાયેલા ગાઢ અનુબંધવાળાઓને પણ કેટલાકોને પ્રબલમોહ હોવા છતાં પણ મોહમંદતા સિવાયના બાકીના કારણોને લીધે ઉત્પન્ન થતો રાગદ્વેષમંદતા રૂપ જે ઉપશમ પુષ્કળ પ્રમાણવાળો પણ દેખાય છે, તે ઉપશમ પાપાનુબંધીપુણ્યનું કારણ હોવાથી અંતમાં તો દારૂણ = ભયંકર જ છે.

તે ઉપશમ અંતમાં ભયંકર હોવાનું કારણ એ છે કે તેનાથી બંધાયેલ પાપાનુબંધીપુણ્યના ફળ રૂપે તેઓને દેવાદિસુખ મળે, તેમાં તેઓ ગાઢ આસક્ત બને અને એટલે તેઓનો એ પુણ્ય જેવો દેખાતો પાપાનુબંધીપુણ્યનો વિનાશ થાય ત્યારે અવશ્ય નરક તિર્યંચાદિમાં પાત થાય છે. એટલે આવો ફળ આપનારો તે ઉપશમ પર્યન્તદારૂણ કહેવાય.

આ ઉપશમ પર્યન્તદારૂણ છે, માટે એમ કહી શકાય કે તે અસત્પ્રવૃત્તિનો હેતુ છે. કેમકે અસત્પ્રવૃત્તિ વિના એમને એમ તો પર્યન્તમાં ભયંકર ફળો મળવાના જ નથી. (એટલે આ પ્રમાણે અનુમાન થશે કે

સ્વપક્ષમાં કદાગ્રહવાળા મિથ્યાત્વીઓનો ઉપશમ (પક્ષઃ) અસત્પ્રવૃત્તિનું કારણ છે. (સાધ્ય) અંતમાં ભયંકર હોવાથી (હેતુ) જેમ વિષમિશ્રિતભોજનની અભિલાષા (દૃષ્ટાન્ત).

આ અભિલાષા મરણરૂપી દારૂણફળ આપનારી છે પણ એ પૂર્વે વિષમિશ્રિતભોજનનું

ભક્ષણ કરવા રૂપ અસત્પ્રવૃત્તિનું કારણ બની રહે છે.

અહીં यः खलु.... એ વાક્યમાં કુલ ચાર "अपि" છે. એ બધાયનો અર્થ જોઈએ.

(૧) સામાન્યથી મિથ્યાત્વીઓને ઉપશમ ન હોઈ શકે, કેમકે એ તો સમ્યક્ત્વથી પ્રાપ્ત થનાર ગુણ છે. છતાં મિથ્યાત્વીઓમાં **પણ** ઉપશમ દેખાય છે ખરો.

(૨) સ્વપક્ષમાં કદાગ્રહીઓને ઉપશમ ન હોઈ શકે. છતાં આવા **પણ** જીવોને ઉપશમ દેખાય છે.

(૩) પ્રબલમોહની હાજરીમાં ઉપશમ ન હોઈ શકે, છતાં તેની હાજરીમાં **પણ** ઉપશમ દેખાય છે.

(૪) મિથ્યાત્વી વિગેરેને ઉપશમ હોય તો ય ઘણો વધારે ન હોય, સામાન્ય જ હોય. છતાં આ મિથ્યાત્વી વિગેરેને ઘણો બધો ઉપશમ **પણ** દેખાય છે.

તથા મિથ્યાદષ્ટિ અને સ્વપક્ષકદાગ્રહી બે જુદા જુદા નથી લેવાના. એક પ્રકારના જીવોના આ બે ય લક્ષણો ગણવાના.

પાપાનુબંધી પુણ્ય અંતે તો દુઃખ જ આપે છે, માટે તે પાપ જ કહેવાય. છતાં તે દેખાવમાં તો પુણ્ય લાગે છે માટે તે **પુણ્યાભાસકર્મ** કહ્યું છે.)

---

**यशो० : यश्च गुणवत्पुरुषप्रज्ञापनाऽर्हत्वेन जिज्ञासादिगुणयोगान्मोहापकर्ष-प्रयुक्तरागद्वेषशक्तिप्रतिघातलक्षण उपशमः, स तु सत्प्रवृत्तिहेतुरेव, आग्रहविनिवृत्तेः सदर्थपक्षपातसारत्वादिति ।।११।।**

---

**चन्द्र० :** एवं मिथ्यादृशामेकमुपशमं अशुभानुबन्धजनकमनुमत्याधुना द्वितीयमुपशमं शुभानुबन्धजनकं स्थापयितुमाहुर्महोपाध्यायाः - **यश्च** इत्यादि । **गुणवत्पुरुषप्रज्ञापनाऽर्हत्वेन** = गुणवतां पुरुषाणां प्रज्ञापनाया यो योग्यः, तत्त्वेन । एतेन तस्य स्वपक्षकदाग्रहिसम्बन्धित्वं निषेधितम् । न हि कदाग्रहिणामुपशमो गुणवत्पुरुषप्रज्ञापनार्हो भवति ।

यतः स उपशमो गुणत्वत्पुरुषप्रज्ञापनायोग्यः, तेन हेतुना **जिज्ञासादिगुणयोगात् मोहापकर्षे**त्यादि । मिथ्यात्वमोहनीयस्य योऽपकर्षः, तत्प्रयुक्तो यो रागद्वेषशक्तेः प्रतिघातः, तल्लक्षण **उपशमः** । **सत्प्रवृत्तिहेतुरेव** = न त्वसत्प्रवृत्तिहेतुरपी**त्येव**कारार्थः । तादृशोपशमस्य

सत्प्रवृत्तिहेतुत्वे कारणमाह – **आग्रहविनिवृत्तेः** = कदाग्रहपरित्यागस्य **सदर्थपक्षपातसारत्वात्** = सत्प्रवृत्त्यात्मके सदर्थे यः पक्षपातः, तत्सारत्वात् ।

अत्रानुमानानि – अयं उपशमः जिज्ञासादिगुणयोगवान् गुणवत्पुरुषप्रज्ञापनार्हत्वात् । न हि गुणवान् पुरुषा अजिज्ञासुं प्रज्ञापयतीति गुणवत्पुरुषप्रज्ञापनायोग्योऽवश्यं जिज्ञासादिगुणयोगवान् भवत्येव ।

अत्र हि जिज्ञासादिगुणयोगः कारणं, गुणवत्पुरुषप्रज्ञापनार्हत्वं च कार्यं, इति कार्येन कारणानुमानं भवति ।

**अथवा** य उपशमो गुणवत्पुरुषप्रज्ञापनार्हो भवति, स जिज्ञासादिगुणयोगवान् भवति । यतो हि गुणवत्पुरुषप्रज्ञापनार्हपुरुषं गुणवत्पुरुषः प्रज्ञापयति, ततश्च तस्मिञ्जिज्ञासादयः समुत्पद्यन्त इति । अत्र हि गुणवत्पुरुषप्रज्ञापनार्हत्वं कारणं, जिज्ञासादिगुणयोगः कार्यं । अत्र गुणगुणिनोरभेदविवक्षणाद् उपशमिनो गुणवत्पुरुषप्रज्ञापनार्हत्वे उपशमस्यापि तत्प्रतिपादितमिति ।

तथा 'अयं उपशमः मोहापकर्षप्रयुक्तः जिज्ञासादिगुणयोगात्' इत्यनुमानं दृष्टव्यम् । जिज्ञासादिगुणयोगो मोहापकर्षं विना न सम्भवतीति जिज्ञासादिगुणयोगात्मकात् कार्याद् मोहापकर्षात्मकस्य कारणस्यानुमानम् ।

**अथवा** जिज्ञासादिगुणयोगात्मकात् कारणाद् मोहापकर्षरुपं कार्यं समुत्पद्यत इति अर्थो बोध्यः ।

इत्थञ्च मोहापकर्षाज्जिज्ञासादिगुणोत्पत्तिः, ततश्च गुणवत्पुरुषप्रज्ञापनार्हत्वं इति एकः प्रकारः। गुणवत्पुरुषप्रज्ञापनार्हत्वाज्जिज्ञासादिगुणयोगः, ततश्च मोहापकर्ष इति द्वितीयो वा प्रकारो यथायोगमत्रानुयोजनीयः ।

**<u>ચન્દ્ર</u>૦** : જે ઉપશમ ગુણવાન પુરુષોની પ્રજ્ઞાપનાને યોગ્ય હોવાને લીધે જિજ્ઞાસાદિગુણોના યોગવાળો બનેલો હોય અને એટલે મોહાપકર્ષથી પ્રયુક્ત રાગદ્વેષશક્તિના પ્રતિઘાત સ્વરૂપ હોય, તે તો સત્પ્રવૃત્તિનું કારણ જ બને છે. કેમકે આગ્રહની વિનિવૃત્તિ એ સારા અર્થોમાં પક્ષપાતની પ્રધાનતાવાળી છે. અર્થાત્ મધ્યસ્થ માણસ સારા-સાચા અર્થમાં પક્ષપાતવાળો બને જ.

(અથવા જે ઉપશમ ગુણવત્પુરુષની પ્રજ્ઞાપનાને યોગ્ય હોય તે અવશ્ય જિજ્ઞાસાદિગુણોના યોગવાળો હોય જ. એના યોગથી તાદશપ્રજ્ઞાપનાર્હત્વ આવે અને

આવા ગુણોનો યોગ જેને હોય તેને મોહાપકર્ષ હોય જ. કેમકે મોહપકર્ષથી તાદૃશગુણયોગ આવે. એટલે આ ઉપશમ મોહાપકર્ષથી પ્રયુક્ત રાગદ્વેષશક્તિના પ્રતિઘાત સ્વરૂપ હોય અને તે તો સત્પ્રવૃત્તિનું હેતુ બને જ.)

## ૧૧મી ગાથા સંપૂર્ણ

## ૧૨મી ગાથા શરૂ

**यशो० : यत एव मिथ्यात्वमन्दताकृतं माध्यस्थ्यं नासत्प्रवृत्त्याधायकमत एव तदुपष्टम्भकमनाभिग्रहिकमिथ्यात्वमपि शोभनमित्याह –**

**इत्तो अणभिग्गहियं भणिअं हियकारि पुव्वसेवाए ।**

**अण्णायविसेसाणं पढमिल्लयधम्ममहिगिच्च ।।१२।।**

इतोऽनाभिग्रहिकं भणितं हितकारि पूर्वसेवायाम् ।

अज्ञातविशेषाणां प्रथमधर्ममधिकृत्य ।।१२।।

**चन्द्र० : न असत्प्रवृत्त्याधायकं** = नासत्प्रवृत्त्यनुबन्धजनकम् । **तदुपष्टम्भकं** = मिथ्यात्वमन्दताकृतमाध्यस्थ्याधारभूतं **अनाभिग्रहिकमिथ्यात्वमपि** = न केवलं मिथ्यात्वमन्दताकृतं माध्यस्थ्यमेव इत्यपिशब्दार्थः **शोभनम्** ।

**गाथार्थ :- इतोऽज्ञातविशेषाणां प्रथमधर्ममधिकृत्य पूर्वसेवायां अनाभिग्रहिकं हितकारि भणितम्** - इति गाथार्थः ।

**ચન્દ્ર૦ :** જે કારણથી મિથ્યાત્વની મંદતા વડે કરાયેલું માધ્યસ્થ્ય એ અસત્પ્રવૃત્તિને લાવનારું નથી, તે જ કારણસર તે માધ્યસ્થ્યના આધારભૂત એવું અનાભિગ્રહિક મિથ્યાત્વ પણ સારૂં છે. (આ મિથ્યાત્વમાં મિથ્યાત્વમંદતા કૃત માધ્યસ્થ્ય હોય જ છે. એટલે તે મિથ્યાત્વ પ્રકૃતમાધ્યસ્થનું ઉપષ્ટંભક = આધાર = પોષક બને છે.) આ વાત કરે છે.

**ગાથાર્થ :** આ કારણસર વિશેષ નહિ જાણનારાઓને પ્રથમ ધર્મને આશ્રયીને પૂર્વસેવામાં અનાભિગ્રહિક મિથ્યાત્વ હિતકારી કહેલું છે.

**यशो० : इत्तो त्ति । इतः=पूर्वोक्तकारणात्, अज्ञातविशेषाणां=देवगुर्वादिविशेष-**

**परिज्ञानाभाववतां, प्राथमिकं धर्ममधिकृत्य=प्रथमारब्धस्थूलधर्ममाश्रित्य, पूर्वसेवायां=योगप्रासादप्रथमभूमिकोचिताचाररूपायां अनाभिग्रहिकं=सर्वदेवगुर्वादिश्रद्धानलक्षणं मिथ्यात्वं, हितकारि भणितं,**

<u>चन्द्र०</u> : **पूर्वोक्तकारणात्** = मिथ्यात्वमन्दताकृतस्य माध्यस्थ्यस्या-सत्प्रवृत्त्यनाधाय-कत्वरूपात्। **देवगुर्वादिविशेषपरिज्ञानाभाववतां** = जिनहरिशंकरादीनां देवानां निर्ग्रन्थश्रमण-शाक्यादीनां गुरुणां यो विशेषः = सुदेवत्वकुदेवत्वादिरूपः सुगुरुत्वकुगुरुत्वादिरूपश्च, तस्य यत्परिज्ञानं "गतरागद्वेषमोह एव सुदेवः, न तु रागिणो द्वेषिणो मोहिनो वा" इत्यादिरूपं, "ब्रह्मचारिणः पञ्चमहाव्रतपालका एव गुरवः, न त्वब्रह्मचारिणो महाव्रतभञ्जकाः" इत्यादिरूपं च । "**देवगुर्वादि**" इत्यत्रादिपदाद् धर्मग्रहणम् । ततश्च धर्मस्य यो विशेषः कृपायुक्तत्व-कृपारहितत्वादिरूपः, तस्य यत्परिज्ञानं "कृपाप्रधान एव धर्मः परमार्थतो धर्मः, न तु हिंसाप्रधानः" इत्यादिरूपं, एतादृशपरिज्ञानाभाववताम् । देवगुरुधर्मान् सम्यक्प्रकारेणाजानानामिति भावः ।

**प्रथमारब्धे**त्यादि, प्रथममेव आरब्धो यः **स्थूलः** = विरतिधर्मापेक्षया स्थूलवस्तुविषयकः, अपुनर्बन्धकावस्थाभावी धर्मः, तमाश्रित्य ।

**योगप्रासादे**त्यादि, सम्यग्दर्शनज्ञानचारित्ररूपो यो योगः, तद्रूपो यः प्रासादः, तस्य या **प्रथमभूमिका**, तदुचितो यः **आचारः** = जननीजनकसेवादिः, तद्रूपायां इति ।

**सर्वदेवगुर्वादिश्रद्धानलक्षणं** = "सर्वे देवा नमस्करणीयाः, सर्वे गुरव आदरणीयाः, सर्वे धर्माः सेवनीयाः" इत्यादिरूपं यच्छ्रद्धानं, तदेव लक्षणं यस्य तत् ।

<u>ચન્દ્ર</u>૦ : પૂર્વે જે કારણ બતાવેલું કે "મિથ્યાત્વની મંદતાથી ઉત્પન્ન થયેલું માધ્યસ્થ્ય એ અસત્પ્રવૃત્તિને લાવનાર નથી પરંતુ સુંદર પ્રવૃત્તિને લાવનાર છે." એ કારણસર આ પ્રમાણે શાસ્ત્રોમાં કહેવાયેલું છે કે જેઓ દેવ, ગુરુ અને ધર્મ સંબંધમાં કોઈ વિશેષતાઓને જાણતા નથી, તેઓએ જે સૌ પ્રથમવાર સ્થૂલધર્મ શરૂ કરેલો છે, તેની અંદર તેઓને ભવિષ્યમાં પ્રાપ્ત થનાર રત્નત્રયીરૂપ (યોગરૂપ) મહેલની પ્રથમભૂમિકાને ઉચિત તેવા આચાર હોય છે, કે જેને પૂર્વસેવા કહેવાય છે. આ પૂર્વસેવામાં તમામ દેવો, તમામ ગુરુઓ, તમામ ધર્મોની શ્રદ્ધા હોય છે. આ શ્રદ્ધા એ જ અનાભિગ્રહિક મિથ્યાત્વ છે. અને આ મિથ્યાત્વ તે જીવોને હિતકારી છે.

(આમાં જિનેશ્વર, શંકર, કૃષ્ણાદિ દેવોમાં વિશેષતા એ છે કે જિનેશ્વર રાગ, દ્વેષ,

મોહરહિત છે. શંકરાદિ રાગાદિવાળા છે. આ બધી વિશેષતાનો આ પ્રમાણે બોધ આ જીવોને નથી કે "રાગાદિ રહિત હોય, તે ખરા દેવ કહેવાય, બીજા નહિ."

"એમ નિર્ગ્રન્થો બ્રહ્મચારી, મહાવ્રતપાલક છે. અન્ય સાધુઓ તેવા નથી" એ બધી ગુરુઓમાં રહેલી વિશેષતાઓ છે. પણ આ આત્માઓ આ જાણતા નથી કે "બ્રહ્મચારી, મહાવ્રતપાલક ગુરુઓ જ ખરા ગુરુ કહેવાય, બીજા નહિ."

એમ કોઈક જૈનધર્મ કરૂણાપ્રધાન છે. બીજા ધર્મો હિંસાદિની પણ અનુમતિ આપનારા છે. આ બધી ધર્મોમાં રહેલી વિશેષતાઓ છે. આ જીવો આ બધી વિશેષતાને જાણતા નથી કે "કરૂણાપ્રધાન ધર્મ આદરણીય છે, હિંસાપ્રધાન ધર્મો નહિ."

આવા કોઈપણ વિવેકજ્ઞાન વિનાના જીવો જ્યારે સૌ પ્રથમ ધર્મમાં જોડાય, ત્યારે તેઓ માતપિતાદીની સેવા વિગેરે આચરતા હોય છે. આ બધા આચારો ભવિષ્યમાં મળનારા ચારિત્રાદિને માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. એ ચારિત્રાદિ યોગો મહેલ છે, તો આ તેના પાયા છે, પ્રથમભૂમિકા છે. આ બધા આચારો પૂર્વસેવા કહેવાય છે.

આ દશામાં તેઓને બધા દેવો, બધા ગુરુઓ, બધા ધર્મો સારા લાગે. આ જ તેમનું અનાભિગ્રહિક મિથ્યાત્વ છે છતાં આ તેમને હિતકારી છે. એમ શાસ્ત્રકારો કહે છે.)

---

**<u>यशो०</u> : अनुषङ्गतः सद्विषयभक्तिहेतुत्वादविशेषश्रद्धानस्यापि दशाभेदेन गुणत्वात् ।**

---

**<u>चन्द्र०</u> : ननु** रागादियुक्ते शङ्करादौ अब्रह्मचारिणि मनुष्यादौ हिंसायुक्ते धर्मे देवत्वगुरुत्वधर्मत्वबुद्धिगर्भितमिदं मिथ्यात्वं कथं हितकारि भवितुमर्हति ? इत्याशङ्कायां कारणमाह- **अनुषङ्गतः** = गौणवृत्त्या **सद्विषयभक्तिहेतुत्वात्** = शोभने विषये या भक्तिः, तत्कारणत्वात् । अनुषङ्गतो या सद्विषयभक्तिः, तद्धेतुत्वादिति अन्वयः । "अनुषङ्गतः" पदं सद्विषयभक्तिपदेन सहान्वितमिति ।

अयं भावः - यद्यपि अस्य "वीतरागदेव एव पूजनीयः" इत्यादिविशेषरूपेण वीतरागात्मके सद्विषये भक्तिर्नास्ति । तथापि "सर्वे देवाः पूजनीयाः" इति या तस्य प्रज्ञा, तत्र सर्वदेवेषु वीतरागस्यापि अन्तर्भावात्, सामान्यरूपेण वीतरागस्यापि पूजनीयत्वं तेनाभिमतमेव । इत्थं च विशेषरूपेण सद्विषयभक्त्यभावेऽपि अनुषङ्गतः = गौणवृत्त्या = सामान्यरूपेण वीतरागादिसद्विषयभक्तिस्तस्यास्त्येव । इत्थं चानाभिग्रहिकं तादृशभक्तिकारणत्वात् तेषां हितकारि भणितमिति ।

**ननु** एवं ''वीतरागः पूजनीयः'' इति विशेषश्रद्धानाभावेऽपि ''सर्वे देवाः पूजनीयाः'' इत्यादि सामान्यश्रद्धानस्य हितकारित्वं कथं युक्तम् ? यत एतादृशं श्रद्धानं सम्यक्त्वमालिन्यकारि भणितमित्याशङ्कायामाह - **अविशेषश्रद्धानस्यापि** = ''वीतरागः पूजनीयः'' इत्यादि-विशेषश्रद्धानस्य तु गुणत्वमस्त्येव, किन्तु ''सर्वे देवाः पूजनीयाः'' इति कञ्चन देवविशेषमगृहीत्वा श्रद्धानस्यापि **इत्यपिशब्दार्थः** । **दशाभेदेन** = आदिधार्मिकदशापेक्षया **गुणत्वात्** = हितकारित्वात् । अविशेषश्रद्धानं सम्यक्त्वदशापेक्षयाऽहितकार्यपि आदिधार्मिकापेक्षया हितकार्येव । यथा हि जिनपूजा सर्वविरतिदशापेक्षयाऽहितकारिण्यपि अविरतसम्यग्दृष्टिदशापेक्षया हितकारिणी प्रसिद्धा, तथाऽत्रापि भाव्यताम् ।

**<u>चन्द्र</u>૦ : (પ્રશ્ન :** આ રીતે બધા દેવોને નમસ્કરણીય માનવા વિગેરેની બુદ્ધિને તમે હિતકારી ગણો છો. પણ આમાં તો રાગી દેવોમાં દેવત્વની, અબ્રહ્મચારીઓમાં ગુરુત્વની અને હિંસકધર્મમાં ય ધર્મત્વની બુદ્ધિ છે. આવો મિથ્યાત્વ શી રીતે હિતકારી બને ?)

**ઉત્તર :** ભઈલા ! 'अनुषङ्गतः' એટલે કે ગૌણવૃત્તિથી સારા વિષયમાં (વીતરાગદેવાદિ) જે ભક્તિ તેનું કારણ હોવાથી આ મિથ્યાત્વ પણ હિતકારી છે. (અહીં 'अनुषङ्गतः' પદનો અન્વય સદ્‌વિષયભક્તિ પદની સાથે કરવો.

ભાવાર્થ આ છે કે જો કે અનાભોગિક મિથ્યાત્વીને 'વીતરાગદેવ જ પૂજનીય છે' વિગેરે વિશેષ રૂપ વડે વીતરાગ સ્વરૂપ સદ્‌વિષયમાં ભક્તિ નથી, તો પણ 'સર્વદેવો પૂજનીય છે' આ પ્રમાણેની જે તેની પ્રજ્ઞા છે તેમાં વીતરાગદેવની પણ સર્વદેવોમાં ગણતરી થઈ જતી હોવાથી સામાન્ય રૂપે વીતરાગ પણ પૂજનીય છે એ વાત તેના વડે મનાયેલી જ છે. આ કારણસર વિશેષરૂપથી સદ્‌વિષયની ભક્તિના અભાવમાં પણ અનુષઙ્ગથી = ગૌણવૃત્તિથી = સામાન્યરૂપથી વીતરાગાદિ સદ્‌વિષયની ભક્તિ તેને છે જ અને આ કારણસર અનાભિગ્રહિક એ તેવા પ્રકારની ભક્તિનુ કારણ હોવાથી તેઓને હિતકારી કહેલું છે.)

**(પ્રશ્ન :** અરે ! આ પ્રમાણે 'વીતરાગ પૂજનીય છે' આ પ્રમાણેની વિશેષ શ્રદ્ધાના અભાવમાં 'સર્વ દેવો પૂજનીય છે' ઈત્યાદિ સામાન્ય શ્રદ્ધા કેવી રીતે હિતકારી થાય ? કારણ કે એ તો સમ્યક્ત્વને મલિન કરનારી છે. આ પ્રમાણેની શંકા થયે છતે કહે છે.)

**ઉત્તર :** જો ભાઈ ! "વીતરાગ પૂજનીય છે" એવી વિશેષ શ્રદ્ધા હિતકારી બને, એ વાત તો બરાબર જ છે. પણ "બધા દેવો પૂજનીય છે..." ઈત્યાદિ અવિશેષશ્રદ્ધા =

કોઈક દેવવિશેષને ગ્રહણ કર્યા વિનાની શ્રદ્ધા પણ દશાભેદથી = આદિ ધાર્મિકદશાની અપેક્ષાએ ગુણ છે = હિતકારી છે.

(જેમ જિનપૂજા સર્વવિરતીની અપેક્ષાએ અહિતકારી છે. સર્વવિરતિધર પૂજા કરે તો એને મોટા દોષો લાગે. પણ એ જ જિનપૂજા અવિરતસમ્યગ્દૃષ્ટિ વિગેરે દશાની અપેક્ષાએ અત્યંત હિતકારી છે. આ વાત તને ય માન્ય જ છે. તે જ રીતે અત્રે પણ સમજવું કે અવિશેષ શ્રદ્ધા ચોથા વિગેરે ગુણસ્થાનની અપેક્ષાએ અહિતકારી હોવા છતાં આદિ ધાર્મિકદશાની અપેક્ષાએ હિતકારી છે. અને માટે અનાભિગ્રહિક મિથ્યાત્વ હિતકારી કહેલ છે.)

---

**यशो० : तदुक्तं योगबिन्दौ –**

अथ देवपूजाविधिमाह –

पुष्पैश्च बलिना चैव वस्त्रैः स्तोत्रैश्च शोभनैः ।
देवानां पूजनं ज्ञेयं शौचश्रद्धासमन्वितम् ।।११६।।

**पुष्पैः**=जातिशतपत्रकादिसंभवैः, **बलिना**=पक्वान्नफलाद्युपहाररूपेण, **वस्त्रैः**=वसनैः, **स्तोत्रैश्च**=शोभनैः स्तवनैः, चशब्दौ चैवशब्दश्च समुच्चयार्थाः । **शोभनैः**=आदरोपहितत्वेन सुन्दरैः, **देवानां**=आराध्यतमानां **पूजनं ज्ञेयम्** । कीदृशम्? इत्याह–**शौचश्रद्धासमन्वितम्**, शौचेन = शरीरवस्त्रद्रव्यव्यवहारशुद्धिरूपेण, श्रद्धया च=बहुमानेन, समन्वितं=युक्तमिति ।।११६।।

अविशेषेण सर्वेषामधिमुक्तिवशेन वा ।
गृहिणां माननीया यत्सर्वे देवा महात्मनाम् ।।११७।।

अविशेषेण=साधारणवृत्त्या सर्वेषां=पारगत-सुगत-हर-हरि-हिरण्यगर्भादीनां, पक्षान्तरमाह- अधिमुक्तिवशेन वा=अथवा यस्य यत्र देवतायामतिशयेन श्रद्धा तद्वशेन, कुतः? इत्याह– गृहिणां= अद्यापि कुतोऽपि मतिमोहादनिर्णीतदेवताविशेषाणां, माननीयाः=गौरवार्हाः, यद्=यस्मात् सर्वे देवा उक्तरूपाः, महात्मनां=परलोकप्रधानतया प्रशस्तात्मनामिति ।।११७।।

---

**चन्द्र०** : अविशेषश्रद्धानस्यापि हितकारित्वज्ञापकं शास्त्रपाठमाह - **तदुक्तं** इत्यादि । योगबिन्दुप्रथमगाथार्थष्टीकार्थश्च सुगमः । नवरम् जातिशतपत्रकादिषु सम्भवो येषां तानि, तैः । **आदरोपहितत्त्वेन** = आदरयुक्तत्वेन । **शरीरवस्त्रे**त्यादि, शरीरं च वस्त्रं च द्रव्यं च व्यवहारश्चेति द्वन्द्वः । तेषां या शुद्धिः, तद्रूपेण ।

द्वितीयगाथान्वयार्थस्त्वेवम् - सर्वेषामविशेषेण अधिमुक्तिवशेन वा ("पूजनं ज्ञेयं" इति पूर्वतनगाथावर्तिशब्दोऽपि योज्यः ।) यद् महात्मनां गृहिणां सर्वे देवा माननीयाः ।

तट्टीकासंक्षेपार्थस्त्वयम् - **पक्षान्तरं** = अन्यं विकल्पम् । **अद्यापि** = अधुनाऽपि **कुतोऽपि** = कस्मादपि । **अनिर्णीतदेवताविशेषाणां** = "वीतराग एव देवः" इत्यादिरूपेण न निर्णीतो देवताविशेषो यैस्ते, तेषाम् । **परलोकप्रधानतया प्रशस्तात्मनां** = यतस्ते परलोकप्रधानाः, ततस्ते प्रशस्तात्मान इति, तेषाम् ।

**ચન્દ્ર૦** : "અવિશેષ શ્રદ્ધાન પણ દશાભેદથી હિતકારી છે" એ વાત યોગબિન્દુમાં કરેલી છે. તે પાઠ આ પ્રમાણે છે કે - હવે દેવપૂજાની વિધિને કહે છે (૧) પુષ્પો વડે, બલિ વડે, વસ્ત્રો વડે, સુંદર સ્તોત્ર વડે શૌચ અને શ્રદ્ધાથી યુક્ત એવું દેવોનું પૂજન જાણવું. (સુંદર શબ્દ પુષ્પ વિગેરે બધા સાથે પણ જોડી શકાય.) -

**ટીકાનો અર્થ :** ભાઈ, શતપત્ર = કમળ વિગેરે પુષ્પો વડે, પક્વાન્ન + ફળ વિગેરે ઉપહાર રૂપ બલિ વડે, વસ્ત્રો અને સુંદર સ્તવનો વડે દેવોનું = સૌથી ઉત્કૃષ્ટ આરાધ્યતમોનું પૂજન જાણવું. અહીં સ્તવનો આદરથી યુક્ત હોવાના લીધે સુંદર કહેવાય. તથા ગાથામાં જે બે ચ અને ચૈવ એક આવેલો છે, તે સમુચ્ચય અર્થમાં છે.

આ પૂજન શૌચ અને શ્રદ્ધાથી યુક્ત હોવું જોઈએ. એમાં શરીરની, વસ્ત્રની, દ્રવ્ય = ચંદન-જલાદિ સામગ્રીની અને વ્યવહાર = એ પૂજા સંબંધી ક્રિયાઓની અથવા તે પૂજામાં જરૂરી ધનને પ્રાપ્ત કરાવનાર ધંધાની આચારની શુદ્ધિ એ શૌચ કહેવાય. અને બહુમાન એ શ્રદ્ધા શબ્દથી લેવું આ બેથી યુક્ત પૂજન જાણવું.

**શ્લોકાર્થ :** (આ પૂજન દેવોનું કરવું. પણ કયાં દેવોનું ? તે કહે છે) સામાન્યથી બધા દેવોનું કરવું અથવા દેવવિશેષમાં રાગને અનુસારે પૂજન કરવું. કેમકે મહાત્મા એવા ગૃહસ્થોને તમામ દેવો માનનીય છે.

**ટીકાર્થ :** સાધારણવૃત્તિથી = સામાન્યથી = વિશેષ દેવને નજર સામે લાવ્યા વિના

પારગત, સુગત, હરિ, હિરણ્યગર્ભા તમામ દેવોનું પૂજન જાણવું.

આમાં બીજો વિકલ્પ બતાવે છે કે અથવા તો જે આત્માને પારગતાદિ જે કોઈ દેવતાને વિશે અતિશય શ્રદ્ધા હોય, તે દેવતાને વશ થઈને એટલે કે તે દેવને મુખ્ય બનાવીને ઉપર બતાવેલ પૂજન જાણવું.

(**પ્રશ્ન** : બધા દેવોનું પૂજન શા માટે ?)

**ઉત્તર** : કેમકે જેઓએ હજી સુધી મતિના મોહથી એવો નિર્ણય પ્રાપ્ત નથી કર્યો કે, "આ જ દેવ સાચા દેવ છે. બાકીના દેવ રાગાદિદોષવાળા હોવાથી સાચા દેવ ન ગણાય" અને જેઓ વળી પરલોકને માનનારા, પરલોક સુધારવાની ઈચ્છાવાળા અને માટે પરલોક પ્રધાન છે. (અથવા જેઓનો પરલોક પ્રધાન = સારો, સુંદર, સદ્ગતિ રૂપ છે.) અને એટલે જ જેમનો આત્મા પ્રશંસનીય છે, તેઓને બધા દેવો માનનીય હોય. આ કારણસર અમે સામાન્યથી સર્વદેવોના પૂજનની વાત કરી છે.

---

**यशो०** : एतदपि कथम्? इत्याह –

सर्वान्देवान्नमस्यन्ति नैकं देवं समाश्रिताः ।
जितेन्द्रिया जितक्रोधा दुर्गाण्यतितरन्ति ते ।।११८।।

सर्वान् देवान् नमस्यन्ति=नमस्कुर्वते, व्यतिरेकमाह–नैकं=कंचन देवं समाश्रिताः=प्रतिपन्ना वर्त्तन्ते, येन ते जितेन्द्रियाः=निगृहीतहृषीकाः जितक्रोधाः=अभिभूतकोपाः, दुर्गाणि=नरकपातादीनि व्यसनानि, अतितरन्ति= व्यतिक्रामन्ति, ते=सर्वदेवनमस्कर्त्तारः ।।११८।।

---

**चन्द्र० : एतदपि** = "अनिर्णीतदेवताविशेषाणां परलोकप्रधानतया प्रशस्तात्मनां सर्वे देवा माननीयाः" इत्येतदपि कथम् ?, "सर्वेषां देवानां पूजनं ज्ञेयम्" इति यदा ग्रन्थकारेणोक्तं तदा "कथं भवति ?" इति तु पूर्वपक्षेण पृष्टमेव, किन्तु तदा ग्रन्थकारेण दत्ते उत्तरे पुनरपि पूर्वपक्षः प्रश्नयति - एतदपि कथम् ? **इत्यपिशब्दार्थः** । **कथं** = केन प्रकारेण ।

योगबिन्दुतृतीयगाथार्थः सुगमः । तट्टीकालेशार्थस्त्वयम् - **व्यतिरेकं** = सर्वदेवनमस्करणाद् भिन्नवस्तु, **येन** = यस्मात्कारणात् । **हृषीकं** = इन्द्रियम् ।

यस्मात्कारणात् सर्वदेवनमस्कर्तारो नरकपातादीनि अतितरन्ति, तस्मात्कारणात् परलोकप्रधाना

जीवाः परलोकसाधनार्थं सर्वदेवान् नमस्यन्तीति भावः ।

दशाविशेषे सर्वदेवनमस्कारो दुर्गतिनिवारणकारणमिति दुर्गतिनिवारणसुगतिसाधनार्थिनो महात्मानो जीवाः सर्वदेवनमस्कारं कुर्वन्त्येव । तस्माद्युक्तमुक्तं महात्मनां अनिर्णीतविशेषाणां सर्वे देवा माननीया भवन्तीति ।

**ચન્દ્ર૦ : (પ્રશ્ન :** દેવતાવિશેષના અજ્ઞાનવાળા મહાત્માઓને સર્વદેવો નમસ્કાર કરવા યોગ્ય, માનનીય છે ? એ વાત પણ શી રીતે ઘટે ? "સર્વ દેવોની પૂજના જાણવા યોગ્ય છે" એવું ગ્રન્થકારે કહ્યું ત્યારે "કુતઃ" કરીને પૂર્વપક્ષે પ્રશ્ન કરેલો "આવું કેમ ?" એનો ઉત્તર હરિભદ્રસૂરિજીએ આપેલો કે કેમકે "ગૃહી-મહાત્માઓને બધા દેવો માનનીય હોય છે, તે કારણથી બધા દેવોનું પૂજન કરવું." એટલે પૂર્વપક્ષ પાછો પ્રશ્ન કરે છે કે આ પણ કેવી રીતે કે "ગૃહી-મહાત્માઓને બધા દેવ માનનીય છે ?" આ રીતે **अपि** શબ્દનો અર્થ સમજવો.)

**ઉત્તર :** એક જ દેવને આશ્રયીને નહિ રહેલા તેઓ સર્વદેવોને નમસ્કાર કરે, કેમકે સર્વદેવનમસ્કાર કર્તાઓ જિતેન્દ્રિય અને જિતક્રોધ છતાં દુર્ગતિઓને ઉલ્લંઘી જાય છે.

**ટીકાર્થ :** આ દેવતાવિશેષના નિર્ણય વિનાના પરલોકપ્રધાન આત્માઓ સર્વદેવોને નમસ્કાર કરે. પરંતુ કોઈ એક દેવને સ્વીકાર કરીને રહેલા ન હોય. કેમકે સર્વદેવોને નમસ્કાર કરનારાઓ ઇન્દ્રિયોનો નિગ્રહ કરનારા, ક્રોધનો પરાજય કરનારા બનેલા છતાં નરકમાં પતન વિગેરે આપત્તિઓને ઓળંગી જાય છે.

(સર્વદેવોને નમસ્કાર કરવાથી ઈન્દ્રિયનિગ્રહ, ક્રોધ વિજય થાય. તેનાથી દુર્ગતિઓ અટકે અને માટે જ પરલોક સુધારવાની ઈચ્છાવાળા આદિધાર્મિકજીવો સર્વદેવોને નમસ્કાર કરનારા બને. આ ઉપરથી કહી શકાય કે તેઓને બધા જ દેવો માનનીય છે. અને એટલે તેઓને તમામ દેવોનું પૂજન જણાવાયું છે. આમ આખો અન્વય કરવો.

જો નિરૂપણના ક્રમ પ્રમાણે જોઈએ તો (૧) તમામ દેવોનું પૂજન જાણવું એ પ્રથમ કહ્યું. **પ્રશ્ન** થયો કે બધા દેવોનું પૂજન કેમ ? (कुतः) એનો **ઉત્તર** આપ્યો કે (૨) દેવતાવિશેષના નિર્ણય વિનાનાઓને તમામ દેવો માનનીય છે. માટે તમામ દેવોના પૂજનની વાત કરી છે. પાછો **પ્રશ્ન** થયો કે પણ આ ય શી રીતે ? વિવક્ષિતજીવોને સર્વ દેવો માનનીય છે ? એટલે **ઉત્તર** આપ્યો કે (૩) તેઓ બધા દેવોને એટલા માટે નમસ્કાર કરે છે કે એનાથી તેઓ ઈન્દ્રિય ક્રોધાદિને જીતીને દુર્ગત્યાદિને તરે છે અને પરલોકપ્રધાન

તેઓને દુર્ગત્યાદિનિવારણ ખૂબ જ ઈષ્ટ છે.)

**यशो० :** ननु नैव ते लोके व्यवह्रियमाणाः सर्वेऽपि देवा मुक्तिपथप्रस्थितानामनुकूलाचरणा भवन्तीति कथमविशेषेण नमस्करणीयाः ? इत्याशङ्क्याह–

चारिसञ्जीवनीचारन्याय एष सतां मतः ।
नान्यथाऽत्रेष्टसिद्धिः स्याद्विशेषेणादिकर्मणाम् ।।११९।।

चारेः=प्रतीतरूपाया मध्ये सञ्जीवनी=औषधिविशेषश्चारिसञ्जीवनी, तस्याश्चारः=चरणं, स एव न्यायः=दृष्टान्तश्चारिसञ्जीवनीचारन्यायः, एषोऽविशेषेण देवतानमस्करणीयतोपदेशः, सतां=शिष्टानां मतः=अभिप्रेतः ।

**चन्द्र० :** पूर्वपक्षो हरिभद्रसूरिं प्रति प्रश्नं करोति - **ननु** इत्यादि । **सर्वेऽपि** = केचित्तावद् मुक्तिपथप्रस्थितानां अनुकूलाचरणा भवन्त्यपि इति "**अपि**"शब्दार्थः । **अनुकूलाचरणाः** = मुक्तिप्राप्तौ साहाय्यकारिण इति । **इति** = यतः सर्वेऽपि मुक्तिप्राप्तौ न साहाय्यकारिणः, किन्तु केचिदेव, ततश्च कथं **अविशेषेण** = मुक्तिप्राप्तिसाहाय्यकारिणं देवताविशेषमपुरस्कृत्य, सामान्यतः सर्वेऽपि नमस्कारणीयाः ? मुक्तिपथप्रस्थितानां आत्मनां मुक्तिप्राप्तिसहाय्यकारीणि एव नमस्कर्त्तव्याः, नान्य इति पूर्वपक्षाभिप्रायः । **आह** = समाधानं कथयति ।

योगबिन्दुचतुर्थगाथान्वयार्थस्त्वेवम् - एष सतां चारिसञ्जीवनीचारन्यायो मतः । अन्यथा अत्र इष्टसिद्धिर्न स्यात्, आदिकर्मणां विशेषेण इति । तट्टीकार्थस्तु सुगमः ।

**ચન્દ્ર૦ : પૂર્વપક્ષ :** લોકમાં જેઓ "દેવ" તરીકે ઓળખાય છે, વ્યવહાર કરાય છે તે બધાય દેવો મોક્ષમાર્ગમાં પ્રયાન કરનારાઓને અનુકૂલ આચરણવાળા નથી. પરંતુ કેટલાક જ દેવો મોક્ષમાર્ગના મુસાફરોને મોક્ષપ્રાપ્તિમાં સહાયક બનનારા છે, તો પછી મોક્ષના મુસાફરોને આ સહાય ન કરનારા દેવો શી રીતે નમસ્કરણીય બને ? આ અમારી શંકા છે.

**હરિભદ્રસૂરિજી : ગાથાર્થ :** સજ્જનો વડે આ ચારિસંજીવનીચાર ન્યાય મનાયેલો છે. આના વિના અહીં ઈષ્ટસિદ્ધિ નથી. આદિધાર્મિકોને વિશેષથી આના વિના ઈષ્ટ સિદ્ધિ નથી.

**ટીકાર્થ :** "અવિશેષથી = સામાન્યથી તમામ દેવોની નમસ્કારણીયતા છે" એવો

ઉપદેશ સજ્જનોને ચારિમાં રહેલ સંજીવની ઔષધના ચરવારૂપ દૃષ્ટાન્ત તરીકે માન્ય છે, ઈષ્ટ છે.

---

**यशो०** : भावार्थस्तु कथागम्यः, सा चेयमभिधीयते । अस्ति स्वस्तिमती नाम नगरी नागराकुला ।।

तस्यामासीत्सुता काचिद् ब्राह्मणस्य तथा सखी । तस्या एव परं पात्रं सदा प्रेम्णो गतावधेः ।।

तयोर्विवाहवशतो भिन्नस्थाननिवासिता । जज्ञेऽन्यदा द्विजसुता जाता (स्थिता) चिन्तापरायणा ।।

कथमास्ते सखीत्येवं ततः प्राघूर्णिका गता । दृष्टा विषादजलधौ निमग्ना सा तया ततः ।।

पप्रच्छ किं त्वमत्यन्तविच्छायवदना सखि! । तयोचे पापसद्माऽहं पत्युर्दुर्भगतां गता ।।

मा विषीद विषादोऽयं निर्विशेषो विषात्सखि! । करोम्यनड्वाहमहं पतिं ते मूलिकाबलात् ।।

तस्याः सा मूलिकां दत्त्वा संनिवेशं निजं ययौ । अप्रीतमानसा तस्य प्रायच्छत्तामसौ ततः ।।

अभूद्गौरुद्धुरस्कन्धो झगित्येव च सा हृदि । विद्राणाथ(णैष) कथं सर्वकार्याणामक्षमोऽभवत् ।।

गोयूथान्तर्गतो नित्यं बहिश्चारयितुं सकः । तयाऽऽरब्धो वटस्याधः सोऽन्यदा विश्रमं गतः ।।

तच्छाखायां नभश्चारिमिथुनस्य कथंचन । विश्रान्तस्य मिथो जल्पप्रक्रमे रमणोऽब्रवीत् ।।

नात्रैष गौः स्वभावेन किन्तु वैगुण्यतोऽजनि । पत्नी प्रतिबभाषे सा पुनर्नाऽसौ कथं भवेत् ।।

मूल्यन्तरोपयोगेन क्वास्ते? साऽस्य तरोरधः । श्रुत्वैतत्सा पशोः पत्नी पश्चात्तापितमानसा ।।

अभेदज्ञा ततश्चारिं सर्वां चारयितुं तकम् । प्रवृत्ता मूलिकाऽऽभोगात्सद्योऽसौ पुरुषोऽभवत् ।।

अजानाना यथा भेदं मूलिकायास्तया पशुः । चारितः सर्वतश्चारिं पुनर्नृत्वोपलब्धये ।।

तथा धर्मगुरुः शिष्यं पशुप्रायं विशेषतः । प्रवृत्तावक्षमं ज्ञात्वा देवपूजादिके विधौ ।।

सामान्यदेवपूजादौ प्रवृत्तिं कारयन्नपि । विशिष्टसाध्यसिद्ध्यर्थं न स्याद्दोषी मनागपि ।। इति ।

**चन्द्र० : भावार्थस्तु** = चारिसञ्जीवनीचारन्यायतात्पर्यार्थस्तु **कथागम्यः** = कथया सुज्ञेयः । शेषं कथानकान्तं यावत्सुगमम् । नवरं बालबोधार्थं सान्वया सा उच्यते । नागरैराकुला स्वस्तिमती नाम नगरी अस्ति । तस्यां काचिद् ब्राह्मणस्य सुता आसीत् । तथा तस्या एव गतावधेः प्रेम्णोः सदा परं पात्रं (तस्याः) सखी आसीत् । तयोर्विवाहवशतो भिन्नस्थाननिवासिता जज्ञे । अन्यदा द्विजसुता ("सखी कथमास्ते") इत्येवं चिन्तापरायणा जाता । प्राघूर्णिका गता । तया ततो विषादजलधौ निमग्ना सा दृष्टा । पप्रच्छ सखि ! त्वं किमत्यन्तविच्छायवदना ? तया उचे, पापसद्माऽहं पत्युर्दुर्भगतां गता । (सा द्विजसुता आह) "सखि ! मा विषीद । अयं विषादो विषान्निर्विशेषः । अहं ते पतिं मूलिकाबलादनड्वाहं करोमि" ।

सा तस्या मूलिकां दत्वा निजं संनिवेशं ययौ । ततोऽप्रीतमानसा असौ तस्य तां प्रायच्छत् । झगित्येव च उद्धुरस्कन्धो गौरभूद् । सा हृदि विद्राणा, एष कथं सर्वकायाणां अक्षमोऽभवत् । तया गोयूथान्तर्गतः सकः (सः) नित्यं बहिश्चारयितुं आरब्धः । अन्यदा सो वटस्याधो विश्रमं गतः । तच्छाखायां कथंचन विश्रान्तस्य नभश्चारिमिथुनस्य मिथो जल्पप्रक्रमे रमणोऽब्रवीत् "अत्र एष गौः स्वभावेन न, किन्तु वैगुण्यतोऽजनि" । सा पत्नी प्रतिबभाषे "असौ पुनः कथं ना (= नरः) भवेत् ?" (रमणः प्राह) मूल्यन्तरोपयोगेन । (पत्नी प्राह) क्वास्ते ? (रमणः प्राह) साऽस्य तरोरधः । तत एतत्श्रुत्वा सा पश्चात्तापितमानसा पशोः पत्नी अभेदज्ञा (सती) सकं (= तं) सर्वां चारिं चारयितुं प्रवृत्ता, मूलिकाभोगाद् असौ सद्यः पुरुषोऽभवत् ।

यथा मूलिकाभेदं अजानन्त्या तया पशुः पुनर्नृत्वोपलब्धये सर्वतश्चारिं चारितः । तथा धर्मगुरुः शिष्यं पशुप्रायं विशेषतो देवपूजादिके विधौ प्रवृत्तौ अक्षमं ज्ञात्वा विशिष्टसाध्यसिद्ध्यर्थं सामान्यदेवपूजादौ प्रवृत्तिं कारयन्नपि न मनागपि दोषभाक् ।

**ચન્દ્ર૦ :** ચારિસંજીવનીચાર દૃષ્ટાન્તનો ભાવાર્થ કથાનકથી જાણી શકાય તેવો છે. અને તે આ (કથા) કહેવાય છે. નાગરિકોથી વ્યાપ્ત એવી સ્વસ્તિમતી નામની નગરી છે. તેમાં કોઈક બ્રાહ્મણની પુત્રી હતી. તથા તે બ્રાહ્મણપુત્રીના મર્યાદાવિનાના પ્રેમનું ઉત્કૃષ્ટપાત્ર તે બ્રાહ્મણપુત્રીની બહેનપણી (તે નારીમાં) હતી. લગ્નના કારણે તે બે જણ નો જુદા સ્થાનોમાં રહેવાસ થયો. એકવાર બ્રાહ્મણપુત્રી "સખી કેવી રીતે રહેતી હશે ?" એ પ્રમાણે ચિંતા કરવામાં પરાયણ થઈ. તેથી તે સખીને ત્યાં મહેમાન તરીકે ગઈ. ત્યારબાદ તેણી વડે તે સખી વિષાદ = ખેદ રૂપી સમુદ્રમાં ડુબેલી દેખાઈ. બ્રાહ્મણપુત્રીએ પુછ્યું કે "સખી ! તું આમ અત્યંત શોભા વિનાના મુખવાળી કેમ છે ?" તેણી વડે કહેવાયુ કે "પાપનું ઘર એવી હું પતિની દુર્ભગતાને પામી છું (પતિને અપ્રિય બની છું.)"

બ્રાહ્મણપુત્રીએ કહ્યું કે "તું ખેદ ન કર. કેમકે સખી ! આ ખેદ તો ઝેર કરતા જરાય ઓછો નથી. હું મૂલિકાના બળથી તારા પતિને બળદ કરૂં છું."

બ્રાહ્મણપુત્રી તેણીને મૂલિકા આપીને પોતાના રહેઠાણે ગઈ. ત્યારબાદ દુઃખી મનવાળી તે સખીએ તે મૂલિકા પતિને આપી. ઝડપથી તે પતિ ઉંચા સ્કંધવાળો બળદ બન્યો. હવે તે હૃદયમાં દુઃખી થઈ. "અરેરે ! આ તો કેવી રીતે સર્વકાર્યોમાં અક્ષમ બની ગયો ?" તેણી વડે ગાયોના ટોળામાં રહેલો તે બળદ બહાર ચરાવવા લઈ જવાને પ્રારંભ કરાયો. એકવાર તે વટવૃક્ષની નીચે આરામ લેતો હતો. તે વટની ડાળી ઉપર કોઈક કારણે આરામ કરી રહેલ વિદ્યાધર-વિદ્યાધરીની પરસ્પર વાતચીતની શરૂઆતમાં પતિ બોલ્યો કે "અહીં આ બળદ સ્વાભાવિક નથી. પણ વિગુણતાથી = પ્રયોગથી = કૃત્રિમ રીતે બળદ થયો છે." તે પત્ની બોલી. "આ ફરી નર કેવી રીતે થાય ? (નૃ શબ્દ નું પ્રથમા એકવચન "ના")" પતિ કહે "બીજી મૂળીના પ્રયોગથી," પત્ની કહે "એ બીજી મૂળી ક્યાં છે ?" પતિ કહે "આ વૃક્ષની નીચે છે."

પશ્ચાત્તાપવાળા થયેલા મનવાળી તે પશુની પત્ની આ સાંભળીને ત્યારબાદ ચારિના ભેદને નહિ જાણતી છતી તે બળદને બધી ચારી ચરાવવા માટે પ્રવૃત્ત થઈ. મૂલિકાના ભોગથી આ બળદ ઝડપથી પુરુષ થયો.

જેમ મૂલિકાના ભેદને નહિ જાણતી તેણી વડે તે પશુ ફરીથી મનુષ્યત્વની પ્રાપ્તિ કરે તે માટે બધી જ ચારિ ચરાવાયો. તેમ ધર્મગુરુ શિષ્યને પશુ જેવો (માટે જ) વિશિષ્ટસાધ્યની સિદ્ધિ માટે સામાન્યદેવપૂજાદિમાં તેને પ્રવૃત્તિ કરાવે તો પણ લેશ પણ દોષી નથી.

---

**यशो०** : विपक्षे बाधमाह - न=नैव, अन्यथा=चारिसञ्जीवनीचारन्यायमन्तरेण, अत्र=देवपूजनादौ प्रस्तुते, इष्टसिद्धिः = विशिष्टमार्गावताररूपा स्याद्=भवेत् । अयं चोपदेशो यथा येषां दातव्यस्तदाह-विशेषेण=सम्यग्दृष्ट्याद्युचितदेशनापरिहाररूपेण, आदि-कर्मणां=प्रथममेवारब्धस्थूलधर्माचाराणाम् । ते ह्यत्यन्तमुग्धतया कंचन देवताविशेषमजानाना न विशेषप्रवृत्तेरद्यापि योग्याः, किन्तु सामान्यरूपाया एवेति ।।११९।।

---

**चन्द्र० : विपक्षे** = चारिसञ्जीवनीचारन्यायानभ्युपगमे **बाधां** = आपत्तिम् । **अन्यथा** इत्यादि, स्पष्टम् । भावार्थस्तु सर्वदेवपूजनादौ विशिष्टमार्गावताररूपा इष्टसिद्धिर्भवति । किन्तु यदि चारिसञ्जीवनीचारनिषेधः क्रियते, तर्हि तेषां सर्वदेवपूजनादिनिषेधोऽपि कर्त्तव्यः स्यात् ।

ततश्च सर्वदेवपूजनादि विना प्रथमत एव वीतरागमात्रपूजनादिरूपो विशिष्टमार्गो न सिद्ध्यते। एवं च तेषां विशिष्टमार्गावतारो न भवेत् । तस्मादवश्यमयं न्यायोऽभ्युपगन्तव्य इति।

**अयं च उपदेशः** = सर्वदेवपूजनादिकरणविषयकः **यथा** = येन प्रकारेण **येषां** = श्रोतृणाम् । **सम्यग्दृष्ट्यादी**त्यादि । आदिकर्मणां अवश्यं सम्यग्दृष्ट्याद्युचितदेशनायाः "वीतराग एव नमस्कर्त्तव्यः" इत्यादि रूपायाः परिहारं कृत्वा "सर्वे देवा नमस्कर्त्तव्याः" इत्यादिरूप उपदेशो दातव्यः ।

**ननु** कथं तेषामीदृशेन प्रकारेणोपदेशदानं कर्त्तव्यम् ? इत्याशङ्कायामाह - **ते हि** = आदिधार्मिका हि **अत्यन्तमुग्धतया** = आदिधार्मिकत्वेन प्रभूताज्ञानवत्त्वात् **कञ्चन देवताविशेषं** = वीतरागादिरूपं व्यक्तिविशेषं देवं **अजानानां न विशेषप्रवृत्तेः** = वीतरागमात्र-पूजनादिकरणरूपायाः **अद्यापि** = अधुनाऽपि **योग्याः** । **किन्तु सामान्यरूपायाः** = सर्वदेवनमस्कारादिरूपाया एव ।

<u>**ચન્દ્ર૦**</u> **:** જો તમે ચારિસંજીવનીચારન્યાયનો સ્વીકાર નહિ કરો અને એકાંતે પહેલેથી વીતરાગાદિ દેવની જ પૂજાદિનો આગ્રહ રાખશો તો મોટી આપત્તિ આવશે. તે એ કે હવે જીવોનું સર્વદેવપૂજનાદિને વિશે જે વિશિષ્ટમાર્ગમાં અવતરણ થતું હતું તે બંધ પડી જશે.

(આશય એ છે કે તદ્દન નવા જીવોને પહેલેથી જ વીતરાગાદિ દેવના કટ્ટર ભક્ત બનાવવા શક્ય નથી. કેમકે તેઓ અમુક અમુક દેવને માનતા હોય...વિગેરે ઘણા પ્રતિબંધકો છે. એટલે પહેલા તો એમને સર્વદેવોની પૂજા કરવાની વાત કરાય. આ રીતે તેઓ વીતરાગાદિની પૂજા કરતા થઈ જાય અને એમ ધીમે ધીમે "વીતરાગ સાચા દેવ છે" ઈત્યાદિ ખ્યાલ આવી જતા પછી એના જ સાચા ભક્ત, સમ્યક્ત્વી બને. આ જ તેઓનો વિશિષ્ટ માર્ગમાં અવતાર કહેવાય.

પણ તમે તો ચારિસંજીવની ન્યાય માનવા તૈયાર નથી. પહેલેથી જ વીતરાગાદિ સાચા દેવની પૂજનાદિ કરાવવાની વાત કરો છો. પણ એ આદિધાર્મિકો માટે શક્ય બને એમ નથી. અને સર્વદેવપૂજનાદિ તો તમે કરાવવાની ના જ પાડો છો એટલે એના દ્વારા જે વિશિષ્ટ માર્ગમાં અવતાર થતો હતો, તે પણ બંધ પડી જાય છે. આમ આ ન્યાયનો સ્વીકાર ન કરવામાં ઈષ્ટસિદ્ધિ ન થવાની આપત્તિ સ્પષ્ટ જ છે. માટે આ ન્યાય સ્વીકારવો જ જોઈએ.)

આ સર્વદેવોને પૂજવાદિનો ઉપદેશ આદિધાર્મિકજીવોને વિશેષથી આપવો જોઈએ.

"વિશેષથી આપવો જોઈએ" એનો અર્થ એ કે સમ્યગ્દૃષ્ટિ વિગેરેને ઉચિત જે દેશના છે કે "વીતરાગ સિવાય બીજાને વંદનાદિ ન કરવા..." એ દેશનાનો ત્યાગ કરવાપૂર્વક આ દેશના આપવાની છે.

(ટૂંકમાં સમ્યગ્દષ્ટિને જે રીતે સમ્યક્ત્વાદિની ઉત્કૃષ્ટ દેશના આપીએ એ રીતની દેશના આ જીવોને બિલકુલ ન આપવી.)

(ભઈલા ! શા માટે તેઓને આવા પ્રકારનો જ ઉપદેશ કરવા યોગ્ય છે ?)

આવો જ એમને ઉપદેશ આપવાનું કારણ એ છે કે તેઓ આદિધાર્મિક છે, અત્યંતમુગ્ધ છે. અને માટે જ "વીતરાગ એ જ સાચા દેવ..." ઈત્યાદિ કોઈક દેવતાવિશેષને જાણતા નથી અને માટે "વીતરાગની જ પૂજા..." એ વિગેરે વિશેષપ્રવૃત્તિને માટે હજી પણ અયોગ્ય છે. પરંતુ તેઓ સર્વ દેવોની પૂજાદિ રૂપ સામાન્યપ્રવૃત્તિને જ યોગ્ય છે.

(આ જ વાત ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વમાં સમજવી. જે સૌ પ્રથમવાર ધર્મમાં જોડાયા હોય, તેઓને "બધા ગુરુઓને વંદન કરવા..." ઈત્યાદિ વાત જ કરાય. પહેલેથી જો કુગુરુ-સુગુરુના ભેદો પાડવામાં આવે, તો મુશ્કેલી ઉભી થયા વિના ન રહે. હા ! એ આદિધાર્મિક જો અજૈન હોય તો સંન્યાસી વિગેરે બધાને વંદનીય બતાવવા. જો જૈન હોય તો સામાન્યથી તમામ જૈન સાધુઓને વંદનીય બનાવવા...ઈત્યાદિ ઘણી બાબતો છે, જે વિસ્તાર થઈ જવાના ભયથી અત્રે લખતો નથી.)

---

**यशो०** : तर्हि कदा विशेषे प्रवृत्तिरनुमन्यते? इत्याशङ्क्याह –

गुणाधिक्यपरिज्ञानाद्विशेषेऽप्येतदिष्यते । अद्वेषेण तदन्येषां वृत्ताधिक्ये तथात्मनः ।।१२०।।

गुणाधिक्यपरिज्ञानात्=देवतान्तरेभ्यो गुणवृद्धेरवगमात्, विशेषेऽप्यर्हदादौ किं पुनः सामान्येन? एतत्पूजनमिष्यते । कथम्? इत्याह – अद्वेषेण=अमत्सरेण, तदन्येषां=पूज्यमानदेवताव्यतिरिक्तानां देवतान्तराणां, वृत्ताधिक्ये=आचाराधिक्ये सति, तथा इति विशेषणसमुच्चये, आत्मनः=स्वस्य, देवतान्तराणि प्रतीत्येति ।।१२०।।

---

**चन्द्र०** : पूर्वपक्षः समाधानं श्रुत्वा पुनः प्रश्नं करोति – **तर्हि** = यदि आदिधर्मिके विशेषप्रवृत्तिर्नेष्यते, तदा **कदा** = कस्मिन्काले **विशेषे** = वीतरागादौ **प्रवृत्तिः** = पूजनादिरूपा **अनुमन्यते** = गुरुणा उपदेशदानादिना ।

योगबिन्दुगाथासंक्षेपार्थस्त्वयम् - गुणाधिक्यपरिज्ञानाद् विशेषेऽपि एतत् तदन्येषां अद्वेषेण तथात्मनो वृत्ताधिक्य (सति) इष्यत इति ।

तट्टीकार्थस्तु **देवतान्तरेभ्यः** = वीतरागदेवताया अन्या या हरिहरादयो देवताः, तानि देवतान्तराणि, तेभ्यो वीतरागस्य **गुणवृद्धेः अवगमात्** = बोधात् । **तथा इति विशेषणसमुच्चये** = "तथात्मनः" इत्यत्र विद्यमानं तथा "आत्मनो वृत्ताधिक्ये" इति विशेषणस्य समुच्चयार्थेऽस्तीति । **देवतान्तराणि प्रतीत्येति** । एतद् विशेषविषयकपूजनं देवतान्तराणां अद्वेषेण, पूजकस्य च देवतान्तरेभ्यो वृत्ताधिक्ये सतीष्यत इति भावः ।

**चन्द्र० : પૂર્વપક્ષ :** જો આદિધાર્મિકને વિશે વીતરાગાદિવિશેષ દેવમાં પૂજનાદિ રૂપ પ્રવૃત્તિ ન કરાવાય, તો પછી એ તો કહો કે ક્યારે વિશેષમાં પ્રવૃત્તિની અનુમતિ અપાશે. (ગીતાર્થગુરુ ક્યારે વિશેષમાં પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ આપવા દ્વારા તેની અનુમતિ આપશે ?)

**હરિભદ્રસૂરિજી :** ગુણાધિક્યના પરિજ્ઞાનથી વિશેષમાં પણ આ પૂજનાદિ ઈચ્છાય છે પણ તે વખતે બે વસ્તુ જરૂરી છે. ૧. અન્ય દેવતાઓમાં અદ્વેષ, અને ૨. પૂજકના આત્માની અન્યદેવતાઓ કરતા આચારાધિકતા.

**ટીકાર્થ :** આદિધાર્મિકને સર્વદેવોના પૂજનાદિ રૂપ સામાન્યમાં પ્રવૃત્તિની તો અનુમતિ અપાઈ જ છે. હવે વીતરાગ દેવમાં જે બીજા દેવો કરતા અધિક ગુણો રહેલા છે, એ ગુણાધિકતાનું જ્ઞાન તે જીવોને જ્યારે થાય ત્યારે પછી માત્ર વીતરાગની જ પૂજા...એ પ્રમાણે વિશેષમાં પણ પ્રવૃત્તિ ઈષ્ટ બને છે.

(આશય એ છે કે જ્યારે એ સર્વદેવપૂજકોને ખ્યાલ આવે કે આ બધા દેવોમાં વીતરાગદેવ સ્ત્રી, શસ્ત્રાદિ રાખતા નથી. અન્ય દેવો રાખે છે... ત્યારે તેઓને વીતરાગ પ્રત્યે વધુ ભક્તિ જાગવાની જ. આ પરિસ્થિતિમાં પછી એને બીજા દેવોને છોડીને માત્ર વીતરાગની જ પૂજાદિ કરવાની વાત કરી શકાય. જે એને ઉંધી ન પડે, સીધી જ પડે.)

હા ! આ રીતે વિશેષપૂજન કરવામાં બે વસ્તુ આવશ્યક છે. (૧) જે બીજા દેવોમાં ગુણહીનતા જણાઈ છે, તેઓ પ્રત્યે દ્વેષભાવ ન જોઈએ, પણ ઉદાસીનતા, કરૂણા જ જોઈએ. (૨) પૂજકના પોતાના આચારો એ બીજા દેવો કરતા ચડિયાતા બનેલા હોવા જોઈએ. (પોતાની ભૂમિકા પ્રમાણે). અહીં 'તથા' શબ્દ એ વિશેષણના સમુચ્ચયમાં છે.

**चन्द्र०** : इदमत्र स्पष्टीकर्त्तव्यम् । देवतान्तरद्वेषे सति क्रियमाणं वीतरागपूजनमपि नात्मनैर्मल्यकारीति विशेषपूजानादौ देवतान्तरद्वेषनिषेधोऽत्र निगदितः ।

तथा - एकस्यां पाठशालायां द्वौ शिक्षकौ स्तः । एकस्य समीपे पञ्चाशत्कलाः सन्ति । अपरस्य समीपे ता एव विंशत्यधिकाः सप्ततिः । एकस्त्रिंशत्कलाज्ञाता विद्यार्थी तत्र समागतः । स च पञ्चाशत्कलाध्ययनं यावत् प्रथमशिक्षकस्य द्वितीयशिक्षकस्य वा समीपेऽध्ययनं करोतु, न तस्य कोऽपि बाधः । यदा तु स पञ्चाशत्कला अधीतवान् भवति, तदा तस्य प्रथमशिक्षकत्याग एव करणीय इति ।

एवं हरिहरादयोऽल्पगुणवन्तः, वीतरागस्तु संपूर्णगुणवान् । भक्तजीवस्तु यदि अल्पतरगुणवान्, तदा स गुणलाभार्थं हरिहरादीन् पूजयतु वीतरागं वा, न तत्र कस्यापि निषेधः कर्त्तव्यः । यदा तु हरिहरादिसत्कगुणान् प्राप्य स अधिकगुणान्प्रापितुमिच्छति, तदा तेन हरिहरादित्यागः कर्त्तव्य एव भवति इति । एतदर्थमेव "आत्मनः स्वस्य देवतान्तराणि प्रतीत्य वृत्ताधिक्य एतद् विशेषपूजनमपीष्यते" इति सूरिभिरुक्तमिति सूक्ष्मधिया विभावनीयम् ।

अत्रापि बहुवक्तव्यमपि विस्तरभियोपेक्ष्यते ।

**ચન્દ્ર૦** : (અહીં આટલું સ્પષ્ટ કરવું કે બીજા દેવો-પ્રત્યે દ્વેષ હોય તો કરાતું વીતરાગપૂજન પણ આત્મનિર્મલતાકારી ન બને. માટે જ વિશેષપૂજનાદિમાં દેવતાન્તર પ્રત્યેનો દ્વેષનો નિષેધ અત્રે કરાયો છે.

તથા એક પાઠશાળામાં બે શિક્ષક છે. એક ૫૦ કળાનો જાણકાર છે. બીજો એ જ ૫૦ ઉપરાંત વધારાની ૨૦ એમ ૭૦ કળાનો જાણકાર છે. હવે ત્યાં ૩૦ કળાનો જાણકાર કોઈ વિદ્યાર્થી ભણવા આવ્યો. (અથવા તો તદ્દન નવો જ વિદ્યાર્થી આવ્યો) હવે આ વિદ્યાર્થી પહેલા કે બીજા કોઈપણ શિક્ષક પાસે ભણે, એમાં કોઈ વાંધો નથી. હા, જ્યારે એ ૫૦ કળા ભણી જાય, ત્યાર પછી તો પ્રથમ શિક્ષક કરતા અધિક કળા વાળો (કે સમાનકળાવાળો) બની ગયેલો હોવાથી એણે બીજા શિક્ષકનો આશરો લેવો પડે.

એમ પ્રસ્તુતમાં અન્ય દેવો ઓછા આચારગુણવાળા છે, વીતરાગ સંપૂર્ણ આચારગુણવાળા છે. હવે જે આદિધાર્મિકજીવો સંપૂર્ણ આચાર-ગુણહીન છે કે ઘણા અલ્પાચારાદિવાળા છે. તેઓ તો વધુ આચારાદિને માટે અન્યદેવોને ભજો કે વીતરાગાદિને ભજો, બે ય પાસે તે આદિધાર્મિકોને ઈષ્ટ આચારો હોવાથી આદિધાર્મિકને ત્યાં અન્યદેવોના ત્યાગ કરવાની વાત ન કરાય.

પણ જ્યારે તે જીવો અન્યદેવો કરતા વધુ આચારવાળા, વધુ ગુણવાળા બને ત્યારે હવે અન્યદેવો પાસે આ જીવોને ઈષ્ટ આચારો-ગુણો ન હોવાથી તે જીવોએ એમનો ત્યાગ કરવો જ પડે. વીતરાગનું શરણ જ લેવું પડે.

આ દર્શાવવા માટે આચાર્યશ્રીએ **"आत्मनः=स्वस्य देवतान्तराणि प्रतीत्य वृत्ताधिक्य एतद् विशेष पूजनमपि इष्यते"** એવું પ્રતિઘાત કરેલ છે.

અહીં ઘણું કહેવાનું છે પણ વિસ્તારના ભયથી કહેતો નથી.)

---

**यशो०** : अत्र ह्यादिधार्मिकस्य विशेषाज्ञानदशायां साधारणी देवभक्तिरेवोक्ता, दानाधिकारे पात्रभक्तिरप्यस्य विशेषाज्ञाने साधारण्येव, तज्ज्ञाने च विशेषत उक्ता।

---

**चन्द्र०** : एवं श्रीहरिभद्रसूरिकृतयोगबिन्दुग्रन्थस्य षोडशाधिकशततमगाथाया आरभ्य विंशत्यधिकशततमगाथा पर्यन्तं गाथापञ्चकं तट्टीकाश्च प्रदर्श्याधुना महोपाध्यायास्तत्सन्निष्कर्षं प्राहुः - **अत्र हि** = योगबिन्दुसूत्रवृत्त्योः **आदिधार्मिकस्य** = अपुनर्बन्धकादेः, **साधारणी देवभक्तिरेव** = न तु असाधारणी देवविशेषविषया इति **एव**कारार्थः ।

एवं देवसम्बन्धि अनाभिग्रहिकमिथ्यात्वं हितकारि प्रदर्श्याधुना गुरुसम्बन्धि अनाभिग्रहिकमिथ्यात्वं हितकारीति प्रतिपादयति - **दानाधिकारे** इत्यादि । **पात्रभक्तिरपि** = न केवलं देवभक्तिरि**त्यपि**शब्दार्थः । **अस्य** = आदिधार्मिकस्य **साधारण्येव** = न तु विशेषविषये**त्यपि**शब्दार्थः । **तज्ज्ञाने च** = सुपात्रविशेषज्ञाने च **विशेषतः** = सुपात्रविषयिकैव **उक्ता** ।

**ચન્દ્ર૦** : (આ પ્રમાણે હરિભદ્રસૂરિજી વડે રચાયેલા યોગબિંદુગ્રન્થની ૧૧૬ થી ૧૨૦ પાંચ ગાથા અને તેની ટીકાને દેખાડીને હવે મહોપાધ્યાય તેના સારને કહે છે કે) યોગબિન્દુસૂત્ર અને તેની ટીકામાં આદિધાર્મિક ને સાધારણ દેવભક્તિ જ કહેવાયેલી છે પણ વિશેષ દેવ સંબંધી દેવભક્તિ નહિ.

(આમ દેવસંબંધી અનાભિગ્રહિક મિથ્યાત્વને હિતકારી બતાવીને હવે ગુરુસંબંધી અનાભિગ્રહિક મિથ્યાત્વને પણ હિતકારી બતાવતા કહે છે કે) દાનના અધિકારમાં પાત્રભક્તિ પણ આ આદિધાર્મિકને વિશેષપાત્રતાના અજ્ઞાનની અવસ્થામાં સાધારણી જ બતાવાઈ છે. જ્યારે વિશેષપાત્રનું જ્ઞાન થાય, ત્યારે વિશેષથી એ પાત્રભક્તિ કહેવાયેલી છે.

**यशो०** : तथाहि -

व्रतस्था लिङ्गिनः पात्रमपचास्तु विशेषतः । स्वसिद्धान्ताविरोधेन वर्त्तन्ते ये सदैव हि ।।१२२।।

व्रतस्थाः=हिंसाऽनृतादिपापस्थानविरतिमन्तः, लिङ्गिनः=व्रतसूचकतथाविधनैपथ्यवन्तः पात्रमविशेषेण वर्त्तते । अत्रापि विशेषमाह - अपचास्तु=स्वयमेवापाचकाः, पुनरुपलक्षणात्परैरपाचयितारः पच्यमानाननुमन्तारो लिङ्गिन एव विशेषेण पात्रम्, तथा स्वसिद्धान्ताविरोधेन=स्वशास्त्रोक्तक्रियाऽनुल्लङ्घनेन, वर्त्तन्ते=चेष्टन्ते, सदैव हि= सर्वकालमेवेति ।।१२२।।

---

**चन्द्र :** पात्रभक्तिसम्बन्धिनं हरिभद्रसूरिविरचितयोगबिन्दुगतपाठमाह - **व्रतस्था** इत्यादि । गाथासंक्षेपार्थस्त्वयम्-व्रतस्था लिङ्गिनः पात्रं (अस्ति), अपचास्तु विशेषतः (पात्रमस्ति), ये सदैव हि स्वसिद्धान्ताविरोधेन वर्त्तन्त इति । तट्टीकार्थस्तु सुगमः । नवरम्-**अविशेषेण** = सामान्येन । **अत्रापि** = पात्रेऽपि, न केवलं देव एव **इत्यपि**शब्दार्थः । **उपलक्षणात्** = स्वज्ञापकत्वे सति स्वेतरज्ञापकत्वरूपात् ।

**ચન્દ્ર૦ : યોગબિન્દુની ગાથા :** વ્રતમાં રહેલા વેષધારીઓ પાત્ર છે. નહિ પકાવનારાઓ વિશેષથી (પાત્ર છે.) કે જેઓ કાયમ માટે પોતાના સિદ્ધાન્તને વિરોધ ન આવે એ રીતે વર્તે છે.

**ટીકાર્થ :** હિંસા, અસત્ય વિગેરે પાપસ્થાનોની નિવૃત્તિવાળા હોય તે **વ્રતસ્થ** કહેવાય. વ્રતને સૂચવનારા તેવા પ્રકારના વેષવાળા હોય તે લિંગી કહેવાય. આ બધા **અવિશેષથી** = સામાન્યથી પાત્ર ગણાય. આ પાત્રમાં ય જો વિશેષથી વિચારણા કરીએ તો જેઓ જાતે ભોજનાદિ પકાવે નહિ, (ગાથામાં "અપચાસ્તુ" શબ્દ જ છે. પણ એ ઉપલક્ષણ છે. અર્થાત્ પોતાને જણાવવા સાથે બીજાપણ પદાર્થને જણાવનારો છે. એ બીજા પદાર્થો જ દર્શાવે છે કે) ઉપલક્ષણથી બીજાઓ વડે પકાવવાની ક્રિયા ન કરાવનારા, કોઈ વસ્તુ જાતે પકાવાતી હોય તો એની અનુમોદના ન કરનારા એવા સાધુવેષધારીઓ વિશેષથી પાત્ર છે, તથા જેઓ સદા માટે પોતાના શાસ્ત્રોમાં કહેલી ક્રિયાઓનું ઉલ્લંઘન કર્યા વિના સર્વકાલ વર્તે છે તેઓ વિશેષથી પાત્ર છે.

<u>यशो०</u> : **इत्थं चास्यानाभिग्रहिकमपि गुणकारि सम्पन्नम्। तथा चानाभिग्रहिकमप्याभिग्रहिककल्पत्वात्तीव्रमेवेति** 'सुनिश्चितमित्यादि' **(अयोग व्य० द्वा. २७) संमतिप्रदर्शनपूर्वं यः प्राह तन्निरस्तं,**

---

**<u>चन्द्र०</u> :** महोपाध्याया निष्कर्षमाहुः - **इत्थं च** = योगबिन्दुपाठानुसारेण **अस्य** = आदिधार्मिकस्य **अनाभिग्रहिकमपि** = सम्यग्दर्शनं तावद् गुणकारि भवत्येव, किन्तु अस्य तु अनाभिग्रहिकमपि **गुणकारि सम्पन्नं** इत्य**पि**शब्दार्थः ।

एवं अनाभिग्रहिकं हितकारि स्थापयित्वाऽधुनोत्सूत्रं खण्डयितुं प्रथमं उत्सूत्रं स्मारयति - **तथा च अनाभिग्रहिकमपि** = न केवलं आभिग्रहिकमेवे**त्यपि**शब्दार्थः । **आभिग्रहिककल्पत्वात्** = आभिग्रहिकसमानत्वात् **तीव्रमेव** = न तु मन्दमपि इत्ये**व**कारार्थः । **संमतिप्रदर्शनपूर्वं** = सिद्धसेनसूरिरचितशास्त्रपाठप्रदर्शनपूर्वकं **यः** = कश्चिद् अग्रह्यनामा **प्राह**। तस्य **तत्** = निरूपणं **निरस्तं** = खण्डितम् ।

"सुनिश्चितं मत्सरिणो जनस्य न नाथ ! मुद्रामतिशेरते ते । माध्यस्थ्यमास्थाय परीक्षका ये मणौ च काचे च समानुबन्धाः ॥" इत्यत्र श्लोके तत्त्वेऽतत्त्वे च मध्यस्थानां तत्त्वद्वेषिसदृशत्वं प्रतिपादितम् । तत्र अनाभिग्रहिकास्तत्त्वेऽतत्त्वे च मध्यस्थाः, आभिग्रहिकाश्च तत्त्वे द्वेषिणः' इति अनाभिग्रहिकाणां आभिग्रहिकसदृशत्वं, आभिग्रहिकवच्च तीव्रत्वमेवेति पूर्वपक्षेण प्रसाधितम्। किन्तु योगबिन्द्वादिपाठानुसारेण अनाभिग्रहिकमिथ्यात्वहितकारित्वसिद्धौ पूर्वपक्षमतं खण्डितं भवति ।

**<u>ચન્દ્ર</u>૦ : ઉપાધ્યાયજી :** યોગબિન્દુના પાઠ મુજબ આદિધાર્મિકને અનાભિગ્રહિક મિથ્યાત્વ પણ ગુણકારી જણાય છે.

અને એટલે જ જે વ્યક્તિ આ પ્રમાણે ઉત્સૂત્ર બોલે છે કે-અનાભિગ્રહિક પણ આભિગ્રિહક જેવું હોવાથી તીવ્ર જ હોય, મંદ ન હોય. અને આ વાત પછી "સુનિશ્ચિતં..." એ સિદ્ધસેનસૂરિજીના શાસ્ત્રપાઠ દેખાડવા પૂર્વક બોલે છે. તેનું ખંડન થઈ જાય છે.

(એ શાસ્ત્રપાઠનો અર્થ આ પ્રમાણે છે કે "જે પરીક્ષકો મણિ અને કાચમાં માધ્યસ્થ્યભાવને ધારણ કરીને બેયમાં સમાન દૃષ્ટિવાળા છે તેઓ તો મણિમાં દ્વેષ કરનારાની મુદ્રાને = મર્યાદાને = સ્વરૂપને ઓળંગતા નથી. (અર્થાત્ મણિદ્વેષી કરતા વધુ સારા નથી.)

આ શ્લોક દ્વારા તત્ત્વદ્વેષી અને તત્ત્વ - અતત્ત્વમાં માધ્યસ્થ્યવાળા બેયને સમાન ગણેલા છે. તત્ત્વદ્વેષી એટલે આભિગ્રહિક અને તત્ત્વ - અતત્ત્વમાં માધ્યસ્થ્યવાળા એટલે અનાભિગ્રહિક. આમ બે સમાન થવાથી અનાભિગ્રહિક આભિગ્રહિકની જેમ તીવ્ર જ હોય એવો પૂર્વપક્ષે આ શ્લોક પરથી અર્થ કાઢ્યો છે.

ઉપાધ્યાયજી કહે છે કે યોગબિંદુના પાઠ દ્વારા અનાભિગ્રહિક મિથ્યાત્વ હિતકારી સાબિત થતું હોવાથી પૂર્વપક્ષનું આ ઉત્સૂત્ર ખંડિત થઈ જાય છે.)

**<u>यशो०</u> : मुग्धानां स्वप्रतिपत्तौ तस्य गुणत्वात्, सुनिश्चितमित्यादिना विशेषज्ञस्यापि मायादिना माध्यस्थ्यप्रदर्शनस्यैव दोषत्वप्रतिपादनाद् ।**

**<u>चन्द्र०</u>** : कथं तत्पूर्वपक्षमतं खण्डितम् ? इति प्रदर्शितमपि स्पष्टमाह - **मुग्धानां** = आदिधार्मिकाणां **स्वप्रतिपत्तौ** = "सर्वे देवा नमस्करणीयाः" इत्यादिरूपायां मान्यतायां **तस्य** = अनाभिग्रहिकस्य तत्त्वेऽतत्त्वे च माध्यस्थ्यरूपस्य **गुणत्वात्** = हितकारित्वात् ।

**ननु** तर्हि "सुनिश्चितं" इत्यादिना सिद्धसेनपूज्यैर्यद् अनाभिग्रहिकस्याभिग्रहिककल्पत्वं तीव्रत्वमेव च प्रतिपादितं, तस्य का गतिः ? किं सिद्धसेनैरपि उत्सूत्रं प्रतिपादितम् ? इत्याशङ्कायामाह - **सुनिश्चितमित्यादिना विशेषज्ञस्यापि** = "वीतरागः सर्वगुणवान्, अन्ये तु रागादिदोषवन्तः" इत्यादि विशेषं जानानस्यापि, दृष्टान्ते तु "इदं कोटिमूल्यं रत्नं, इदं च मूल्यविहीनः काचः" इत्यादि जानानस्यापि **मायादिना** = परप्रतारणबुद्ध्यादिना, आदिना कदाग्रहादिपरिग्रहः । **माध्यस्थ्यप्रदर्शनस्यैव** = "वीतरागादिकाः सर्वदेवाः समानाः" इत्यादिना "इदं रत्नं अयं च काचो द्वावपि समानौ" इत्यादिना च माध्यस्थ्यप्रदर्शनस्यैव, न तु अविशेषज्ञस्य सरलतया माध्यस्थ्यप्रदर्शनस्यापीत्य**पि**शब्दार्थः, **दोषत्वप्रतिपादनात्** ।

तथा च मूढ ! पूर्वपक्ष ! न महात्मानः श्रीसिद्धसेनदिवाकरा उत्सूत्रप्ररूपकाः, किन्तु भवतैव मिथ्यापदार्थः परिकल्पितः । न हि तत्र देवादिषु विशेषतामजानानस्य, अत एव सर्वेषु देवेषु समानतां मन्वानस्याभिग्रहिकसदृशत्वं प्रतिपादितं, येन योगबिन्दुग्रन्थविरोधः स्यात् । किन्तु देवादिषु विशेषतां जानानस्यापि शठतामालम्ब्य माध्यस्थ्यप्रदर्शकस्यैवाभिग्रहिकसदृशत्वं प्रतिपादितम् । दृश्यन्ते च विशेषं जानाना अपि स्वार्थकदाग्रहादिना माध्यस्थ्यप्रदर्शका बहव इति ।

**<u>ચન્દ્ર૦</u>** : (પૂર્વપક્ષની વાત યોગબિન્દુપાઠથી ખંડિત થઈ જ ગયેલી છે છતાં એ

બાબતને સ્પષ્ટ કરે છે કે) મુગ્ધજીવોને તો "બધા દેવો પૂજ્ય છે" ઈત્યાદિ પોતાની માન્યતામાં તે અનાભિગ્રહિક ગુણરૂપ છે. જે યોગબિન્દુમાં બતાવેલ જ છે.

(**પૂર્વપક્ષ :** તો પછી સિદ્ધસેનદિવાકરજીના પાઠનું શું ? તેમાં તો તેઓએ અનાભિગ્રહિકોને આભિગ્રહિક જેવા કહીને અનાભિગ્રહિક મિથ્યાત્વને તીવ્ર , અનર્થકારી જ બતાવેલ છે. તમે યોગબિન્દુ પ્રમાણે અનાભિગ્રહિકને સારૂં બતાવો છો. તો શું સિદ્ધસેનજીએ ઉત્સૂત્રપ્રરૂપણા કરી છે.)

**ઉપાધ્યાયજી :** (ભાગ્યશાળી ! તું એમના પાઠનો ખોટો અર્થ કરી, પછી એમના ઉપર ઉત્સૂત્રપ્રરૂપણાના આરોપ મૂકે એ ઉચિત ન ગણાય.) એ પાઠમાં એમણે વિશેષજ્ઞો = જાણનારોઓનું પણ માયાદિ વડે માધ્યસ્થ્યપ્રદર્શન જ દોષ રૂપ બતાવેલ છે.

(આશય એ છે કે જેઓ વીતરાગદેવની ગુણવત્તાને જાણે છે, ઈતરદેવોની દોષવત્તાને જાણે છે. તેમ છતાં કોઈને ઠગવા માટે, પોતે ઈતરદેવોને જ માનતો હોવાને (કદાગ્રહને) લીધે કે એવા કોઈ મલિન આશયથી બધા દેવોને સમાન ગણે, તો એનું માધ્યસ્થ્યપ્રદર્શન દોષરૂપ ગણાય.

પણ જેઓ આ બધું જાણતા જ નથી અને એટલે બધા દેવોને સરખા માને છે, તેઓને એ માધ્યસ્થ્ય દોષરૂપ ન બને.)

(**દા.ત.** કોઈક ચારિત્રભ્રષ્ટ સાધુ મુમુક્ષુને પોતાનો શિષ્ય બનવા માટે સમજાવતા હોય, પેલો મુમુક્ષુ બીજા સદ્ગુરુ પાસે દીક્ષા લેવા માંગતો હોય. એ વખતે બહારથી આવેલ ભોળો શ્રાવક આ વાતચીત સાંભળી એમ બોલે છે કે "બધા સાધુ સરખા જ છે ને ? આપણે દીક્ષા લઈને આત્મકલ્યાણ કરવાનું છે. એમાં અમુક જ પાસે લેવાનો આગ્રહ શા માટે ? આ તો રાગ કહેવાય."

આ શ્રાવકનું આ માધ્યસ્થ્યપ્રદર્શન એના માટે દોષરૂપ નથી. કેમકે એ કુગુરુની કુગુરુતાને અને સદ્ગુરુની સદ્ગુરુતાને જાણતો જ નથી.

પણ આ જ ભ્રષ્ટ સાધુનો જુનો શિષ્ય પોતાના ગુરુની કુગુરુતાને બરાબર જાણતો હોવા છતાં પોતે પણ તેવો જ હોવાથી પેલા મુમુક્ષુને સમજાવે કે "બધા સાધુઓ સરખા જ છે, સરખો આચાર પાળે છે..." તો એનું આ માધ્યસ્થ્યપ્રદર્શન ચોક્કસ દોષરૂપ બને.

એટલે અવિશેષજ્ઞનું માધ્યસ્થ્ય એ અનાભિગ્રહિક છે અને એને આ શ્લોકમાં દોષરૂપ

બતાવ્યું જ નથી.)

**यशो० : न चास्याविशेषप्रतिपत्तिः सम्यग्दृष्टेरिव दुष्टेति शङ्कनीयं, अवस्थाभेदेन दोषव्यवस्थानात्, अन्यथा साधोरिव सम्यग्दृशः साक्षाद्देवपूजादिकमपि दुष्टं स्यादिति विभावनीयम्।**

**चन्द्र० : ननु** "सर्वे देवाः पूजनीयाः" इति अविशेषप्रतिपत्तिः सम्यग्दर्शने-ऽतिचारापादिका सती दुष्टा प्रगणिता, तद्वदादिधार्मिकस्यापि सा दुष्टैव स्यात् ? इत्यत आह - **न च अस्य** = आदिधार्मिकस्य **अविशेषप्रतिपत्तिः** = अनन्तरमेव प्रतिपादिता **सम्यग्दृष्टेरिव दुष्टेति शङ्कनीयम्** । कथमेतद् न शङ्कनीयम् ? इत्यत्र कारणमाह - **अवस्थाभेदेन** = आदिधार्मिकसम्यग्दृष्टिदेशविरतसर्वविरताद्यवस्थानुसारेण **दोषव्यवस्थानात्, अन्यथा** = अवस्थानुसारेण दोषव्यवस्थाऽनभ्युपगमे, शेषं स्पष्टम् ।

**ચન્દ્ર૦ : પૂર્વપક્ષ :** "બધા દેવો પૂજનીય છે" આવી અવિશેષપ્રતિપત્તિ સમ્યગ્દૃષ્ટિને અતિચારનું કારણ હોવાથી દુષ્ટ ગણી છે. તો એ જ રીતે આ આદિધાર્મિકને પણ તે દુષ્ટ જ બને ને ?

**ઉપાધ્યાયજી :** આવી શંકા ન કરવી. કેમકે અવસ્થા ભેદથી દોષની વ્યવસ્થા છે. (અર્થાત્ કોઈપણ દોષ કાયમી દોષરૂપ ન હોય. વ્યક્તિની અવસ્થા પ્રમાણે તે દોષ દોષરૂપ, ગુણરૂપ...બનતો હોય છે.)

બાકી જો આ અવસ્થાપ્રમાણે દોષવ્યવસ્થાન સ્વીકારો અને કોઈપણ દોષને કાયમ માટે કોઈપણ અવસ્થામાં દોષરૂપ માનો તો સાધુઓને સાક્ષાત્ દેવપૂજા કરવી એ દોષરૂપ છે, દુષ્ટ છે. તો હવે સમ્યગ્દૃષ્ટિને એ સાક્ષાત્ દેવપૂજાદિ પણ દુષ્ટ બનશે.

(ત્યાં તમે પણ એમ કહેશો ને ? "સાધુને દેવપૂજાદિ દુષ્ટ ગણાય. પણ શ્રાવકને નહિ" તો આ પણ અવસ્થાભેદથી દોષવ્યવસ્થા જ થઈને ? એ જ વાત અનાભિગ્રહિકમાં પણ સમજવી.)

**यशो० : एतेन "पृथिव्याद्यारंभप्रवृत्तापेक्षया निजनिजदेवाराधनप्रवृत्तानामध्यवसायः शोभनः, देवादिशुभगतिहेतुत्वाद् इत्यसत्, तथाभूताध्यवसायस्य शोभनत्वे सम्यक्त्वोच्चारे** 'णो कप्पइ अण्णउत्थिए वा०' **इत्यादिरूपेण मिथ्यात्वप्रत्याख्यानानुपपत्तिप्रसक्तेः । न हि**

**शुभाध्यवसायस्य तद्धेतोर्वा प्रत्याख्यानं संभवति, ततः शुभाध्यवसायोऽपि तेषां पापानुबन्धिपुण्यप्रकृतिहेतुत्वेन नरकादिनिबन्धनत्वान्महानर्थहेतुरेव ।**

**चन्द्र० : एतेन** = "अवस्थाभेदेन दोषव्यवस्था" इति प्रतिपादनेन । **पृथिव्यारंभे**त्यादि **आराधनपरित्यागोपपत्तिः** इत्यन्तं यावत् पूर्वपक्षनिरूपणम् । तच्च पूर्वपक्षस्यैकान्ताभिनिवेशः, स च एतेन प्रतिपादनेन निरस्त इति ।

पूर्वपक्षस्यैकान्ताभिनिवेशमेव दर्शयति - **पृथिव्याद्यारंभे**त्यादि । पूर्वपक्षः कथयति यदुत केषाञ्चिदिदं निरूपणं यत् "ये मिथ्यात्विनः पृथिव्याद्यारंभे प्रवृत्ताः, तदपेक्षया ये मिथ्यात्विनो निजनिजदेवाराधने प्रवृत्ताः, तेषां अध्यवसायः शोभनः, यतः सोऽध्यवसायो देवादिशुभ-गतिहेतुर्भवति" इति, तच्च न युक्तम् । **तथाभूताध्यवसायस्य** = निजनिजदेवताराधनप्रवृत्तजीवानां निजदेवतासम्बन्धिभक्त्यध्यवसायस्य **शोभनत्वे** मन्यमाने **सम्यक्त्वोच्चारे** = सम्यग्दर्शन-स्वीकारवेलायां क्रियमाणे **नो कप्पइ... इत्यादि रूपेण** इत्यादि । अयं पूर्वपक्षाभिप्रायः । सम्यक्त्वोच्चारे "नो कप्पइ..." इत्यादिपाठेन अन्यतीर्थिकानां अन्यतीर्थिकदेवतानां च वन्दननमनदानानुप्रदानालापसंलापकरणस्य प्रत्याख्यानं क्रियते । यदि च अन्यतीर्थिकानां निजदेवतानमस्काराध्यवसायः शोभनः स्यात्, तर्हि सम्यक्त्वोच्चारे तत्प्रत्याख्यानं न घटते ।

कथं न घटेत ? इत्यत्र कारणमाह - **न हि शुभाध्यवसायस्य तद्धेतोर्वा** = शुभाध्यवसायकारणस्य वा **प्रत्याख्यानं** = परित्यागप्रतिज्ञा **संभवति** ।

पूर्वपक्षो निष्कर्षमाह - **ततः** = सम्यक्त्वोच्चारे परतीर्थिकदेवतानमस्कारादेः प्रत्याख्यानकरणात्, अशुभवस्तुन एव च प्रत्याख्यानभावात् **शुभाध्यवसायोऽपि** = निजदेवता-नमस्कारादिरूपः शोभनो भावोऽपि, अशुभस्तावन्महानर्थहेतुरस्त्येवेति **अपि**शब्दार्थः । **तेषां** = मिथ्यात्विनां **पापानुबन्धी**त्यादि । यतोऽध्यवसायो मिथ्यादृशां पापानुबन्धिपुण्यहेतुरस्ति, ततः स नरकादिनिबन्धनं, ततश्च स महानर्थहेतुरिति ।

**चन्द्र० :** ("અવસ્થાભેદથી દોષની વ્યવસ્થા છે" આવું પ્રતિપાદન કરવા દ્વારા નીચે કહેવાતો પૂર્વપક્ષનો એકાન્ત અભિનિવેશ ખંડિત થઈ જાય છે. સૌ પ્રથમ તો પૂર્વપક્ષનો એ અભિપ્રાય શું છે ? એ જોઈએ.)

**પૂર્વપક્ષ :** કેટલાકો એમ કહે છે કે "જે મિથ્યાત્વીઓ ખેતી વિગેરેને વિષે પૃથ્વી વિગેરે જીવોના આરંભમાં પ્રવૃત્ત થયેલા છે તેમના કરતા જે મિથ્યાત્વીઓ પોતપોતાના

દેવની આરાધનામાં પ્રવૃત્ત થયેલા છે, તેમનો ભક્તિ અધ્યવસાય સારો કહેવાય. કેમકે એ દેવાદિશુભ ગતિઓને આપે છે.”

પણ આ વાત ખોટી છે. કેમકે જો ખોટા દેવોને નમસ્કારાદિ કરવાનો તેમનો અધ્યવસાય સારો ગણતો હોય તો તો જ્યારે સમ્યક્ત્વ ઉચ્ચરવામાં આવે છે ત્યારે “આજથી મને અન્યતીર્થિકો, અન્યતીર્થિકોના દેવતા વિગેરેને વંદન, નમન, દાન, અનુપ્રદાન, આલાપ, સંલાપાદિ કરવા ન કલ્પે” એવા પાઠ વડે જે મિથ્યાત્વનું પચ્ચક્ખાણ કરવામાં આવે છે, તે અસંગત થાય. (આ પચ્ચક્ખાણમાં ખોટા દેવોને વંદનાદિનો ત્યાગ કરવામાં આવે છે. અને તમે એ જ અધ્યવસાયને સારો શી રીતે માની શકો ?

**પ્રશ્ન :** ભલેને, એ અધ્યવસાય સારો ગણીએ અને સમ્યક્ત્વના સ્વીકાર વખતે એનું પચ્ચક્ખાણ કરીએ એમાં વાંધો શું છે ?)

**પૂર્વપક્ષ :** મોટો વાંધો છે. શુભઅધ્યવસાય કે તેના કારણનું પચ્ચક્ખાણ સંભવી જ ન શકે. માટે તે મિથ્યાત્વીઓનો શુભ અધ્યવસાય પણ પાપાનુબંધીપુણ્યપ્રકૃતિનું કારણ હોવાથી નરકાદિનું કારણ બને છે. એટલે તે (એકાદ દેવના ભવ આપી દે તો પણ) મોટા અનર્થનું કારણ ગણાય.

---

**यशो० : न ह्यत्रापेक्षिकमपि शुभत्वं घटते, स्वस्त्रीसङ्गपरित्यागेन परस्त्रीसङ्गप्रवृत्तस्येव बहुपापपरित्यागमन्तरेणाल्पपापपरित्यागस्याशुभत्वाद् ।**

---

**चन्द्र० : ननु** यद्यपि स मिथ्यादेवनमस्काराद्यध्यवसायो मिथ्यादृशामशोभन एव, तथाऽपि मिथ्यादृशां हिंसाद्यध्यवसायापेक्षया तु स अध्यवसायः शोभनः किं न मन्यते ? इत्यत आह - **न हि अत्र** =मिथ्यादृशामध्यवसाये **आपेक्षिकमपि** = मिथ्यादृष्टीनां हिंसाद्यध्यवसायापेक्षया मन्यमानमपि, वास्तविकशुभत्वं तावन्नास्त्येवे**त्यपि**शब्दार्थः । **शुभत्वं घटते** । शुभत्वाघटमानत्वे कारणमाह - **स्वस्त्री**त्यादि । स्वस्त्रीसङ्गोऽल्पपापं, परस्त्रीसङ्गो महापापं, महापापकर्तुरल्प-पापपरित्यागो यथा शुभो न गण्यते, तथैव मिथ्यात्वात्मकस्य बहुपापस्य कर्ता पृथ्व्याद्यारंभात्मकस्य अल्पपापत्वत्यागं कुर्वाणोऽपि शुभाध्यवसायी न गण्यते ।

**ચન્દ્ર૦ : (પ્રશ્ન :** જો કે તે મિથ્યાદેવનમસ્કારાદિનો અધ્યવસાય મિથ્યાત્વીજીવોનો ખરાબ જ છે તો પણ મિથ્યાત્વીઓના હિંસા વિગેરે સંબંધી ખરાબ અધ્યવસાયોની અપેક્ષાએ તો તે અધ્યવસાય સારો કેમ ન મનાય ?)

**પૂર્વપક્ષ :** આમ મિથ્યાત્વીઓના કહેવાતા શુભ અધ્યવસાયમાં વાસ્તવિક શુભત્વ નથી એ તો તમે માની જ લીધું ને ? હવે તમે આ જે આપેક્ષિક શુભત્વની વાત કરી છે, એ પણ મિથ્યાત્વીના અધ્યવસાયમાં ઘટતી નથી.

કારણ એ છે કે જેમ સ્વસ્ત્રીસંગ નાનું પાપ છે, પરસ્ત્રીસંગ મોટું પાપ છે. હવે કોઈ પુરુષ પરસ્ત્રીસંગ નામનું મોટું પાપ કરતો હોય અને સ્વસ્ત્રીસંગ નામના નાના પાપનો ત્યાગ કરતો હોય, તો શું એમ કહેવાય ? કે આનો આ ત્યાગ, ત્યાગનો ભાવ ખૂબ સારો છે ? ન જ કહેવાય.

એમ મિથ્યાત્વ મોટું પાપ છે. હિંસાદિ નાનું પાપ છે. મિથ્યાત્વીજીવ મિથ્યાત્વ નામનું મોટું પાપ સેવતો હોય (ખોટા દેવોને નમસ્કાર કરવાદિ રૂપ) અને હિંસાદિ નાના પાપનો ત્યાગ કરતો હોય. એનો આ હિંસાદિ ત્યાગ કે તે માટેનો અધ્યવસાય એ સુંદર = શોભન ન જ કહેવાય એ સ્પષ્ટ હકીકત છે.

---

**यशो० : अत एव पृथिव्याद्यारंभप्रवृत्तस्यापि सम्यग्दृशोऽन्यतीर्थिकदेवाद्याराधन-परित्यागोपपत्तिः"**

---

**चन्द्र० : अत एव** = यतो बहुपापपरित्यागं विनाऽल्पपापपरित्यागस्य शुभत्वं न, किन्तु अल्पपापपरित्यागाभावेऽपि बहुपापपरित्यागस्य शुभत्वं भवति, तस्मादेव कारणात् **पृथिव्याद्यारंभप्रवृत्तस्यापि** = न केवलं तादृशारंभाप्रवृत्तस्यैवे**त्यपि**शब्दार्थः । **अन्यतीर्थिक-देवाद्ये**त्यादि । पृथिव्याद्यारम्भोऽल्पपापं, अन्यतीर्थिकदेवाद्याराधनं च बहुपापम् । सम्यग्दृष्टिः अल्पपापपरित्यागमकुर्वाणोऽपि बहुपापपरित्यागं कृर्वाणो दृश्यते, इष्यते च शास्त्रकारैरेतत् । अत एवाणुव्रतादि अदत्त्वैव सम्यक्त्वदानं क्रियते, मिथ्यात्वत्यागश्च कार्यते ।

यदि हि पृथिव्याद्यारंभात्मकं अल्पपापं कुर्वाणस्यापेक्षया मिथ्यादेवनमस्कारादिरूपं बहुपापं कुर्वाणस्याध्यवसायः शोभनो भवेत्, तर्हि पृथिव्याद्यारंभकारिणः सम्यग्दृष्टेः सकाशात् तत्काले निजदेवतानमस्कारादिकुर्वाणस्य मिथ्यादृष्टेः शोभनोऽध्यवसायः, तज्जन्यो विशिष्टकर्मक्षयश्च मन्तव्यः स्यात् । न चैतदिष्यते । तस्मादस्मदुक्तं युक्तमेवेति । अत्र पूर्वपक्षः समाप्तः ।

**ચન્દ્ર૦ : પૂર્વપક્ષ :** બહુપાપના પરિત્યાગ વિના અલ્પપાપનો પરિત્યાગ સારો ન ગણાય. પરંતુ અલ્પપાપના પરિત્યાગનો અભાવ હોય તો પણ બહુપાપનો પરિત્યાગ શુભ કહેવાય. આ જ કારણસર પૃથ્વ્યાદિના આરંભમાં પ્રવૃત્ત થયેલા એવા પણ

સમ્યક્ત્વીનો અન્યતીર્થિકદેવો વિગેરેની આરાધનાનો ત્યાગ સંગત થાય છે.

(પૃથ્વ્યાદિ આરંભ અલ્પપાપ છે. અન્યતીર્થિકદેવાદિની આરાધના મોટું પાપ છે. સમ્યગ્દૃષ્ટિ અલ્પપાપના પરિત્યાગને ન કરે તો પણ બહુપાપના પરિત્યાગને કરતો દેખાય છે. અને શાસ્ત્રકારો પણ એ માન્ય રાખે છે. માટે જ તો અણુવ્રતાદિ આપ્યા વિના જ સમ્યક્ત્વનું દાન કરાય છે અને જીવ પાસે મિથ્યાત્વનો ત્યાગ કરાવાય છે.

જો પૃથ્વ્યાદિ આરંભ રૂપ અલ્પપાપને કરનારાની અપેક્ષાએ મિથ્યાદેવનમસ્કારાદિ રૂપ મોટા પાપને કરનારાનો અધ્યવસાય સારો હોત, તો પૃથ્વ્યાદિ આરંભ કરનારા સમ્યક્ત્વીની અપેક્ષાએ તે કાળે નિજદેવતાનમસ્કારાદિ કરનારા મિથ્યાત્વીને શોભન અધ્યવસાય અને વિશિષ્ટ કર્મક્ષય માનવા પડે. પણ એ ઈષ્ટ નથી માટે અમે કહેલી વાત જ યોગ્ય છે.

અહીં પૂર્વપક્ષ સમાપ્ત થયો.)

---

**<u>यशो०</u> : इति परस्यैकान्ताभिनिवेशो निरस्तः, उत्कटमिथ्यात्ववन्तं पुरुषं प्रतीत्य निजनिजदेवाद्याराधनाप्रवृत्तेर्महाऽनर्थहेतुत्वेऽप्यनाग्रहिकमादिधार्मिकं प्रति तथात्वस्याभावात्, तस्याविशेषप्रवृत्तेर्दुर्गतरणहेतुत्वस्य हरिभद्रसूरिभिरेवोक्तत्वात् ।**

---

**<u>चन्द्र०</u> : इति** = अनन्तरप्रतिपादितरूपः **परस्य** = उत्सूत्रप्ररूपकस्य **एकान्ताभिनिवेशः** = एकान्ताग्रहः **निरस्तः** । **एतेन** पदस्यार्थोऽत्र संयोज्यः ।

एकान्ताभिनिवेशनिरासमेव स्पष्टं दर्शयति - **उत्कटमिथ्यात्वे**त्यादि । **तथात्वस्य** = महानर्थहेतुत्वस्य अभावात् । तथा च पूर्वपक्षवचनं गाढमिथ्यात्विनमाश्रित्य सत्यमेव । किन्तु सर्वेषामपि मिथ्यात्विनां तादृशप्रवृत्तेर्महानर्थहेतुत्वप्रतिपादनं पूर्वपक्षस्योत्सूत्रमेव । आदिधार्मिकानां तादृशप्रवृत्तेर्महानार्थकारित्वाभावात् ।

**ननु** आदिधार्मिकानां निजदेवताद्याराधनप्रवृत्तिर्महानर्थहेतुः कथं न भवति ? इत्यत आह- **तस्य** = आदिधार्मिकस्य **अविशेषप्रवृत्तेः** = सर्वदेवनमस्कारादिप्रवृत्तेः, **दुर्गतरणहेतुत्वस्य** = दुर्गतिनिवारणकारणताया **हरिभद्रसूरिभिः एव** = न तु रथ्यापुरुषैरिति **एव**कारार्थः । **अथवा** येषां हरिभद्रसूरिणां ग्रन्थेषु सम्यक्त्वोच्चारेऽन्यतीर्थिकदेवतानमनादिप्रत्याख्याननिरूपणं दृश्यते, तैरेव हरिभद्रसूरिभिर्निजग्रन्थे निजदेवताद्याराधनाप्रवृत्तेर्दुर्गतिनिवारणकारणत्वस्योक्तत्वादिति, **उक्तत्वात्** ।

**ચન્દ્ર૦** : આ પ્રમાણેના ઉત્સૂત્રપ્રરૂપકનો એકાન્ત આગ્રહ પૂર્વે બતાવેલા પદાર્થ વડે (દશાભેદથી દોષની વ્યવસ્થા) ખતમ થઈ ગયેલો જાણવો.

(આ મત કેવી રીતે નિરાકરણ પામ્યો ? એ જ વાતને સ્પષ્ટ રીતે બતાવે છે કે)

**પૂર્વપક્ષ :** જે ઉત્કટમિથ્યાત્વવાળા છે, તેઓની પોતપોતાના દેવ વિગેરેની આરાધનાની પ્રવૃત્તિ મહા અનર્થનું કારણ છે જ. તારી એટલી વાત સાચી, પણ તું તો તમામે તમામ મિથ્યાત્વીની આવી તમામ આરાધનાની પ્રવૃત્તિઓને મહા અનર્થકારી માનવા માંગે છે. આ બરાબર નથી. કેમકે ગાઢમિથ્યાત્વીની આરાધના-પ્રવૃત્તિઓ અનર્થકારી હોય તો પણ અનાભિગ્રહિક આદિધાર્મિક પ્રત્યે તે પ્રવૃત્તિઓ મહા અનર્થનું કારણ બનતી નથી.

(**પૂર્વપક્ષ :** એવું તમે કયાં આધારે કહી શકો ?)

**ઉપાધ્યાયજી :** વાહ ! ભુલી ગયા. "આદિધાર્મિકની સર્વદેવનમસ્કારાદિ રૂપ અવિશેષપ્રવૃત્તિ દુર્ગતિનિવારણનું કારણ છે" એ વાત ખુદ હરિભદ્રસૂરિએ કહી છે. (કોઈ રસ્તે રખડતા રખડુએ નહિ.)

(**અથવા**, જે હરિભદ્રસૂરિજીના ગ્રન્થોમાં સમ્યક્ત્વોચ્ચારકાળમાં અન્યતીર્થિકોને નમસ્કારાદિ કરવાનો ત્યાગ કરવાનું પ્રતિપાદન મળે છે. એ જ હરિભદ્રસૂરિના ગ્રન્થમાં આ નમસ્કારાદિને દુર્ગતિનિવારણ કરનારા કહ્યા છે.)

---

**यशो० : प्रत्याख्यानं च पूर्वभूमिकायां शुभाध्यवसायहेतोरप्युत्तरभूमिकायां स्वप्रतिपन्नविशेषधर्मप्रतिबन्धकरूपेण भवति, नैतावता पूर्वभूमिकायामपि तस्य विलोपो युक्तः ।**

---

**चन्द्र० : ननु** यदि मिथ्यादेवताद्याराधनाप्रवृत्तिः आदिधार्मिकस्य शोभना, तर्हि सम्यक्त्वोच्चारकाले तादृशशोभनप्रवृत्तेः प्रत्याख्यानं किमर्थं क्रियते ? इत्याशङ्कायामाह - **प्रत्याख्यानं च** इत्यादि । वाक्यान्वयस्त्वेवम्-पूर्वभूमिकायां शुभाध्यवसायहेतोरपि उत्तरभूमिकायां प्रत्याख्यानं स्वप्रतिपन्नविशेषधर्मप्रतिबन्धकरूपेण भवति - इति ।

भावार्थस्त्वयम् - आदिधार्मिकदशा हि पूर्वभूमिका, तस्यां हि सर्वदेवताद्याराधनाप्रवृत्तिः शुभाध्यवसायहेतुर्भवति । किन्तु सम्यक्त्वदशारूपायां उत्तरभूमिकायां तु स्वप्रतिपन्नस्य सम्यग्दर्शनात्मकविशेषधर्मस्य प्रतिबन्धकत्वं तादृशप्रवृत्तेर्भवति । तस्माद् उत्तरभूमिकायां तस्याः

प्रत्याख्यानं न्याय्यमेव ।

न **एतावता** = उत्तरभूमिकायां तादृशप्रवृत्तेः प्रत्याख्यानकरणमात्रेण **पूर्वभूमिकायामपि** = आदिधार्मिकदशायामपि **तस्य** = शुभाध्यवसायहेतोः सर्वदेवनमस्काराद्यनुष्ठानस्य **विलोपो युक्तः** ।

**ચન્દ્ર૦ : (પૂર્વપક્ષ :** જો મિથ્યાદેવતાદિની આરાધનાની પ્રવૃત્તિ આદિધાર્મિકજીવોને સારી ગણાતી હોય. તો પછી સમ્યક્ત્વ ઉચ્ચરતી વખતે તે પ્રવૃત્તિનું પચ્ચક્ખાણ = ત્યાગપ્રતિજ્ઞા શા માટે કરાય છે ?)

**ઉપાધ્યાયજી :** આદિધાર્મિક રૂપ પૂર્વભૂમિકામાં જો કે આ પ્રવૃત્તિ શુભઅધ્યવસાયનું કારણ બને છે. છતાં પણ સમ્યક્ત્વ ગ્રહણ રૂપ ઉત્તરભૂમિકામાં એનો ત્યાગ કરવાનું કારણ એ છે કે ઉત્તરભૂમિકામાં તે સર્વદેવાદ્યારાધના પ્રવૃત્તિ જીવે સ્વીકારેલા સમ્યગ્દર્શન રૂપ વિશિષ્ટ ધર્મની પ્રતિબંધક બને છે અને તેમાં પ્રતિબંધકતા આવતી હોવાથી તેનો ત્યાગ કરાય છે.

ઉત્તરભૂમિકામાં એ પ્રવૃત્તિ વિશિષ્ટધર્મની પ્રતિબંધક બનતી હોવાને લીધે છોડી દેવાય. એટલા માત્રથી પૂર્વભૂમિકામાં પણ એ પ્રવૃત્તિનો વિલોપ કરી દેવો કંઈ યોગ્ય નથી જ. માટે આદિધાર્મિક દશામાં તો એ પ્રવૃત્તિ ન્યાય્ય જ છે.

---

**यशो० : यथा हि—प्रतिपन्नकृत्स्नसंयमस्य जिनपूजायाः साक्षात्करणनिषेधात्, तस्य स्वप्रतिपन्नचारित्रविरोधिपुष्पादिग्रहणरूपेण तत्प्रत्याख्यानेऽप्यकृत्स्नसंयमवतां श्राद्धानां न तदनौचित्यं, तथा प्रतिपन्नसम्यग्दर्शनानां स्वप्रतिपन्नसम्यक्त्वप्रतिबन्धकविपर्यास-हेतुत्वेनाविशेषप्रवृत्तेः प्रत्याख्यानेऽपि नादिधार्मिकाणां तदनौचित्यमिति विभावनीयम् ।**

---

**चन्द्र० :** एतदेव दृष्टान्तेन दृढयति - **यथाहि** - **प्रतिपन्नकृत्स्नसंयमस्य** = स्वीकृतः संपूर्णः संयमो येन स, तस्य, सर्वविरतिधरस्येति यावत् । **जिनपूजायाः साक्षात्करणनिषेधात्** = "सर्वविरतिधरेण स्वयं जिनपूजा न करणीया" इत्यागमोपदेशात् । **तस्य** = सर्वविरतिधरस्य **स्वप्रतिपन्ने**त्यादि, स्वप्रतिपन्नं यच्चारित्रं, तद्विरोधि यत् पुष्पादिग्रहणं, तादृशग्रहणरूपेन **तत्प्रत्याख्यानेऽपि** = जिनपूजासाक्षात्करणप्रत्याख्यानेऽपि **अकृत्स्नसंयमवतां** = न कृत्स्नः = संपूर्ण इति अकृत्स्नः, अकृत्स्नः संयमोऽस्ति येषां ते अकृत्स्नसंयमवन्तः, तेषां, अविरतसम्यग्दृशां देशविरतानां च **श्राद्धानां** = जिनवचनश्रद्धावतां **न तदनौचित्यं** = न जिनपूजायाः

साक्षात्करणस्यानुचिततेति ।

अयं भावः – "सर्वविरताः साक्षाज्जिनपूजां न कुर्वन्ति" इति शास्त्रे श्रुयते । ततश्च सर्वविरता जिनपूजां स्वप्रतिपन्नचारित्रविरोधिपुष्पादिग्रहणरूपां प्रत्याख्यान्ति, न तु स्वप्रतिपन्नचारित्राविरोधिनीं जिनपूजाकरणोपदेशादिरूपां जिनपूजां प्रत्याख्यान्ति । श्राद्धानां तु पुष्पादिग्रहणरूपाऽपि सा जिनपूजा न स्वप्रतिपन्नसम्यग्दर्शनादिविरोधिनी, अत एव न तेषां सा शास्त्रे निषिद्धा, तस्मात् ते तां कुर्वन्त्येवेति ।

प्रकृतमाह – **तथा** इत्यादि । **प्रतिपन्नसम्यग्दर्शनानां** = स्वीकृतसम्यक्त्वानां **स्वप्रतिपन्ने**त्यादि, स्वप्रतिपन्नस्य सम्यक्त्वस्य प्रतिबन्धको यः **विपर्यासः** = विपरीतज्ञानं, तत्कारणत्वेन **अविशेषप्रवृत्तेः** = सर्वदेवाद्याराधनाप्रवृत्तेः **प्रत्याख्यानेऽपि** = अकरणप्रतिज्ञायां अपि **नादिधार्मिकाणां तदनौचित्यं** = सर्वदेवाद्याराधनाप्रवृत्तेः अनुचितत्वम् ।

सम्यग्दृष्टीनां हि सर्वदेवाद्याराधनप्रवृत्तिर्हि सम्यग्दर्शनप्रतिबन्धकस्य विपर्यासस्य हेतुर्भवतीति । ते तां प्रवृत्तिं प्रत्याख्यान्ति, किन्तु आदिधार्मिकानां न सा प्रवृत्तिः स्वप्रतिपन्नधर्मविरोधिनीति तेषां सा युक्तैवेति ।

**ચન્દ્ર૦ :** (આ જ વાત દૃષ્ટાન્ત વડે દૃઢ કરે છે કે) જેમ સંપૂર્ણસંયમને સ્વીકારી ચૂકેલાને સ્વયં જિનપૂજા કરવાનો શાસ્ત્રમાં નિષેધ કરેલો છે, માટે સંપૂર્ણસંયમવાળાઓ તે જિનપૂજાને સ્વપ્રતિપન્ન ચારિત્રને વિરોધી એવા પુષ્પાદિગ્રહણ તરીકે તેની બાધા લે. (અર્થાત્ ચારિત્રવિરોધી એવી પુષ્પાદિગ્રહણ રૂપે જે જિનપૂજા છે, તેનો ત્યાગ કરે છે. જિનપૂજા કરવાનો ઉપદેશાદિ કરવા રૂપ જે જિનપૂજા છે તે ચારિત્રને વિરોધી નથી. એટલે તેનો ત્યાગ કરતા નથી.)

તેઓ ભલે પ્રત્યાખ્યાન કરે તો પણ અસંપૂર્ણસંયમવાળા, ચોથા-પાંચમા ગુણસ્થાનવાળાઓને તે જિનપૂજા અનુચિત નથી. કેમકે તેઓને તે જિનપૂજા સ્વપ્રતિપન્ન સમ્યક્ત્વ-દેશવિરતિને વિરોધી ન હોવાથી તેઓ તે કરી શકે.

એ જ પ્રમાણે સમ્યગ્દર્શન સ્વીકારી ચૂકેલાઓને અવિશેષપ્રવૃત્તિ = સર્વદેવાદ્યારાધનાપ્રવૃત્તિ તેઓએ સ્વીકારેલ સમ્યક્ત્વને પ્રતિબંધક એવા વિપર્યાસનું કારણ છે. અને એટલે તેઓ તે પ્રવૃત્તિને છોડી દે છે. પણ તેઓ છોડી દે તો પણ આદિધાર્મિકોને તે અવિશેષપ્રવૃત્તિ અનુચિત નથી, ઉચિત છે.

**यशो० नन्वेवमादिधार्मिकस्य देवादिसाधारणभक्तेः पूर्वसेवायामुचितत्वे जिनपूजावत्साधूनां साक्षात्तदकरणव्यवस्थायामपि तद्वदेवानुमोद्यत्वापत्तिरिति चेत् ?**

**चन्द्र०** : पूर्वपक्षः शङ्कते - **ननु एवं** = अनन्तरोदितरीत्या **आदिधार्मिकस्य देवादिसाधारणभक्तेः** = सर्वदेवविषयकभक्तेः । **तदकरणव्यवस्थायामपि** = जिनपूजाऽकरणव्यवस्थायामपि **तद्वदेव** = जिनपूजावदेव **अनुमोद्यत्वापत्तिः** । यथाहि - साधवः स्वयं जिनपूजां न कुर्वन्ति, किन्तु तां कारयन्ति अनुमोदयन्ति च, एवं साधवः स्वयं आदिधार्मिकोचितां सर्वदेवाद्याराधनप्रवृत्तिं न कुर्वन्ति, किन्तु तां कारयन्ति अनुमोदयन्ति चेति पूर्वपक्षाभिप्रायः ।

**ચન્દ્ર૦ : પૂર્વપક્ષ** : આ પ્રમાણે જો આદિધાર્મિકને સર્વદેવાદિની ભક્તિ પૂર્વસેવામાં ઉચિત હોય. તો પછી જેમ સાધુઓને જિનપૂજા સાક્ષાત્ કરવાની આપત્તિ દૂર કરી, એમ સાક્ષાત્ સર્વદેવાદિની આરાધના કરવાની આપત્તિ પણ દૂર થઈ જાય. આ બધી વ્યવસ્થા જેમ થઈ, તે જ પ્રમાણે જિનપૂજાની જેમ સાધુને સર્વદેવાદિ – આરાધના પણ અનુમોદનીય બની જવાની આપત્તિ આવે.

(આશય એ છે કે સાધુઓ જેમ જિનપૂજા ન કરે, પણ તેની અનુમોદના કરે તેમ સાધુઓ સર્વદેવાદિની આરાધના ન કરે, તો પણ તેઓએ તેની અનુમોદના કરવી જ જોઈએ.)

**यशो० : न, सामान्यप्रवृत्तिकारणतदुपदेशादिना तदनुमोद्यताया इष्टत्वात्,**

**चन्द्र०** : महोपाध्यायः समादधति - **न**, इत्यादि । **सामान्यप्रवृत्ति-कारणतदुपदेशादिना** = सर्वदेवाद्याराधनाप्रवृत्तिरूपा या सामान्यप्रवृत्तिः, तस्याः कारणं यस्तादृशप्रवृत्त्युपदेशः, तदादिना, **यद्वा** सामान्यप्रवृत्तेः कारणं = परैः परेषां विधापनं, तदुपदेशश्च = सामान्यप्रवृत्तेरूपदेशश्च, तदादिना । आदिपदात् स्वयं तादृशीं प्रवृत्तिं कुर्वत आदिधार्मिकस्य निषेधाकरणं, तादृशप्रवृत्तिकरणानुज्ञां याचमानस्यानुमतिदानञ्चेत्यादीनां सङ्ग्रहः । **तदनुमोद्यतायाः** = देवादिसाधारणभक्तेः अनुमोद्यतायाः **इष्टत्वात्** = अभिमतत्वात् । तथा च भवदुक्ता-ऽऽपत्तिरस्माकं नापत्तिः, किन्तु इष्टप्राप्तिरिति ।

**ચન્દ્ર૦ : ઉપાધ્યાયજી** : ભાઈ ! તે જે આપત્તિ આપી, તે અમને આપત્તિ નથી પણ ઈષ્ટપ્રાપ્તિ છે. કેમકે સર્વદેવાદ્યારાધનાપ્રવૃત્તિ રૂપ એ સામાન્યપ્રવૃત્તિનું કારણ જે તાદૃશપ્રવૃત્તિ કરવાનો ઉપદેશ છે, (એ અને એ ઉપરાંત કોઈ આદિધાર્મિક પોતાની મેળે

સર્વદેવાદ્યારાધનાની પ્રવૃત્તિ કરતો હોય તો તેને ના ન પાડવી, કોઈ આદિધાર્મિક આવી પ્રવૃત્તિ કરવાની રજા માંગવા આવે તો એને અનુમતિ આપવી...આ બધા દ્વારા) તે પ્રવૃત્તિની અનુમોદનીયતા તો અમને ઈષ્ટ જ છે.

(અર્થાત્ સાધુઓ આદિધાર્મિકને આવી પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ આપી શકે, તે કરનારાને ન અટકાવે...આ બધા સ્વરૂપ તેવી પ્રવૃત્તિની અનુમોદના કરે . એમાં કોઈ શાસ્ત્રબાધ નથી.)

**यशो० : केवलं सम्यक्त्वाद्यनुगतं कृत्यं स्वरूपेणाप्यनुमोद्यमितरच्च मार्गबीजत्वादिनेत्यस्ति विशेष इत्येतच्चाग्रे सम्यग् विवेचयिष्यामः ।।१२।।**

**चन्द्र० : ननु** यथा जिनशासने जिनपूजादीनि कार्याणि अनुमोदनीयानि प्रसिद्धानि, तथा मिथ्यादृशां सर्वदेवनमस्कारादीनि कृत्यानि अनुमोदनीयानि न प्रसिद्धानि दृश्यन्त इति पूर्वपक्षाशङ्कां निराकरोति - **केवलं** = जिनपूजा-सर्वदेवनमस्कारादिरूपयोः सम्यग्दृष्टि-मिथ्यादृष्टिकृत्ययोः साधूनां अनुमोदनीयत्वेन समानतां प्रतिपाद्य तत्रैव विशेषनिरूपणारम्भः प्रतिपादनार्थं इदं पदम् । **सम्यक्त्वाद्यनुगतं** = सम्यक्त्वदेशविरतिसर्वविरत्यादिसमन्वितं जिनपूजासामायिकगोचर्यादिकं **कृत्यं** = शुभानुष्ठानं **स्वरूपेणापि** = फलतस्तावद्मोक्षकारणत्वादेतेषां अनुमोद्यत्वमत्स्येव, किन्तु स्वरूपेणापि एतत्कृत्यं **अनुमोद्यं इत्यपिशब्दार्थः**।

**इतरच्च** = अनाभिग्रहिकस्य सर्वदेवनमस्कारादिरूपं कृत्यं **मार्गबीजत्वादिना** = सम्यग्दर्शनादिरूपस्य मोक्षमार्गस्य बीजरूपत्वेन अनुमोद्यं इति पदमत्र योज्यम् । एतत्कृत्यं हि मिथ्यात्वसमन्वितत्वात् स्वरूपतोऽनुमोद्यं न भवति । किन्तु मोक्षमार्गबीजत्वादिनाऽनुमोद्यं भवत्येवेति **अस्ति विशेषः** = द्वयोरनुमोद्यतायां भेदः **इति** ।

अधुनापि एतत्पदार्थस्यास्पष्टत्वाद् आह - **एतच्च** = द्वयोर्भिन्नरूपेणानुमोद्यत्वं च **अग्रे सम्यग्** = यथा सम्यग्बोधो भवेत्, तथा **विवेचयिष्यामः** ।

**ચન્દ્ર૦ : (પૂર્વપક્ષ :** સાધુઓને દેવાદિસાધારણભક્તિ પણ અનુમોદનીય છે એ વાત તમે કરો છો. પરંતુ જિનશાસનમાં જે રીતે જિનપૂજાદિ કાર્યો અનુમોદનીય તરીકે પ્રસિદ્ધ છે. તે રીતે મિથ્યાત્વીઓના સર્વદેવનમસ્કારાદિ કૃત્યો સાધુઓને અનમોદનીય તરીકે પ્રસિદ્ધ દેખાતા નથી, તો એ કૃત્યોની અનુમોદનીયતા શી રીતે સ્વીકારવી ?)

**ઉપાધ્યાયજી :** (સમ્યગ્દૃષ્ટિના જિનપૂજાદિ કૃત્યો અને અનાભિગ્રહિકના સર્વદેવનમસ્કારાદિ કૃત્યો સાધુઓને અનુમોદનીય હોવા તરીકે સમાન છે. એ વાત બતાવી દીધી છે. હવે આ બેય ની અનુમોદનીયનામાં જે ભેદ છે, તેનું નિરૂપણ કરવાનો પ્રારંભ કરવો છે. આ પ્રારંભનો સૂચક केवलं શબ્દ છે.)

હા ! આ બે કૃત્યોમાં આ વિશેષતા તો છે જ કે સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ વિગેરેથી સમન્વિત એવા જિનપૂજા, સામાયિક, ગોચરી વિગેરે અનુષ્ઠાનો સ્વરૂપથી પણ સાધુઓને અનુમોદ્ય છે. અર્થાત્ તે અનુષ્ઠાનો મોક્ષાદિફળ આપનારા હોવાથી અનુબંધથી તો અનુમોદનીય છે જ. પણ તે અનુષ્ઠાનો સ્વરૂપથી પણ પ્રશંસનીય છે.

જ્યારે સર્વદેવનમસ્કારાદિ કૃત્યો એ મિથ્યાત્વથી યુક્ત હોવાથી સ્વરૂપથી તો ખરાબ છે. પણ તે કૃત્યો સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગના બીજ રૂપે અનુમોદનીય બને છે.

આ વાત હજી એકદમ સ્પષ્ટ કરવાની બાકી છે. એ અમે આગળ વિવેચન કરીશું.

(ઓપરેશન દ્વારા કોઈની ગયેલી સ્મૃતિ પાછી આવે, તો ઓપરેશન સ્વરૂપથી અને ફળથી બેય રીતે અનુમોદનીય છે. પણ દશમા માળથી પડવા દ્વારા કોઈની ગયેલી સ્મૃતિ પાછી આવે. તો લોકો બોલશે કે "આમ તો દશમા માળથી પડવું સારૂં ન ગણાય. પરંતુ આની સ્મૃતિ પાછી આવી. એ દૃષ્ટિએ એ પડવું ય સારૂં છે." અહીં સ્વરૂપથી અનુમોદનીયતા નથી પણ ફળથી અનુમોદનીયતા છે.

સર્વદેવનમસ્કારાદિ કૃત્યોમાં તો તદ્દન નકામા, હલકા દેવોને ય નમસ્કાર કરાય છે. એટલે એ બધા કૃત્યો સ્વરૂપથી અનુમોદનીય ન બને એ સ્વાભાવિક છે. પરંતુ મોક્ષમાર્ગનો અવતાર આ કૃત્ય દ્વારા થતો હોવાથી એ ફળથી અનુમોદનીય બને. આમ અત્રે સમજવું.)

**૧૨મી ગાથા સંપૂર્ણ**

**ગાથા-૧૩ શરૂ**

---

**यशो० :** अनाभिग्रहिकस्य शोभनत्वमेव गुणान्तराधायकत्वेन समर्थयति –

**इत्तो अ गुणट्ठाणं पढमं खलु लद्धजोगदिट्ठीणं ।**

**मिच्छत्तेवि पसिद्धं परमत्थगवेसणपराणं ।।१३।।**

इतश्च गुणस्थानं प्रथमं खलु लब्धयोगदृष्टीनाम् ।

मिथ्यात्वेऽपि प्रसिद्धं परमार्थगवेषणपराणाम् ।।१३।।

चन्द्र० : **गुणान्तराधायकत्वेने**ति । यतस्तत् शोभनं इत्येतत् **समर्थयति** = दृढीकरोति।

**गाथार्थ :- इतश्च परमार्थगवेषणपराणां लब्धयोगदृष्टीनां मिथ्यात्वेऽपि प्रथमं गुणस्थानं प्रसिद्धं** - इति गाथार्थः ।

**ચન્દ્ર૦** : આગળની ગાથામાં અનાભિગ્રહિકની શોભનતા બતાવી હવે એ જ શોભનતાને "અનાભિગ્રહિક ગુણાન્તરનું આધાયક છે માટે શોભન છે" એ રીતે દઢ કરી બતાવે છે.

**ગાથાર્થ** : આના કારણે જ પરમાર્થની ગવેષણામાં તત્પર, યોગદૃષ્ટિને પામેલા જીવોને મિથ્યાત્વમાં પણ પ્રથમ ગુણસ્થાન પ્રસિદ્ધ છે.

**यशो० : इतश्च=अनाभिग्रहिकस्य हितकारित्वादेव च, मिथ्यात्वेऽपि, खल्विति निश्चये, लब्धयोगदृष्टीनां=मित्रादिप्रथमदृष्टिचतुष्टयप्राप्तिमतां, परमार्थगवेषणपराणां=मोक्षैकप्रयोजनानां योगिनां, प्रथमं गुणस्थानमन्वर्थं प्रसिद्धम् ।**

चन्द्र० : **मिथ्यात्वेऽपि** = आस्तां सम्यक्त्व इत्यपिशब्दार्थः, **मित्रादिप्रथमदृष्टिचतुष्टयप्राप्तिमतां** = मित्रादि यत् प्रथमं दृष्टिचतुष्टयं, तत्प्राप्तिमताम् । **अन्वर्थं** = सार्थकम्।

**ચન્દ્ર૦** : "અનાભિગ્રહિક મિથ્યાત્વ હિતકારી છે" માટે જ તો મિથ્યાત્વની હાજરીમાં પણ મિત્રાદિસ્વરૂપ પહેલી ચાર દૃષ્ટિઓને પામેલા, મોક્ષ જ એકમાત્ર પ્રયોજન છે જેનું તેવા યોગીઓને પ્રથમ ગુણસ્થાન સાર્થક તરીકે પ્રસિદ્ધ છે.

(આમ તો અભવ્ય વિગેરે બધાયને પ્રથમ ગુણસ્થાન કહેવાય છે. પણ ત્યાં તેઓને કોઈ ગુનો ન હોવા છતાં માત્ર રૂઢિથી જ ગુણસ્થાન મનાય છે. એમનું ગુણસ્થાન સાર્થક નથી જ્યારે ઉપરોક્ત જીવોમાં આ પ્રથમ ગુણસ્થાન સાર્થક છે. અર્થાત્ ખરેખર તે ગુણોનું સ્થાન છે.)

**यशो० : अयं भावः—मिथ्यादृष्टयोऽपि परमार्थगवेषणपराः सन्तः पक्षपातं परित्यज्याद्वेषादिगुणस्थाः खेदादिदोषपरिहाराद् यदा संवेगतारतम्यमाप्नुवन्ति, तदा मार्गाभिमुख्या-**

**त्तेषामिक्षुरसकक्कबगुडकल्पा मित्रा तारा बला दीप्रा चेति चतस्रो योगदृष्टय उल्लसन्ति, भगवत्पतञ्जलि-भदन्तभास्करादीनां तदभ्युपगमात् ।**

---

चन्द्र० : महोपाध्याया भावार्थमाहुः - **अयं भावः** इत्यादि । **अद्वेषादिगुणस्थाः** = अद्वेषे जिज्ञासायां शुश्रुषौ श्रवणे च विद्यमानाः क्रमशः प्रथमद्वितीयतृतीयचतुर्थदृष्टिमन्तः **खेदादिदोषपरिहारात्** = खेद उद्वेगः क्षेप उत्थानं चेति ये दोषाः, क्रमशस्तेषां परिहारात् । **संवेगतारतम्यं** = उत्तरोत्तरं वर्धमानं संवेगं **आप्नुवन्ति** । **इक्षुरसकक्कबगुडकल्पाः** = इक्षुः इक्षुरसः कक्कबो गुडश्चेति इक्षुरसकक्कबगुडाः, तत्सदृशाः क्रमशः **मित्रा तारा बला दीप्रा चेति** ।

ननु "मिथ्यात्व एता योगदृष्टय उल्लसन्ति" इत्यत्र किं प्रमाणम् ? इत्यत आह- **भगवत्पतञ्जलिभदन्तभास्करादीनां** = मिथ्यात्विमहात्मनां **तदभ्युपगमात्** = योगदृष्टि-समुल्लासस्वीकारात् ।

योगग्रन्थेषु हरिभद्रसूरिभिर्मिथ्यादृशामपि एतेषां महात्मनां चतस्रो योगदृष्टयो विद्यमानाः स्वीकृताः, ततश्च मिथ्यात्वेऽपि योगदृष्ट्युल्लासो भवत्येवेति सिद्धम् ।

ચન્દ્ર૦ : અહીં ભાવાર્થ આ છે કે મિથ્યાદષ્ટિ પણ જે જીવો મોક્ષરૂપી પરમાર્થને જ શોધવામાં તત્પર હોય, તેઓ પક્ષપાતને છોડીને અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રુષા, શ્રવણ રૂપ ચાર ગુણોમાં (ક્રમશઃ) રહેલા છતાં ખેદ, ઉદ્વેગ, ક્ષેપ, ઉત્થાન એ ચાર દોષોના ક્રમશઃ પરિત્યાગ દ્વારા જ્યારે ઉત્તરોત્તર વધુ ને વધુ સંવેગ = મોક્ષાભિલાષને પામે છે, ત્યારે તેઓમાં માર્ગાભિમુખતા હોવાને લીધે મિત્રા, તારા, બલા, દીપ્રા એ ચાર દષ્ટિઓ ક્રમશઃ પ્રગટે છે કે જે ચાર દષ્ટિઓ ક્રમશઃ શેરડી, શેરડીનો રસ, ગોળની રસી અને ગોળ જેવી હોય છે.

(અહીં મિત્રા દષ્ટિમાં અદ્વેષગુણ અને ખેદ દોષત્યાગ હોય.

તારા દષ્ટિમાં જિજ્ઞાસાગુણ અને ઉદ્વેગદોષત્યાગ હોય.

બલા દષ્ટિમાં શુશ્રુષા ગુણ અને ક્ષેપદોષત્યાગ હોય.

દીપ્રા દષ્ટિમાં શ્રવણ ગુણ અને ઉત્થાનદોષત્યાગ હોય.

જેમ જેમ દષ્ટિ વધે, તેમ તેમ સંવેગ = મોક્ષાભિલાષ વધતો જાય. આ દષ્ટિઓ

મિથ્યાત્વે જ હોય છે. પાંચમી દૃષ્ટિથી સમ્યક્ત્વની શરૂઆત છે.

**પ્રશ્ન :** "મિથ્યાત્વે આ દૃષ્ટિઓ ઉલ્લાસ પામે છે" એ શી રીતે માની શકાય ?)

**ઉપાધ્યાયજી :** ભગવાન હરિભદ્રસૂરિજીએ પોતાના યોગગ્રન્થોમાં આ વાતનો સ્વીકાર કર્યો છે કે "ભગવાન્ પતંજલિ, ભદન્તભાસ્કર વિગેરે મિથ્યાત્વી મહાત્માઓને આ યોગદૃષ્ટિઓ હતી." એટલે માનવું જ પડે કે મિથ્યાત્વમાં આ ચાર યોગદૃષ્ટિઓ વિકસે છે.

---

**यशो० : तत्र मित्रायां दृष्टौ स्वल्पो बोधः, यमो योगाङ्गं, देवकार्यादावखेदः, योगबीजोपादानं, भवोद्वेगसिद्धान्तलेखनादिकं, बीजश्रुतौ परमश्रद्धा, सत्संगमश्च भवति; चरमयथाप्रवृत्तकरणसामर्थ्येन कर्ममलस्याल्पीकृतत्वात् । अत एवेदं चरमयथाप्रवृत्तकरणं परमार्थतोऽपूर्वकरणमेवेति योगविदो विदन्ति ।**

---

**चन्द्र० :** प्रसङ्गतो दृष्टीर्वर्णयितुं प्रथमां मित्रां वर्णयति - **तत्र** = एतासु चतसृषु दृष्टीषु मध्ये **मित्रायां** प्रथमदृष्टौ **स्वल्पो बोधः** = अल्प एव मोक्षानुसारी बोधः, बोधान्तरस्य तु प्रभूतस्यापि सम्भवात्, दृष्टिरहितानामपि अभव्यानां किञ्चिन्न्युनदशपूर्वबोधसम्भवादिति । **यमः** = पञ्चमहाव्रतरूपः **योगाङ्गं** = अष्टसु यमनियमादिषु योगाङ्गेषु प्रथमं योगाङ्गं अत्र भवतीति । **देवकार्यादौ**, आदिना गुरुकार्यादिपरिग्रहः, तस्मिन् **अखेदः** = खेदात्मकस्य प्रथमदोषस्य त्यागः । **योगबीजोपादानं** = योगबीजग्रहणम् । तत्कीदृशम् ? इत्याह - **भवोद्वेगे**त्यादि । **बीजश्रुतौ** = योगबीजश्रवणे परमश्रद्धा ।

**ननु** अस्य स्वल्पबोध-यमादिकं कथं सम्भवति ? इत्यत आह **चरमयथाप्रवृत्त-करणसामर्थ्येन कर्ममलस्याल्पीकृतत्वाद्** इति, स्पष्टम् । नवरमत्र नैगमनयापेक्षया चरमयथाप्रवृत्तकरणं विज्ञेयम् । यदि हि कर्मग्रन्थनिरूपितं तत् तत्र गृह्येत्, तर्हि अन्तर्मुहूर्तान्तरेव सम्यग्दर्शनलाभो भवेत् । तथा च प्रथमदृष्टौ प्राप्तायां सत्यां शीघ्रमेव सम्यक्त्वलाभादन्यास्तिस्रो मिथ्यात्वसंबन्धिन्यो दृष्ट्यो विच्छिद्येयुः । नैगमनयश्च प्रभूतकालादर्वागपि चरमयथाप्रवृत्तकरणं मन्यते । विचित्राः खलु भवन्ति नयाभिप्रायाः, अत एव शास्त्र एकभविकबद्धायुष्क-भिमुखनामगोत्ररूपेषु त्रिषु द्रव्यनिक्षेपेषु प्रसिद्धेष्वपि असंख्यभवादर्वागपि मरीचौ भरतेन द्रव्यतीर्थकरत्वं कल्पयित्वा प्रदक्षिणा कृतेति ।

**अत एव** = चरमयथाप्रवृत्तकरणसामर्थ्येन कर्ममलस्याल्पीकृतत्वादेव, यद्वा अत्र एतादृशो

गुणविकासभावादेव **चरमयथाप्रवृत्तकरणं परमार्थतः** = अवश्यं पूर्वं कदाप्यसम्भवाद् अन्वर्थतः **यद्वा** तात्त्विकापूर्वकरणस्य कारणत्वात् **अपूर्वकरणमेव**। न हि एतादृशो गुणविकासः पूर्वं कदाप्यभूत्। ततश्च तत्कारणं चरमयथाप्रवृत्तकरणमपि अपूर्वमेवेति अथवा अनेनावश्यमपूर्वकरणस्य प्राप्तिर्भवतीति तस्यापूर्वकरणत्वं परमार्थतोऽस्तीति **योगविदः** = योगज्ञातारः **विदन्ति**।

**ચન્દ્ર૦** : આ ચાર દૃષ્ટિઓની અંદર મિત્રા દૃષ્ટિમાં (૧) અત્યંત અલ્પ બોધ હોય છે. (અહીં મોક્ષાનુસારી બોધ જ સમજવો. બાકી તો યોગાદૃષ્ટિ વિનાના અભવ્યોને કંઈક ન્યૂન દશપૂર્વ જેટલો બોધ હોય છે.) (૨) આઠ યોગાઙ્ગોમાંથી યમ = પાંચ મહાવ્રત રૂપ એક યોગાઙ્ગ = યોગકારક = યોગ-અંશ હોય છે. (૩) તથા દેવના કાર્યમાં, (આદિથી ગુરુના કાર્યમાં) ખેદનો અભાવ હોય છે. (૪) તથા ભવોદ્વેગ, સિદ્ધાન્તનું લેખન વિગેરે રૂપ યોગબીજગ્રહણ હોય છે. (૫) યોગબીજોના શ્રવણમાં પરમશ્રદ્ધા હોય છે. (૬) સારા આત્માઓનો સંગમ હોય છે.

આટલો બધો ગુણવિકાસ થવાનું કારણ એ છે કે અહીં ચરમયથાપ્રવૃત્તકરણના સામર્થ્યથી કર્મમલ અલ્પ કરાયેલો હોય છે. (અહીં ચરમયથાપ્રવૃત્તકરણ નૈગમનયની અપેક્ષાએ સમજવું. બાકી જો કર્મગ્રન્થમાં બતાવેલ ચરમયથાપ્રવૃત્તકરણ લેશો તો એના પછી અંતમુહૂર્તની અંદર જ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જાય. અને તો પછી આ પહેલી દૃષ્ટિની પ્રાપ્તિ બાદ અંતમુહૂર્તમાં જ સમ્યક્ત્વ આવી જવાથી મિથ્યાત્વ સંબંધી બાકીની ત્રણ દૃષ્ટિઓ ન ઘટે. તેનો ઉચ્છેદ થવાની આપત્તિ આવે.

નૈગમનય તો ઘણાકાળપૂર્વે પણ તે વસ્તુને સ્વીકારતો હોય છે. જુઓ, શાસ્ત્રમાં એકભવિક, બદ્ધાયુષ્ક અને અભિમુખનામગોત્ર એમ ત્રણ પ્રકારે દ્રવ્યનિક્ષેપા બતાવેલા છે. આ દૃષ્ટિએ તીર્થંકરનો દ્રવ્યનિક્ષેપો માત્ર તીર્થંકરભવની બરાબર પૂર્વના ભવમાં જ સંભવે. જ્યારે ભરતે તો પ્રભુવીરના ભવથી અસંખ્યભવો પૂર્વે મરિચિમાં તીર્થંકરનો દ્રવ્યનિક્ષેપો ગણીને પ્રદક્ષિણા આપી. આ બધામાં નૈગમનય કામ કરે છે. એમ અહીં પણ કર્મગ્રન્થે માનેલા ચરમ યથાપ્ર. પહેલા પણ આ પ્રથમદૃષ્ટિની ભૂમિકામાં નૈગમનયની અપેક્ષાએ ચરમયથાપ્રવૃત્તકરણ સમજવું.)

આ ચરમયથાપ્રવૃત્તકરણના સામર્થ્યથી કર્મમલ અલ્પ થઈ ગયેલો હોય છે. આટલા બધા ગુણો પ્રગટે છે માટે જ તો આ ચરમયથાપ્રવૃત્તકરણ પરમાર્થથી = અન્વર્થથી

અપૂર્વકરણ જ છે. (આવો ગુણવિકાસ પૂર્વે ક્યારેય પ્રાપ્ત થયો જ નથી. એટલે તે અને તેને લાવનાર ચરમયથાપ્રવૃત્તકરણ પણ અપૂર્વ = પહેલા ક્યારેય પ્રાપ્ત ન થયેલ જ છે. માટે તે પરમાર્થથી અપૂર્વકરણ છે. અથવા તો વાસ્તવિક અપૂર્વકરણને અવશ્ય લાવી આપનાર = હોવાથી એ દૃષ્ટિએ પણ આ ચરમયથાપ્રવૃત્તકરણ એ અપૂર્વકરણ કહેવાય.)

આ પ્રમાણે યોગના જાણકાર જાણે છે.

---

**यशो० : उक्तं च (योगदृष्टिसमुच्चये) –**

अपूर्वासन्नभावेन व्यभिचारवियोगतः । तत्त्वतोऽपूर्वमेवेदमिति योगविदो विदुः ।।३९।।

**अस्यां चावस्थायां मिथ्यादृष्टावपि गुणस्थानपदस्य योगार्थघटनोपपद्यते, उक्तं च (योगदृष्टिसमुच्चये) –**

प्रथमं यद्गुणस्थानं सामान्येनोपवर्णितम् । अस्यां तु तदवस्थायां मुख्यमन्वर्थयोगतः ।।४०।।

---

**चन्द्र० : ननु** कथमिदं चरमयथाप्रवृत्तकरणं परमार्थतोऽपूर्वकरणमेव ? इत्यतः शास्त्रपाठमाह – **अपूर्वासन्नभावेन** = अपूर्वकरणस्य समीपवर्तित्वात् **व्यभिचारवियोगतः,** गुणप्राप्तिकरणे **व्यभिचारस्य** = अनेकान्तरूपस्य वियोगात् । न हि इदं चरमयथाप्रवृत्तकरणं गुणप्राप्तिमकारयित्वैव निवर्त्तते **इति** = एतस्मात्कारणात् **तत्त्वतोऽपूर्वमेव इदं** = चरमयथाप्रवृत्तकरणम् ।

**अस्या चावस्थायां** = प्रथमदृष्टिरूपायां **मिथ्यादृष्टावपि** = सम्यग्दृष्ट्यादौ तावद् गुणस्थानपदस्य योगार्थघटना सम्भवत्येवेत्य**पि**शब्दार्थः । **गुणस्थानपदस्य योगार्थघटना** = गुणानां स्थानं इति व्युत्पत्त्यर्थस्य सम्भवः **उपपद्यते** ।

शास्त्रपाठमाह – **उक्तं चेति** । **सामान्येन** = योगार्थमपुरस्कृत्य, रूढिमात्रमवलम्ब्येति यावद् **अस्यां तु तदवस्थायां** = अस्यां **अवस्थायां** = प्रथमदृष्टिरूपायां **तत्** = गुणस्थानं इत्यन्वयः । **मुख्यं** = प्रधानम् । कुतः ? इत्यत्र कारणमाह – **अन्वर्थयोगतः** = 'गुणानां स्थानं' इति व्युत्पत्त्यर्थसम्बन्धात् । शेषं स्पष्टम् ।

**ચન્દ્ર૦ : (પ્રશ્ન :** આ ચરમયથાપ્રવૃત્તકરણ પરમાર્થથી અપૂર્વકરણ જ છે એ કયાં આધારે કહી શકાય ?)

**ઉત્તર :** શાસ્ત્રમાં કહ્યું છે કે "આ ચરમયથાપ્રવૃત્તકરણ અપૂર્વકરણની નજીકમાં

હોવાથી, તેવા પ્રકારના ગુણોને (કે અપૂર્વકરણને) અવશ્ય લાવનાર હોવાને કારણે અહીં વ્યભિચારનો (ચરમયથાપ્રવૃત્તકરણ રૂપ કારણ હોય, છતાં ગુણો કે અપૂર્વકરણ રૂપ કાર્ય ન થવા રૂપ દોષનો) વિયોગ હોવાથી આ પરમાર્થથી અપૂર્વકરણ જ છે એમ યોગના જાણકારો જાણે છે.

વળી આ પ્રથમ દૃષ્ટિની અવસ્થામાં મિથ્યાદૃષ્ટિને વિશે પણ ગુણસ્થાનપદની યોગાર્થઘટના = વ્યુત્પત્તિઅર્થનો સંભવ ઘટે છે. (ગુણોનું સ્થાન એ વ્યુત્પત્તિ અર્થ છે એ આ દૃષ્ટિમાં ઘટે છે.)

અને યોગદૃષ્ટિસમુચ્ચયમાં કહેવાયેલું છે કે, "જે પહેલુ ગુણસ્થાન (અમારા વડે) સામાન્ય વડે = યોગાર્થને (વ્યુત્પત્તિને) પુરસ્કૃત નહીં કરીને = રૂઢિમાત્રને આશ્રયીને વર્ણન કરાયેલ છે, તે (ગુણસ્થાનક) તો આ અવસ્થામાં = પ્રથમદૃષ્ટિસ્વરૂપ (અવસ્થા)માં મુખ્ય છે = પ્રધાન છે.

**પ્રશ્ન :** શા માટે મુખ્ય છે ?

**ઉત્તર :** અન્વર્થનો યોગ હોવાથી = 'ગુણોનો સ્થાન' આ પ્રમાણેનો વ્યુત્પત્તિ અર્થનો સમ્બન્ધ હોવાથી.

---

**<u>यशो०</u> : तारायां तु मनाक्स्पष्टं दर्शनं, शुभा नियमाः, तत्त्वजिज्ञासा, योगकथास्वविच्छिन्ना प्रीतिः, भावयोगिषु यथाशक्त्युपचारः, उचितक्रियाऽहानिः, स्वाचारहीनतायां महात्रासः, अधिककृत्यजिज्ञासा च भवति ।**

---

<u>चन्द्र०</u> : द्वितीयां योगदृष्टिमाह - **तारायां तु** = तन्नाम्न्यां द्वितीयदृष्टौ **मनाक्स्पष्टं दर्शनं** = मित्रादृष्टिबोधसकाशात्स्पष्टो बोधः, किन्तु मनागेव, न त्वधिकः स्पष्टः । **शुभा नियमाः** = द्वितीयमिदं योगाङ्गम् । **तत्त्वजिज्ञासा** = द्वितीयोऽयं गुणः । **अविच्छिन्ना** = विच्छेदरहिता, **भावयोगिषु** = सदाचार्यादिषु **यथाशक्ति** = शक्तिमविगोप्य, शक्तिमनुल्लङ्घ्य च **उपचारः** = भक्तपानादिदानरूपा भक्तिः । **अधिककृत्यजिज्ञासा** = स्वसुकृत्याद् यदधिकं सुकृत्यं ब्रह्मचर्यादिरूपं, तज्ज्ञातुमिच्छा "कथमेतत्सम्भवति ?" इत्यादिरूपा । अधिककृत्येच्छुः स अधिककृत्यजिज्ञासुर्भवत्येवेति स्पष्टमेव ।

<u>ચન્દ્ર૦</u> : તારા નામની બીજી યોગદૃષ્ટિમાં (૧) મિત્રાદૃષ્ટિમાં રહેલા બોધ કરતા સ્પષ્ટ છતાં ઓછો સ્પષ્ટ એવો મોક્ષાનુસારી બોધ હોય છે. (૨) શુભનિયમો રૂપી બીજું યોગાંગ હોય છે. (૩) તત્ત્વોની જિજ્ઞાસારૂપી બીજો ગુણ હોય છે. (૪) યોગકથાઓને

વિશે વિચ્છેદ વિનાની પ્રીતિ હોય છે. (૫) સારા આચાર્યાદિ રૂપ ભાવયોગીઓને વિશે પોતાની શક્તિ છૂપાવ્યા વિના અને ઉલ્લંઘ્યા વિના ભક્ત-પાનાદિ દાન રૂપ ભક્તિ હોય. (૬) પોતે જે સારા કાર્યો કરતો હોય, તેના કરતા વધારે જે સારા કાર્યો બ્રહ્મચર્ય વિગેરે હોય, તેને જાણવાની ઈચ્છા હોય. ("આ બધા કાર્યો શી રીતે પ્રાપ્ત થાય ?" "શી રીતે સંભવી શકે ?" એવા પ્રકારની એને જિજ્ઞાસા થાય.

સ્વાભાવિક છે કે અધિકકૃત્યની ઈચ્છાવાળાને તે અધિકકૃત્યોને જાણવાની ઈચ્છા પણ થાય જ.)

---

**यशो० : तथाऽस्यां स्थितः स्वप्रज्ञाकल्पिते विसंवाददर्शनान्नानाविधमुमुक्षुप्रवृत्तेः कात्स्न्र्येन ज्ञातुमशक्यत्वाच्च शिष्टाचरितमेव पुरस्कृत्य प्रवर्त्तते । उक्तं च –**

नास्माकं महती प्रज्ञा सुमहान् शास्त्रविस्तरः । शिष्टाः प्रमाणमिह तदित्यस्यां मन्यते सदा ।।४८।।

---

**चन्द्र० : तथा अस्यां** = द्वितीयोगदृष्टौ **स्थितः** = जीवः **स्वप्रज्ञाकल्पिते** = स्वबुद्धिमात्रेण चिन्तिते पदार्थे **विसंवाददर्शनात्** = प्रत्यक्षानुमानादिभिर्विरोधदर्शनात् **नानाविधमुमुक्षुप्रवृत्तेः** = नानाविधा = अनेकप्रकारा या मुमुक्षूणां = मोक्षार्थिनां प्रवृत्तिः, तस्याः **कात्स्न्र्येन** = संपूर्णतया **ज्ञातुमशक्यत्वाच्च शिष्टाचरितमेव पुरस्कृत्य प्रवर्त्तते** ।

अयं भावः - द्वितीयोगदृष्टिमान् जीवो हि स्वप्रज्ञया कञ्चित्पदार्थं कल्पयति । किन्तु तदनन्तरं तस्मिन्नेव पदार्थे तस्य प्रत्यक्षादिना विरोधो दृश्यते । ततश्च स चिन्तयति "नूनं मज्ज्ञानं न सत्यं, अन्यथा कथं मम कल्पिते पदार्थे विरोधो भवेत् । तस्मान्नाधुना मया स्वमतिकल्पनया पदार्थाः कल्पनीयाः, न तदनुसारेण प्रवर्त्तितव्यं, किन्तु शिष्टा यदेवाचरन्ति, तदेव मयाऽपि आचरित व्यमिति" ।

तथा "मोक्षानुकूला अनेकाः प्रवृत्तयो दृश्यन्ते, तास्तु संपूर्णा मया ज्ञातुं न शक्यन्ते । ततश्च न जाने मोक्षार्थं का प्रवृत्तिः अधिकं समादरणीयाः ? ततश्चात्रापि शिष्टा यामेव प्रवृत्तिं मोक्षार्थमाचरन्ति मां च तत्र प्रवर्त्तयन्ति, तामेवाहमाचरिष्यामि" इति चिन्तयित्वा अयं शिष्टाचारमेव पुरस्कृत्य प्रवर्त्तते ।

शास्त्रपाठमाह - **नास्माकं** = द्वितीययोगदृष्टिमान् जीवश्चिन्तयति, यदुत न अस्माकं **महती प्रज्ञा**, किन्तु अल्पैव । **तत्** = यतोऽस्माकं प्रज्ञा अल्पा, **शास्त्रविस्तरश्च सुमहान्**,

तस्मात्कारणात् **इह** = अस्मिन्विषये **शिष्टाः प्रमाणम्**। "न हि वयं शास्त्रं ज्ञात्वा तदनुसारेण प्रवृत्ति कर्तुं समर्थाः स्तः, ततश्चात्र शिष्टाचारानुसारेणैवास्माकं प्रवृत्तिः उचिता" इति **अस्यां** = द्वितीयदृष्टौ **सदा मन्यते**।

<u>**ચન્દ્ર૦**</u> : વળી આ બીજી દષ્ટિમાં રહેલો જીવ પોતાની બુદ્ધિથી કલ્પાયેલા પદાર્થમાં વિસંવાદ દેખાવાથી અને જુદાજુદા પ્રકારની મુમુક્ષુઓની પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે જાણવી શક્ય ન હોવાથી શિષ્ટાચારને જ આગળ કરી પ્રવર્તે છે.

(આશય એ છે કે આ જીવ પોતાની બુદ્ધિથી કોઈક પદાર્થ વિચારે, નક્કી કરે અને પાછળથી એને જ પોતે કલ્પેલા પદાર્થમાં શાસ્ત્રવિરોધ, પ્રત્યક્ષવિરોધ, યુક્તિવિરોધાદિ દેખાય. આવું બને એટલે એ સમજી જાય કે મારે મારી બુદ્ધિ મુજબ પદાર્થ કલ્પીને પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી. કેમકે મારા કલ્પેલા પદાર્થો ખોટા પડે છે. એટલે મારે તો એ જ જોવાનું કે "શિષ્ટપુરુષો શી રીતે પ્રવૃત્તિ કરે છે ?" એ જોઈને મારે એ પ્રમાણે જ પ્રવર્તવું.

વળી મુમુક્ષઓની મોક્ષ માટેની પ્રવૃત્તિઓ અનેક પ્રકારની જોઈ એ વિચારે કે હજારો પ્રકારની આ બધી પ્રવૃત્તિઓ મારાથી શી રીતે જણાય ? એ શક્ય જ નથી. બધી જ પ્રવૃત્તિઓ જણાઈ જાય તો પછી કઈ પ્રવૃત્તિ મારે કરવી ? ઈત્યાદિ નિર્ણય થાય. પણ એ જણાતી નથી એટલે આમાં પણ શિષ્ટપુરુષો જે પ્રવૃત્તિ કરે, એ જ પ્રમાણે મારે પણ પ્રવૃત્તિ કરવી ઉચિત છે. આમ બે કારણસર તે જીવો શિષ્ટાચારને આગળ કરીને જ પ્રવૃત્તિ કરનારા હોય.)

યોગદષ્ટિસમુચ્ચયમાં કહ્યું છે કે "(એક બાજુ) અમારી કોઈ મોટી પ્રજ્ઞા નથી. (તો બીજી બાજુ) શાસ્ત્રનો વિસ્તાર ઘણો મોટો છે. તો આ બે કારણસર આ વિષયમાં શિષ્ટો જ પ્રમાણ છે. એમ આ દષ્ટિમાં રહેલો જીવ સદા માને."

---

**<u>यशो०</u> : बलायां दृष्टौ दृढं दर्शनं, स्थिरसुखमासनं, परमा तत्त्वशुश्रूषा, योगगोचरोऽक्षेपः, स्थिरचित्ततया योगसाधनोपायकौशलं च भवति ।**

---

<u>**चन्द्र०**</u> : तृतीयां दृष्टिमाह - **बलायां दृष्टौ** तारादृष्ट्यपेक्षया **दृढं दर्शनं** = दृढो बोधः। **स्थिरसुखं** = स्थिरं चेदं सुखं चेति स्थिरसुखं **आसनं** = तृतीयं योगाङ्गम् । **परमा तत्त्वशुश्रूषा** = तृतीयो गुणः । **योगगोचरोऽक्षेपः** = तृतीयदोषस्याभावः । **स्थिरचित्ततये**-त्यादि। यतस्तेषां स्थिरचितं, ततो योगसाधनभूतेषूपायेषु कौशलं भवतीति भावः ।

**ચન્દ્ર૦** : ૧. ત્રીજી બલા દૃષ્ટિમાં દર્શન = મોક્ષાનુસારી બોધ દૃઢ હોય છે. ૨. સ્થિર અને સુખકારી આસન હોય છે. ૩. પરમ એવી તત્ત્વશુશ્રૂષા હોય છે. ૪. યોગસંબંધી અક્ષેપ હોય છે. ૫. ચિત્ત સ્થિર હોવાથી યોગના સાધનભૂત એવા ઉપાયોમાં કુશળતા હોય છે. (અહીં આસન ત્રીજું યોગાંગ છે. તત્ત્વશુશ્રૂષા ત્રીજો ગુણ છે. ત્રીજા ક્ષેપ દોષનો અભાવ હોય છે.)

---

**यशो० : दीप्रायां दृष्टौ प्राणायामः, प्रशान्तवाहितालाभाद् योगोत्थानविरहः, तत्त्वश्रवणं, प्राणेभ्योऽपि धर्मस्याधिकत्वेन परिज्ञानं, तत्त्वश्रवणतो गुरुभक्तेरुद्रेकात्समापत्त्यादिभेदेन तीर्थकृद्दर्शनं च भवति ।**

---

**चन्द्र०** : चतुर्थीं योगदृष्टिं प्रतिपादयति - **दीप्रायां दृष्टौ प्राणायामः** = चतुर्थं योगाङ्गम् । **योगोत्थानविरहः** = योगोत्थानरूपस्य चतुर्थदोषस्याभावः । **तत्त्वश्रवणं** = पञ्चमो गुणः । **प्राणेभ्योऽपी**त्यादि, "धर्मः प्राणेभ्योऽपि अधिकः" इत्येवं परिज्ञानम् । **गुरुभक्तेरुद्रेकात्** = गुरुभक्तेरुत्कर्षात् । गुरुसमीपे तत्वश्रवणेन गुरौ बुहमानं वर्धते, ततश्च गुरुभक्तेर्वृद्धिः आपत्तिः, साक्षात्तीर्थकृत्त्वप्राप्तिः संपतिः । ततश्च **समापत्यादिभेदेन** = तीर्थकृता सहैकतानुभवनं समापत्तिः, तीर्थकरनामकर्मबन्ध आपत्तिः, साक्षात्तीर्थकृत्त्वप्राप्तिः सम्पतिः । ततश्च समापत्त्यादिभेदेन तीर्थकृद्दर्शनं भवति । समापत्त्यादिव्याख्या तु "ध्यानं चैकाग्र्यसंवित्तः समापत्तिस्तदेकता, आपत्तिश्च ततः पुण्यतीर्थकृत्कर्मबन्धतः, तद्भावाभिमुखत्वेन संपत्तिश्च क्रमाद् भवेत्" इति ज्ञानासारध्यानाष्टकश्लोकानुसारतोऽत्र कृतेति ।

**ચન્દ્ર૦** : ૧. ચોથી દીપ્રા દૃષ્ટિમાં પ્રાણાયામ નામનું ચોથું યોગાંગ હોય છે. ૨. પ્રશાન્તવાહિતાની પ્રાપ્તિ થયેલ હોવાથી યોગોત્થાનનો વિરહ, ૩. તત્ત્વનુ શ્રવણ તથા પ્રાણ કરતા પણ ધર્મનું અધિક તરીકે જ્ઞાન હોય છે. ૪. તત્ત્વના શ્રવણ દ્વારા ગુરુભક્તિની વૃદ્ધિ થતી હોવાથી સમાપત્તિ વિગેરે ભેદથી તીર્થંકરનું દર્શન થાય છે. (તીર્થંકર સાથે એકતા = અભેદની અનુભૂતિ એ સમાપત્તિ, તીર્થંકરનામકર્મનો બંધ એ આપત્તિ અને સાક્ષાત્તીર્થંકર બનવું એ સમ્પત્તિ એમ જ્ઞાનસારના ધ્યાનાષ્ટકની ગાથા પ્રમાણે જણાય છે.)

---

**यशो० : तथा मित्रादृष्टिस्तृणाग्निकणोपमा न तत्त्वतोऽभीष्टकार्यक्षमा, सम्यक्प्रयोगकालं यावदनवस्थानात्,**

**चन्द्र०** : मित्रादिदृष्टिषु बोधतारतम्यादिकमाह - **तथा मित्रादृष्टिः** = मोक्षानुसारी योऽत्यल्पबोधकः, तद्रूपा **तृणाग्निकणोपमा**। एतदुपमा किमर्थं दत्ता ? इत्यत्र तत्फलमाह - **न तत्त्वतोऽभीष्टकार्यक्षमा,** अभीष्टं = इष्टं यच्चैत्यवन्दनादिरूपं मोक्षानुकूलं कृत्यं, तदर्थं समर्था। अत्र **तत्त्वतः** इति पदं अभीष्टकार्यपदेन सह योज्यम्। ततश्च तात्त्विकं अभीष्टकार्यं प्रति सा दृष्टिरक्षमा। अतात्त्विकं तु अभीष्टकार्यं योगदृष्टिविरहितानामपि सम्भवति, किं पुनः प्रथमयोगदृष्टिमतामिति।

किमर्थं सा दृष्टिस्तात्त्विकाभीष्टकार्यक्षमा न भवति ? इत्यत्र कारणमाह - **सम्यक्प्रयोगकालं यावत्** = यस्मिन्काले चैत्यवन्दनादिकार्यं क्रियते, तत्कालं यावत् **अनवस्थानात्** = विद्यमानत्वाभावात्।

इदमत्र तात्पर्यम् - यथा तृणाग्निकणस्य स्वल्पः प्रकाशो भवति, किन्तु स प्रकाशो पचनपठनादिक्रियासूपयोगी न भवति। यतो यावत् सा क्रिया क्रियते, तदर्वागेव स विध्वंस-माप्नोति। एवं अस्यां दृष्टौ मोक्षानुसारी स्वल्पः शुद्धबोधः प्रादुर्भवति, तथाऽपि चैत्यवन्द-नादिक्रियाकालं यावत्स बोधो नावतिष्ठते, तादृशबोधं विना च चैत्यवन्दनादिक्रियायास्तात्त्विकत्वं न भवतीति सा दृष्टिस्तात्त्विकाभीष्टकार्याक्षमा निगद्यते।

**ચન્દ્ર૦** : (બતાવેલી ચાર દષ્ટિઓમાં મોક્ષાનુસારી બોધની તરતમતાને દેખાડે છે કે) મિત્રાદષ્ટિ તણખલાના અગ્નિના કણ જેવી હોય છે. (આવી ઉપમા એટલા માટે આપી છે કે જેમ એ કણ સ્વયં દેખાય ખરો પણ એ કણના પ્રકાશથી રસોઈ પકાવવી, ભણવું વિગેરે કોઈ ક્રિયા થઈ શકતી નથી. કેમકે એ ક્રિયાઓ થાય ત્યાં સુધી એ પ્રકાશ ટકી જ શકતો નથી.)

(એમ પ્રસ્તુત બોધ પ્રગટ થાય ત્યારે આત્માને તેની અનુભૂતિ ચોક્કસ થાય. પણ ચૈત્યવંદનાદિ ઉત્કૃષ્ટ ક્રિયાઓ થાય ત્યાં સુધી એ બોધ ટકતો નથી. અને એ બોધ વિના ચૈત્યવંદનાદિ ક્રિયાઓ તાત્ત્વિક બનતી નથી.) એટલે આ બોધ સ્વરૂપ મિત્રા દષ્ટિ તાત્ત્વિક એવા અભીષ્ટ કાર્ય માટે સમર્થ નથી. (આમ તાત્ત્વિક અભીષ્ટ = ઈષ્ટ કાર્યની અક્ષમતા દેખાડવા માટે એને તૃણાગ્નિકણની ઉપમા આપવામાં આવી છે.)

(અતાત્ત્વિક ચૈત્યવંદનાનદિ ક્રિયાઓ તો અભવ્યાદિ દષ્ટિરહિત જીવોને પણ હોય છે, તો પ્રથમદષ્ટિવાળાને તો હોઈ જ શકે છે. એટલે એનો નિષેધ નથી કર્યો. तत्त्वतः શબ્દ **अभीष्टकार्य** શબ્દની સાથે જોડવો.)

यशो० : अल्पवीर्यतया ततः पटुस्मृतिबीजसंस्काराधानानुपपत्तेः,

चन्द्र० : ननु सम्यक्प्रयोगकालं यावत् स बोधो माऽवतिष्ठतु, किन्तु तज्जन्यः संस्कारस्तु सम्यक्प्रयोगकालं यावत्तिष्ठत्वेव । तेन च सा क्रिया तात्त्विकैव भवतीति स बोधः स्वजन्यसंस्कारद्वारा तत्त्वतोऽभीष्टकार्यक्षमो भवत्येवेति किं तन्निषेधोऽत्र कृतः ? इति शङ्कायामाह- अल्पवीर्यतया = अल्पशक्तिमत्त्वेन बोधस्येति शेषः । ततः = मित्रादृष्टिगतबोधात् पटुस्मृतिबीजसंस्काराधानानुपपत्तेः = पटुस्मृतेः = प्रगुणस्य बोधविषयस्मरणस्य बीजं यः संस्कारः, तस्यात्मनि यदाधानं, तदसम्भवात् । यद्यपि बोधः संस्कारजनको भवत्येव । संस्कारश्च बोधविषयस्मृतिजनको भवत्येव । तथाऽपि बोधस्यैव अल्पशक्तिमत्त्वात् स अल्पशक्तिमन्तमेव स्मृतिबीजं संस्कारं जनयति । अल्पशक्तिमांश्च संस्कारः स्वरूपतः स्मृतिबीजमपि पटुस्मृतिं जनयितुं नालं, अल्पशक्तित्वात् । तस्मान्न मित्रादृष्टिबोधः स्वजन्यसंस्कारद्वाराऽपि तात्त्विकचैत्यवन्दनादिक्रियां जनयितुं समर्थ इति ।

ચન્દ્ર૦ : (**પૂર્વપક્ષ** : "ચૈત્યવંદનાદિ સમ્યક્ક્રિયા કરવાના કાળ સુધી તે બોધ ભલે ન ટકો, પરંતુ તે બોધથી જન્ય સંસ્કાર તો ક્રિયાકાળ સુધી ટકી જ શકે છે. અને એ સંસ્કાર બોધવિષયની સ્મૃતિને ત્યારે ઉત્પન્ન કરી જ દે. એટલે સ્મૃતિરૂપે બોધ ત્યાં હાજર જ રહે છે. આમ બોધની હાજરી રહેવાથી તે ક્રિયા તાત્ત્વિક બની જાય. એટલે કે મિત્રાદૃષ્ટિબોધ સ્વજન્યસંસ્કાર દ્વારા (કે સ્વજન્યસંસ્કારજન્ય સ્મૃતિ દ્વારા) તાત્ત્વિકક્રિયાને જન્મ આપી દે છે. તો પછી તમે એમ શા માટે કહ્યું ? કે મિત્રાદૃષ્ટિ તાત્ત્વિક અભીષ્ટકાર્ય માટે અસમર્થ છે.")

**ઉપાધ્યાયજી** : તમે પદાર્થ તો સારો બતાવ્યો. પણ એ વાત તમારા ખ્યાલમાં નથી કે આ બોધ અત્યંત અલ્પશક્તિવાળો છે. અને એટલે જ એનાથી સ્મૃતિના બીજ રૂપ સંસ્કાર ઉત્પન્ન થાય ખરા, પણ એ સંસ્કાર પણ શક્તિવાળા ન થાય. શક્તિ વિનાના મંદ સંસ્કાર પટુસ્મૃતિને જન્મ ન આપી શકે એવા જ થાય.

(એટલે એ સંસ્કાર સ્વરૂપથી સ્મૃતિબીજ હોવા છતાં શક્તિમાન ન હોવાથી અહીં પટુસ્મૃતિનું કારણ બની શકતા નથી. અને શક્તિબીજભૂત પટુ સંસ્કાર તો આ બોધથી ઉત્પન્ન થતા જ નથી. માટે આ બોધ સંસ્કારાદિ દ્વારા પણ તાત્ત્વિક ક્રિયાનું કારણ બની શકતા નથી.)

**यशो० : विकलप्रयोगभावाद् भावतो वन्दनादिकार्यायोगादिति ।**

**चन्द्र० : ननु** मा भवतु मित्रादृष्टिबोधजन्यसंस्कारोत्पादितया स्मृत्या युक्ता सा चैत्यवन्दनादिका क्रिया, किन्तु तद्रहिता तु भवत्येव । किमर्थं सा तात्त्विकी न गण्यते ? अभव्यादीनामिव प्रथमदृष्टिमतामपि सम्पूर्णक्रियासद्भावस्यानिषेध्यत्वात्, इत्यत आह - **विकलप्रयोगभावात्** = उचितद्रव्यक्षेत्रकालभावरहितस्य चैत्यवन्दनादिक्रियाप्रयोगस्य सद्भावात् **भावतो वन्दनादिकार्यायोगात्** । इदमत्र तात्पर्यम् । अभव्यादीनां या संपूर्णा क्रिया प्रतिपादिता, सा द्रव्यक्षेत्रकालापेक्षयैव । अत एव तेषां संपूर्णा द्रव्यक्रियैव प्रतिपादिता, न तु भावेनापि सा क्रिया संपूर्णा भवति । एवं प्रकृतेऽपि प्रथमदृष्टिमतां द्रव्यक्षेत्रकालसंपूर्णायाः क्रियायाः कोऽत्र निषधकर्ता ? केवलं तादृशक्रियोचितभावस्यासद्भावात् स क्रियाप्रयोगो विकलप्रयोग एव गण्यते, ततश्च विकलप्रयोगरूपत्वात् सा चैत्यवन्दनादिक्रिया भावक्रिया न भवति, अर्थात् तात्त्विकाभीष्टकार्यं न भवति । एवं च युक्तमेवोक्तम्-मित्रादृष्टिस्तत्त्वतोऽभीष्टकार्याक्षमा इति ।

**ચન્દ્ર૦ : (પૂર્વપક્ષ :** મિત્રાદષ્ટિના બોધથી જન્ય એવા સંસ્કાર વડે ઉત્પન્ન કરાયેલી સ્મૃતિથી યુક્ત તે ચૈત્યવંદનાદિ ક્રિયા ભલે ન થાઓ, પણ એ વિનાની ક્રિયા તો થાય જ છે. તે કેમ તાત્ત્વિક ક્રિયા ન ગણાય ? અભવ્ય વિગેરેની જેમ પહેલી દષ્ટિવાળાઓને પણ સંપૂર્ણક્રિયાનો સદ્ભાવ હોઈ જ શકે છે.)

**ઉપાધ્યાયજી :** (અભવ્યોને જે સંપૂર્ણ ક્રિયા કહી છે, તે દ્રવ્ય, ક્ષેત્ર અને કાળની અપેક્ષાએ જ કહી છે. ભાવની અપેક્ષાએ નહિ આથી જ તો તેઓને સંપૂર્ણ **દ્રવ્ય** ક્રિયા જ કહી છે. ભાવથી પણ સંપૂર્ણ ક્રિયા નહિ.) એમ પ્રસ્તુતમાં પણ પહેલી દષ્ટિવાલાઓને દ્રવ્ય, ક્ષેત્ર અને કાળથી સંપૂર્ણ ક્રિયા હોવાનો નિષેધ તો કોઈ નથી કરતું. માત્ર એટલું કે તેવી ક્રિયાને ઉચિત ભાવનુ અસદ્ભાવ છે. તેથી ક્રિયાપ્રયોગ એ વિકલ પ્રયોગ જ ગણાય. અને તેથી તે ચૈત્યવંદનાદિ ક્રિયા વિકલ પ્રયોગ સ્વરૂપ હોવાથી ભાવ ક્રિયા ન થાય. એટલે એ વાત બરાબર છે કે મિત્રાદષ્ટિ તત્ત્વથી અભીષ્ટકાર્ય માટે સમર્થ નથી.

**यशो० : तारादृष्टिर्गोमयाग्निकणसदृशी, इयमप्युक्तकल्पैव, तत्त्वतो विशिष्टस्थिति-वीर्यविकलत्वाद् । अतोऽपि प्रयोगकाले स्मृतिपाटवासिद्धेः, तदभावे प्रयोगवैकल्यात्, ततस्तथाकार्याभावादिति ।**

**चन्द्र० : तारादृष्टि**रित्यादि । **इयमपि** = न केवलं मित्रैव, किन्तु ताराऽपि **इत्यपि**शब्दार्थः,

**उक्तकल्पैव** = उक्ता या मित्रा, तत्सदृश्येव, तत्त्वतोऽभीष्टकार्याक्षमैवेति भावः । किमर्थं सा एतादृशी ? इत्यत्र कारणमाह - **तत्त्वतो विशिष्टस्थितिवीर्यविकलत्वात्** = परमार्थत उपयोगतः क्षयोपशमभावतो वा ये विशिष्टे स्थितिवीर्ये, तद्रहितत्वात् । क्रियाकालं यावत् स बोधो न स्वयं अवतिष्ठतीति विशिष्टस्थितिमान्नास्ति, ततश्च न स स्वयं अभीष्टकार्यक्षमं भवति । तथा स वीर्यरहितत्वान्न पटुस्मृतिजनकं संस्कारं जनयतीति न तादृशसंस्कारद्वाराऽप्यभीष्टकार्यक्षमं भवतीति ।

एतदेवाह - **अतोऽपि** = तारादृष्टिबोधादपि, न केवलं मित्रादृष्टिबोधत एवे**त्यपि**शब्दार्थः, **प्रयोगकाले** = चैत्यवन्दनादिक्रियाकाले **स्मृतिपाटवासिद्धेः** = पटुस्मृतेरसम्भवात् । **तदभावे** = पटुस्मृत्यभावे **प्रयोगवैकल्यात्** = भावरहितत्वात्, **ततः** = तारादृष्टितः **तथाकार्याभावात्** = तात्त्विकचैत्यवन्दनादिकार्याभावात् ।

इयञ्च वाक्यान्वयपद्धतिरत्र । यस्मादेषा तारादृष्टिस्तत्त्वतो विशिष्टस्थितिवीर्यविकला, तस्मात् तस्याः सकाशादपि प्रयोगकाले स्मृतिपाटवासिद्धिः । यस्माच्च तस्याः सकाशादपि स्मृतिपाटवासिद्धिः, तस्मात् तदभावे प्रयोगवैकल्यम् । यस्माच्च तदभावे प्रयोगवैकल्यं, तस्मात् ततस्तथाकार्याभावः, यस्माच्च ततस्तथाकार्याभावः, तस्मादिदमपि उक्तकल्पैवेति ।

**ચન્દ્ર૦ :** બીજી તારાદષ્ટિ છાણના અગ્નિના કણ જેવી છે. આ પણ મિત્રાદષ્ટિ જેવી જ (વિશિષ્ટ કાર્યઅક્ષમ જ) છે. એનું કારણ એ છે કે આ તારાદષ્ટિ (બોધ) પરમાર્થથી વિશિષ્ટ સ્થિતિ અને વિશિષ્ટ વીર્ય વિનાની છે. (જો વિશિષ્ટ સ્થિતિવાળી હોય, તો છેક ક્રિયાપ્રયોગ કાળ સુધી તે બોધ ટકત અને તો એ ક્રિયા સમ્યક્પ્રયોગ બની જાત. પણ આ દષ્ટિ વિશિષ્ટ સ્થિતિવાળી નથી. વળી, આ તારાદષ્ટિ વિશિષ્ટ વીર્યવાળી હોત, તો એના દ્વારા ઉત્પન્ન થતા સંસ્કાર પટુસ્મૃતિને ઉત્પન્ન કરત, પણ આ દષ્ટિ વિશિષ્ટવીર્યવાળી પણ નથી.)

આ દષ્ટિ વિશિષ્ટસ્થિતિ અને વીર્ય વિનાની છે, માટે આ દષ્ટિથી પણ પ્રયોગકાળમાં સ્મૃતિની પટુતા સિદ્ધ થતી નથી. અને એ સ્મૃતિપટુતાના અભાવમાં પ્રયોગની વિકલતા થાય છે. અને પ્રયોગની વિકલતાના કારણે આ દષ્ટિ દ્વારા તાત્ત્વિક અભીષ્ટકાર્ય થતું નથી અને આ માટે જ આ તારાદષ્ટિ મિત્રા જેવી જ કહી છે.

---

**यशो० : बलादृष्टिः काष्ठाग्निकणतुल्या, ईषद्विशिष्टोक्तबोधद्वयात्, तद् भवत्तोऽत्र मनाक्स्थितिवीर्येऽतः पटुप्राया स्मृतिरिह प्रयोगसमये, तद्भावे चार्थप्रयोगमात्रप्रीत्या**

यत्नलेशभावादिति ।

**चन्द्र० : काष्ठाग्निकणतुल्या**, अत एव **ईषद्विशिष्टा** = किञ्चिद्विशिष्टा । कस्माद् विशिष्टा ? इत्याह - **उक्तबोधद्वयात्** = मित्राताराद‍ृष्टिगतबोधद्वयात् । **तत्** = यस्मादियं दृष्टिः उक्तबोधद्वयाद् विशिष्टा, तस्मात् । **पटुप्राया** = प्रायः पट्वी, न तु सर्वथैव पट्व्येवेति । पटुप्रायस्मृतिफलमाह - **तद्भावे च** = पटुप्रायस्मृतिसद्भावे च **अर्थप्रयोगमात्रप्रीत्या** = सर्वेषु अर्थप्रयोगेषु प्रीत्या, न तु द्रव्यक्रियामात्र एव । **यत्नलेशभावात्** = प्राक्तनदृष्टिगततुच्छयत्नतोऽधिकयत्नस्य सद्भावात् ।

**ચન્દ્ર૦ :** બલાદૃષ્ટિ લાકડાના અગ્નિના કણ જેવી છે. માટે જ મિત્રા-તારાના બતાવેલા બે બોધ કરતા કંઈક વિશિષ્ટ હોય છે. તેથી આ દૃષ્ટિમાં કંઈક બોધની સ્થિતિ અને બોધની શક્તિ હોય છે. આથી જ અહીં પ્રયોગસમયે લગભગ પટુ = સુંદર = શક્તિશાળી સ્મૃતિ હોય છે. અને સ્મૃતિની હાજરીમાં તમામ અર્થપ્રયોગમાં (માત્ર દ્રવ્યક્રિયામાં નહિ) (અર્થપ્રયોગમાત્રમાં) પ્રીતિ હોવાથી પ્રયોગમાં લેશ યત્ન પ્રગટ થાય છે.

**यशो० : दीप्रादृष्टिर्दीपप्रभासदृशी, विशिष्टतरोक्तवीर्यबोधत्रयाद्, अतोऽत्रोदग्रे स्थितिवीर्ये, तत्पट्व्यपि प्रयोगसमये स्मृतिः, एवं भावतोऽप्यत्र द्रव्यप्रयोगो वन्दनादौ, तथाभक्तितो यत्नभेदप्रवृत्तेरिति प्रथमगुणस्थानप्रकर्ष एतावानिति समयविदः।**

**चन्द्र० : विशिष्टतरा** = कस्माद् विशिष्टतरा ? इत्याह - **उक्तवीर्यबोधत्रयात्** । **अतः** = दीप्रदृष्टेः उक्तबोधत्रयाद् विशिष्टतरत्वात् **अत्र** = अस्यां दृष्टौ **उदग्रे** = तीव्रे **स्थितिवीर्ये**। **तत्** = उदग्रस्थितिवीर्यसद्भावात् **पट्व्यपि** = पट्व्येव **प्रयोगसमये स्मृतिः** । अथवा "**अपि**"शब्दः स्मृतिपदेन सहान्वेतव्यः, ततश्च स्मृतिरपि प्रयोगसमये पट्वी भवतीत्यर्थो लभ्यते ।

**एवं** = अनन्तरोदितरीत्या **भावतोऽपि** = न केवलं द्रव्यत एव **अत्र** = चतुर्थ्यां योगदृष्टौ **द्रव्यप्रयोगः** = नमनादिरूपा बाह्यक्रिया **वन्दनादौ** । स्मृतिपाटवादिसद्भावाद् अत्र दृष्टौ वन्दनादौ क्रियमाणा नमनादिरूपा क्रिया न केवलं द्रव्यत एव, किन्तु भावतोऽपि भवत्येवेति। अत्र भावतोऽपि द्रव्यप्रयोगो भवति इत्यत्र कारणमाह - **तथाभक्तितः** = प्राक्तनदृष्टित्रया-भ्यधिकभक्तिसद्भावात् **यत्नभेदप्रवृतेः** = प्राक्तनदृष्टित्रयगतयत्नाभ्यधिकयत्नप्रवृत्तेः । यस्मादत्र विशिष्टभक्तिसद्भावाद् विशिष्टयत्नो भवति, तस्मादत्र द्रव्यप्रयोगो भावतोऽपि भवतीति भावः ।

**प्रथमगुणस्थानप्रकर्ष एतावान्** = प्रतिपादितस्वरूपः **इति समयविदः** ।

**चन्द्र०** : દીપ્રા દૃષ્ટિ દીપની પ્રભા જેવી છે. પૂર્વે બતાવેલા વીર્યવાળા ત્રણ બોધ કરતા આ દૃષ્ટિ વધુ વિશિષ્ટ છે. આથી અહીં બોધની જોરદાર સ્થિતિ અને જોરદાર વીર્ય હોય છે. આથી અહીં પ્રયોગસમયે સ્મૃતિ પણ જોરદાર હોય છે. (અથવા સ્મૃતિ જોરદાર જ હોય છે. अपि एव ના અર્થમાં) આ પ્રમાણે આ દૃષ્ટિમાં વંદનાદિને વિશે જે નમનાદિક્રિયારૂપ દ્રવ્યપ્રયોગ છે, તે ભાવથી પણ હોય છે. માત્ર દ્રવ્યથી નથી હોતો. તેનું કારણ એ છે કે અહીં પૂર્વની દૃષ્ટિઓ કરતા વિશિષ્ટ પ્રકારની ભક્તિ છે અને માટે પૂર્વના યત્ન કરતા વિશિષ્ટ પ્રકારનો જ યત્ન વંદનાદિ ક્રિયામાં પ્રવર્તે છે.

(ઉપર બતાવેલા મુજબ આટલો પહેલો ગુણસ્થાનનો પ્રકર્ષ છે એમ શાસ્ત્રવેત્તાઓ ફરમાવે છે. (એનાથી વધારે ગુણપ્રકર્ષ સમ્યગ્દર્શનગુણસ્થાનમાં સમાઈ જાય છે.)

---

**यशो० : इत्थं चोक्तस्य योगदृष्टिसमुच्चयग्रन्थार्थस्यानुसारेण मिथ्यादृष्टीनामपि मित्रादिदृष्टियोगेन तथागुणस्थानकत्वसिद्धेः तथाप्रवृत्तेरनाभिग्रहिकस्य संभवादनाभिग्रहिकत्वमेव तेषां शोभनमित्यापन्नम् ।।१३।।**

---

**चन्द्र०** : एवं योगदृष्टिग्रन्थवृत्त्यर्थमभिधाय महोपाध्याया निष्कर्षमाहुः - **इत्थं च उक्तस्य** = अनन्तरमेव प्रतिपादितस्य **योगदृष्टिसमुच्चये**त्यादि । **मिथ्यादृष्टीनामपि** = न केवलं सम्यग्दृशामेव **इत्यपि**शब्दार्थः, **मित्रादिदृष्टियोगेन** = मित्रादिदृष्टिप्राप्तेः **तथागुणस्थानकत्वसिद्धेः** = व्युत्पत्त्यर्थसमन्वितस्य गुणस्थानकत्वस्य सिद्धेः । **तथाप्रवृत्तेः** = मित्रादिदृष्ट्युचितप्रवृत्तेः **अनाभिग्रहिकस्य** = न त्वन्यस्य गाढमिथ्यादृष्टिनः **संभवाद् अनाभिग्रहिकत्वमेव** = न तु मित्रादिदृष्टिमात्रं, न वा तादृशप्रवृत्तिमात्रं, **तेषां** = मित्रादिदृष्टिमतां मिथ्यादृशां **शोभनमिति आपन्नं** = सिद्धम् ।

अयं भावः - मिथ्यादृष्टीनां मित्रादिदृष्टियोगात् तात्त्विकगुणस्थानकत्वं भवति । मित्रादिदृष्टियोगश्च अनाभिग्रहिकस्यैव भवति, ततश्च यदि तात्त्विकगुणस्थानककारणं मित्रादिदृष्टियोगः शोभनं, तर्हि स यत्र सम्भवति, तदेव परमार्थतः शोभनम् । स च अनाभिग्रहिकमिथ्यात्वे सम्भवतीति तदेव शोभनमिति भावः ।

**ચન્દ્ર૦** : (યોગદૃષ્ટિગ્રન્થની ટીકાનો અર્થ બતાવીને હવે ઉપાધ્યાયજી નિષ્કર્ષ કાઢે છે કે) આ પ્રમાણે ઉપર બતાવેલા યોગદૃષ્ટિસમુચ્ચયગ્રન્થાર્થને અનુસારે મિથ્યાત્વીઓને

પણ મિત્રાદિદષ્ટિના યોગથી તેવા પ્રકારના = અન્વર્થવાળા = સાર્થક = તાત્ત્વિક ગુણસ્થાનકપણાની સિદ્ધિ થાય છે. અને મિત્રાદિદષ્ટિના યોગની પ્રવૃત્તિ અનાભિગ્રહિકને સંભવતી હોવાથી તે મિથ્યાત્વીઓને અનાભિગ્રહિક પણું જ સુંદર છે એ સિદ્ધ થઈ ગયું.

(આશય એ છે કે તાત્ત્વિક ગુણસ્થાનકતા શોભન છે. અને તે મિત્રાદષ્ટિના યોગથી આવે છે. અને મિત્રાદષ્ટિનો યોગ અનાભિગ્રહિકને જ સંભવે છે. એટલે શોભનગુણસ્થાનકત્વને લાવનાર મિત્રાદિ દષ્ટિના યોગનું કારણ અનાભિગ્રહિકત્વ જ શોભન બની જાય છે કેમકે એના વિના મિત્રાદષ્ટિનો યોગ કે તાત્ત્વિકગુણસ્થાનકતા જ સિદ્ધ ન થાય.)

**<u>चन्द्र०</u>** : मित्रादिदृष्टीनां विस्तरतो निरूपणं तु योगदृष्टिसमुच्चय-द्वात्रिंशद्-द्वात्रिंशिकादिग्रन्थेभ्योऽवसेयम् । अत्र तु विस्तरभयात्संक्षेपत एव प्रतिपादितम् । अतिगहनं योगदृष्टिस्वरूपं योगिशरणमङ्गीकृत्याध्यवसेयमिति गीतार्थोपदेशः ।

**<u>ચન્દ્ર૦</u>** : (મિત્રાદિ દષ્ટિઓનું વિસ્તારથી નિરૂપણ યોગદષ્ટિ સમુચ્ચય – બત્રીશ – બત્રીશી વિગેરે ગ્રન્થોથી જાણી લેવું. અહીં તો વિસ્તાર થઈ જવાના ભયથી સંક્ષેપમાં જ કહેવાયું છે. યોગદષ્ટિઓનું સ્વરૂપ અતિગહન છે. તેથી તે કોઈ યોગીપુરુષનું શરણ સ્વીકારીને મનન કરવા યોગ્ય છે.)

**<u>चन्द्र०</u>** : तथाऽपि मन्दमतिजिज्ञासुजीवोपकाराय किञ्चिदत्राप्युच्यते ।

अष्ट योगाङ्गानि - (१) यमः (२) नियमः (३) आसनं (४) प्राणायामः (५) प्रत्याहारः (६) धारणा (७) समाधिः (८) ध्यानम् । अष्ट गुणाः - (१) तत्त्वेष्वद्वेषः (२) जिज्ञासा (३) शुश्रूषा (४) श्रवणं (५) बोधः (६) मीमांसा (७) प्रतिपत्तिः (८) प्रवृत्तिः । अष्टदोषाः - (१) खेदः (२) उद्वेगः (३) क्षेपः (४) उत्थानं (५) भ्रान्तिः (६) अन्यमुद् (७) रुग् (८) आसङ्गः । अष्टा योगदृष्टयः - (१) मित्रा (२) तारा (३) बला (४) दीप्रा (५) स्थिरा (६) कान्ता (७) प्रभा (८) परा ।

तत्र प्रथमदृष्टौ प्रथमं योगाङ्गं प्रथमो गुणः, प्रथमदोषवियोगश्च भवति । एवमष्टाष्वपि दृष्टीषु वाच्यम् । तथा प्रतिदृष्टिर्मार्गानुसारी बोधो वर्धते । **योगदृष्टिर्नाम मोक्षानुसारी बोध एवेति ।**

**<u>ચન્દ્ર૦</u>** : તો પણ મન્દમતિવાળા જિજ્ઞાસુ જીવો ઉપર ઉપકાર કરવા માટે કંઈક અહીં પણ કહેશું.

આઠ યોગાંગો છે - (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયામ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) સમાધિ (૮) ધ્યાન.

આઠ ગુણો છે - (૧) તત્ત્વોમાં અદ્વેષ (૨) જિજ્ઞાસા (૩) શુશ્રુષા (૪) શ્રવણ (૫) બોધ (૬) મીમાંસા(૭) પ્રતિપત્તિ (૮) પ્રવૃત્તિ.

આઠ દોષો છે - (૧) ખેદ (૨) ઉદ્વેગ (૩) ક્ષેપ (૪) ઉત્થાન (૫) ભ્રાન્તિ (૬) અન્યમુદ્ (૭) રુગ્ (૮) આસંગ.

આઠ યોગદૃષ્ટિ છે - (૧) મિત્રા (૨) તારા (૩) બલા (૪) દીપ્રા (૫) સ્થિરા (૬) કાન્તા (૭) પ્રભા (૮) પરા.

પ્રથમ દૃષ્ટિમાં પહેલું યોગાંગ હોય, પહેલો ગુણ હોય, પહેલા દોષનો ત્યાગ હોય, એમ આગળ પણ આઠેય દૃષ્ટિમાં સમજી લેવું.

પ્રત્યેક ઉપર ઉપરની દૃષ્ટિમાં મોક્ષને અનુસરનારો બોધ વધતો જાય. યોગદૃષ્ટિનો અર્થ જ આ છે કે માર્ગાનુસારી-મોક્ષાનુસારી બોધ.

**૧૩મી ગાથા સંપૂર્ણ**

**ગાથા-૧૪ શરૂ**

---

**<u>यशो०</u> : ननु योगदृष्ट्याऽपि मिथ्यादृशां कथं गुणभाजनत्वम्? जैनत्वप्राप्तिं विना गुणलाभासंभवाद्, दृष्टिविपर्यासस्य दोषस्य सत्त्वात् । अत एवोक्तं (योगशास्त्र ५९)–**

मिथ्यात्वं परमो रोगो मिथ्यात्वं परमं तमः । मिथ्यात्वं परमः शत्रुर्मिथ्यात्वं पदमापदाम् ।।

**इत्याशङ्क्याह –**

**गलिआसग्गहदोसा अविज्जसंविज्जपयगया ते वि ।**

**सव्वण्णुभिच्चभावा जइणत्तं जंति भावेणं ।।१४।।**

गलितासद्ग्रहदोषा अवेद्यसंवेद्यपदगतास्तेऽपि ।

सर्वज्ञभृत्यभावाज्जैनत्वं यान्ति भावेन ।।१४।।

---

**<u>चन्द्र०</u> :** इत्थं शतशः प्रज्ञापितोऽपि कदाग्रही पूर्वपक्षः पुनर्मिथ्या शङ्कते - **ननु योगदृष्ट्याऽपि** = योगदृष्टिप्राप्त्याऽपि, तदभावे तु गुणभाजनत्वं नास्त्येवेत्**यपि**शब्दार्थः । **कथं गुणभाजनत्वम्** ? **ननु** हे पूर्वपक्ष ! गुणभाजनत्वं तेषां किमर्थं न स्यात् ? इत्यत आह

- **जैनत्वप्राप्तिं विना** इत्यादि । **ननु** हे पूर्वपक्ष ! जैनत्वप्राप्तिं विना गुणलाभः कथं न स्यात्? इत्याशङ्कायामाह - **दृष्टिविपर्यासस्य** = मिथ्यात्वप्रयुक्तस्य विपरीतबोधस्य ।

**अत एव** = यतो मिथ्यात्वप्रयुक्ते दृष्टिविपर्यासे विद्यमाने गुणलाभो नैव सम्भवति, तस्मादेव कारणात् **उक्तं** = श्रीहरिभद्रसूरिभिः । पाठस्तु सुगम एव ।

**गाथार्थ :- गलितासद्ग्रहदोषास्तेऽवेद्यसंवेद्यपदगता अपि सर्वज्ञभृत्यभावाद् भावेन जैनत्वं यान्ति** - इति गाथार्थः ।

**ચન્દ્ર૦ : પૂર્વપક્ષ :** તમે ભલે કહો કે યોગદષ્ટિની પ્રાપ્તિ થવાથી મિથ્યાત્વીઓ ગુણોના ભાજન બને છે. પણ અમને એ જ નથી સમજાતું કે યોગદષ્ટિ દ્વારા પણ મિથ્યાત્વીઓ શી રીતે ગુણોનું ભાજન બને ? ન જ બને. કેમકે જૈનત્વની પ્રાપ્તિ વિના તો ગુણોનો લાભ સંભવિત જ નથી.

જૈનત્વપ્રાપ્તિ વિના ગુણલાભ ન જ થાય. તેનું કારણ એ કે અજૈનદશામાં = મિથ્યાત્વદશામાં દષ્ટિવિપર્યાસ = વિપરીતબોધ રૂપ દોષ હાજર હોય છે.

મિથ્યાત્વદશામાં વિપરીતબોધને કારણે ગુણલાભ નથી થતો, માટે જ તો શ્રીહરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે "મિથ્યાત્વ પરમ રોગ છે. મિથ્યાત્વ પરમ અંધકાર છે. મિથ્યાત્વ પરમ શત્રુ છે. મિથ્યાત્વ આપત્તિઓનું સ્થાન છે."

આનું સમાધાન આ ગાથામાં આપે છે.

**ગાથાર્થ :** ગળી ગયેલો છે કદાગ્રહ રૂપ દોષ જેમનો તેવા યોગદષ્ટિ પામેલા મિથ્યાત્વીઓ અવેદ્યસંવેદ્યપદને પામેલા છતાં પણ સર્વજ્ઞના સેવક પણાને લીધે ભાવથી જૈનત્વને પામે છે.

---

**यशो० : गलिआसग्गहदोस त्ति । ते=लब्धयोगदृष्टयो मिथ्यात्ववन्तोऽवेद्यसंवेद्यपदगता अपि=तत्त्वश्रवणपर्यन्तगुणलाभेऽपि कर्मवज्रविभेदलभ्यानन्तधर्मात्मकवस्तुपरिच्छेद-रूपसूक्ष्मबोधाभावेन वेद्यसंवेद्यपदाधस्तनपदस्थिता अपि, भावेन जैनत्वं यान्ति ।**

---

चन्द्र० : **कर्मवज्रे**त्यादि, कर्मरूपस्य वज्रस्य विभेदेन लभ्यो योऽनन्तधर्मात्मकस्य वस्तुनः परिच्छेदरूपः सूक्ष्मबोधः, तदभावेनेति, ग्रन्थिभेदजन्यस्य सम्यग्दर्शनस्याभावेनेति तात्पर्यार्थः । **वेद्यसंवेद्ये**त्यादि, वेद्यसंवेद्यपदाद् यदधःस्तनं पदं, अवेद्यसंवेद्यपदात्मकं, तत्र स्थिता अपि,

मिथ्यात्विनोऽपि इति भावः । **भावेन** = निश्चयतः, अन्तःपरिणामेनेति यावत् ।

**चन्द्र०** : યોગદષ્ટિ પામી ચૂકેલા મિથ્યાત્વીજીવો ભલે અવેદ્યસંવેદ્યપદમાં રહેલા હોય એટલે કે તત્ત્વ-અદ્વેષ, તત્ત્વજિજ્ઞાસા, તત્ત્વશુશ્રૂષા, તત્ત્વશ્રવણ સુધીના ગુણોનો લાભ થવા છતાં પણ કર્મવજ્ર (ગ્રન્થિ) ના વિભેદથી મેળવી શકાય એવા અનંતધર્માત્મકવસ્તુના બોધ રૂપ સૂક્ષ્મબોધનો અભાવ હોવાને લીધે ભલે તેઓ વેદ્યસંવેદ્યપદ કરતા નીચેના પદમાં રહેલા હોય તો પણ તેઓ ભાવથી = નિશ્ચયથી = અંદરના પરિણામથી જૈનત્વને પામે છે.

("વસ્તુ અનંતધર્માત્મક છે" એવો સૂક્ષ્મબોધ સમ્યક્ત્વીને હોય, મિથ્યાત્વીને નહિ.)

---

**यशो० : वेद्यसंवेद्याऽवेद्यसंवेद्यपदयोर्लक्षणमिदं –**

वेद्यं संवेद्यते यस्मिन्नपायादिनिबन्धनम् । पदं तद्वेद्यसंवेद्यमन्यदेतद्विपर्ययात् ।। **इति । (योग.समु.७३)**

**अस्यार्थः –** वेद्यं=वेदनीयं, वस्तुस्थित्या तथाभावयोगिसामान्येनाविकल्पज्ञानग्राह्यमित्यर्थः,

---

**चन्द्र० : ननु** 'किमिदं वेद्यसंवेद्यपदं, किं चावेद्यसंवेद्यपदमित्येव वयं न जानीमः, इत्यत आह – **वेद्यसंवेद्ये**त्यादि ।

योगदृष्टिसमुच्चयगाथान्वयार्थस्त्वयम् – यस्मिन् अपायादिनिबन्धनं वेद्यं संवेद्यते, तत् पदं वेद्यसंवेद्यपदम् । एतद्विपर्ययाद् अन्यद् (अवेद्यसंवेद्यपदम्)–इति ।

तट्टीकार्थस्त्वयम् – **वस्तुस्थित्या** = परमार्थतः, मोक्षमाश्रित्य वस्तुनि यद् हेयत्वमुपादेयत्वं ज्ञेयत्वं च, तदरूपेण **तथाभावयोगिसामान्येन**, **तथा** = ग्रन्थिभेदप्रकारेण ये **भावयोगिनः** = साक्षाद् मोक्षमार्गवन्तः, न तु सम्यग्दर्शनादिकारणानां चतसृणां दृष्टीनां योगाद् द्रव्ययोगिनः, तेषां सामान्यं, सकलैरपि सम्यग्दृष्टिभिः इति भावः । **अविकल्पज्ञानग्राह्यं** = न विद्यते विकल्पो यस्मिन्, तद् अविकल्पं, तच्च तज्ज्ञानं चेति अविकल्पज्ञानं, एकाकारज्ञानमिति यावत्, तेन ग्राह्यं इति वेद्यपदव्याख्याया अक्षरार्थः ।

भावार्थस्त्वयम् – जगति त्रिप्रकाराः पदार्था वर्त्तन्ते । तत्र मोक्षानुकूलाः सर्वे पदार्थाः सुदेवसुगुरुसुधर्मरूपा **उपादेयाः**, मोक्षप्रतिकूलाः कुदेवकुगुरुकुधर्मस्त्रीभोजनादयः पदार्था **हेयाः**, सामन्यतो न मोक्षानुकूलाः, न वा मोक्षप्रतिकूलाः पदार्थाः केवलं ज्ञातुं उचिता धर्मास्तिकायादयः

पदार्था ज्ञेयाः ।

तत्र मिथ्यादृशां ग्रन्थिभेदाभावाद् एतेषु पदार्थेषु भिन्नाकारं ज्ञानं सम्भवति । एकस्मिन्नैव सुदेवादौ पदार्थे कस्यचिदुपादेयत्वबुद्धिः, कस्यचिद्धेयत्वबुद्धिः, कस्ययिच्च मिथ्यात्विनो ज्ञेयत्व-मात्रबुद्धिर्भवति । एवमन्यत्रापि भाव्यम् ।

किन्तु सम्यग्दृशां सर्वेषां महात्मनां ग्रन्थिभेदप्रभावाद् उपादेयेषु उपादेयत्वस्य बुद्धिः, हेयेषु च हेयत्वस्य बुद्धिः, ज्ञेयेषु च ज्ञेयत्वस्य बुद्धिः प्रभवति । इत्थं चैते पदार्थाः सकलैरपि सम्यग्दृशैरविकल्पज्ञानग्राह्यो भवन्तीति सकलेषु पदार्थेषु यदेतत् तादृशाविकल्पज्ञानग्राह्यत्वं वर्त्तते, तदेव वेद्यत्वमिति ।

अत्र बहु वक्तव्यं, किन्तु संक्षेपत इदमेव उच्यते यदुत सम्यगदृशो जीवा रागद्वेष-कारणत्वेनानुभूयमानेषु पदार्थेषु हेयत्वं, रागद्वेषनाशकत्वेनानुभूयमानेषु च पदार्थेषु उपादेयत्वं अभ्युपगच्छन्त्येव । किन्तु ज्ञानावरणोदयाद् रागद्वेषकारणेष्वपि पदार्थेषु रागद्वेषनाशकत्व-ज्ञानादुपादेयधीः, रागद्वेषनाशकेष्वपि पदार्थेषु रागद्वेषजनकत्वज्ञानाद्धेयत्वधीस्तेषां सम्भवत्येव । यदा तु तेषां तेषु पदार्थेषु रागद्वेषजनकत्वं रागद्वेषनाशकत्वं चानुभूयते, तदा तु ते क्रमशस्तेषु पदार्थेषु हेयत्वमुपादेयत्वं च स्वीकुर्वन्त्येवेति ।

एवं तावदेकेन प्रकारेण वेद्यपदव्याख्याया विवरणं कृतम् ।

इदं च द्वितीयेन प्रकारेण विवरणम् - **वस्तुस्थित्या** = परमार्थतो ज्ञेयत्वमात्रेणेति यावत्, **तथाभावयोगिसामान्येन, तथा** = सकलघातिकर्मक्षयेण **ये भावयोगिनः** = केवलिनः, तेषां **सामान्यं** = सर्वैरपि केवलिभिरिति यावत् । **अविकल्पज्ञानग्राह्यं** = "इदं उपादेयं, इदं हेयं, इदं ज्ञेयं" इत्यादयो ये विकल्पाः, तद्रहितं एकाकारं "इदं ज्ञेयं" इत्येतावन्मात्रं ज्ञानं, तेन ग्राह्यमिति ।

अयं भावार्थः - परमार्थतो न किमपि वस्तु हेयं उपादेयं वा वर्त्तते । किन्तु जीवविशेषमाश्रित्य वस्तुनि हेयत्वमुपादेयत्वं वा कल्प्यते । तथा हि - यशोदाया रागकारणं वीरो यशोदाया हेयः, स एव वीरोऽस्माकं शुभपरिणतेः कारणं सन्नुपादेयः । इत्थं च वस्तुनि पारमार्थिकं हेयत्वमुपादेयत्वं वा नास्त्येव, किन्तु कल्पितमात्रमेव । केवलिनः पारमार्थिकवस्तुज्ञानवन्तः । ततस्ते सर्वेष्वपि पदार्थेषु ज्ञेयत्वमेव जानन्ति । न हि स्त्रीषु "इयं मम हेया" इति, अर्हदादिषु च "अयं ममोपादेयः" इत्यादिरूपा च प्रज्ञा तेषां प्रभवति । किन्तु सर्वाणि वस्तुनि ते ज्ञेयत्वरूपेण जानन्तीति सर्वेषु वस्तुषु यत् सर्वकेवलिभिर्ज्ञेयत्वमात्रेण धर्मेण ज्ञेयत्वं अनुभूयते, तदेव तेषां

वेद्यत्वमिति । अत्राधिकन्तु बहुश्रुता विदन्ति ।

<u>**ચન્દ્ર**</u>**૦ : શિષ્ય :** આ વેદ્યસંવેદ્યપદ એટલે શું ? અને વળી આ અવેદ્યસંવેદ્યપદ એટલે શું ? એ જ અમે જાણતા નથી. તો પ્રકાશ પાડવાની કૃપા કરશોજી.

**ગુરુ :** જેમાં (પદમાં) અપાયાદિનું કારણ વેદ્ય સંવેદન કરાય, તે પદ વેદ્યસંવેદ્યપદ. આનાથી જે ઉલ્ટું હોય તે અવેદ્યસંવેદ્ય પદ - આ પ્રમાણે યોગદષ્ટિસમુચ્ચયની ગાથામાં કહેવાયેલું છે.

**ગાથાનો ટીકાર્થ :** વેદ્ય એટલે વસ્તુસ્થિતિથી તેવા પ્રકારના ભાવયોગી સામાન્ય વડે અવિકલ્પજ્ઞાનથી ગ્રાહ્ય એવો પદાર્થ આ પ્રમાણે ટીકામાં અર્થ કરેલ છે.

(આ ટીકાના બે અર્થ અમને સમજાય છે.

(૧) **વસ્તુસ્થિતિથી** = પરમાર્થથી, વસ્તુઓમાં જે હેયત્વ, ઉપાદેયત્વ, જ્ઞેયત્વ રૂપ તાત્ત્વિકધર્મો પડેલા છે, તેને લઈને. **તેવા પ્રકારના ભાવયોગિસામાન્ય** = ગ્રન્થિભેદ થવાથી જેઓ સમ્યગ્દર્શનરૂપી ભાવયોગવાળા બનેલા છે તે તમામ જીવો. સમ્યગ્દર્શનાદિરૂપ ભાવયોગના કારણભૂત એવી ચારદષ્ટિઓની પ્રાપ્તિવાળા દ્રવ્યયોગી મિથ્યાત્વીઓ અત્રે લેવા નથી માટે આ પદ મૂકેલ છે. ટુંકમાં તમામ સમ્યક્ત્વીઓ અહીં **તથાભાવયોગિસામાન્ય**પદથી લેવાના છે.

**અવિકલ્પજ્ઞાન** = વિકલ્પ વિનાનું, ભેદ વિનાનું, એક જ આકારવાળું જ્ઞાન તેનાથી ગ્રાહ્ય જે પદાર્થ તે વેદ્ય કહેવાય.

આ આખી વ્યાખ્યાનો ભાવાર્થ આ પ્રમાણે છે કે સામાન્યથી જગતમાં ત્રણ પ્રકારના પદાર્થો છે. મોક્ષને અનુકૂલ બનનારા સુદેવાદિ **ઉપાદેય** પદાર્થો, મોક્ષને પ્રતિકૂલ બનનારા કુદેવાદિ **હેય** પદાર્થો અને મોક્ષને અનુકૂલ કે પ્રતિકૂલ ન બનનારા, માત્ર જાણવા યોગ્ય ધર્માસ્તિકાયાદિ **જ્ઞેય** પદાર્થો.

હવે મિથ્યાત્વીઓમાં મિથ્યાત્વ પડ્યું હોવાને કારણે એક જ ઉપાદેય વસ્તુને કોઈ મિથ્યાત્વીઓ પોતાની સમજ પ્રમાણે ઉપાદેય ગણે, કોઈ મિથ્યાત્વીઓ પોતાની સમજ પ્રમાણે હેય ગણે, કોઈ વળી માત્ર જ્ઞેય તરીકે તેને સમજે. આમ આ પદાર્થો મિથ્યાત્વીઓ વડે તો જુદા જુદા જ્ઞાનોથી ગ્રાહ્ય બને છે. એકાકારજ્ઞાનથી ગ્રાહ્ય બનતા નથી.

જ્યારે સમ્યક્ત્વીઓ તો ગ્રન્થિભેદના પ્રભાવે ઉત્પન્ન થયેલ સૂક્ષ્મબોધને કારણે ઉપાદેયોમાં ઉપાદેયત્વની અને હેયોમાં હેયત્વની બુદ્ધિવાળા જ બને છે. તમામ સમ્યક્ત્વીઓ સુદેવ, સુગુરુ, સુધર્મને ઉપાદેય જ માને. સ્ત્રી, ધન વિગેરેને હેય જ માને. એટલે જગતના આ બધા પદાર્થોમાં સમ્યક્ત્વીઓનું હેયત્વાદિનું જ્ઞાન એક જ પ્રકારનું = એકાકાર = અવિકલ્પ હોય છે. એટલે આ પદાર્થો વસ્તુસ્થિતિથી = પરમાર્થથી = હેયત્વાદિ રૂપે આ તમામ સમ્યક્ત્વીઓ વડે એકાકારજ્ઞાનથી ગ્રાહ્ય બને છે. આવું ગ્રાહ્યત્વ એ જ તે સર્વવસ્તુમાં રહેલ વેદ્યત્વ છે.

આમાં ઘણું કહેવાનું હોવા છતાં સંક્ષેપમાં એટલું જ કહીશ કે સમ્યક્ત્વીઓ "જે પદાર્થો રાગ-દ્વેષની વૃદ્ધિ કરનારા અનુભવાય" તેને ઉપાદેય જ માને. આ બાબતમાં કોઈ ભેદ નથી. પણ ક્યારેક જ્ઞાનાવરણોદયાદિ કારણસર કોઈક રાગદ્વેષવૃદ્ધિકારક પદાર્થ પણ જો સમ્યક્ત્વીને રાગદ્વેષ હાનિકારક સમજાય, તો એ તેને ઉપાદેય માની લે. એમ રાગદ્વેષહાનિકારક પદાર્થ પણ જો સમ્યક્ત્વીને રાગદ્વેષવૃદ્ધિકારક સમજાય, તો એ તેને હેય માની લે. આવી પરિસ્થિતિમાં એક જ વસ્તુમાં સમ્યક્ત્વીઓની બુદ્ધિ પણ જુદી જુદી સંભવે ખરી. પણ આવું ક્યારેક જ થાય. અને વળી આવું થવા છતાં એક વાત તો નક્કી છે કે તમામ સમ્યક્ત્વીઓનું આ જ્ઞાન તો સર્વ વસ્તુમાં સમાન જ છે કે જે વસ્તુ રાગદ્વેષવૃદ્ધિકારક બને તે હેય જ બને. જે વસ્તુ રાગાદિહાનિકારક બને તે ઉપાદેય જ બને. અને માટે સમ્યક્ત્વી જીવ ઉપાદેય તરીકે સ્વીકારેલો પદાર્થ પણ જો પાછળથી રાગદ્વેષવૃદ્ધિકારક તરીકે અનુભવાય તો એકપળમાં તેને હેય માની લે છે. તેમ હેય તરીકે માનેલા પદાર્થમાં રાગદ્વેષહાનિકારક અનુભવાતાની સાથે જ તેને ઉપાદેય તરીકે સ્વીકારી જ લે છે.

મિથ્યાત્વીઓની ભૂમિકા આવા પ્રકારની નથી. તેઓ તો પોતે સ્વીકારેલા કુદેવ, કુગુરુ, કુધર્માદિમાં રાગ-દ્વેષવૃદ્ધિકારકતાનો અનુભવ કરતા હોય તો પણ તેને હેય તરીકે સ્વીકારતા નથી. પણ ઉપાદેય માને છે. (જુઓને, ભોગવિલાસાદિની છૂટ આપનારા રજનીશાદિને ગુરુ માનનારાઓ તેના દ્વારા પુષ્કળ રાગદ્વેષની વૃદ્ધિ પામતા હોય તો ય એને મહાન ગુરુ તરીકે સ્વીકારે જ છે ને ?...)

(૨) વેદ્યપદની ગ્રન્થમાં લખેલી વ્યાખ્યાનો બીજો અર્થ આ પ્રમાણે છે.

**વસ્તુ સ્થિતિથી** = પરમાર્થથી, પદાર્થમાં રહેલા જ્ઞેયત્વ નામના તાત્ત્વિક ધર્મને

લઈને, **તથાભાવયોગિસામાન્ય** = તથા = ઘાતિકર્મનો છેદ થવાથી જે ભાવયોગી બન્યા છે તે તમામ કેવલીઓ. **અવિકલ્પજ્ઞાનગ્રાહ્ય** = 'આ જ્ઞેય છે' એવા એકાકારજ્ઞાનથી ગ્રાહ્ય.

અહીં ભાવાર્થ આ પ્રમાણે છે.

કોઈપણ વસ્તુમાં હેયત્વ કે ઉપાદેયત્વ ધર્મ તાત્ત્વિક, પારમાર્થિક નથી. પણ જીવવિશેષને લઈને વસ્તુમાં હેયત્વ, ઉપાદેયત્વ ધર્મો આવે છે. **દા.ત.** પ્રભુવીર યશોદાના રાગાદિનું કારણ છે, માટે પ્રભુવીરમાં યશોદાની અપેક્ષાએ હેયત્વ છે. પણ એ જ પ્રભુવીર આપણા બધાના રાગાદિની હાનિનું કારણ બનતા હોય તો એમનામાં આપણા બધાની અપેક્ષાએ ઉપાદેયત્વ આવે. આમ હેયત્વ કે ઉપાદેયત્વ ધર્મો તાત્ત્વિક નથી, પણ જીવવિશેષની અપેક્ષાએ આવનારા કાલ્પનિક ધર્મો છે.

આ જ કારણસર કેવલીઓ "આ સ્ત્રી હેય છે" "આ અરિહંત ઉપાદેય છે" એવી હેયત્વાદિની બુદ્ધિવાળા નથી હોતા. પણ સ્ત્રી કે અરિહંતાદિને માત્ર જ્ઞેય તરીકે જાણે છે. એટલે તમામ વસ્તુઓ તમામ કેવલીઓ વડે જ્ઞેયત્વ નામના ધર્મ વડે (વસ્તુ સ્થિત્યા) એકાકારવાળા (અવિકલ્પ) જ્ઞાનથી ગ્રાહ્ય છે માટે તે તમામ વસ્તુઓ વેદ્ય કહેવાય.

આ રીતે વેદ્યપદની વ્યાખ્યાનું બે રીતે વિવરણ કરેલ છે. આમાં અધિક પદાર્થ તો બહુશ્રુતો જાણે.

---

**यशो०** : संवेद्यते=क्षयोपशमानुरूपं विज्ञायते यस्मिन् आशयस्थाने, अपायादिनिबन्धनं= नरकस्वर्गादिकारणं स्त्र्यादि, तद् वेद्यसंवेद्यपदं निश्चितागमतात्पर्यार्थयोगिनां भवति। अन्यद्=अवेद्यसंवेद्यपदं, एतद्विपर्ययात्=उक्तलक्षणव्यत्ययात्, स्थूलबुद्धीनां भवति ।।

---

**चन्द्र० : संवेद्यते = क्षयोपशमानुरूपं विज्ञायते** = मिथ्यात्वमोहनीयस्य मन्दमध्यमतीव्रादिभेदभिन्नो यादृशः क्षयोपशमः, तदनुसारेण हेयत्वादिधर्मं पुरस्कृत्य ज्ञायते वस्तु, **यस्मिन्नाशयस्थाने** = अध्यवसायविशेषे । तच्च वेद्यं कीदृशम् ? इत्याह - **अपायादि** इत्यादि । **अथवा** तद्वस्तु केन स्वरूपेण विज्ञायते ? इत्याह - **अपायादि** इत्यादि, अपायादिनिबन्धनत्वेन रूपेण विज्ञायत इत्यर्थः ।

एतच्च पदं केषां भवति ? इत्याह - **निश्चिते**त्यादि, निश्चित आगमतात्पर्यार्थो यैस्ते, ते च ते योगिनश्चेति । **उक्तलक्षणव्यत्ययात्** = वेद्यस्य क्षयोपशमानुरूपसंवेदनाभावाद् इति ।

मिथ्यात्विनां हि मिथ्यात्वस्य क्षयोपशम एव नास्तीति कुतस्तेषां तत्क्षयोपशमानुरूपं हेयत्वादिसंवेदनं सम्भवेदिति तेषामवेद्यसंवेद्यपदं भवतीति ।

अथवा अवेद्यं = यद्वस्तु मिथ्यात्विभिर्हेयोपादेयादिरूपतया ज्ञायते, तदेव यदाशयस्थाने क्षयोपशमानुरूप्येन हेयोपादेयतया वेद्यते तदवेद्यसंवेद्यपदम् ।

इदं च पदं स्थूलबुद्धीनां भवति ।

<u>ચન્દ્ર૦</u> : ઉપર બતાવેલી (અપાયાદિ નિબંધન ભૂત) વેદ્ય વસ્તુ જે આશયસ્થાનમાં – અધ્યવસાય વિશેષમાં મિથ્યાત્વમોહનીયના મંદ, મધ્યમ, તીવ્ર વિગેરે ભેદોવાળા ક્ષયોપશમ પ્રમાણે હેય, ઉપાદેય તરીકે જણાય તે આશય સ્થાન વેદ્યસંવેદ્યપદ કહેવાય.

(આ વેદ્ય વસ્તુઓ કેવી હોય છે ? એ દર્શાવવા તેનું સ્વરૂપદર્શક વિશેષણ બતાવે છે કે) આ વેદ્યવસ્તુઓ અપાયાદિનું કારણ હોય છે.

(**અથવા** "આ વેદ્યવસ્તુઓ ક્ષયોપશમ પ્રમાણે જણાય છે" એમ કહ્યું. પણ કયા સ્વરૂપે જણાય છે ? એ પ્રશ્નનું સમાધાન આપવા માટે આ વિશેષણ છે કે) "આ વેદ્યવસ્તુઓ અપાયાદિના કારણ તરીકે = હેય તરીકે, ઉપાદેય તરીકે જણાય છે."

(સમ્યગ્દૃષ્ટિઓને હેયપદાર્થોમાં હેયત્વની બુદ્ધિ થાય એ સાચી પણ તે બુદ્ધિની મંદતા, મધ્યમતા, તીવ્રતા વિગેરે તો રહેવાની જ. મિ.મોહનો ક્ષયોપશમ જેવો હોય, તે પ્રમાણે તે હેયતાદિની બુદ્ધિ મંદ, મધ્યમ, તીવ્ર બને. એક સમ્યક્ત્વીને સ્ત્રી વિગેરેમાં જે હેયત્વની અનુભૂતિ થાય, તેવી જ તમામને ન થાય પણ ઓછા-વત્તા અશંમાં થાય. હા ! સ્ત્રીમાં ઉપાદેયત્વની બુદ્ધિ સમ્યક્ત્વીને ન પ્રગટે એ ખરૂં.)

**પ્રશ્ન** : આ પદ (વેદ્યસંવેદ્ય) કોને હોય ?

**ટીકાકાર** : આવું વેદ્યસંવેદ્યપદ જેઓએ આગમમાં તાત્પર્યાર્થનો નિશ્ચય કરી લીધો હોય, તેવા યોગીઓને હોય છે.

આ સિવાયનું જે પદ હોય તે અવેદ્યસંવેદ્યપદ કહેવાય. વેદ્યસંવેદ્યપદનું જે લક્ષણ કહ્યું તેનો વિપર્યય = ઉંધાપણું આવે, એટલે તે અવેદ્યસંવેદ્યપદ બની જાય. (અર્થાત્ મિથ્યાત્વીઓને તો મિ.મોહનો ક્ષયોપશમ જ ન હોવાથી તે ક્ષયોપશમ પ્રમાણે વેદ્યનું સંવેદન તેઓને હોવાનું નથી માટે તેઓને અવેદ્યસંવેદ્યપદ કહેવાય.)

(અથવા તો અવેદ્ય = જે વસ્તુ મિથ્યાત્વીઓ વડે હેય, ઉપાદેયાદિ અનેક રૂપે જણાતી હોય, તે જ જે આશયસ્થાનમાં ક્ષયોપશમ પ્રમાણે હેય, ઉપાદેય તરીકે વેદાતી હોય તે અવેદ્યસંવેદ્યપદ.)

આ અવેદ્યસંવેદ્યપદ સ્થૂલબુદ્ધિવાળાઓને હોય છે.

**यशो० : कथं ते भावजैनत्वं यान्ति? इत्यत्र हेतुमाह–सर्वज्ञभृत्यभावात्=सर्वत्र धर्मशास्त्रपुरस्कारेण तद्वक्तृसर्वज्ञसेवकत्वाभ्युपगमात् ।**

**चन्द्र० :** इत्थं वेद्यसंवेद्यपदं अवेद्यसंवेद्यपदं च व्याख्यायाधुना प्रकृतमाह । तत्र एतादृशा अवेद्यसंवेद्यपदगता अपि भावजैनत्वं यान्तीति उक्तम् । तत्र कश्चित्प्रश्नयति - **कथं** = केन प्रकारेण **भावजैनत्वं यान्ति ? इत्यत्र हेतुमाह** ।

**सर्वत्र** = सर्वेष्वपि स्थानेषु **धर्मशास्त्रपुरस्कारेण** = न तु स्वमतिपुरस्कारेणेति । **तद्वक्तृ** इत्यादि, धर्मशास्त्रस्य वक्ता यः सर्वज्ञः, तत्सेवकत्वस्वीकारात् ।

यतस्ते धर्मशास्त्राणि सर्वत्र पुरस्करोति, ततस्ते धर्मशास्त्रवक्तृसर्वज्ञसेवकत्वस्वीकारवन्तः । यो हि यद्वचनं सर्वत्र पुरस्करोति, स तत्सेवक एवेति नियमात् । यतश्च ते सर्वज्ञसेवकाः, ततस्तेषां भावजैनत्वमिति ।

**ચન્દ્ર૦ :** (આ પ્રમાણે ઉપાધ્યાયજીએ પ્રસંગોપાત વેદ્યસંવેદ્યપદાદિની વ્યાખ્યા બતાવી દીધી. હવે પાછા મૂળ વાત પર આવે છે. તેમાં આપણે કહ્યું કે અવેદ્યસંવેદ્યપદવાળાઓ પણ ભાવ જૈનત્વ ને પામે છે તેમાં કોઈક પ્રશ્ન કરે છે કે)

**પ્રશ્ન :** તેઓ શી રીતે ભાવજૈનત્વને પામે ?

**ઉપાધ્યાયજી :** કારણ કે તેઓમાં સર્વજ્ઞની સેવકતા છે. અર્થાત્ તેઓ તમામ સ્થાનોમાં સર્વજ્ઞએ કહેલા ધર્મશાસ્ત્રોને જ આગળ કરીને પ્રવૃત્તિ કરે છે, પોતાની બુદ્ધિથી નહિ. અને આમ સર્વજ્ઞના ધર્મશાસ્ત્રોનો પુરસ્કાર કરનારા હોવાથી તેઓ ધર્મશાસ્ત્રના વક્તા તેવા સર્વજ્ઞના સેવકપણાનો સ્વીકાર કરી ચૂકેલા છે. (એ નિયમ છે કે જે જેના વચનને બધે જ આગળ કરે, તે તેનો સેવક કહેવાય. અને આમ તેઓ સર્વજ્ઞના સેવક હોવાથી ભાવજૈનત્વને પામે છે. ભાવજૈનનો અર્થ જ એ કે વીતરાગસર્વજ્ઞનો સેવક.)

**यशो० : नन्वेवमुच्छिन्ना जैनाऽजैनव्यवस्था, बाह्यैरपि सर्वैर्नाममात्रेण सर्वज्ञाभ्युपगमात्**

**तेषामपि जैनत्वप्रसङ्गाद्, इत्यतस्तेषां विशेषमाह–गलितासद्ग्रहदोषा इति । येषां ह्यसद्ग्रहदोषात्स्वस्वाभ्युपगतार्थपुरस्कारस्तेषां रागद्वेषादिविशिष्टकल्पितसर्वज्ञाभ्युपगन्तृत्वेऽपि न भावजैनत्वम् । येषां तु माध्यस्थ्यावदातबुद्धीनां विप्रतिपत्तिविषयप्रकारांशे नाग्रहस्तेषां मुख्यसर्वज्ञाभ्युपगन्तृत्वाद् भावजैनत्वं स्यादेवेति भावः ।**

<u>**चन्द्र०**</u> **:** व्याकुलीभूतः पूर्वपक्षः प्राह - **ननु एवं** = मिथ्यादृशामपि भावजैनत्वेऽभ्युपगम्यमाने **उच्छिन्ना** = विनाशमापन्ना **जैनाजैनव्यवस्था** = "एते जैनाः, एते अजैनाः" इति व्यवस्था । कथं विच्छिन्ना ? इत्यत्र पूर्वपक्ष एव कारणमाह - **बाह्यैरपि सर्वैः** = जैनभिन्नैरपि सर्वैः **नाममात्रेण** = "अयं शंकरः सर्वज्ञः, अयं विष्णुः सर्वज्ञः" इति शंकरादिनाममात्रेण, न तु परमार्थतः, परमार्थतः शङ्करादीनामसर्वज्ञत्वात् । **सर्वज्ञाभ्युपगमात्** । ततश्च **तेषामपि** = सर्वेषामपि जैनबाह्यानां **जैनत्वप्रसङ्गात्** । तथा च सर्वेषां जैनत्वप्रसङ्गात् को नामाजैनः स्यात् ? एवं च जैनाजैनव्यवस्थाया विच्छेद एवेति ।

**अतः** = जैनाजैनव्यवस्थालोपप्रसङ्गसम्भवात् कारणात् **तेषां** = येषां सर्वज्ञसेवकत्वमभ्युपगम्यते, तेषां मिथ्यादृशां **विशेषं** = सर्वज्ञसेवकत्वं येषु नाभ्युपगम्यते, तेभ्यो भेदं **आह-गलितासद्ग्रहे**त्यादि । एतदेव स्पष्टयन्नाह - **येषां ह्यसद्ग्रहे**त्यादि ।

अयं भावार्थः - द्विविधा हि मिथ्यात्विनः - कदाग्रहिणो मध्यस्थाश्च । तत्र ये कदाग्रहिणः, ते स्वाभ्युपगतमर्थं प्रत्यक्षादिबाधितं ज्ञात्वाऽपि तमेव निरूपयति, कुयुक्तिशतैश्च पोषयन्ति । तादृशार्थप्रणेतारं च सर्वज्ञं घोषयन्ति । आत्मानं च तादृशसर्वज्ञसेवकं घोषयन्ति । प्रत्यक्षादिबाधितार्थप्रणेता च न परमार्थतः सर्वज्ञः, किन्तु रागद्वेषादिविशिष्ट एव । ततश्च ते रागद्वेषादिविशिष्टे काल्पनिकसर्वज्ञत्वमेवाभ्युपगच्छन्ति, ततश्च तेषां तात्त्विकसर्वज्ञाभ्यपगन्तृत्वं नास्तीति न ते भावजैनत्वं यान्ति ।

ये तु माध्यस्थ्यनिर्मलप्रज्ञाः, ते हि "आत्मा नित्य एव, अनित्य एव वा" इत्यादि विरुद्धमतविषयभूते नित्यत्वादिपदार्थ आग्रहवन्तो न भवन्ति । किन्तु "अस्माकं तावत् स्वक्षयोपशमानुसारेण आत्मा नित्य एव प्रतिभाति, अनित्य एव वा प्रतिभाति । किन्तु नास्माकमस्मिन्पदार्थे आग्रहः, सर्वज्ञदृष्ट्या यः पदार्थः पारमार्थिको भवेत्, स एव ममापि अभिप्रेतः" इति विचारवन्तो भवन्ति । अत एव सम्यक्प्रज्ञापनायां सत्यां स्वाभ्युपगतार्थपरित्यागेऽपि समुल्लासवन्तो भवन्ति । तेषां तात्त्विकसर्वज्ञस्वीकाराद् भावजैनत्वं भवत्येवेति ।

तथा च पारमार्थिकसर्वज्ञस्वीकार एव भावजैनत्वम् । स च न कदाग्रहिमिथ्यात्विनां, किन्तु मध्यस्थमिथ्यात्विनामिति । "कदाग्रहिमिथ्यात्विनोऽजैनाः, मध्यस्थमिथ्यात्विनः सम्यग्दृष्ट्यादयश्च जैनाः" इत्येवं जैनाजैनव्यवस्थासम्भवान्न तद्विलोपापत्तिरिति भावः ।

यथा हि कश्चिद् भवाभिनन्दी भोगलम्पटमेव कञ्चित्साधुं गुरुं कृत्वा तं सद्गुरुं प्रतिपाद्य सर्वत्र तद्वचनपुरस्कारेण भवानन्दं पोषयति, न च तस्य तात्त्विकं सद्गुरुपारतन्त्र्यं, किन्तु भवाभिनन्दित्वपोषणमेव । एवं कदाग्रहिणो जीवा रागद्वेषकलुषितमेव भगवन्तं सर्वज्ञतया मत्वा सर्वत्र तद्वचनपुरस्कारेण निजकदाग्रहं पोषयन्ति, न च तेषां तात्त्विकं सर्वज्ञाभ्युपगन्तृत्वं, किन्तु कदाग्रहपोषणमेवेति न तेषां भावजैनत्वमिति स्पष्टार्थः ।

अक्षरार्थस्तु भावार्थानुसारेण सुज्ञेयः । नवरम् - **रागद्वेषादी**त्यादि, रागद्वेषादिभिर्विशिष्टः **कल्पितः** = न तु परमार्थिको यः सर्वज्ञः, तत्स्वीकारेऽपि इति । **माध्यस्थ्यावदातबुद्धीनां** = माध्यस्थ्यविशुद्धप्रज्ञानां **विप्रतिपत्तिविषयप्रकारांशे** = "आत्मा नित्य एव, अनित्य एव" इत्यादयो या विरूद्धा प्रतिपत्तयः, तासां विषयभूतौ यौ प्रकारौ = विशेषणौ नित्यत्वानित्यत्वरूपौ, तद्रूपेऽंशे । तादृशज्ञानविषये विशेष्येत्यांशे आत्मादिस्वरूपे तु विरूद्धा प्रतिपत्तिर्नास्त्येव, सर्वैरपि आत्मस्वीकारात् । किन्तु नित्यत्वादिरूपे प्रकार एव विप्रतिपत्तिरस्तीति ।

**<u>ચન્દ્ર</u>૦ : પૂર્વપક્ષ :** વાહ ! આ રીતે જો અવેદ્યસંવેદ્યપદવાળા મિથ્યાત્વીઓને પણ ભાવજૈન માનવાના હોય, તો તો પછી "આ જૈન અને આ અજૈન એવી આખી વ્યવસ્થા જ તુટી પડશે. કેમકે હવે તો બધા મિથ્યાત્વીઓ = અજૈનો પણ જૈન જ બની ગયા. કોઈ અજૈન ન રહ્યું."

(**પ્રશ્ન :** ભાઈ ! મિથ્યાત્વીઓ પણ જે સર્વજ્ઞના સેવક હોય, તે જ ભાવજૈન બને. એમ ગ્રન્થકારે કહ્યું છે. તો બધા મિથ્યાત્વીઓ જૈન બનવાની આપત્તિ તુ શી રીતે આવે ?)

**પૂર્વપક્ષ :** જૈન સિવાયના તમામે તમામ અજૈનો પણ નામમાત્રથી તો સર્વજ્ઞનો સ્વીકાર કરે જ છે. (તેઓ બોલે જ છે કે "અમારા શંકર, વિષ્ણુ સર્વજ્ઞ છે, અને તેમણે આ પદાર્થ કહ્યો છે." આમ તેઓ પણ સર્વજ્ઞનો સ્વીકાર કરનારા છે જ.) માટે તેઓ પણ ભાવજૈન બની જ જવાના અને એટલે કોઈ અજૈન બાકી નહિ રહે.

**ઉપાધ્યાયજી :** ના. જે મિથ્યાત્વીઓ ભાવજૈનત્વને પામે છે, તેઓમાં ભાવજૈનત્વ નહિ પામનારા મિથ્યાત્વીઓ કરતા જે વિશેષતા છે, ભેદ છે તે હું તમને બતાવીશ.

ગાથામાં "गलितासद्ग्रहदोषः" શબ્દ આ ભેદ બતાવવા માટે જ છે.

સાર એ છે કે જેઓ માત્ર કદાગ્રહ દોષના કારણે પોતપોતે સ્વીકારેલા અર્થનો પુરસ્કાર કરતા હોય, પોતાના પદાર્થોને કદાગ્રહથી જ આગળ કરતા હોય, તેઓ તો રાગદ્વેષાદિથી વિશિષ્ટ માત્ર કાલ્પનિક સર્વજ્ઞનો જ સ્વીકાર કરનારા બને છે, વાસ્તવિક સર્વજ્ઞનો નહિ. અને એટલે તેઓ આવા કલ્પિતસર્વજ્ઞને સ્વીકાર કરનારા હોય તો પણ તેઓમાં ભાવજૈનત્વ ન આવે.

જ્યારે જેઓ માધ્યસ્થ્યભાવથી શુદ્ધ – નિર્મળ = સ્વચ્છ બનેલી બુદ્ધિવાળા છે. અને માટે જ જેઓ વિરૂદ્ધ માન્યતાના વિષયભૂત પ્રકારાંશમાં આગ્રહ વિનાના હોય છે તેઓ મુખ્ય સર્વજ્ઞના સ્વીકારવાળા હોવાથી ભાવજૈન બને જ.

આમ કદાગ્રહી મિથ્યાત્વીઓ ભાવજૈન ન બને, અજૈન જ ગણાય. જ્યારે મધ્યસ્થ મિથ્યાત્વીઓ ભાવજૈન બને. એટલે કદાગ્રહી મિથ્યાત્વીઓ અજૈન અને મધ્યસ્થ મિથ્યાત્વીઓ તથા સમકિતી વિગેરે જૈન આમ જૈનાજૈનની વ્યવસ્થા ઘટી જ જાય છે.

(જેમ ભવાભિનંદીજીવ કોઈ ભોગલંપટ સાધુને જ ગુરુ બનાવે અને પછી બધે તે ગુરુના વચનને આગળ કરીને પોતાના ભોગો સેવી લે. અહી એ સદ્ગુરુની પરતત્રંતાવાળો ન કહેવાય પણ પરમાર્થથી એ ભવાભિનંદિતાના પોષણવાળો જ ગણાય. એમ કદાગ્રહીજીવો પોતાનો ખોટો પદાર્થ "પ્રત્યક્ષાદિથી બાધિત છે" એમ જાણવા છતાં પણ એ જ પદાર્થોને પ્રરૂપે, તેને સેંકડો યુક્તિઓથી સાચો સાબિત કરવા પ્રયત્ન કરે, અને પોતે માનેલા સર્વજ્ઞને આગળ કરે કે "આ સર્વજ્ઞનું વચન છે. માટે આમ જ માનવું."

હવે આવા ખોટા પદાર્થોને કહેનારો વ્યક્તિ સર્વજ્ઞ ન જ હોય. એ રાગદ્વેષાદિથી યુક્ત જ હોય, કલ્પિત સર્વજ્ઞ જ હોય. એટલે આવા કદાગ્રહીઓ તાત્ત્વિકસર્વજ્ઞના સ્વીકારનારા ન કહેવાય. પરંતુ પોતાના કદાગ્રહાદિના પોષક જ ગણાય.

જ્યારે જે જીવો મધ્યસ્થ છે અને માટે જ "આત્મા નિત્ય છે. અનિત્ય છે" આવી પરસ્પર વિરુદ્ધમાન્યતાઓનો જે પ્રકારભૂત – વિશેષણભૂત અંશ નિત્યત્વ=અનિત્યત્વ છે. (નિત્યત્વાદિ રૂપ પ્રકારાંશમાં જ વિરૂદ્ધ માન્યતા છે) તે અંશમાં આવા જીવોનો આગ્રહ હોતો નથી. તેઓ આવી વિચારસરણીવાળા હોય છે કે "મને મારા ક્ષયોપશમાદિ પ્રમાણે આત્મા નિત્ય (અથવા તો અનિત્ય) જણાયો છે. પણ છેવટે તો સર્વજ્ઞપુરુષો જે જાણતા હોય એ જ મારા માટે પ્રમાણ છે." અને આવી વિચારધારા હોવાના લીધે જ

કોઈ એમને સમ્યક્ રીતે સમજાવે તો તેઓ તરત પોતાની ખોટી માન્યતાને છોડી જ દે તેવી ભૂમિકાવાળા હોય છે.

આવા જીવો તાત્ત્વિક સર્વજ્ઞના સ્વીકારવાળા ગણાય. અને તેથી તેઓ મિથ્યાત્વી હોવાં છતાં ભાવજૈનત્વના સ્વામી ગણાય જ.)

**यशो० : मुख्यो हि सर्वज्ञस्तावदेक एव, निरतिशयगुणवत्त्वेन । तत्प्रतिपत्तिश्च यावतां तावतां तद्भक्तत्वमविशिष्टमेव,**

**चन्द्र० :** प्रकृतपदार्थपुष्ट्यर्थमेव नूतनपदार्थनिरूपणाय भूमिकामारचयन्ति महोपाध्यायाः - **मुख्यो हि** = तात्त्विको हि **सर्वज्ञस्तावदेक एव** = न तु अनेके, व्यक्तिभेदेन अनेकानां सर्वज्ञानां सत्त्वेऽपि सर्वज्ञत्वेन धर्मेणैकत्वात् । **निरतिशयगुणवत्त्वेन** = "अयं निरतिशयगुणवान्" इति बुद्ध्या **तत्प्रतिपत्तिश्च** = सर्वज्ञस्वीकृतिश्च **यावतां** = यावत्प्रमाणानां जीवानां **तावतां** = तावत्प्रमाणानां सर्वेषां **तद्भक्तत्वं** = सर्वज्ञसेवकत्वं **अविशिष्टमेव** = समानमेव ।

**ચન્દ્ર૦ :** (પ્રકૃતપદાર્થને પુષ્ટ કરવા માટે જ નવા પદાર્થનું નિરૂપણ કરવા ઉપાધ્યાયજી ભૂમિકા બનાવે છે.) મુખ્ય = તાત્ત્વિક સર્વજ્ઞ તો એક જ છે, અનેક નથી. ઋષભ, અજિત વિગેરે વ્યક્તિભેદથી જો કે અનેક સર્વજ્ઞો છે. છતાં પણ તે બધામાં સર્વજ્ઞતા એક જ સરખી હોવાથી એ ધર્મની અપેક્ષાએ એક જ સર્વજ્ઞ કહેવાય. (દા.ત. ચાર ગાઢ મિત્રો બેઠા હોય અને બહારથી કોઈક વ્યક્તિ એક મિત્રને ગુપ્ત વાત કરવા આવે અને પેલા ત્રણ મિત્રોને દૂર કરવાનું કહે ત્યારે એ મિત્ર કહેશે કે "અમે બધા એક જ છીએ. એટલે તું ચિંતા કર્યા વિના જે કહેવું હોય તે કહે." અહી જેમ ચારેયમાં સમાનતા હોવાથી એકત્વનો વ્યવહાર કરાય છે. તેમ વ્યક્તિભેદથી અનેક સર્વજ્ઞોમાં પણ સર્વજ્ઞતાદિની દૃષ્ટિએ સમાનતા હોવાથી મુખ્ય સર્વજ્ઞ એક જ માનવામાં કોઈ વિરોધ નથી.)

**यशो० : सर्वविशेषाणां छद्मस्थेनाग्रहाद्,**

**चन्द्र० : ननु** निरतिशयगुणवत्त्वमात्रेण "अयं निरतिशयगुणवान्" इति बुद्ध्या सर्वज्ञस्वीकारमात्रात् सर्वज्ञभक्तत्वं न युक्तम् । किन्तु स सर्वज्ञः सादिरनादिर्वा ? नित्योऽनित्यो वा ? सर्वव्यापी शरीरादिव्यापी वा ? वीतरागः सरागी वा ? जगदुत्पत्त्यादिकर्त्ता तदकर्त्ता

वा ? इत्यादिरूपाणां सर्वज्ञगतानां अनेकेषां विशेषधर्माणां बोधं कृत्वा "अयं सर्वज्ञो निरतिशयगुणवान् सादिर्नित्यानित्यः सिद्धशिलास्थायी, जगदुत्पत्त्याद्यकर्त्ता" इत्यादि विशेषरूपेण सर्वज्ञ प्रतिपत्तिर्येषां भवति, तेषामेव सर्वज्ञभक्तत्वम् । मिथ्यादृशां तु नानेन प्रकारेण सर्वज्ञप्रतिपत्तिः । ततश्च न तेषां सर्वज्ञभक्तत्वमित्यत आह - **सर्वविशेषाणां** = सादित्वानादित्व-सर्वव्यापित्वशरीरव्यापित्वादीनां शतसहस्रलक्षाधिकसंख्यानां **छद्मस्थेन** = असर्वज्ञेन, सम्यग्दृष्टिना मिथ्यात्विना वा **अग्रहात्** = अबोधात् ।

रे मुग्ध ! निरतिशयगुणवत्त्वमात्रेणैकेनैव धर्मेण सर्वज्ञप्रतिपत्तिमतां सर्वेषां सर्वज्ञभक्तत्वं अस्माभिः स्वीकृतम् । तच्च यदि न तव सम्मतं, तर्हि त्वमेव वद यदुत कियद्भिर्धर्मैः सर्वज्ञप्रतिपत्तिमतां सर्वज्ञभक्तत्वम् ? न तावद् द्वित्र्यादिभिः, यतो भवता यथा एकधर्ममात्रेण सर्वज्ञप्रतिपत्तौ सर्वज्ञभक्तत्वनिषेधः कृतः, तथा द्वित्र्यादिभिर्धर्मैः सर्वज्ञप्रतिपत्तौ अपि अन्येन सर्वज्ञत्वप्रतिषेधः कर्तुं शक्यत एव । इत्थं च सर्वज्ञगता यावन्तो धर्माः, तावद्भिः सर्वैर्धर्मैः सर्वज्ञप्रतिपत्तौ एव सर्वज्ञभक्तत्वमिति अभ्युपगन्तुं युक्तम् । ततश्च सर्वज्ञगतानां सर्वधर्माणां छद्मस्थेन ज्ञातुमशक्यत्वात् कोऽपि छद्मस्थः सर्वज्ञभक्तो न स्यात् । सर्वज्ञगतानां सर्वधर्माणां ज्ञाता सर्वज्ञ एवेति सर्वज्ञस्यैव सर्वज्ञभक्तत्वमापन्नं भवत इति नैतद्युक्तम् । तस्मान्निरति-शयगुणवत्त्वेनैव एकमात्रधर्मेण सर्वज्ञप्रतिपत्तिमतां सर्वेषां सर्वज्ञभक्तत्वं स्वीकर्त्तुमुचितमिति ।

**<u>चन्द्र</u>० : (પૂર્વપક્ષ :** "આ (મહાવીર, શંકર, વિષ્ણુ) નિરતિશયગુણવાન્ (સર્વોત્કૃષ્ટગુણવાન છે)" આ રીતે માત્ર એક જ ધર્મ દ્વારા સર્વજ્ઞની પ્રતિપત્તિ કરનારાને સર્વજ્ઞનો ભક્ત શી રીતે માની લેવાય ? એ સર્વજ્ઞનો ભક્ત તો કહેવાય કે "આ સર્વજ્ઞ સાદિ છે કે અનાદિ ? નિત્ય છે કે અનિત્ય ? સર્વવ્યાપી છે કે શરીરાદિવ્યાપી ? વીતરાગ છે કે સરાગી છે ? જગતની ઉત્પત્તિ વિગેરેનો કર્તા છે કે નહી..." વિગેરે સર્વજ્ઞમાં રહેલા તમામ ધર્મોનો બોધ કરીને એ રીતે સર્વજ્ઞનો સ્વીકાર કરે. અર્થાત્ આ મહાવીર (કે શંકરાદિ) "નિરતિશયુગણવાળા છે, સાદિ છે, નિત્યાનિત્ય છે, સિદ્ધશિલાના રહેનારા છે, જગતની ઉત્પત્તિ વિગેરે કરનારા નથી, પણ જણાવનારા છે." આવા સર્વજ્ઞમાં રહેલા જે અનેક ધર્મો છે, તે ધર્મો દ્વારા સર્વજ્ઞનો સ્વીકાર કરે એ જ સાચો સર્વજ્ઞ ભક્ત કહેવાય.

આ મિથ્યાત્વીઓ તો "આ (શંકર, વિષ્ણુ વિગેરે) નિરતિશયગુણવાળો છે." માત્ર એટલા જ બોધવાળા છે. બાકી સર્વજ્ઞને વિશે અનેક વિશેષ ધર્મોના બોધવાળા નથી. કદાચ આ બધા કારણોસર મિથ્યાત્વીઓ સર્વજ્ઞના ભક્ત ન બને.

**ઉપાધ્યાયજી :** અમે તો એમ માનીએ છીએ કે "નિરતિશયગુણવાળો આ (સર્વજ્ઞ) છે." આવા બોધ માત્રથી સર્વજ્ઞની પ્રતિપત્તિ કરનારો કોઈપણ જીવ સર્વજ્ઞભક્ત કહેવાય. પણ તમે તેની ના પાડો છો. અને સર્વજ્ઞમાં રહેલા બાકીના વિશેષધર્મોનો પણ બોધ જરૂરી માનો છો. તો અમે તમને પુછીએ છીએ કે સર્વજ્ઞમાં રહેલા કુલ કેટલા ધર્મોની પ્રતિપત્તિ હોય તો તે સર્વજ્ઞભક્ત કહેવાય ? તમે બે-ચાર-દશ ધર્મોની પ્રતિપત્તિથી સર્વજ્ઞભક્ત માનવાની વાત કરશો તો એ ઉચિત નહિ ગણાય. કેમકે જેમ અમે એક સામાન્યધર્મની પ્રતિપત્તિથી સર્વજ્ઞભક્ત માનવાની વાત કરી અને તમે તેનો નિષેધ કર્યો, તેમ તમે બે-ચાર-દશ ધર્મની પ્રતિપત્તિથી સર્વજ્ઞભક્ત માનવાની વાત કરો તો બીજા કોઈ કહી જ શકશે કે "ના. આના કરતા વધારે ધર્મો વડે સર્વજ્ઞની પ્રતિપત્તિ હોય તો જ સર્વજ્ઞભક્ત કહેવાય."

એટલે હવે એમ જ માનવું પડે કે "સર્વજ્ઞમાં જેટલા ધર્મો રહેલા છે, એ તમામે તમામ ધર્મોનો બોધ કરવા દ્વારા સર્વજ્ઞનો સ્વીકાર કરનાર સર્વજ્ઞભક્ત કહેવાય." એટલે હવે કોઈ તમારી વાતને તોડી ન શકે.)

પણ મુશ્કેલી એ થશે કે સર્વજ્ઞમાં રહેલા સર્વવિશેષધર્મોનો બોધ તો કોઈપણ છદ્મસ્થને થઈ શકવાનો જ નથી. (અને એટલે કોઈપણ છદ્મસ્થ સર્વજ્ઞભક્ત નહિ બને. સર્વજ્ઞના સર્વધર્મોનો બોધ માત્ર સર્વજ્ઞને જ સંભવી શકે એટલે માત્ર સર્વજ્ઞને જ સર્વજ્ઞનો ભક્ત માનવો પડે. જે કોઈને માન્ય ન બને.

એટલે "આ નિરતિશયગુણવાળો છે" એ રીતે સર્વજ્ઞની પ્રતિપત્તિ કરનાર કોઈપણ જીવ સર્વજ્ઞભક્ત કહેવાય જ. અને માટે મિથ્યાત્વીઓ પણ સર્વજ્ઞભક્ત કહેવાય.

એ ખ્યાલ રાખવો કે જૈનો "આ મહાવીરાદિ તીર્થંકરો સર્વજ્ઞ છે, અને નિરતિશયગુણવાળા છે" એ રીતની પ્રતીતિ કરશે. જ્યારે મિથ્યાત્વીઓ તો "આ શંકર, રામ, વિષ્ણુ, સર્વજ્ઞ છે અને નિરતિશયગુણવાળા છે" એવી પ્રતીતિ કરશે. પણ આ મિથ્યાત્વીઓ માધ્યસ્થ્ય પ્રત્યે જ અનુરાગી છે. અને માટે જ જ્યારે ભવિષ્યમાં શંકરાદિની અસર્વજ્ઞતાની પ્રતીતિ થશે, ત્યારે તેમનો ત્યાગ કરવામાં આ જીવોને પળવાર નહિ લાગે. એટલે પરમાર્થથી તેઓ મુખ્યસર્વજ્ઞના જ ભક્ત ગણાય.

**દા.ત.** કોઈક જૈન અજૈન પ્રતિમાને તીર્થંકરની પ્રતિમા ભુલથી સમજી લઈને એની પુષ્કળ ભક્તિ કરે તો વ્યવહારમાં ભલે એ અજૈનપ્રતિમાનો ભક્ત દેખાય. પણ પરમાર્થથી

તો એ જૈનપ્રતિમાનો જ ભક્ત ગણાય. માટે જ જ્યારે એને ખબર પડે કે આ તો "અજૈનની પ્રતિમા છે" તો એ તરત જ એની પૂજાદિ છોડી દે છે ને ? એટલે શંકરાદિને સર્વજ્ઞ માની એને નિરતિશયગુણવાળા માનનારા મિથ્યાત્વીઓ પણ ઉપરની ભૂમિકામાં હોય તો તેઓ મુખ્યસર્વજ્ઞના સેવક જ જાણવા.)

**यशो० : दूरासन्नादिभेदस्य च भृत्यत्वजात्यभेदकत्वादिति ।**

**चन्द्र० : ननु** भवतु नाम मिथ्यात्विनां "अयं सर्वज्ञो निरतिशयगुणवान्" इत्यादिरूपेण सर्वज्ञप्रतिपत्तिः । तथापि ये चतुर्थादिगुणस्थानवर्त्तिनः, ते त्रयोदशगुणस्थानवर्त्तिसर्वज्ञस्य समीपे वर्त्तिन इति त एव सर्वज्ञभृत्या इति शङ्कायामाह - **दूरासन्नादिभेदस्य च** = चतुर्थगुणस्थानादिवर्त्तिनः सर्वज्ञासन्नाः, मिथ्यात्विनश्च सर्वज्ञाद् दूरवर्त्तिनः" इति यस्तयोर्दूरासन्नदिभेदः, तस्य **भृत्यत्वजात्यभेदकत्वात्** = मिथ्यात्विषु भृत्यत्वजात्यभावस्यासंपादकत्वादिति भावः । यद्यपि मिथ्यात्विनः प्रथमगुणस्थानवर्त्तित्वात् त्रयोदशगुणस्थानवर्त्तिसर्वज्ञसकाशाद् दूरे वर्त्तते । तथापि तस्य सर्वज्ञसेवकत्वं नापगच्छति । यदि च दुरवर्त्तित्वात् तस्य सर्वज्ञसेवकत्वं अपगच्छेत्, तर्हि चतुर्थगुणस्थानवर्त्तिनः सम्यग्दृशोऽपि पञ्चमादिगणस्थायिनामपेक्षया सर्वज्ञदूरवर्त्तित्वात् सर्वज्ञसेवकत्वं न स्यात् । यदि च सम्यग्दृशो मिथ्यादृगपेक्षया सर्वज्ञसमीपवर्त्तित्वात् सर्वज्ञसेवकत्वं, तर्हि मध्यस्थमिथ्यादृशां कदाग्रहिमिथ्यादृगपेक्षया सर्वज्ञसमीपवर्त्तित्वेन सर्वज्ञसेवकत्वं निराबाधमेवेति किं न पश्यसि ? ।

**ચન્દ્ર૦ : (પૂર્વપક્ષ :** મિથ્યાત્વીઓ પાસે "આ સર્વજ્ઞ નિરતિશયગુણવાન છે" એ વિગેરે રૂપ સર્વજ્ઞની પ્રતિપત્તિ = સ્વીકાર ભલે હોય, તો પણ તેઓ સર્વજ્ઞના સેવક ન કહેવાય. કેમકે તેઓ સર્વજ્ઞથી ઘણા દૂર રહેલા છે.

તે આ પ્રમાણે - સર્વજ્ઞો તેર - ચૌદ ગુણસ્થાનકે રહેલા છે એટલે ચોથા વિગેરે ગુણસ્થાનકે રહેલાઓ સર્વજ્ઞની નજીકમાં જ છે. જ્યારે મિથ્યાત્વીઓ તો છેક પહેલે ગુણસ્થાનકે હોવાથી તેઓ સર્વજ્ઞના સેવક ન કહેવાય.)

**ઉપાધ્યાયજી :** સમ્યક્ત્વી વિગેરે અને મિથ્યાત્વીઓ આ બે વચ્ચે સર્વજ્ઞની નજીકમાં હોવું અને દૂરમાં હોવું એ રૂપ ભેદ છે ખરો. પરંતુ એ ભેદ કાંઈ મિથ્યાત્વીઓમાં સર્વજ્ઞસેવકત્વજાતિનો ભેદક = અભાવ સાધનાર બની શકતો નથી. એટલે કે એ ભેદ હોવા છતાં મિથ્યાત્વીઓ તો સર્વજ્ઞના સેવક જ કહેવાય.

(બાકી તો સમ્યક્ત્વીઓ પણ દેશવિરતિધરો વિગેરેની અપેક્ષાએ સર્વજ્ઞથી દૂર હોવાથી તેઓમાં પણ સર્વજ્ઞસેવકત્વ ન સંભવે. જો તેઓમાં મિથ્યાત્વીઓની અપેક્ષાએ સમીપવર્તિત્વ હોવાને લીધે સર્વજ્ઞસેવકત્વ માનવાનો દાવો કરશો, તો મધ્યસ્થ મિથ્યાત્વીઓ પણ કદાગ્રહી મિથ્યાત્વીઓની અપેક્ષાએ તો સર્વજ્ઞની નજીક હોવાથી તેઓ પણ સર્વજ્ઞના સેવક માની જ શકાય છે.)

**यशो० : तदुक्तं योगदृष्टिसमुच्चये (श्लो० १०२-१०९) –**

न तत्त्वतो भिन्नमताः सर्वज्ञा बहवो यतः । मोहस्तदधिमुक्तीनां तद्भेदाश्रयणं ततः ।।

सर्वज्ञो नाम यः कश्चित्पारमार्थिक एव हि । स एक एव सर्वत्र व्यक्तिभेदेऽपि तत्त्वतः ।।

प्रतिपत्तिस्ततस्तस्य सामान्येनैव यावताम् । ते सर्वेऽपि तमापन्ना इति न्यायगतिः परा ।।

विशेषस्तु पुनस्तस्य कार्त्स्न्येनासर्वदर्शिभिः । सर्वैर्न ज्ञायते तेन तमापन्नो न कश्चन ।।

तस्मात्सामान्यतोऽप्येनमभ्युपैति य एव हि । निर्व्याजं तुल्य एवासौ तेनांशेनैव धीमताम् ।।

यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिताः । दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः सर्व एव ते ।।

सर्वज्ञतत्त्वाभेदेन तथा सर्वज्ञवादिनः । सर्वे तत्तत्त्वगा ज्ञेया भिन्नाचारस्थिता अपि ।।

न भेद एव तत्त्वेन सर्वज्ञानां महात्मनाम् । तथा नामादिभेदेऽपि भाव्यमेतन्महात्मभिः ।।

**इति ।**

**चन्द्र० :** उक्तार्थप्रतिपादिकं शास्त्रपाठं दर्शयति - **तत्** = अनन्तरमेवोदितं **उक्तं** = कथितम् । योगदृष्टिसमुच्चयगाथासंक्षेपार्थस्त्वयम् -

(१) **यतो बहवः सर्वज्ञास्तत्त्वतो भिन्नमताः न, ततः तदधिमुक्तीनां** = तत्सेवकानां **तद्भेदाश्रयणं** = सर्वज्ञभेदस्वीकारः "मम सर्वज्ञः शङ्करः, तव तु अन्यः, अस्माकं सर्वज्ञाः परस्परं भिन्नाः, भिन्नमताश्च" इत्यादिरूपः **मोहः** = अज्ञानमेव ।

(२) **यः कश्चित्पारमार्थिक एव हि सर्वज्ञः, स व्यक्तिभेदेऽपि सर्वत्र** = सर्वेषु दर्शनेषु **तत्त्वत एक एव,** अपारमार्थिकसर्वज्ञानां तु बहुत्वं सम्भवत्येवेति **पारमार्थिक**-पदमत्रोपात्तम् ।

(३) **ततः** = सर्वज्ञस्यैकत्वात् **यावतां** जीवानां **सामान्येनैव** = निरतिशयगुणवत्त्वमात्रधर्मेणैव **तस्य** = सर्वज्ञस्य **प्रतिपत्तिः** = अभ्युपगमः, **ते सर्वेऽपि तं** = सर्वज्ञं **आपन्नाः** = शरणं स्वीकृताः । **इति न्यायगतिः परा** = उत्कृष्टा ।

(४) **तस्य** = सर्वज्ञस्य **विशेषस्तु** = सादित्वनित्यत्वादिरूपः **सर्वैः असर्वदर्शिभिः** = छद्मस्थैः **कात्स्न्र्येन** = संपूर्णतया **न ज्ञायते** । **तेन** = सर्वधर्मबोधसम्भवाभावेन कारणेन **तं** = नित्यत्वादिधर्मविशिष्टं सर्वज्ञं **आपन्नः** = शरणं स्वीकृतः **न कश्चन** = कोऽपि ।

(५) **तस्मात्** = विशेषसर्वज्ञशरणस्वीकारासम्भवात् कारणात् **सामान्यतोऽपि** = निरतिशयगुणत्वधर्ममात्रेणापि **यः** = छद्मस्थः **एव हि एनं** = सर्वज्ञं **अभ्युपैति** । **निर्व्याजं** = निःसन्देहं **तेनांशेनैव** = न तु सर्वांशेनेत्येवकारार्थः । **धीमतां तुल्य एवासौ** इतरसर्वज्ञाभ्युपगन्त्रा सहेति शेषः ।

(६) **यथैव** = दृष्टान्तार्थोऽयं शब्दः **एकस्य नृपतेः बहवोऽपि** = न स्तोका एवेत्यपिशब्दार्थः, **समाश्रिताः** भवन्ति । **ते सर्व एव दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः ।**

(७) तथा **सर्वज्ञतत्त्वाभेदेन** = एकस्यैव सर्वज्ञतत्त्वस्य सत्त्वेन **सर्वज्ञवादिनः सर्वे भिन्नाचारस्थिता अपि** = जैनशैवसाङ्ख्यादिविभिन्नाचारस्थिता अपि, न तु एकैव आचारस्थिता इत्यपिशब्दार्थः, **तत्तत्त्वगाः** = सर्वज्ञतत्त्वानुसारिणः **ज्ञेयाः** ।

(८) **सर्वज्ञानां महात्मनां तथा** = महावीरशङ्करादिरूपेण **नामादिभेदेऽपि** = नामाकृत्यादिभेदेऽपि **तत्त्वेन** = परमार्थतो **न भेद एव** । **महात्मभिः एतद् भाव्यम् ।**

**चन्द्र०** : (ઉપર બતાવેલા અર્થનું જ કથન કરનાર શાસ્ત્રપાઠ બતાવે છે કે) યોગદષ્ટિસમુચ્ચયમાં કહ્યું છે કે - (૧) જે કારણથી ઘણા બધા સર્વજ્ઞો (પણ) પરમાર્થથી જુદાજુદા મતવાળા નથી. તેથી તેના અધિમુક્તિઓનુ = સેવકોનુ સર્વજ્ઞના ભેદનું સ્વીકાર (તે સર્વજ્ઞ જુદા, તેમની માન્યતા જુદી) અજ્ઞાન છે.

(૨) જે કોઈ સાચો સર્વજ્ઞ હોય, (ખોટા તો ઘણા ય હોય) તે વ્યક્તિભેદ હોવા છતાં પણ પરમાર્થથી તો સર્વદર્શનોમાં એક જ હોય.

(૩) સર્વજ્ઞ એક જ હોવાના કારણે જેટલા જીવોની પાસે સામાન્યથી જ (નિરતિશયગુણવાળા તરીકે તે) સર્વજ્ઞનો સ્વીકાર હશે, તે બધા જ જીવો તે સર્વજ્ઞના શરણને પામેલા થાય. આ શ્રેષ્ઠ નીતિ છે.

(૪) બાકી સર્વજ્ઞના (સાદિત્વ, નિત્યત્વાદિ) વિશેષો તો બધા છદ્મસ્થો વડે સંપૂર્ણપણે જાણી શકાતા નથી. તે કારણથી વિશેષધર્મોવાળા સર્વજ્ઞને પામેલો તો કોઈ નહી થાય.

(૫) તે કારણથી (વિશેષધર્મયુક્ત સર્વજ્ઞને પામેલો કોઈ ન હોવાના કારણે) જ જે કોઈપણ જીવ સામાન્યથી પણ (= નિરતિશયગુણવાળા તરીકે પણ) આ સર્વજ્ઞને સ્વીકારે છે, નિઃસંદેહ પણે તે અંશ વડે જ તે જીવ બુદ્ધિમાનોને તો (બીજા સર્વજ્ઞસ્વીકાર કરનારા સમ્યગ્દૃષ્ટિઓ વિગેરેની સાથે) સમાન જ છે.

(અર્થાત્ બુદ્ધિમાનો આ જીવને બીજા સર્વજ્ઞસ્વીકર્તાઓ જેવો જ માને છે.)

(૬) જેમ એક જ રાજાના ઘણા ય આશ્રિતો હોય અને તે બધા જ દૂર-નજીક વિગેરેનો ભેદ હોવા છતાં રાજાના સેવક ગણાય.

(૭) તેમ સર્વજ્ઞત્વનો ભેદ ન હોવાથી એક જ સર્વજ્ઞ હોવાથી બધા સર્વજ્ઞવાદીઓ (જૈન, શૈવાદિનો) જુદાજુદા આચારમાં રહેલા હોવા છતાં પણ સર્વજ્ઞતત્ત્વને અનુસરેલા જ જાણવા.

(૮) સર્વજ્ઞ મહાત્માઓ વચ્ચે નામ, આકૃતિ વિગેરેનો ભેદ હોવા છતાં પણ પરમાર્થથી ભેદ નથી. મહાત્માઓએ આ વાત ચિંતવવા જેવી છે.

---

**यशो० : न च परेषां सर्वज्ञभक्तेरेवानुपपत्तिः, तेषामप्यध्यात्मशास्त्रेषु चित्राचित्रविभागेन भक्तिवर्णनात्, संसारिणां विचित्रफलार्थिनां नानादेवेषु चित्रभक्तेरेकमोक्षार्थिनां चैकस्मिन् सर्वज्ञेऽचित्रभक्त्युपपादनात् ।**

---

**चन्द्र० : ननु** मिथ्यात्विनः किं सर्वज्ञप्रतिपत्तिः सम्भवति ? येन तेषां सर्वज्ञभक्तत्वं स्यात् ? इत्याशङ्कायामाह - **न च परेषां सर्वज्ञभक्तेरेव** = आस्तां तावत्सर्वज्ञभक्त्यभावात् सर्वज्ञसेवकत्वानुपपत्तिः, प्रथमं तु सर्वज्ञभक्तेरेवेत्येवकारार्थः । **अनुपपत्तिः** = अघटमानता ।

हे पूर्वपक्ष ! "परेषां सर्वज्ञभक्तिरेव न घटते ? कुतस्तरां तया तेषां तद्भक्तत्वम्" इति भवता न वाच्यम् । किमर्थं न वाच्यम् ? इत्यत्र कारणमाह - **तेषामपि** = न केवलं सम्यग्दृशामेव, अपि तु मिथ्यात्विनामपि इत्य**पि**शब्दार्थः । **चित्राचित्रे**त्यादि ।

ननु चित्राचित्रभक्तिवर्णनमात्रात्तेषां सर्वज्ञभक्तिः कथं सिद्ध्यते ? इत्यतश्चित्रा - चित्रभक्तितात्पर्यार्थमाह - **संसारिणां विचित्रफलार्थिनां** = सोमयमवरुणकुबेरादि-

स्थानप्राप्त्यादिरुपाणि यानि विचित्रफलानि, तदीप्सूनां **नानादेवेषु** = सोमयमवरुणकुबेरादिदेवेषु **चित्रभक्तेः** = भिन्नभिन्नप्रकाराया भक्तेः उपपादनाद् इति पदेन सहास्यान्वयः कर्त्तव्यः । **एकमोक्षार्थिनां च** = एक एव यो मोक्षस्तत्स्पृहावतां च **एकस्मिन्सर्वज्ञे अचित्रभक्त्युपपादनात्** = एकरूपाया भक्तेः उपपादनात्ति ।

इदमत्र तात्पर्यम् - सोमयमवरुणकुबेरादिस्थानप्राप्त्यर्थं सोमादिदेवानां भक्तिः कर्त्तव्या । तेषां च देवानां तत्स्थानानां च परस्परं भिन्नस्वरूपत्वात् तेषां भक्तिरपि भिन्नप्रकारैव भवति। न हि यादृशी भक्तिर्लक्षरूप्यकार्जनाय वणिजादेः क्रियते, तादृशी भक्तिरेव राज्यप्राप्त्याद्यर्थं राज्ञः क्रियते, किन्तु भिन्नरूपैवेति ।

किन्तु मोक्षेप्सूनां तु एकस्मिन्सर्वज्ञ एव भक्तिः प्रतिपादिता । ततश्च एकस्यैव मोक्षस्य साधनार्थं एकस्यैव सर्वज्ञस्य भक्तेः उपपादनाद् ज्ञायते यदुत व्यक्तिभेदेऽपि सर्वज्ञ एक एव। यदि च सर्वज्ञा भिन्नाः स्युः, तर्हि तेषां भक्तिरपि विचित्रा स्यात् । न च सा तथा, ततश्च सर्वज्ञभक्तेरेकविधत्वप्रतिपादनात् सर्वज्ञस्यैकत्वं सिद्ध्यतीति भावः ।

<u>ચન્દ્ર</u>૦ : (**પૂર્વપક્ષ** : અરે, ઉપાધ્યાયજી ! મિથ્યાત્વીઓ સર્વજ્ઞભક્તિવાળા હોવાથી તેઓ સર્વજ્ઞના ભક્ત છે, એ વાત તો દૂરની છે. પહેલી વાત તો એ કે મિથ્યાત્વીઓમાં સર્વજ્ઞભક્તિ જ ક્યાં ઘટે છે. તમને એવું કહ્યું જ કોણે ? કે મિથ્યાત્વીઓમાં પણ સર્વજ્ઞભક્તિ હોય છે ?)

**ઉપાધ્યાયજી** : અધ્યાત્મશાસ્ત્રોમાં મિથ્યાત્વીઓને પણ ચિત્ર અને અચિત્ર એમ બે પ્રકારે ભક્તિ હોવાનું વર્ણન કરેલ છે. એ ઉપરથી સમજાય છે કે મિથ્યાત્વીઓને પણ સર્વજ્ઞની ભક્તિ સંભવે છે.

(**પૂર્વપક્ષ** : વાહ ! તમે અમને ઉલ્લું બનાવવા માંગો છો ? મિથ્યાત્વીઓમાં ચિત્ર અને અચિત્ર ભક્તિ બનાવી. એના ઉપરથી મિથ્યાત્વીઓને સર્વજ્ઞભક્તિ શી રીતે સિદ્ધ થાય ?)

**ઉપાધ્યાયજી** : અધ્યાત્મગ્રન્થોમાં મિથ્યાત્વીઓને ચિત્ર-અચિત્ર ભક્તિ આવી રીતે ઘટાવી આપી છે કે જે સોમદેવનું સ્થાન, યમદેવનું સ્થાન, વરૂણ કે કુબેર દેવનું સ્થાન વિગેરે જાતજાતના ફળોની ઈચ્છાવાળાઓ હોય તેઓ તે તે દેવને વિશે ભક્તિ કરે. (હવે આ બધા દેવો અને દેવોના સ્થાનો એક સરખા નથી. એટલે નીચલા સ્થાન માટે <u>નીચલાદેવની ભક્તિ નીચલા પ્રકારની હોય. ઉપલા સ્થાન માટે ઉપલાદેવની ભક્તિ વધુ</u>

સારા પ્રકારની હોય. આમ સ્થાનભેદને લીધે તે તે ભિન્નદેવોની ભક્તિ પણ જુદા જુદા પ્રકારની જ હોય. આવી ભક્તિને ચિત્રભક્તિ કહેવાય.)

જ્યારે એક માત્ર મોક્ષરૂપી એક જ ફળની ઈચ્છાવાળા હોય તેમણે મોક્ષના સ્વામી એવા સર્વજ્ઞને વિશે એક જ પ્રકારની (અચિત્ર) ભક્તિ કરવાની હોય છે. (મોક્ષ એક જ પ્રકારનો છે, એટલે તેમના સ્વામીઓ અનેક હોવા છતાં બધા સ્વરૂપથી એક જ છે. અને માટે જ તેમની ભક્તિ પણ એક જ પ્રકારની બતાવી.)

જો બધા સર્વજ્ઞો જુદા જુદા પ્રકારના હોત, તો મોક્ષ માટે તે તે દેવોની ભક્તિ પણ જુદા પ્રકારની બતાવત. પણ એવું તો નથી. માટે જ માનવું પડે કે સર્વજ્ઞ એક જ છે. એટલે જ તેની ભક્તિ એક પ્રકારની છે. સંસારી દેવો અનેક છે એટલે તેમની ભક્તિ પણ અનેક પ્રકારની છે.

---

**यशो० : तथा च हारिभद्रं वचः (योगदृष्टि. ११०-११२)-**

चित्राचित्रविभागेन यच्च देवेषु वर्णिता । भक्तिः सद्योग(शैवयोग)शास्त्रेषु ततोऽप्येवमिदं स्थितम् ।।

संसारिषु हि देवेषु भक्तिस्तत्कायगामिनाम् । तदतीते पुनस्तत्त्वे तदतीतार्थयायिनाम् ।।

चित्रा चाद्येषु तद्रागतदन्यद्वेषसङ्गता । अचित्रा चरमे त्वेषा शमसाराऽखिलैव हि ।। **इति ।**

---

**चन्द्र० :** चित्राचित्रभक्तिप्रदर्शकं शास्त्रपाठं प्रदर्शयति - **तथा च हारिभद्रं** = हरिभद्रसूरिसम्बन्धि । योगदृष्टिसमुच्चयगाथासंक्षेपार्थस्त्वयम् -

(१) **यच्च सद्योगशास्त्रेषु देवेषु चित्राचित्रविभागेन भक्तिर्वर्णिता, ततोऽपि** = एतस्मादपि कारणात्, किं पुनः पूर्वोक्तात् कारणात् **इदं** = विप्रतिपत्तिविषयं सर्वज्ञस्यैकत्वं **एवं** = सर्वज्ञस्यैकत्वरूपमेव **स्थितं** = निश्चितम् ।

(२) **तत्कायगामिनां** = सोमयमादिसंसारिदेवनिकायगामिनां **संसारिषु देवेषु** = सोमादिषु **भक्तिः** भवति । **तदतीतार्थयायिनां** = संसारातीतो योऽर्थो मोक्षः, तद्गामिनां पुनः **तदतीते तत्त्वे** = संसारातीते तत्त्वे सर्वज्ञस्वरूपे भक्तिरस्ति ।

(३) **आद्येषु** = संसारिदेवेषु **एषा** = भक्तिः **तद्रागतदन्यद्वेषसङ्गता** = इष्टस्थानरागानिष्टस्थानद्वेषुयक्ता **चित्रा** = अनेकप्रकारा भवति । **चरमे तु** = सर्वज्ञतत्त्वे तु **अखिलैव हि एषा** = सम्पूर्णाऽपि भक्तिः **शमसारा,** न तु अंशेनापि शमसारत्वरहितेति ।

**ચન્દ્ર૦ :** (ચિત્રાચિત્ર ભક્તિ દેખાડનાર શાસ્ત્રપાઠ બતાવે છે કે) શ્રીહરિભદ્રસૂરિજીએ યોગદષ્ટિસમુચ્ચયમાં કહ્યુ છે કે (૧) વળી દેવોને વિશે ચિત્ર અને અચિત્ર વિભાગથી ભક્તિ જે વર્ણવાયેલી છે, તેનાથી પણ સર્વજ્ઞ એક હોવાનો પદાર્થ એ જ રીતે સ્થિત થાય છે. (સાચો સાબિત થાય છે.)

(૨) સંસારી દેવોની નિકાયમાં જનારાઓની સંસારી દેવોને વિશે ભક્તિ હોય છે. જ્યારે સંસારથી અતીત એવા મોક્ષમાં જનારાઓની સંસારથી અતીત એવા સર્વજ્ઞતત્ત્વને વિશે ભક્તિ હોય છે.

(૩) સંસારીદેવોને વિશે આ ભક્તિ તે ઈષ્ટ સંસારીદેવો (અને તેના સ્થાનમાં) રાગ તથા તે સિવાયના અનિષ્ટ સંસારી દેવો (કે તેના સ્થાન) માં દ્વેષથી યુક્ત જુદા જુદા પ્રકારની હોય છે. જ્યારે સર્વજ્ઞને વિશે આ ભક્તિ આખીય શમપ્રધાન એક પ્રકારની હોય છે. (લેશથી પણ શમપ્રધાનતા વિનાની નથી હોતી.)

---

**यशो० : प्राप्यस्य मोक्षस्य चैकत्वात् तदर्थिनां गुणस्थानपरिणतितारतम्येऽपि न मार्गभेद इति तदनुकूलसर्वज्ञभक्तावप्यविवाद एव तेषाम् ।**

---

**चन्द्र० :** महोपाध्यायाः पदार्थान्तरं दर्शयन्ति - **प्राप्यस्य** = प्राप्तुमिष्टस्य **मोक्षस्य च एकत्वात्** = एकरूपत्वात् **तदर्थिनां** = मध्यस्थमिथ्यात्विनां सम्यग्दृष्ट्यादीनां च **गुणस्थानपरिणतितारतम्येऽपि** = प्रथमचतुर्थादिस्थानवर्त्तित्वेन तदुनसारिपरिणामस्य भिन्नत्वेऽपि इति भावः । **न मार्गभेदः** = न मोक्षमार्गभेदः **इति** = मोक्षमार्गभेदाभावात् **तदनुकूलसर्वज्ञभक्तावपि** = मोक्षानुकूला मोक्षमार्गनुकूला वा या सर्वज्ञभक्तिः, तस्यामपि, मोक्षमार्गस्तावदविवादोऽस्त्येवे**त्यपि**शब्दार्थः । **अविवाद एव तेषां** = मध्यस्थमिथ्यात्विनां सम्यग्दृष्ट्यादीनां च ।

अयं भावः - पाटलिपुत्रानुसारिणि एकस्मिन्मार्गे कश्चित् पाटलिपुत्रात् पञ्चयोजनं दूरे वर्त्तते । कश्चित्तु पञ्चशतं योजनं तस्मिन्नेव मार्गे पाटलिपुत्राद् दूरे वर्त्तते । परं द्वयोरपि पाटलिपुत्र एव गन्तव्यमिष्टं यदि भवेत्, तर्हि पाटलिपुत्रासन्नदूरवर्त्तित्वेन तयोर्भेदेऽपि तेषां मार्गस्तु एक

एव । अत एव पाटलिपुत्रप्राप्त्यनुकूलतन्मार्गचलनरूपायां क्रियायामपि न तयोः परस्परं विवादः । न हि एकोऽपि वदति यथा "पाटलिपुत्रगमनार्थं अस्मिन्मार्गे न गन्तव्यम्" इत्यादि ।

एवं मध्यस्थमिथ्यात्विनां सम्यग्दृष्ट्यादीनां च मोक्ष एव इष्टं गन्तव्यस्थानमस्ति, तौ च शमप्रधानपरिणतिरूप एकस्मिन्नेव मोक्षमार्गे वर्त्तते । परं सम्यग्दृष्ट्यादयो मोक्षासन्नाः, मिथ्यादृष्ट्यस्तु मोक्षाद्दूरवर्तिनः । तथाऽपि मार्गस्यैकत्वाद् मोक्षानुकूलायां सर्वज्ञभक्तौ मोक्षमार्गानुकूलायां वा सर्वज्ञभक्तौ तयोर्विवादो नास्त्येवेति ।

<u>ચન્દ્ર</u>૦ : મધ્યસ્થ મિથ્યાત્વી કે સમ્યક્ત્વીઓ જે મોક્ષ મેળવવા માંગે છે, તે એક જ છે. અને માટે મોક્ષાર્થી એવા તેઓમાં પહેલા-ચોથા વિગેરે ગુણસ્થાનને લીધે પરિણામનો ભેદ = તરતમતા હોય તો પણ તેઓનો માર્ગ તો એક જ રહે છે. માર્ગ બેયનો જુદો જુદો પડતો નથી. (કેમકે જ્યાં જવાનું છે, તે સ્થાન બેયનું એક છે.) અને એટલે જ એ મોક્ષને કે મોક્ષમાર્ગને અનુકૂલ એવી સર્વજ્ઞભક્તિમાં પણ તેઓનું પરસ્પર વિવાદ ન જ હોય.

(પાટલિપુત્ર જવા ઈચ્છતા બે મિત્રોમાંથી એક મિત્ર પાટલિપુત્રથી પાંચ યોજન દૂર છે. બીજો મિત્ર એ જ રસ્તા ઉપર પાંચસો યોજન દૂર છે. અહીં બેનું ઈષ્ટસ્થાન એક જ હોવાથી ભલે તેઓ પાટલિપુત્રથી નજીક-દૂર હોય તો પણ બેયનો માર્ગ તો એક જ રહે. અને એટલે એ પાટલિપુત્રપ્રાપ્તિને કે તે માર્ગને અનુકૂલ એવી તે માર્ગ ઉપર ચાલવા વિગેરે રૂપ પ્રવૃત્તિમાં તે બેયને ઝઘડો ન જ હોય. "પાટલિપુત્ર જવા માટે આ રસ્તે ન ચાલવું..." એવું બેમાંથી એકેય ન જ બોલે.

એમ, મધ્યસ્થ મિથ્યાત્વી અને સમ્યક્ત્વી વિગેરે જીવો એક જ મોક્ષમાં જવાની ઈચ્છાવાળા હોવાથી મોક્ષ માટેનો તેમનો શમપ્રધાન પરિણતિરૂપ મોક્ષમાર્ગ તો એક જ રહે છે. અને એટલે મોક્ષ કે શમપ્રધાનપરિણતિને અનુકૂલ એવી સર્વજ્ઞની ભક્તિમાં પણ તેઓનો વિવાદ ન જ હોય તે સ્પષ્ટ છે.)

---

**<u>यशो०</u> : उक्तं च (योगदृष्टि. १२७-१३३) –**

प्राकृतेष्विह भावेषु येषां चेतो निरुत्सुकम् । भवभोगविरक्तास्ते भवातीतार्थयायिनः ।।

एक एव तु मार्गोऽपि तेषां शमपरायणः । अवस्थाभेदभेदेऽपि जलधौ तीरमार्गवत् ।।

संसारातीततत्त्वं तु परं निर्वाणसंज्ञितम् । तद्ध्येकमेव नियमाच्छब्दभेदेऽपि तत्त्वतः ।।

सदाशिवः परंब्रह्म सिद्धात्मा तथातेति च । शब्दैस्तदुच्यतेऽन्वर्थादेकमेवैवमादिभिः ।।

तल्लक्षणाविसंवादान्निराबाधमनामयम् । निष्क्रियं च परं तत्त्वं यतो जन्माद्ययोगतः ।।

ज्ञाते निर्वाणतत्त्वेऽस्मिन्नसंमोहेन तत्त्वतः । प्रेक्षावतां न तद्भक्तौ विवाद उपपद्यते ।।

सर्वज्ञपूर्वकं चैतन्नियमादेव यत्स्थितं । आसन्नोऽयमृजुमार्गस्तद्भेदस्तत्कथं भवेत् ।।

**इति ।**

---

**चन्द्र०** : "तेषां सर्वज्ञभक्तौ अविवादमेव" इति शास्त्रपाठप्रदर्शनेन प्रकटयन्ति महोपाध्यायाः-**उक्तं चे**त्यादि ।

योगदृष्टिसमुच्चयगाथासंक्षेपार्थस्त्वयम् -

(१) **येषां** = महात्मनां मिथ्यादृष्ट्यादीनां **चेतः** = चित्तं **इह** = संसारे **प्राकृतेषु** = शब्दरूपरसगन्धस्पर्शादिरूपेषु **भावेषु** = पदार्थेषु **निरुत्सुकं** = निःस्पृहं, **भवभोगविरक्तास्ते भवातीतार्थयायिनः** = मोक्षगामिनः ।

(२) **तेषां** = मोक्षगामिनां मिथ्यादृष्ट्यादीनां **शमपरायणो मार्गः** = मोक्षमार्गः **अवस्थाभेदभेदेऽपि** = अवस्थाभेदात् कथञ्चित्तेषां जीवानां परस्परं भेदेऽपि, अवस्थाभेदश्च प्रथमचतुर्थादिगुणस्थानप्रयुक्तः स्पष्ट एव । **जलधौ तीरमार्गवद् एक एव** ।

(३) **तद् हि** = प्रसिद्धं हि **निर्वाणसंज्ञितं परं संसारातीततत्त्वं शब्दभेदेऽपि तत्त्वतो नियमाद् एकमेव ।**

(४) शब्दभेदमेवाह - **सदाशिवः परंब्रह्म सिद्धात्मा तथाता इति चैवमादिभिः शब्दैः अन्वर्थात्** = व्युत्पत्यर्थात् **एकमेव तद् उच्यते ।**

(५) "अन्वर्थादेकमेव निर्वाणतत्त्वमत्रोच्यते" इत्येतत्कथं घटते ? इति शङ्कायामाह- **तल्लक्षणाविसंवादात्** = निर्वाणलक्षणस्य प्रकृतशब्दार्थेषु घटमानत्वाद् युक्तमेवोक्तं यदुत अन्वर्थादेकमेव निर्वाणतत्त्वं तैः शब्दैरुच्यत इति ।

ननु कथं निर्वाणलक्षणस्यैतेषु शब्दचतुष्टयार्थेषु अपि संवादः ? इत्यत आह - **यतो जन्माद्ययोगतो निराबाधं अनामयं निष्क्रियं परं तत्त्वं च,** तस्मात् तन्निर्वाणमेव सदाशिवपरब्रह्मसिद्धात्मातथाताशब्दैरुच्यते, न त्वन्यदिति ।

(६) **असंमोहेन** = संमूग्धतारहितेन बोधेन **तत्त्वतः** = परमार्थतः, न तु कल्पनामात्रेण **अस्मिन् निर्वाणतत्त्वे ज्ञाते** सति **प्रेक्षावतां** = मतिमतां **तद्भक्तौ** = निर्वाणभक्तौ, **विवादो न उपपद्यते ।**

(७) **एतच्च** = निर्वाणं च **यत्** = यस्मात्कारणात् **नियमादेव सर्वज्ञपूर्वकं,** न हि असर्वज्ञस्य निर्वाणं सम्भवतीति, **स्थितौ** = मर्यादायां सत्यां **अयं** = सर्वज्ञः **आसन्नो ऋजुमार्गः** = निर्वाणसमीपवर्त्ती सरलो निर्वाणमार्गः, **तत्** = तस्मात्कारणात् **तद्भेदः** = सर्वज्ञभेदः **कथं भवेत् ?** । न हि लक्ष्यस्यासन्नवर्त्तिनो मार्गस्य भेदो भवतीति ।

**<u>ચન્દ્ર</u>૦ :** 'તેઓને (મધ્યસ્થ મિથ્યાત્વી તથા અન્ય દૃષ્ટિઓને) સર્વજ્ઞની ભક્તિમાં અવિવાદ જ છે' એ વસ્તુને શાસ્ત્રપાઠના પ્રદર્શનવડે મહોપાધ્યાયજી પ્રગટ કરે છે. યોગદૃષ્ટિસમુચ્ચયમાં કહ્યું છે કે –

(૧) જે મિથ્યાત્વી વિગેરે મહાત્માઓનું ચિત્ત શબ્દરૂપાદિ પ્રાકૃત (=પ્રકૃતિજન્ય) ભાવોમાં ઉત્સૂકતા રહિત છે. સંસારના ભોગથી વૈરાગ્ય પામેલા તેઓ સંસારાતીત - અર્થ = મોક્ષમાં જનારા હોય છે.

(૨) મોક્ષગામી તે જીવોનો શમપ્રધાન = શમમાં તત્પર એવો મોક્ષમાર્ગ અવસ્થાભેદથી ભેદ હોવા છતાં પણ સમુદ્રમાં કિનારાના માર્ગની જેમ એક જ છે. (મોક્ષગામી જીવોમાં કોઈક મિથ્યાત્વીની અવસ્થામાં છે. કોઈક સમ્યગ્દર્શનાદિની અવસ્થામાં છે. આમ અવસ્થાભેદથી તે મોક્ષગામી જીવોમાં પણ ભેદ તો પડે જ. પણ તેમ હોવા છતાં ય તે બધાનો શમપ્રધાન મોક્ષમાર્ગ તો એક જ રહેવાનો. જેમ સમુદ્રમાં કિનારા તરફ જઈ રહેલા વહાણો આગળ-પાછળ હોવા છતાં (અવસ્થાભેદ) બધાનો કિનારા તરફ જવાનો માર્ગ તો એક જ હોય છે.)

(૩) સંસારાતીતતત્ત્વ એ નિર્વાણનામવાળું શ્રેષ્ઠ તત્ત્વ છે. શબ્દોનો ભેદ હોવા છતાં પણ તે નિર્વાણતત્ત્વ પરમાર્થથી તો અવશ્ય એક જ છે.

(૪) સદાશિવ, પરબ્રહ્મ, સિદ્ધાત્મા અને તથાતા વિગેરે શબ્દો વડે વ્યુત્પત્તિ અર્થથી તો એક જ તે નિર્વાણતત્ત્વ કહેવાય છે. (રૂઢિથી ભલે દરેક મતવાળા પોત- પોતાના સ્વતંત્ર મોક્ષાદિ પદાર્થો બતાવતા હોય. પણ આ બધા શબ્દોનો જો વ્યુત્પત્તિ અર્થ વિચારો, તો એ બધા જ અર્થોમાં નિર્વાણ જ આવી પડશે.)

(૫) ("આ બધા શબ્દોથી એક જ નિર્વાણતત્ત્વ જ સૂચવાય છે" એમ શી રીતે કહી શકાય ?) નિર્વાણના લક્ષણનો આ ચારેયના અર્થોમાં વિસંવાદ ન થતો હોવાથી આ ચારેય શબ્દો વડે નિર્વાણ જ કહેવાય છે. (દા.ત. હિન્દુમાતારૂપ પશુ, લક્ષ્મીના ઘરની જન્મદાત્રી માતા, બુદ્ધિવર્ધકદૂધદાતા... આ શબ્દો કોઈ વાપરે. તો એમ કહી શકાય કે આ બધા શબ્દો દ્વારા ગાય નામનો એક જ પદાર્થ જણાવાય છે. કેમકે હિન્દુમાતારૂપ પશુમાં ગાયના સાસ્નાવત્ત્વલક્ષણનો સમન્વય થાય છે. એમ લક્ષ્મીના ઘર રૂપ છાણને જન્મ આપનાર વ્યક્તિમાં પણ ગાયનું લક્ષણ ઘટે છે. બુદ્ધિવર્ધક દૂધને આપનાર પદાર્થમાં પણ ગાયનું લક્ષણ ઘટે જ છે. માટે આ ત્રણેય શબ્દો વડે ગાય જ સૂચવાય છે. એમ સદાશિવાદિ શબ્દોના જે વ્યુત્પત્તિ-અર્થ કરાય છે, તે તમામ અર્થોમાં આપણે માનેલ નિર્વાણનુ લક્ષણ સંગત થતું હોવાથી આ બધા શબ્દો વડે વ્યુત્પત્તિ-અર્થ દ્વારા નિર્વાણ જ જણાવાય છે. એમ ફલિત થાય છે.)

(**પ્રશ્ન :** પણ નિર્વાણના લક્ષણનો આ શબ્દોના અર્થોમાં અવિસંવાદ છે, એમ તમે કયાં આધારે કહો છો ?)

**ઉત્તર :** જે કારણથી આ નિર્વાણમાં જન્મ, મરણ, ઘડપણાદિનો યોગ ન હોવાને લીધે આ નિર્વાણ આબાધા વિનાનું, આમય = રોગ વિનાનુ, નિષ્ક્રિય અને ઉત્કૃષ્ટ તત્ત્વ છે. માટે તેનું લક્ષણ સદાશિવાદિ શબ્દોના અર્થમાં ઘટી જ જાય છે.

(૬) સંમોહ વિનાના જ્ઞાન વડે પરમાર્થથી = સાચી રીતે આ નિર્વાણતત્ત્વ જણાઈ જાય, તો પછી બુદ્ધિમાનોને તેની ભક્તિમાં વિવાદ ન સંભવે. (કેમકે એની ભક્તિ એક જ પ્રકારની હોય. શમપ્રધાન પરિણતિ.)

(૭) અને આ નિર્વાણ = મોક્ષ જે કારણથી "નિયમા સર્વજ્ઞપૂર્વક જ હોય છે" (પણ સર્વજ્ઞ થયા વિના મોક્ષ ન જ થાય) એવી સ્થિતિ = મર્યાદા હોતે છતે આ સર્વજ્ઞ એ નિર્વાણનો સૌથી નજીકનો સરળ માર્ગ છે. તે કારણથી તે સર્વજ્ઞરૂપ માર્ગનો ભેદ શી રીતે હોય ?

(પાટલીપુત્રના દરવાજાની એક જ ડગલા પહેલાનો માર્ગ એ પાટલીપુત્રનો સૌથી નજીકનો સીધો માર્ગ કહેવાય, હવે એ તો એક જ હોય ને ? એના વળી બે ભેદ શી રીતે પડે ? ઘણા દૂર રહેલા માર્ગો હજી જુદા જુદા હોય. પણ છેવટે પાટલીપુત્રની સૌથી નજીકમાં તો એક જ માર્ગ હોય. એમ સર્વજ્ઞ એ મોક્ષનો સૌથી નજીકનો માર્ગ છે. માટે

તેમાં ભેદ = સર્વજ્ઞો જુદા જુદા પ્રકારના હોવા એ સંભવિત નથી.)

**यशो० : ननु देशनाभेदान्नैकः सर्वज्ञ इति सर्वेषां योगिनां नैकसर्वज्ञभक्तत्वमिति चेत्?**

**चन्द्र० :** पूर्वपक्षो मध्यस्थमिथ्यादृष्टीनां जैनानां च सर्वज्ञस्य भेदं प्रसाधयितुं प्रयतते- **ननु देशनाभेदात्** = साङ्ख्यमताभिमतसर्वज्ञस्य कपिलस्य "आत्मा नित्यो निष्क्रियः" इत्यादिरूपा देशना, बौद्धाभिमतसर्वज्ञस्य बुद्धस्य "सर्वं क्षणिकमिति कृत्वाऽऽत्माऽपि क्षणिकः" इति देशना, जैनाभिमतवीतरागसर्वज्ञस्य "आत्मादयः सर्वे पदार्था द्रव्यार्थतो नित्याः, पर्यायार्थतश्चानित्याः" इत्यादिरूपा देशना। इत्थञ्च तत्तत्सर्वज्ञानां परस्परं विभिन्नाया देशनाया दृश्यमानत्वाद् **न एकः सर्वज्ञः**। यदि हि एक एव सर्वज्ञः स्यात्, तर्हि कथं परस्परं विरूद्धां देशनां दद्यात्? न हि सामान्योऽपि विद्वान् स्वयमेक एव परस्परं विरुद्धां देशनां ददाति, तर्हि सर्वज्ञानां तु का वार्ता? तथा च **सर्वेषां योगिनां** = मित्रादिदृष्टीनां मिथ्यात्विनां स्थिरादिदृष्टीमतां सम्यग्दृशां च **नैकसर्वज्ञभक्तत्वं** = न मुख्यसर्वज्ञभक्तत्वं, किन्तु परस्परं विरुद्धमतवतां भिन्नानां सर्वज्ञानां भक्तत्वमिति। तथा च मिथ्यादृशां मुख्यसर्वज्ञाभक्तत्वाद् भावजैनत्वं दूरापास्तमेवेति।

**ચન્દ્ર૦ : પૂર્વપક્ષ :** (આ રીતે તમે મિથ્યાત્વીઓએ માનેલા શંકર, બુદ્ધ વિગેરે સર્વજ્ઞો અને જૈનોએ માનેલા વીતરાગ મહાવીર વિગેરે સર્વજ્ઞો એક જ છે એમ સાબિત કર્યું. પરંતુ અમને આ બરાબર લાગતું નથી. એનું કારણ એ કે જો એ બધા એક જ હોય, તો એમની દેશના જુદીજુદી = પરસ્પર વિરૂદ્ધ શા માટે હોય ? એક જ વ્યક્તિ પરસ્પર વિરૂદ્ધ નિરૂપણ કરે ખરો ? અને એય પાછા સર્વજ્ઞો આવું નિરૂપણ કરે ?

જુઓ ! સાંખ્યના સર્વજ્ઞ કહે છે કે "આત્મા નિત્ય છે, નિષ્ક્રિય છે...," બૌદ્ધોના સર્વજ્ઞ કહે છે કે "બધું જ ક્ષણિક છે, માટે આત્મા પણ ક્ષણિક છે", જૈનોના સર્વજ્ઞ કહે છે કે "તમામે તમામ વસ્તુઓ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે."

હવે આ બધા નિરૂપણો ચોકખા પરસ્પર વિરૂદ્ધ દેખાય જ છે.) આમ સર્વજ્ઞોની દેશનામાં ભેદ = વિરોધ હોવાથી સર્વજ્ઞ એક નથી, પણ જુદા જુદા છે. અને એટલે જ મિથ્યાત્વીઓ અને સમકિતી વિગેરે જીવો વિગેરે બધા યોગીઓ એક સર્વજ્ઞના ભક્ત

બની શકતા નથી. (અને માટે "મિથ્યાત્વીઓ સર્વજ્ઞભક્ત હોવાથી ભાવજૈન છે" એ વાત પણ ઉડી જાય છે.)

**यशो० : न, विनेयानुगुण्येन सर्वेषां देशनाभेदोपपत्तेः,**

**चन्द्र० :** महोपाध्यायाः समादधति - **न, विनेयानुगुण्येन** = शिष्यानुकूलत्वेन, शिष्यहितमाश्रित्येति यावत्, **सर्वेषां** = कपिलबुद्धवीतरागादीनां **देशनाभेदोपपत्तेः** = सर्वज्ञानामेक्त्वेऽभ्युपगम्यमानेऽपि देशनाभेदस्य युक्तिसङ्गतता सिद्धेः । तथा च यथा एक एव वैद्य एकस्मिन्नपि रोगे भिन्नभिन्नरोगिण आश्रित्य भिन्नानि औषधानि प्रयच्छत्येव, तत्र रोगीणां प्रकृतिरेव कारणम् । यथा रोगिणो हितं भवेत्, तथा औषधदानमेव वैद्यस्योचितम् । ततश्चैकस्मिन्नपि रोगे कस्यचिद्धरितकीदानेन कस्यचिद् गोमूत्रदानेन कस्यचिच्च त्रिफलादानेनारोग्यं संपाद्यते, न च तत्र अनेके वैद्याः, किन्तु एक एव । एवमत्रापि कपिलशिष्यास्तथाविधा एव, येन आत्मनित्यत्वोपदेशात्तेषां हितं स्यादिति कपिलः सर्वज्ञ आत्मनो कथंचिन्नित्यानित्यत्वं जानानोऽपि शिष्यहितायात्मनित्यत्वोपदेशं अददत् । बुद्धशिष्याश्च तथाविधा एव, येन आत्माऽनित्यत्वोपदेशादेव तेषां हितं स्यादिति बुद्धः सर्वज्ञः परमार्थं जानानोऽपि शिष्यहितायात्माऽनित्यत्वोपदेशं अददत् । एवमन्यत्रापि बोध्यम् । **न** च तेषां सर्वज्ञानां मतं भिन्नमिति तेषामेक्त्वमेवेति प्रथमं समाधानम् ।

**ચન્દ્ર૦ : ઉપાધ્યાયજી :** તમારી શંકાના ત્રણ સમાધાનો હોઈ શકે છે. (૧) શિષ્યોની અનુકૂળતા વડે સર્વ સર્વજ્ઞોના દેશના ભેદની ઉપપત્તિ થઈ જાય છે. માટે સર્વજ્ઞોનો ભેદ માનવાની જરૂર નથી. (આશય એ છે કે શિષ્યોના હિતને નજર સામે રાખીને સર્વજ્ઞોએ દેશના આપી છે અને માટે તે દેશનાઓમાં ભેદ પડ્યો છે. સર્વજ્ઞોના મતો – વિચારો જુદા જુદા હતા માટે દેશનામાં ભેદ નથી પડ્યો.

**દા.ત.** એક જ વૈદ્ય એક જ રોગવાળા ત્રણ રોગીમાંથી કોઈક રોગીને એની પ્રકૃતિ પ્રમાણે હરડે આપે, કોઈકને ગોમૂત્ર આપે, કોઈકને ત્રિફળા આપે. અહીં જુદી જુદી ઔષધિ એક જ રોગ મટાડવા માટે આપી એમાં રોગીઓની તેવા પ્રકારની પ્રકૃતિ જ કારણ છે.

એમ કપિલશિષ્યો એવા જ હતા કે નિત્યાત્માની દેશનાથી એમનું હિત થાય એટલે કપિલ સર્વજ્ઞે "બધુ નિત્યાનિત્ય છે" એ સ્યાદ્વાદ જાણતા હોવા છતાં પણ શિષ્યોના હિત માટે આત્માની નિત્યતાની દેશના આપી.

એમ બૌદ્ધ શિષ્યો એવા જ હતા કે "આત્મા અનિત્ય છે" એવી દેશનાથી જ એમનું હિત થાય. એટલે બુદ્ધ સર્વજ્ઞે પરમાર્થ જાણતા હોવા છતાં પણ અનિત્યાત્માનો ઉપદેશ આપ્યો. એમ બાકીના સર્વજ્ઞોમાં પણ સમજી લેવું. પણ આમાં સર્વજ્ઞોનો મત જુદો જુદો સિદ્ધ થતો જ નથી.

એટલે સર્વજ્ઞોને એક = એક મતવાળા માની લઈને પણ તેમની દેશનાનો ભેદ ઉપર પ્રમાણે ઘટી જતો હોવાથી સર્વજ્ઞો અનેક = જુદા જુદા અભિપ્રાયવાળા સિદ્ધ થતા નથી.

**<u>यशो०</u> : एकस्या एव तस्या वक्तुरचिन्त्यपुण्यप्रभावेन श्रोतृभेदेन भिन्नतया परिणतेः, कपिलादीनामृषीनामेव वा कालादियोगेन नयभेदात्तद्वैचित्र्योपपत्तेः तन्मूलसर्वज्ञप्रतिक्षेपस्य महापापत्वात् ।**

**<u>चन्द्र०</u>** : देशनाभेदेऽपि सर्वज्ञानामेकत्वं साधयितुं समकं द्वितीयं तृतीयं च समाधानमाह - **एकस्या एव तस्याः** = "आत्मा कथंचिन्नित्यानित्यः" इत्याद्येकस्वरूपायाः पारमार्थिकाया एव देशनायाः, **वक्तुरचिन्त्यपुण्यप्रभावेन** = कपिलबुद्धवीतरागादेर्योऽचिन्त्यः पुण्यप्रभावः, तेन **श्रोतृभेदेन** = भीरुभोगलम्पटादिभेदेन **भिन्नतया** = "आत्मा नित्यः" "आत्मा अनित्यः" इत्यादिरूपतया, स्वहितानुकूलपदार्थग्रहणरूपतया **परिणतेः** = परिणमनात् "**तद्वैचित्र्योपपत्तेः**" इति अनेन सहास्यान्वयः कर्त्तव्यः । इदं च द्वितीयं समाधानम् ।

अयमत्र तात्पर्यार्थः । कपिलबुद्धादयः सर्वे सर्वज्ञाः "सर्वे पदार्थाः कथञ्चिन्नित्यानित्या एव" इत्यादि तत्त्वानि जानन्त्येव । ततश्च तैस्तथैव देशना प्रदत्ता । किन्तु यथा शिथिलस्य साधोः "आधाकर्मादिभोजने नरकादिगतिर्भवति, न वा भवति, नात्रैकान्तः ।" इत्यादिप्रमाणदेशना न हितकरी, किन्तु "आधाकर्मादिभोजने दुर्गतिपातो भवत्येव" इत्यादिरूपेण नयदेशनैव तद्धितकरी । एवं "अहं मरिष्यामि, मम शरीरपुत्रभोगादिकं विनङ्क्ष्यति" इत्यादिभयवतः, अत एव प्रतिक्षणमार्तध्यानयुक्तस्य "आत्मा नित्योऽनित्यश्च" इत्यादि देशनायाः सकाशात् "आत्मादयः पदार्था नित्याः" इति नयदेशनैवात्यन्तिकहितकरी । यतस्तां श्रुत्वा स आत्मनित्यत्वबोधेन मृत्युभयान्मुच्यते ।

एवं स्त्रीशरीरपुत्रादिषु लम्पटस्य "आत्मादयो नित्या अनित्याश्च" इति प्रमाणदेशनायाः सकाशात् "आत्मादिकं सर्वं वस्तु क्षणिकम्" इति देशनाऽऽत्यन्तिकहितकरी भवति । यतस्तां श्रुत्वा स्त्रीशरीरादिकं क्षणिकं ज्ञात्वा तद्रागान्मुच्यत इति ।

इत्थं च येषां श्रोतॄणां नयदेशनाऽऽत्यन्तिकहितकरी, तेषां सर्वज्ञोक्ता प्रमाणदेशना न तथाविधहितकरी भवेत् । किन्तु अचिन्त्यपुण्यप्रभाववन्त एते सर्वज्ञा महात्मानः । ततश्च तादृशपुण्यप्रभावात्तेषां प्रमाणदेशनाऽपि श्रोतृहितानुसारेण तत्तन्नयदेशनारूपतया परिणमति । मृत्युभीरोर्हि प्रमाणदेशनां श्रुत्वाऽपि "सर्वज्ञेनात्मा नित्यः प्रतिपादितः, ततश्च नाधुना मम मृत्युभयं, नाहं कदापि म्रिये" इत्येवं नयप्रधानो बोधो भवति । भोगलम्पटस्य च "सर्वज्ञेन सर्वं क्षणिकं प्रतिपादितं, ततः किं स्त्र्यादिषु गाढरागेण ? एतत्सर्वं विनङ्क्ष्यति" इति नयप्रधानो बोधो भवति ।

इत्थं च सर्वेषां सर्वज्ञानां मतं तावदेकमेव, किन्तु तेषामेव पुण्यप्रभावात् श्रोतॄणां स्वहितानुसारेण सा देशना नित्यत्वानित्यत्वादिनयदेशनारूपतया परिणता । ततश्च बोद्धशिष्यै-र्भोगलंपटैर्जगति कथितं "बुद्धेन सर्वं क्षणिकं निरूपितम्" इति । सांख्यशिष्यैर्मृत्युभीरुभिर्जगति प्रतिपादितं "कपिलेन आत्मा नित्यः प्रतिपादितः" इति । ततश्च जगति इदं प्रसिद्धिः आपन्नं यदुत "कपिलमते आत्मा नित्यः, बुद्धमतेऽनित्यः" इति । परमार्थतस्तु तेषां मतं एकमेव "सर्वं कथञ्चिन्नित्यानित्यम्" इति ।

एवं च सर्वज्ञमतस्यैकत्वात्सर्वज्ञानामप्येकत्वं तद्देशनाभेदेऽपि न दुर्घटमिति सिद्धम् ।

तृतीयं समाधानमाह – **कपिलादीनामृषीनामेव वा** = "न तु सर्वज्ञानां" इति प्रतिपादनार्थं "ऋषीनां" इति पदमुपात्तमिति बोध्यम् । अस्य च "**तद्वैचित्र्योपपत्तेः**" इत्यनेन सहान्वयः कर्त्तव्यः । "कालादियोगेन नयभेदात् कपिलादीनां ऋषीणामेव तद्वैचित्र्योपपत्तेः" इति तु वाक्यान्वयार्थः ।

अयं भावः – कपिलो बुद्धश्च न स्वयं सर्वज्ञः, किन्तु ते महर्षिण एव । महावीरादिसर्वज्ञैः सर्वं कथञ्चिन्नित्यानित्यं इत्यादिरूपा प्रमाणदेशना प्रदताऽऽसीत् । किन्तु कपिलकाले कपिलर्षेः आत्मनित्यत्वनय एव हितकारी अभवत् । स एव नयस्तस्य रुचितः । बुद्धकाले बुद्धस्य आत्माऽनित्यत्वनय एव हितकारी अभवत् । स एव नयस्तस्य रुचितः । ततश्च कपिलेनात्मनित्यत्वस्य बुद्धेन चात्माऽनित्यत्वस्य सर्वज्ञदेशनैकांशभूतस्य देशना प्रदत्ता । इत्थं च कालादियोगेन यो नयादिभेदोऽभवत्, तेन असर्वज्ञनां तेषां महात्मनां परमार्थो जानानामपि देशनाविचित्रता समुत्पन्ना । न च तया मुख्यसर्वज्ञानां मतं भिन्नं सिद्ध्यति । ततश्च मुख्यसर्वज्ञानां मतस्येक्त्वेऽभ्युपगम्यमानेऽपि देशनाभेदोपपादनसम्भवान्न सर्वज्ञमतस्यानेकत्वं, ततश्च न सर्वज्ञानामनेकत्वमिति ।

यत एवं श्रोतृहितसाधनरूपात् कारणात् श्रोतृभेदेन सर्वज्ञदेशनाया भिन्नतया परिणमनात् कारणात् कालादिभेदेन नयभेदात्कारणात् वा सर्वज्ञानां असर्वज्ञानां वा देशनावैचित्र्योपपत्तिः सम्भवति, ततः **तन्मूलसर्वज्ञप्रतिक्षेपस्य** = श्रोतृभेदेन भिन्नतया परिणतायाः सर्वज्ञदेशनाया मूलं यः सर्वज्ञः, कालादिभेदेन नयभेदाद् असर्वज्ञानां विचित्रदेशनाया मूलं यः सर्वज्ञः, तस्य **प्रतिक्षेपस्य** = खण्डनस्य "आत्मनित्यत्वादिपदार्थप्रतिपादनाद् न कपिलबुद्धादयः सर्वज्ञाः" इत्यादिरूपस्य **महापापत्वात्** = महात्मनामाशातनाकारित्वेन सर्वज्ञखण्डनस्य प्रतिपादितस्वरूपस्य महापापजनकत्वात् ।

इत्थं च सर्वज्ञमतैक्येऽपि समाधानत्रितयेन तद्देशनाभेदोपपत्तेः सम्भवान्न सर्वज्ञानां भिन्नत्वं, ततश्च सर्वेषां सांख्यबौद्धजैनादीनां योगिनामेकसर्वज्ञभक्तत्वमप्रतिहतमिति ।

<u>**ચન્દ્ર૦**</u> : ("સર્વજ્ઞો અને સર્વજ્ઞોનો મત એક જ છે" એવું માનીને પણ સર્વજ્ઞોની દેશનાનો ભેદ ઘટી શકે છે. એ માટે એક સમાધાન આપીને હવે એક સાથે બીજું અને ત્રીજું સમાધાન આપે છે.)

(કપિલ, બુદ્ધ, વીતરાગમહાવીર આ બધા સર્વજ્ઞો છે. એટલે તેઓ ) "બધી વસ્તુ અપેક્ષાએ નિત્યાનિત્ય છે" આ વિગેરે પરમાર્થને જાણતા જ હતા. અને માટે બધાએ એક સરખી જ દેશના આપેલી. (કપિલે "આત્મા નિત્ય જ છે" એવી કે બુદ્ધે "આત્મા અનિત્ય જ છે" એવી દેશના આપી જ નથી. બધાએ પ્રમાણદેશના જ આપેલી.

હવે જે શિથિલ સાધુ હોય તેને એવી પ્રમાણ દેશના અપાય કે "આધાકર્મી વાપરવામાં દુર્ગતિ થાય જ એવો એકાંત નથી. આત્મપરિણતિ પ્રમાણે ફળ મળે." તો આ પ્રમાણેની દેશના શિથિલાચારીને આત્યન્તિક હિતકારી ન બને. એના બદલે એને નયદેશના અપાય કે "આધાકર્મી વાપરનારો નરકાદિમાં ગયા વિના ન રહે." તો એ તેને શિથિલાચારથી છોડાવનારી આત્યન્તિક હિતકારી બને.

એમ સર્વજ્ઞોની સામે બેઠેલા શ્રોતાઓમાં ઘણા એવા હતા કે તે તે નયની દેશના જ એમને વધુ હિતકારી બને, પ્રમાણદેશના નહિ. **દા.ત.** કપિલની સામે રહેલા શ્રોતાઓ મૃત્યુ વિગેરેથી ખૂબ ગભરાતા હતા. હવે તેઓને "આત્મા નિત્ય પણ છે, અને અનિત્ય પણ છે" આવી દેશના આત્યન્તિક હિતકારી ન બને. પરંતુ "આત્મા નિત્ય જ છે. કદિ મરતો નથી" આવી દેશના એમને હિતકારી બને. કેમકે આત્માની અમરતાની દેશનાથી એમનો મૃત્યુ ભય... નીકળી જાય.

બુદ્ધ સામે રહેલા શ્રોતાઓ ભોગલંપટ હતા. તેઓને પણ ઉપર મુજબની પ્રમાણ દેશના આત્યન્તિક હિતકારી ન બને. પણ "બધું જ ક્ષણિક છે. શું આવા ક્ષણિક પદાર્થોમાં રાગ કરવાનો ?" આવી નયદેશના એમને અત્યંત હિતકારી બને. કેમકે વસ્તુઓની ક્ષણિકતાના બોધથી તે વસ્તુઓ ઉપરનો રાગ ખતમ થાય.

હવે બધા સર્વજ્ઞોએ તો પ્રમાણ દેશના જ આપી. એટલે ખરેખર તો આવા નયદેશનાને ઉચિત જીવોનુ હિત ન થાત.) પણ આ સર્વજ્ઞમહાત્માઓના પુણ્યનો એવો અચિન્ત્યપ્રભાવ હતો કે એ પ્રમાણ દેશના પણ તે તે શ્રોતાઓને પોતાને હિતકારી તે તે નયની દેશના રૂપે જ પરિણમી. (અર્થાત્ કપિલના શિષ્યોને એમ જ લાગ્યું કે "સર્વજ્ઞે આત્માને નિત્ય કહ્યો છે. માટે હવે મૃત્યુનો ભય નથી." બુદ્ધશિષ્યોને એમ લાગ્યું કે "સર્વજ્ઞે આત્માદિ પદાર્થોને અનિત્ય કહ્યા છે એટલે હવે ભોગોમાં લંપટતા છોડી દેવી જોઈએ."

આમ એક જ એવી પ્રમાણદેશના જુદા જુદા શ્રોતાઓને જુદા જુદા નયની દેશના રૂપે પરિણમી અને એ શિષ્યોએ જગતમાં પ્રચાર કર્યો કે "કપિલમતમાં આત્મા નિત્ય છે" "બુદ્ધમતમાં આત્મા અનિત્ય છે." અને એટલે જગતમાં એવું પ્રસિદ્ધ થયું કે આ બે મહાત્માઓની દેશના વિચિત્ર = જુદી જુદી છે. હકીકત એ છે કે બધા સર્વજ્ઞોનો મત તો એક જ છે કે "આત્મા કથંચિત્ નિત્યાનિત્ય છે."

આમ "સર્વજ્ઞો એક જ છે, તેમનો મત એક જ છે" એમ માનીએ તો પણ ઉપર બતાવ્યા પ્રમાણે એક જ દેશનાનો શ્રોતૃભેદથી જુદીજુદી રીતે પરિણામ થવાથી તે સર્વજ્ઞોની દેશનાનો ભેદ પ્રસિદ્ધ થયેલો ઘટી જાય છે. માટે સર્વજ્ઞો જુદાજુદા માનવાની જરૂર નથી. સર્વજ્ઞોનો મત જુદોજુદો સિદ્ધ થતો નથી.

આ બીજું સમાધાન આપ્યું.

ત્રીજું સામાધાન એ છે કે કપિલ, બુદ્ધ વિગેરે સ્વયં સર્વજ્ઞ ન હતા, પરંતુ તેઓ ઋષિ હતા. મુખ્ય સર્વજ્ઞ ભગવાન આદિનાથ, મહાવીર વિગેરેએ બધી વસ્તુ નિત્યાનિત્ય બનાવી. હવે કપિલના કાળમાં કપિલઋષિને આત્માની નિત્યતા વધુ હિતકારી લાગી. એટલે એમણે નિત્યાનિત્યતા જાણતા હોવા છતાં મુખ્યત્વે નિત્યતાનો જ ઉપદેશ દેવા માંડ્યો.

બુદ્ધના કાળમાં બુદ્ધને આત્માની અનિત્યતા વધુ હિતકારી લાગી. એટલે તે પણ પરમાર્થ જાણતા હોવા છતાં પણ અનિત્યતાની જ દેશના આપી. મુખ્યસર્વજ્ઞે તો બધા

નયોની એક સાથે દેશના આપેલી, છતાં કાળાદિ બદલાયા અને એટલે) તે તે મહર્ષિઓએ કાળાદિને અનુસારે તે તે નયોને જ મુખ્ય બનાવીને દેશના આપી એટલે આ દેશનાની વિચિત્રતા ઉત્પન્ન થઈ છે. પણ એમાં સર્વજ્ઞના મત જુદા પડતા નથી જ.

અને એટલે જ શ્રોતૃભેદથી જુદી જુદી રીતે પરિણમેલી દેશના કે આ કાલાદિ ભેદથી નયભેદને લઈને પ્રવર્તેલી દેશના આ બેયના મૂળ તો સર્વજ્ઞ જ છે. સર્વજ્ઞમાંથી જ આ બે ય પ્રકારની દેશના સાક્ષાત્ કે પરંપરાએ ઉદ્ભવ પામેલી છે. એટલે આવી "આત્મનિત્યતાની વાત કરનારા કપિલ સર્વજ્ઞ ન ગણાય. આત્મ-અનિત્યતાની વાત કરનારા બુદ્ધ સર્વજ્ઞ ન ગણાય." આવી રીતે એ સર્વજ્ઞોનું ખંડન કરવું એ તો મહાપાપ છે.

(આશય એ છે કે આ દેશનાઓ ખરેખર ખોટી, અહિતકારી હોત તો તેમના પ્રણેતાઓનું ખંડન હજી ખરાબ ન ગણાત. પણ આ દેશનાઓ યોગ્ય રીતે, હિતકારી તરીકે ઉત્પન્ન થયેલી છે. એટલે એના પ્રણેતા સર્વજ્ઞ હોઈ જ શકે છે. એટલે આવી દેશનાને ખોટી માનીને એના પ્રણેતાને અસર્વજ્ઞ કહી દેવા દ્વારા એમનું ખંડન કરવું એ તો સ્પષ્ટ પણે મહાપાપ જ ગણાય.)

---

**यशो० : उक्तं च (योग० समु० १३४-१४२) –**

चित्रा तु देशनैतेषां स्याद्विनेयानुगुण्यतः । यस्मादेते महात्मानो भवव्याधिभिषग्वराः ।।

यस्य येन प्रकारेण बीजाधानादिसंभवः । सानुबन्धो भवत्येते तथा तस्य जगुस्ततः ।।

एकाऽपि देशनैतेषां यद्वा श्रोतृविभेदतः । अचिन्त्यपुण्यसामर्थ्यात्तथा चित्राऽवभासते ।।

यथाभव्यं च सर्वेषामुपकारोऽपि तत्कृतः । जायतेऽवन्ध्यताऽप्येवमस्याः सर्वत्र सुस्थिता ।।

यद्वा तत्तन्नयापेक्षा तत्तत्कालादियोगतः । ऋषिभ्यो देशना चित्रा तन्मूलैषाऽपि तत्त्वतः ।।

तदभिप्रायमज्ञात्वा न ततोऽर्वाग्दृशां सताम् । युज्यते तत्प्रतिक्षेपो महानर्थकरः परः ।।

निशानाथप्रतिक्षेपो यथाऽन्धानामसङ्गतः । तद्भेदपरिकल्पश्च तथैवार्वाग्दृशामयम् ।।

न युज्यते प्रतिक्षेपः सामान्यस्यापि तत्सताम् । आर्यापवादस्तु पुनर्जिह्वाच्छेदाधिको मतः ।।

कुदृष्टादि च नो (कुदृष्ट्यादिवन्नो) सन्तो भाषन्ते प्रायशः क्वचित् ।

निश्चितं सारवच्चैव किन्तु सत्त्वार्थकृत्सदा ।।

---

चन्द्र० : समाधानत्रितयमेव शास्त्रपाठप्रदर्शनद्वारा प्रदर्शयति - **उक्तं च** इत्यादि।

योगदृष्टिगाथासंक्षेपार्थस्त्वयम् -

(१) **एतेषां** = सर्वज्ञानां **चित्रा तु देशना विनेयानुगुण्यतः** = शिष्यहितमाश्रित्येति भवति । कथमेतदेवम् ? इत्याह - **यस्माद् एते महात्मानो भवव्याधिभिषग्वराः** = भवव्याधिविनाशाय श्रेष्ठवैद्याः ।

(२) **ततः** = तस्मात्कारणात् **यस्य** = श्रोतुः **येन प्रकारेण** = आत्मनित्यात्वादिदेशनया **सानुबन्धो बीजाधानादिसम्भवो भवति** । **एते** = सर्वज्ञाः **तस्य** = श्रोतुः **तथा** = तेनैव प्रकारेण **जगुः** = देशनां दद्युः ।

(३) द्वितीयं समाधानमाह - **यद्वा एतेषां** = सर्वज्ञानां **अचिन्त्यपुण्यसामर्थ्याद्** (एतेषां) **एकाऽपि देशना** = एकस्वरूपाऽपि प्रमाणदेशना **श्रोतृविभेदतः तथा** = तेन प्रकारेण आत्मनित्यत्वादिना **चित्रा** = विचित्रप्रकारा **अवभासते** = प्रतिभाति ।

(४) **यथाभव्यं च** = श्रोतृगतभव्यतानुसारेण **तत्कृतः** = सर्वज्ञदेशनाकृतः **उपकारोऽपि** = न केवलं चित्रदेशनैव जायत **इत्यपि**शब्दार्थः, **जायते** । **एवं** = उपकारसम्भवेन **अस्याः** = सर्वज्ञदेशनायाः **सर्वत्र अवन्ध्यताऽपि** = सफलताऽपि **सुस्थिता** ।

(५) तृतीयं समाधानमाह - **यद्वा ऋषिभ्यस्तत्तत्कालादियोगतस्तत्तन्नयापेक्षा चित्रा देशना** (निर्गता) । **एषाऽपि** = असर्वज्ञमहर्षिगदिताऽपि, न केवलं साक्षात्सर्वज्ञगदिते**त्यपि**-शब्दार्थः । **तत्त्वतः** = परमार्थतः **तन्मूला** = सर्वज्ञमूलका ।

(६) **ततः** = यस्मादेषा देशना सर्वज्ञमूला, तस्मात्कारणात् **तदभिप्रायं** = तादृशदेशनाया अभिप्रायं, तादृशदेशनावक्तृकपिलबुद्धादीनामभिप्रायं, केनाभिप्रायेण तैस्तथा देशना दत्ता ? इति **अज्ञात्वा अर्वाग्दृशां** = छद्मस्थानां **सतां** = सज्जनानां **तत्प्रतिक्षेपः** = कपिलबुद्धादि-देशनाप्रतिक्षेपः, तद्द्वारा कपिलबुद्धादिसर्वज्ञानां खण्डनं च **परः** = उत्कृष्टः **महानर्थकरः** = महानर्थहेतुः ।

(७) **यथाऽन्धानां निशानाथप्रतिक्षेपः** = "आकाशे चन्द्रो नास्त्येव" इत्यादिरूपः

**तद्भेदपरिकल्पश्च** = चन्द्रभेदपरिकल्पना च "चन्द्रः श्वेतरक्तवर्णयुक्तः, अर्धवर्तुलाकृतिः" इत्यादि रूपः **असङ्गतः** = न युक्तियुक्तः । **तथैव** = अन्धदृष्टान्तानुसारेणैव **अर्वाग्दृशां** = छद्मस्थानां सज्जनानां **अयं** = सर्वज्ञप्रतिक्षेपः सर्वज्ञभेदपरिकल्पश्चेति ।

(८) **तत्** = यतश्छद्मस्थसज्जनानां अन्धवत् सर्वज्ञप्रतिक्षेपो न सङ्गतः, तस्मात्कारणात् **सतां** = सज्जनानां **सामान्यस्यापि** = सामान्यजनस्यापि, आस्तां तावत्सर्वज्ञस्येत्य**पि**शब्दार्थः, **न युज्यते** । **आर्यापवादस्तु** = आर्याणां = कपिलबुद्धादीनां पूज्यानां अपवादः = निन्दाप्रतिक्षेपादिः पुनः **जिह्वाछेदाधिकः** = रसनाछेदादधिकः **मतः** ।

(९) **कुदृष्टादि च** = कुत्सितं दृष्टं, आदिपदात् "कुत्सितं श्रुतं, कुत्सितं पठितम्" इत्यादिसंग्रहः । केनचिच्चौर्यपरदारागमनादिकं कृतं, तच्च सद्भिर्दृष्टं श्रुतं वा, तादृशं **सन्तः** = सज्जनाः **प्रायः नो** = नैव **क्वचित्** = कुत्रचिद् भाषन्ते । प्रायोग्रहणं "कदाचिद् विशेषलाभार्थं कुदृष्टाद्यपि भाषन्ते सज्जनाः" इति ज्ञापनार्थम् ।

तर्हि कीदृशं ते भाषन्ते ? इत्याह - **किन्तु निश्चितं** = "इदमित्थमेव" इति निश्चयविषयीकृतं, न तु "इदमित्थमेव अन्यादृशं वा ?" इत्यादिशङ्कास्पदम् । **सारवत्** = स्वपरोभयहितकारी, न तु अनर्थकारी, निरर्थकं वा । एतदेवाह - **सत्त्वार्थकृत्** = जीवहितकारी **सदा** = सर्वदैव, न तु कदाचिदेव ।

**<u>ચન્દ્ર</u>૦ :** શાસ્ત્રપાઠો દ્વારા ત્રણ સમાધાનોને બતાડે છે.

યોગદષ્ટિસમુચ્ચયમાં કહ્યું છે કે

(૧) આ સર્વજ્ઞોની ચિત્ર દેશના શિષ્યોના હિતને આશ્રયીને થાય છે. જે કારણથી આ મહાત્માઓ સંસારરૂપી રોગના નાશ માટે શ્રેષ્ઠ વૈદ્ય સમાન છે...

(૨) તે કારણથી જે શ્રોતાને જે અનિત્યાત્માદિદેશના પ્રકારે વડે અનુબંધવાળો એવો બીજાધાનાદિનો સંભવ થતો હોય, તે પ્રમાણે તે શ્રોતાને આ સર્વજ્ઞો દેશના આપે.

(૩) **અથવા** આ સર્વજ્ઞોના પુણ્યના અચિન્ત્યસામર્થ્યથી એક પણ એવી દેશના શ્રોતાઓના ભેદથી તે પ્રમાણે = તે તે નય રૂપે ચિત્ર ભાસે છે. (હકીકતમાં તે ચિત્ર હોતી નથી.)

(૪) વળી શ્રોતાઓના ભવ્યત્વ પ્રમાણે તે દેશનાઓ વડે કરાયેલો ઉપકાર પણ સર્વજીવોને થાય છે. આમ ઉપકાર થવાને લીધે આ દેશનાની સર્વત્ર સફળતા પણ સિદ્ધ

થાય છે.

(૫) **અથવા** તે તે કાલાદિના યોગથી ઋષિઓમાંથી તે તે નયની અપેક્ષાવાળી ચિત્ર દેશના (નીકળી) થઈ. આ ચિત્ર દેશના પણ પરમાર્થથી તો સર્વજ્ઞમૂલક જ છે.

(૬) તેથી જ છદ્મસ્થ સજ્જનોને તે કપિલાદિ સર્વજ્ઞોનો (આવી દેશના આપવા પાછળનો) અભિપ્રાય જાણ્યા વિના તેમનું ખંડન ઉત્કૃષ્ટ એવું મહાનર્થનું કારણ બને છે.

(૭) જેમ અંધજીવોને ચંદ્રનું ખંડન (ચંદ્ર આકાશમાં નથી ઈત્યાદિ) કરવું અને ચંદ્રના ભેદની કલ્પાના (ચંદ્ર શ્વેતરક્ત છે, અર્ધગોળ છે ઈત્યાદિ) કરવી અસંગત છે. (જે જોઈ જ ન શકે, તે આ બધું કરવા માટે શી રીતે પાત્ર ગણાય ?) તે જ પ્રમાણે છદ્મસ્થોને સર્વજ્ઞોનું ખંડન તેમના ભેદની કલ્પના અસંગત છે.

(૮) માટે જે સજ્જનોને સામાન્ય વ્યક્તિનું પણ ખંડન યોગ્ય નથી. જ્યારે પૂજ્ય એવા કપિલ, બુદ્ધ વિગેરેનું ખંડન તો જીભનો છેદ થઈ જવા કરતા પણ વધુ છે. (અર્થાત્ જીભ કપાઈ જાય તો ઓછું ખરાબ જ્યારે આ મહાત્માઓની નિંદા વધુ ખરાબ છે.)

(૯) સજ્જનો પ્રાયઃ કુદૃષ્ટાદિને ક્યાંય પણ ન બોલે. (ખરાબ જોવાયેલું, ખરાબ સાંભળેલું પણ આદિથી લઈ લેવું. કોઈક વડે ચોરી વિગેરે કરેલી હોય તો પણ, આ ચોરીની વાત સજ્જનો આખા ગામમાં ઢંઢેરો પીટતા ન ફરે. હા, જરૂર લાગે તો વિશેષ લાભ માટે આવા કુદૃષ્ટાદિ પણ બોલે. માટે જ પ્રાય પદ લખેલ છે.)

પરંતુ નિશ્ચિત = આ આમ જ છે એ પ્રમાણે જે નક્કી થયું હોય, સારવાળું હોય, જીવોને હિત કરનારૂં હોય એવું વચન સદા બોલે.

---

**<u>यशो०</u> : ननु यद्येवंविधं माध्यस्थ्यं परेषां स्यात् तदा मार्गाभावेऽपि जैनत्वं भवेत्, तदेव तु व्यवहारतो जैनमार्गाऽनाश्रयणे दुर्घटमिति न तेषां माध्यस्थ्यमिति चेत् ?**

---

**<u>चन्द्र०</u> :** इत्थं च मध्यस्थमिथ्यादृशामपि मुख्यसर्वज्ञभक्तत्वाद् भावजैनत्वमिति महोपाध्यायैः प्रसाधितम् । पूर्वपक्षस्तु हरिभद्रसूरिकृतयोगदृष्टिसमुच्चयग्रन्थपाठान् स्वाभिमतपदार्थ-खण्डनकारकान् निराकर्तुमशक्नुवन् "मूलं नास्ति, कुतः शाखा" इति न्यायं स्मृत्वाऽत्र मूलमुच्छेत्तुं प्रयतते - **ननु यद्येवंविधं** = मिथ्यादृशामपि सर्वज्ञभक्तत्वाधानद्वारा भावजैनत्वसाधकं **माध्यस्थ्यं परेषां** = मिथ्यादृशां **स्यात्** तदा **मार्गाभावेऽपि** = व्यवहारतो जैनशासनान्तो-

ऽप्रवेशेऽपि **जैनत्वं** भावतो भवेत् । **तदेव तु** = तादृशमाध्यस्थ्यमेव तु **व्यवहारतो जैनमार्गानाश्रयणे दुर्घटम्** । **इति** = व्यवहारतो जैनमार्गानाश्रयणान्न **तेषां** = मिथ्यादृशां **माध्यस्थ्यम्** ।

तथा च माध्यस्थ्यरूपं मूलमेव नास्ति, कुतस्तरां मुख्यसर्वज्ञभक्तत्वं तद्द्वारा च भावजैनत्वं इत्यादिरूपाः शाखा अस्य विद्यन्त इति ।

**ચન્દ્ર૦** : ("આ પ્રમાણે મધ્યસ્થ મિથ્યાત્વીઓને પણ મુખ્યસર્વજ્ઞની ભક્તિ દ્વારા ભાવજૈનત્વ ઘટે છે" એ પદાર્થ ઉપાધ્યાયજીએ સિદ્ધ કર્યો. પૂર્વપક્ષ પોતાના પદાર્થને ખંડિત કરનારા, હરિભદ્રસૂરિરચિત યોગ્યદષ્ટિસમુચ્ચયના પાઠોનું નિરાકરણ કરવા તો અસમર્થ જ છે. એટલે "મૂળ જ ન હોય, તો શાખા તો ક્યાંથી હોય" એ ન્યાયને યાદ કરીને આ વિષયમાં મૂળને જ કાપી નાંખવાનો પ્રયત્ન કરે છે.)

**પૂર્વપક્ષ** : મિથ્યાત્વીઓને પણ સર્વજ્ઞભક્ત બનાવનાર અને એના દ્વારા ભાવજૈનત્વ પમાડનાર માધ્યસ્થ્ય એ મિથ્યાત્વીઓમાં હોય, તો તો વ્યવહારથી જૈનશાસન રૂપી માર્ગમાં પ્રવેશ વિના પણ તેઓને જૈનત્વ ઘટી શકે. પણ એ માધ્યસ્થ્ય જ તેઓને ઘટી શકતું નથી. કેમકે વ્યવહારથી જૈન માર્ગનો આશ્રય કર્યા વિના આવું માધ્યસ્થ્ય પ્રગટી શકતું નથી.

(આમ મિથ્યાત્વી અજૈનોમાં માધ્યસ્થ્યરૂપી મૂળ જ નથી તો પછી મુખ્યસર્વજ્ઞની ભક્તિ અને એના દ્વારા ભાવજૈનત્વ વિગેરે રૂપ શાખાઓ શી રીતે સંભવે ?)

---

**यशो० : न, मोहमान्द्ये परेषामपि योगिनामेतादृशमाध्यस्थ्यस्येष्टत्वाद् । यदयं कालातीतवचनानुवादो योगबिन्दौ (श्लोक ३००-३०८) –**

---

**चन्द्र०** : महोपाध्यायाः समादधति – **न, मोहमान्द्ये** = मिथ्यात्वमोहनीयस्य मन्दतायां सत्यां **परेषामपि** = बौद्धसांख्यादीनामपि **योगिनां** = मित्राताराबलादीप्रादृष्टिमतां **एतादृशमाध्यस्थ्यस्य** = मुख्यसर्वज्ञभक्तिप्रयोजकमाध्यस्थ्यस्य **इष्टत्वात्** = शास्त्राबाधिततत्वात् ।

**ननु** "मोहमान्द्ये परेषामपि एतादृशमाध्यस्थ्यमिष्टम्" इत्येतत् किं भवत्कल्पनामात्रं उत किञ्चिदत्रार्थे प्रमाणमस्ति ? इत्याशङ्कायामाह – **यत्** = यस्मात्कारणात् **अयं** = अनन्तरमेव वक्ष्यमाणः **कालातीतवचनानुवादः** = मिथ्यादृष्टिर्यः कालातीतनामाऽजैनमहर्षिः, तद्वचनस्य अनुवादः **योगबिन्दौ** ।

**ચન્દ્ર૦ : ઉપાધ્યાયજી :** તમારી વાત બરાબર નથી. કેમકે મિથ્યાત્વમોહનીયની મંદતા હોય તો બૌદ્ધ, સાંખ્ય વિગેરે અજૈન મિથ્યાત્વીઓને પણ કે જેઓ મિત્રાદિ ચાર દૃષ્ટિવાળા છે, તેઓને ઉપરોક્ત પ્રકારનું માધ્યસ્થ્ય હોવું ઈષ્ટ જ છે, શાસ્ત્રમાન્ય જ છે.

(**પૂર્વપક્ષ :** આવું તમે કયાં આધારે કહી શકો ?)

**ઉપાધ્યાયજી :** આવું ઈષ્ટ છે કેમકે યોગબિન્દુમાં આ (આગળ બતાવાશે તે) કાલાતીત નામના અજૈન મહર્ષિના વચનોનો અનુવાદ છે.

---

**यशो०** : माध्यस्थ्यमवलम्ब्यैवमैदम्पर्यव्यपेक्षया । तत्त्वं निरूपणीयं स्यात्कालातीतोऽप्यदोऽब्रवीत् ।।

अन्येषामप्ययं मार्गो मुक्ताविद्यादिवादिनाम् । अभिधानादिभेदेन तत्त्वनीत्या व्यवस्थितः ।।

मुक्तो बुद्धोऽर्हन् वाऽपि यदैश्वर्येण समन्वितः । तदीश्वरः स एव स्यात्संज्ञाभेदोऽत्र केवलम् ।।

अनादिशुद्ध इत्यादिर्यो भेदो यस्य कल्प्यते । तत्तत्तन्त्रानुसारेण मन्ये सोऽपि निरर्थकः ।।

विशेषस्यापरिज्ञानाद् युक्तीनां जातिवादतः । प्रायो विरोधतश्चैव फलाभेदाच्च भावतः ।।

---

**चन्द्र०** : योगबिन्दुगाथासंक्षेपार्थस्त्वयम् -

(१) **एवं माध्यस्थ्यमवलम्ब्य ऐदम्पर्यव्यपेक्षया** = न तु शब्दार्थमात्रापेक्षया **तत्त्वं निरूपणीयं स्यात्, कालातीतोऽति** = न केवलमहमेव हरिभद्रसूरिः, किन्तु महर्षिः कालातीतोऽपीत्य**पि**शब्दार्थः । **अदः** = माध्यस्थ्यालम्बनेनैदम्पर्यव्यपेक्षया तत्त्वनिरूपणं कर्त्तव्यं इति, **अब्रवीत्** ।

(२) कालातीतः किमब्रवीत् ? इत्येवाह - **मुक्ताविद्यावादिनां अन्येषामपि** = न केवलमस्माकं **इत्यपि**शब्दार्थः । **अभिधानादिभेदेन** = नामाकृत्यादिभेदेन **तत्त्वनीत्या** = परमार्थतः **अयं** = अयमेव, यदस्माभिर्निरूपितः, **मार्गो व्यवस्थितः** । ईश्वरादिविषयेषु यदस्माभिः परिकल्पितं, तदेव परैरपि परिकल्पितं, केवलं नाममात्रस्य भेदो वर्त्तत इति कालातीताभिप्रायः ।

(३) कालातीत एतदेव स्पष्टयति - **मुक्तो बुद्धोऽर्हन् वा, यत्** = यस्मात्कारणात् **ऐश्वर्येण** = अनन्तज्ञानादिरूपेण **समन्वितः, तत्** = तस्मात्कारणात् **स एव** = मुक्त, बुद्धः,

अर्हन्नेव वा **ईश्वरः** । **अत्र** = ईश्वरविषये **केवलं संज्ञाभेदः** = मुक्तबुद्धार्हदादिनाममात्रस्यैव भेदः, पदार्थस्तु एक एवेति ।

(४) **यस्य** = मुक्तबुद्धादेः "अनादिशुद्धः" इत्यादिः, आदिपदात् "सादिशुद्धः" इत्यादीनां संग्रहः । **यो भेदः** = विशेषः **तत्तत्तन्त्रानुसारेण कल्प्यते, मन्ये** अहं यदुत **सोऽपि** =ईश्वरगतो विशेषोऽपि "न केवलं नामभेद एव निरर्थकः" **इत्यपि**शब्दार्थः, **निरर्थकः** ।

(५) कथं स ईश्वरविशेषो निरर्थकः ? इत्यत्र कारणानि आह - **विशेषस्य** = ईश्वरगतस्यानादिशुद्धत्वादिरूपस्य **अपरिज्ञानात्** = छद्मस्थैर्ज्ञातुमशक्यत्वाद् ईश्वरभेदोऽपि निरर्थक इत्यन्वयः कर्त्तव्यः ।

द्वितीयं कारणमाह - **युक्तीनां** = ईश्वरविशेषाणां अनादिशुद्धत्वादीनां साधनाय या युक्तयः प्रतिपाद्यन्ते, तासां **जातिवादतः** = कुयुक्तिप्रायत्वाद् इति भावार्थः । तथा च ईश्वरविशेषसाधकानां युक्तीनां कुयुक्तिप्रायत्वाद् विशेषभेदोऽपि निरर्थक इति ।

तृतीयं कारणमाह - **प्रायो विरोधतश्चैव** = अनादिशुद्धत्वसादिशुद्धत्वादीनां तैस्तैः परिकल्पितानां विशेषाणां परस्परं विरोधात् को विशेषः सम्यक् को वाऽसम्यग् इति ज्ञातुं न शक्यते, ततश्च विशेषभेदोऽपि निरर्थक एवेति ।

चतुर्थं कारणमाह - **भावतः फलाभेदाच्च** = परमार्थत ईश्वरसाध्यस्य मोक्षादिफलस्य एकरूपत्वात्, ईश्वरोऽनादिशुद्धो वा स्यात् सादिशुद्धो वा, नित्यो वाऽनित्यो वा, न तेन तद्भक्तिसाध्यस्य फलस्य भेदो भवति । यदेव फलं अस्मदीश्वरभक्त्याऽस्माभिरिष्यते, तदेव फलमन्यैरपि स्वाभिमतेश्वरभक्त्येष्यते । ततश्च किं तेन ईश्वरगतविशेषकल्पनेन प्रयोजनमिति ।

<u>**ચન્દ્ર૦**</u> : યોગબિન્દુગ્રન્થમાં કહ્યું છે કે -

(૧) આ પ્રમાણે માધ્યસ્થ્યને ધારણ કરીને ઐદમ્પર્યની અપેક્ષાએ (માત્ર શબ્દાર્થ પકડીને નહિ, પણ તાત્પર્યાર્થ પ્રમાણે) તત્ત્વનું નિરૂપણ કરવું જોઈએ. કાલાતીતે પણ આ જ વાત કરી હતી.

(૨) (કાલાતીતે કહ્યું છે કે) મુક્ત, અવિદ્યા વિગેરે પદાર્થો બોલનારા બીજા મતવાળાઓનો પણ નામાદિના ભેદથી પરમાર્થથી તો આ જ માર્ગ વ્યવસ્થિત છે. (અર્થાત્ આપણે જે ઈશ્વર, જે સંસાર કારણાદિ માનેલા છે. લગભગ તેવા જ ઈશ્વર, તેવા જ સંસાર કારણાદિ બીજાઓએ માનેલા છે. ફર્ક માત્ર નામનો, આકૃતિનો...છે.)

(૩) મુક્ત, બુદ્ધ કે અરિહંત...જે કારણથી તે ઐશ્વર્યથી સમન્વિત છે, તે કારણથી તે ઈશ્વર જ છે. મુક્ત, બુદ્ધ વિગેરે તો આ ઈશ્વરના વિષયમાં માત્ર નામભેદ છે. (પદાર્થ તો એક જ છે.)

(૪) ("અમારા ઈશ્વર અનાદિશુદ્ધ છે" કે "અમારા ઈશ્વર સાદિ શુદ્ધ છે") આ વિગેરે જે ઈશ્વરોનો જે ભદે = વિશેષ તે તે શાસ્ત્રોના અનુસારે કલ્પાય છે. હું માનું છું કે (માત્ર ઉપર બતાવેલો ઈશ્વરનો નામ ભેદ જ નહિ, પણ) તે ભેદ પણ નિરર્થક જ છે.

(૫) એ ભેદ નિરર્થક હોવાના ચાર કારણ છે. (૧) એ "અનાદિશુદ્ધત્વ" વિગેરે વિશેષોનું છદ્મસ્થ એવા આપણે જ્ઞાન કરી શકીએ તેમ નથી, (તો પછી એ ભેદ માનવો શી રીતે યોગ્ય ગણાય ? માટે જ આ ભેદ નિરર્થક છે.) (૨) એ વિશેષોને સિદ્ધ કરવા માટે જ યુક્તિઓ અપાય છે. એમાં જાત-જાતના દોષો આવે છે. (એટલે એ યુક્તિઓ દ્વારા વિશેષની સિદ્ધ થઈ શકતી નથી માટે જ આ વિશેષ = ભેદ માનવો નિરર્થક છે.) (૩) તે તે મતવાળાઓ વડે ઈશ્વરોને વિશે જે વિશેષો કલ્પાય છે, તે બધા પ્રાયઃ પરસ્પર વિરોધી છે. (કોઈ અનાદિશુદ્ધત્વ માને તો કોઈ સાદિશુદ્ધત્વ માને, કોઈ ઈશ્વરને વિશે નિત્યત્વ માને, કોઈ અનિત્યત્વ માને...આમ પરસ્પર એ વિશેષોનો જ વિરોધ આવતો હોવાથી કયું વિશેષ માનવું ? એ પ્રશ્ન ઉભો જ રહે છે. માટે જ આ વિશેષ નિરર્થક છે.) (૪) ઈશ્વર ગમે તેવો હોય તેની ભક્તિથી સાધ્ય મોક્ષાદિ ફળ તો બધાએ એક જ માનેલું છે. (અમે પણ ઈશભક્તિથી મોક્ષાદિ માનીએ છીએ, બીજાઓ પણ તેનું એ જ ફળ કહે છે. તો હવે ઈશ્વર અનાદિશુદ્ધ હોય કે સાદિશુદ્ધ, નિત્ય હોય કે અનિત્ય, આપણને શું ફર્ક પડે ? આપણને તો એ ગમે તેવા પ્રકારના ઈશ્વરની ભક્તિથી ફલ મળી જ રહેવાનું છે. માટે જ આ વિશેષ નિરર્થક છે.)

---

**यशो०** : अविद्याक्लेशकर्मादि यतश्च भवकारणम् । ततः प्रधानमेवैतत्संज्ञाभेदमुपागतम् ।।

अत्रा(स्या)पि योऽपरो भेदश्चित्रोपाधिस्तथा तथा । गीयतेऽतीतहेतुभ्यो धीमतां सोऽप्यपार्थकः ।।

ततोऽस्थानप्रयासोऽयं यत्तद्भेदनिरूपणम् । सामान्यमनुमानस्य यतश्च विषयो मतः ।।

साधु चैतद् यतो नीत्या शास्त्रमत्र प्रवर्त्तकम् । तथाभिधानभेदात्तु भेदः कुचितिकाग्रहः ।।

**इत्यादि ।।१४।।**

**चन्द्र० :** एवमीश्वरगतं नामभेदं विशेषं च निरर्थकं प्रतिपाद्याधुना कालातीतो भवकारणगतं नामभेदं विशेषं च निरर्थकं प्रतिष्ठापयितुमारभते ।

(६) **यतश्च अविद्याक्लेशकर्मादि** = परपरिकल्पितानि **भवकारणम्** । **ततः** = तस्मात्कारणात् **प्रधानमेव** = अस्मत्परिकल्पितं भवकारणात्मकं तत्त्वं एव **संज्ञाभेदं** = अविद्यादिनामभेदं **उपागतं** = प्राप्तम् । प्रधानत्वं भवकारणमस्माभिर्मन्यते । **परैश्च** अविद्या क्लेशः कर्म अन्यच्च भवकारणं कल्प्यते । ततश्च प्रधानस्यैव अविद्याक्लेशकर्मादीनि नामान्तराणीति ।

(७) **अस्यापि** = भवकारणस्यापि, न ईश्वरमात्रस्यैव इ**त्यपि**शब्दार्थः । **यश्चित्रोपाधिः परो भेदस्तथा तथा गीयते** । **धीमतां सोऽपि** = भवकारणेषु विशेषोऽपि, न केवलं ईश्वरगतो विशेष एवे**त्यपि**शब्दार्थः । **अतीतहेतुभ्यः** = "विशेषस्यापरिज्ञानात्" इति गाथायां प्रतिपादितेभ्यश्चतुर्भ्यः कारणेभ्यः । **अपार्थकः** = अपगतोऽर्थो यस्माद् इति अपार्थकः, निरर्थक इति भावः । अत्र भवकारणेषु कैश्चिन्मूर्तत्वं कैश्चिदमूर्तत्वं, कैश्चिदात्मविशेषगुणत्वं इत्यादि कल्पते । एतत्सर्वं चित्रोपाधिस्तद्रूप उत्कृष्टभेदस्तत्तत्तन्त्रानुसारिभिः स्वस्वतन्त्रनीत्या गीयते । किन्तु मतिमतां स भेदः प्रतिपादितात् कारणचतुष्टयान्निरर्थक एव प्रतिभाति इति भावार्थः ।

(८) **ततः** = यस्मादेष भवकारणगतो विशेषोऽपार्थकः, तस्मात्कारणात् **यत् तद्भेदनिरूपणं** = भवकारणविशेषनिरूपणं "भवकारणं अमूर्तं अस्ति" इत्यादिरूपम् । **अयं अस्थानप्रयासः** = भवभेदनिरूपणरूपो निष्फलः प्रयास इति भावः ।

भवकारणविशेषनिरूपणस्यास्थानप्रयासत्वे कारणान्तरमाह - **यतश्च** = यस्माच्च कारणाद् **अनुमानस्य** = भवकारणादिसाधकस्यानुमानस्य **विषयः सामान्यं** = भवकारणमात्रं **मतः**, न तु भवकारणगतानि मूर्तत्वामूर्तत्वादीनि अनुमानविषया भवन्तीति । यथा हि "पर्वतो वह्निमान् धूमात्" इत्याद्यनुमानाद् वह्निमात्रं ज्ञायते, न तु वह्नेराकारः स्पर्शो रूपः प्रमाणादि च । एवं भवकारणसाधकेऽनुमाने भवकारणमात्रमनुमीयते, न तु तद्गतानि मूर्तत्वादीनि । ततश्च अनुमानादिनाऽसिद्धस्य भवकारणगतविशेषस्य निरूपणमस्थानप्रयासः स्फुट एव ।

(९) एवं कालातीतवचनानुवादं कृत्वा हरिभद्रसूरिस्तद्वचनप्रशंसां करोति - **साधु च** = शोभनं च **एतत्** = कालातीतवचनम् । कालातीतवचने शोभनत्वस्य कारणमाह - **यतः** = यस्मात्कारणात् **शास्त्रं नीत्या** = परमार्थगवेषणात्मिकया **अत्र** = सर्वज्ञभक्त्यादौ **प्रवर्त्तकं**

= प्रवृत्तिजनकम् । न तु शब्दार्थमात्रं गृहीत्वा शास्त्रेण प्रवृत्तिर्न्याय्या, किन्तु शास्त्रस्यैदम्पर्यार्थं गृहीत्वैव तदनुसारेण प्रवृत्तिर्न्याय्या इति भावः । ततश्च "ऐदम्पर्यव्यपेक्षया तत्त्वं निरूपणीयम्" इति कालातीतवचनं युक्तमेव ।

**तथाभिधानभेदात्तु** = तेन तेन प्रकारेण कपिलबुद्धादिरूपेण नामभेदात्तु **भेदः** = सर्वज्ञानां परस्परं भेदः, भवकारणानां वा परस्परं भेदः **कुचितिकाग्रहः** = कुटिलताया आग्रहः, कदाग्रहमात्रमेतदिति भावः ।

**<u>ચન્દ્ર</u>૦ :** (આમ "ઈશ્વરના નામભેદ અને ઈશ્વરમાં વિશેષતા એ બેય નકામા છે" એ બતાવીને હવે કાલાતીત ભવકારક તરીકે કલ્પાયેલા કર્માદિના નામભેદ અને તેના વિશેષને નિરર્થક સાબિત કરવાની શરૂઆત કરે છે.)

(૬) અવિદ્યા, ક્લેશ, કર્મ વિગેરે (બીજાઓએ કલ્પેલા) પદાર્થો જે કારણથી સંસારના કારણ છે તે કારણથી (અમે માનેલ) પ્રધાન તત્ત્વ જ અવિદ્યાદિ નામ ભેદને પામેલું સિદ્ધ થાય છે. (અમે પ્રધાનતત્ત્વને ભવકારણ તરીકે માનેલો છે. હવે બીજાઓ અવિદ્યા, ક્લેશાદિને ભવકારણ માને તો એનો અર્થ એ જ કે તેઓએ પ્રધાનતત્ત્વને જ અવિદ્યાદિ નામ આપી દીધા છે. પદાર્થ બદલાતો નથી.)

(૭) આ ભવકારણનો પણ જે મૂર્તત્વ- અમૂર્તત્વાદિ જાત-જાતની ઉપાધિ રૂપ ઉત્કૃષ્ટ ભેદ પોત-પોતાના શાસ્ત્ર પ્રમાણે જે કહેવાય છે, તે પણ પૂર્વે બતાવેલા ચાર કારણોસર બુદ્ધિમાનોને નિરર્થક, નકામો જ લાગે છે. ("ઈશ્વરના વિશેષ માનવા નકામા છે" એ માટેના ચાર કારણો જે આપેલા, તે જ અત્રે સમજી લેવા.)

(૮) આમ ભવકારણોનો વિશેષ પણ નકામો હોવાના લીધે જ ભવકારણના અમૂર્તત્વાદિ વિશેષોનું જે નિરૂપણ કરાય છે. તે નિરૂપણ એ અસ્થાનપ્રયાસ છે. (અર્થાત્ એ નિરૂપણ કરવું નકામું છે.) એનું બીજું કારણ એ પણ છે કે અનુમાનનો વિષય સામાન્ય મનાયેલો છે. (અર્થાત્ ભવકારણ ભૂત કર્માદિની સિદ્ધિ કરનાર અનુમાન દ્વારા માત્ર ભવકારણભૂત સામાન્યપદાર્થની જ સિદ્ધિ થાય. પણ એ ભવકારણમાં રહેલા મૂર્તત્વાદિની સિદ્ધિ અનુમાનથી ન થાય. **દા.ત.** "પર્વતો વહ્નિમાન્ ધૂમાત્" અનુમાન દ્વારા સામાન્યથી વહ્નિની સિદ્ધિ થાય. પરંતુ એ વહ્નિનું રૂપ કેવું છે ? પ્રમાણ કેટલું છે, આકાર કેટલો છે... વિગેરે વિશેષ બાબતો અનુમાન દ્વારા ન જ જણાય.) અને માટે પણ એ વિશેષોનું નિરૂપણ અસ્થાનપ્રયાસ કહેવાય.

(૯) (આ પ્રમાણે કાલાતીતના વચનો જણાવીને હવે હરિભદ્રસૂરિજી એ વચનો વિશે પોતાનો અભિપ્રાય જણાવે છે કે) આ વચન એકદમ સાચું છે. કેમકે શાસ્ત્ર એ પરમાર્થની ગવેષણા રૂપ નીતિ વડે સર્વજ્ઞભક્તિ વિગેરેમાં પ્રવર્તક બને છે. પણ માત્ર શબ્દાર્થ માત્રથી પ્રવર્તક બનતું નથી. (એટલે કે શાસ્ત્રનો માત્ર શબ્દાર્થ વિચારીને પ્રવૃત્તિ એ સફળ બની શકતી નથી. એટલે કાલાતીત એ જે વાત કરી કે "માધ્યસ્થ્યને અવલંબીને ઐદમ્પર્યની અપેક્ષા એ તત્ત્વનું નિરૂપણ કરવું જોઈએ" એ એકદમ વાસ્તવિક હકીકત છે.)

બાકી મહાવીર, શંકર, બુદ્ધ વિગેરે રૂપે નામભેદથી સર્વજ્ઞોનો ભેદ માનવો કે ભવકારણોનો પરસ્પર ભેદ માનવોએ તો કુટિલતાનો આગ્રહ – વક્તાનો આવેશ જ ગણાય.

**૧૪મી ગાથી સંપૂર્ણ**

**૧૫મી ગાથા શરૂ**

---

**यशो० : अथैतेषां भावजैनत्वे आज्ञासम्भवमाह –**

**दव्वाणा खलु तेसिं भावाणाकारणत्तओ नेया ।**

**जं अपुणबंधगाणं चित्तमणुट्ठाणमुवइट्ठं ।।१५।।**

द्रव्याज्ञा खलु तेषां भावाज्ञाकारणत्वतो ज्ञेया ।

यदपुनर्बन्धकानां चित्रमनुष्ठानमुपदिष्टम् ।।१५।।

**दव्वाणत्ति ।**

---

**चन्द्र० : एतेषां** = मध्यस्थमिथ्यात्विनां **भावजैनत्वे** सिद्धे सति **आज्ञासम्भवं** = जिनाज्ञासद्भावं आह । न हि भावजैनत्वं विना जिनाज्ञासम्भव इति भावजैनत्वं प्रसाध्याधुना तत्राज्ञासम्भवं दर्शयति ।

**गाथार्थ :- तेषां खलु भावाज्ञाकारणत्वाद् द्रव्याज्ञा । यद् अपुनर्बन्धकानां चित्रमनुष्ठानमुपदिष्टम्** – इति ।

**ચન્દ્ર૦ :** આમ તે મધ્યસ્થ મિથ્યાત્વીઓ ભાવ જૈન તરીકે સિદ્ધ થયા એટલે હવે તેમાં જિનાજ્ઞાનો સંભવ બતાવે છે. (ભાવજૈનત્વ વિના જિનાજ્ઞા ન સંભવે. માટે પહેલા ભાવજૈનત્વ સિદ્ધ કરી હવે તેમાં જિનાજ્ઞાસંભવ બતાવે છે.)

**ગાથાર્થ :** તેઓને ખરેખર ભાવાજ્ઞાનુ કારણ હોવાથી દ્રવ્યાજ્ઞા જાણવી. કેમકે અપુનર્બંધકોને જુદા જુદા પ્રકારનું અનુષ્ઠાન શાસ્ત્રમાં કહેવાયેલું છે.

---

**यशो० : तेषामवेद्यसंवेद्यपदस्थानां भावजैनानां, खलु इति निश्चये, भावाज्ञायाः सम्यग्दर्शनादिरूपायाः कारणत्वतो द्रव्याज्ञा ज्ञेया, अपुनर्बन्धकोचिताचारस्य पारम्पर्येण सम्यग्दर्शनादिसाधकत्वात्,**

---

**चन्द्र :** ननु किं तेषां भावाज्ञाकारणं विद्यते, येन तेषां द्रव्याज्ञा भवेत् ? इत्यत आह - **अपुनर्बन्धकोचिताचारस्य पारम्पर्येण** = अपूर्वकारणानिवृत्तिकरणादिद्वारा **सम्यग्दर्शनादि-साधकत्वात्** ।

**ચન્દ્ર૦ :** અવેદ્યસંવેદ્યપદમાં રહેલા ભાવજૈનોને સમ્યગ્દર્શન વિગેરે રૂપ ભાવાજ્ઞાનું કારણ હાજર હોવાથી તેમને દ્રવ્યાજ્ઞા જાણવી. (એ ભાવાજ્ઞાના કારણભૂત કઈ વસ્તુ એમની પાસે છે ?) અપુનર્બંધકને ઉચિત જે આચારો છે, તે વધુને વધુ સારા અધ્યવસાયો લાવવા દ્વારા પરંપરાએ સમ્યગ્દર્શન, દેશવિરતિ વિગેરે ભાવાજ્ઞાઓના સાધક છે. માટે આવા આચારવાળા આ જીવોને દ્રવ્યાજ્ઞા માની શકાય છે.

---

**यशो० : तदुक्तं चोपदेशपदे (२५३-२५६)-**

गंठिगसत्ताऽपुणबंधगाइआणं पि दव्वओ आणा । णवरमिह दव्वसद्दो भइअव्वो समयणीईए।।

एगो अप्पाहन्ने केवलए चेव वट्टई एत्थ । अंगारमद्दगो जह दव्वायरिओ सयाऽभव्वो ।।

अन्नो पुण जोग्गत्ते चित्ते णयभेअओ मुणेअव्वो । वेमाणिओववाओ त्ति दव्वदेवो जहा साहू ।।

तत्थाभव्वादीणं गंठिगसत्ताणमप्पहाण त्ति । इयरेसिं जोग्गयाए भावाणाकारणत्तेणं ।।

---

**चन्द्र०** : अत्रार्थे साक्षिपाठमाह - **तदुक्तं चोपदेशपदे** इत्यादि ।

उपदेशपदगाथासंक्षेपार्थस्त्वयम् - (१) **ग्रन्थिगसत्त्वापुनर्बन्धकादीनामपि** = ग्रन्थिसमीपे

स्थिताया जीवानां अपुनर्बन्धकादीनामपि, किं पुनः सम्यग्दृष्ट्यादीनाम् ? **इत्यपि**शब्दार्थः । **द्रव्यत आज्ञा** भवति । **नवरं इह द्रव्यशब्दः शास्त्रनीत्या भक्तव्यः** = विकल्पितव्यः । द्रव्यशब्दस्यानेकेऽर्था अत्र विचारणीया इति भावः ।

(२) भजनामेवाह - **अत्र एकः** = द्रव्यशब्दः **केवले चैवाप्राधान्ये वर्त्तते । यथा अंगारमर्दकः** सदाऽभव्यो द्रव्याचार्योऽप्रधानत्वं भावनिक्षेपाजनकत्वम् । तत्र द्रव्याज्ञायां भावऽजनकत्वरूपमप्रधानत्वं, द्रव्याचार्ये अंगारमर्दकादौ भावाचार्यत्वाकारणरूपमप्रधानत्वम् । एवं सर्वत्र ज्ञेयम् । तथाऽभव्यत्वमत्र भावाचार्यपदायोग्यत्वमित्यर्थो ज्ञेयः । ततश्च "सदैव भावाचार्यपदायोग्योऽङ्गारमर्दको द्रव्याचार्यः" इत्यर्थो लभ्यते । यदि च अभव्यपदस्य प्रसिद्धोऽर्थो गृह्यते, तर्हि तस्य सदैवाभव्यत्वं प्रसिद्धमेवेति "सदा" पदं गाथायामुक्तं निरर्थकं भवेदिति ।

(३) **अन्यः पुनः** = अप्रधानत्वार्थाद् द्रव्यशब्दाद् अन्यो द्रव्यशब्दर्पुनर्नयभेदतः **चित्रे** = नानाप्रकारे **योग्यत्वे** = भावनिक्षेपयोग्यत्वे **ज्ञातव्यः । यथा "वैमानिकोपपातः" इति साधुर्द्रव्यदेवः** । अत्र स्थूलनय आगामिनि भवे देवत्वमाप्स्यमाणस्य मनुष्यादेः प्रकृतभवे जन्मत आरभ्य एव देवयोग्यत्वं मत्वा "द्रव्यदेवः" इति व्यपदेशं करोति । सूक्ष्मनयस्तु आगामिनि भवे देवत्वमाप्स्यमाणस्यापि मनुष्यादेः प्रकृतभवे देवभवायुर्बन्धानन्तरमेव द्रव्यदेवत्वं मत्वा "द्रव्यदेवः" इति व्यपदेशं करोति । सूक्ष्मतरनयस्तु मनुष्यभवस्य चरमावस्थायां वर्त्तमानं देवभवाभिमुखं द्रव्यदेवं मत्वा "द्रव्यदेवः" इति व्यपदेशं करोति । इत्थं च नयभेदतो द्रव्यशब्दो नानाविधे योग्यत्वे प्रवर्त्तत इति स्थितम् ।

(४) **तत्राभव्यादीनां ग्रन्थिगसत्त्वानामप्रधाना** द्रव्याज्ञा । **इतरेषां** = अपुनर्बन्धकादीनां **भावाज्ञाकारणत्वेन योग्यतया** द्रव्याज्ञा = प्रधानां द्रव्याज्ञेति भावः ।

**<u>ચન્દ્ર</u>૦ :** ઉપદેશપદમાં કહ્યું છે (૧) (માત્ર સમ્યક્ત્વી વિગેરેને નહિ પરંતુ) ગ્રન્થિ પાસે રહેલા અપુનર્બંધકાદિ જીવોને પણ દ્રવ્યથી જિનાજ્ઞા હોય છે. માત્ર અહીં દ્રવ્યશબ્દ શાસ્ત્રનીતિથી ભજના કરવા યોગ્ય છે. (એટલે કે દ્રવ્યશબ્દના અર્થ વિચારવાના છે.)

(૨) (એ અર્થો જ બતાવે છે કે) અહીં એક દ્રવ્યશબ્દ માત્ર અપ્રધાનતા અર્થમાં વર્તે છે. **દા.ત.** કાયમ માટે અભવ્ય એવા અંગારમર્દક દ્રવ્યાચાર્ય કહેવાય છે. (અહીં "કાયમ માટે અભવ્ય" નો અર્થ "કાયમ માટે ભાવ આચાર્ય બનવા માટે અયોગ્ય" એમ કરવો. જો પ્રસિદ્ધ અર્થ "અભવ્ય" શબ્દનો લેવોનો હોય તો પછી "સદા" શબ્દનો અર્થ ન ઘટે. કેમકે અભવ્યજીવ કાયમ માટે અભવ્ય જ હોય છે. એને "સદા" અભવ્ય કહેવાની જરૂર

નથી.)

(૩) આ અપ્રધાનતા-અર્થને જણાવનાર દ્રવ્યપદ સિવાયનો બીજો દ્રવ્યશબ્દ એ નયભેદને અનુસારે જાત-જાતની યોગ્યતાને વિશે જાણવો. અર્થાત્ જાત જાતની ભાવનિક્ષેપાની યોગ્યતાને સૂચવનાર એ દ્રવ્ય શબ્દ બને છે. (**દા.ત.** કોઈક સાધુનો આવતા ભવમાં વૈમાનિકદેવ તરીકે ઉપપાત થવાનો હોય તો એ સાધુ (અત્યારે દેવના ભાવનિક્ષેપાની યોગ્યતાવાળો હોવાથી) દ્રવ્યદેવ કહેવાય.

(૪) આ દ્રવ્યશબ્દોના બે અર્થો બતાવ્યા. તેમાં અભવ્ય વિગેરે જે ગ્રન્થિનજીક રહેલા જીવો હોય તેમને અપ્રધાન દ્રવ્યક્રિયા હોય, જ્યારે અપુનર્બંધકાદિ રૂપ ગ્રન્થિનજીક વર્તી જીવોને ભાવાજ્ઞાના કારણ તરીકેની યોગ્યતા વડે દ્રવ્ય આજ્ઞા હોય. અર્થાત્ પ્રધાન દ્રવ્યાજ્ઞા હોય.

("નયભેદને લઈને જુદી જુદી યોગ્યતામાં દ્રવ્યશબ્દ વર્તે છે" એ વાત અમે કરી. તે આ પ્રમાણે "આવતા ભવમાં દેવ થનારા મનુષ્યાદિ આ જન્મમાં જન્મથી માંડીને જ દ્રવ્યદેવ કહેવાય" એમ સ્થૂલનયો માને. જ્યારે "આવતા ભવમાં દેવ થનારા મનુષ્યાદિ આ ભવમાં દેવાયુષ્ય બાંધે ત્યારથી દ્રવ્યદેવ કહેવાય" એમ સૂક્ષ્મનયો માને. "દેવભવમાં જવાની તૈયારીવાળો, મૃત્યુ જ પામવાની ભૂમિકામાં રહેલો જીવ દ્રવ્યદેવ કહેવાય" એમ સૂક્ષ્મતર નય માને. આમ નયો પ્રમાણે દ્રવ્યશબ્દ જુદી જુદી યોગ્યતાને સૂચવનારો બને. આ વાત આગળ સ્પષ્ટ કરશે.)

---

**<u>यशो०</u> : अत्र हि द्रव्यशब्दस्य द्वावर्थौ-प्रधानभावकारणभावांशविकलं केवलमप्राधान्यम्, संग्रहव्यवहारनयविशेषाद् विचित्रमेकभविकबद्धायुष्काभिमुखनामगोत्रलक्षणं तत्तत्पर्यायसमुचितभावरूपं योग्यत्वं च ।**

**तत्र प्रथमार्थेनाभव्यसकृद्बन्धकादीनां द्रव्यक्रियाऽभ्यासपराणां द्रव्याज्ञा, द्वितीयार्थेन चापुनर्बन्धकादीनामिति वृत्तितात्पर्यार्थः ।**

---

**<u>चन्द्र०</u> :** महोपाध्याया उपदेशपदपाठतात्पर्यं स्फुटीकुर्वन्ति - **अत्र हि** = उपदेशपदग्रन्थे । प्रथममर्थमाह - **प्रधानभावे**त्यादि, **प्रधानं** = अवश्यं कार्यजनकं यत् **भावस्य** = भावनिक्षेपस्य **कारणं** = कारणत्वं, तद्रूपो यो भावांशः, तद्विकलम् । भावकारणत्वमपि हि भावांश एवेति । यतस्तादृशभावांशविकलं, अत एव **केवलं अप्राधान्यम्** ।

द्वितीयमर्थमाह - **संग्रहव्यवहारनयविशेषात्** = संग्रहव्यवहारनययोर्विशेषाभिप्रायानुसारेण **विचित्रं** = अनेकप्रकारम् । एतदेवाह - **एकभविकबद्धायुष्काभिमुखनामगोत्रलक्षणं** = अनन्तरभवे देवत्वमाप्स्यमाणस्य मनुजादेः अस्मिन्भवे जन्मत आरभ्य एकभविकलक्षणं देवयोग्यत्वं, इहभवाष्युस्य त्रिभागादिशेषदशायां जायमानाद् देवायुर्बन्धादारभ्य बद्धायुष्कलक्षणं देवयोग्यत्वं, देवभवगमनाभिमुखस्य तस्य चरमान्तर्मुहूर्तकालभावि अभिमुखनामगोत्रलक्षणं देवयोग्यत्वं भवति ।

एतदेव संक्षेपत आह - **तत्तत्पर्यायसमुचितभावरूपं**, मनुष्यभवजन्मदेवायुर्बन्ध-मरणासन्नत्वरूपा ये तत्तत्पर्यायाः, ते एव ये **समुचितभावाः** = भावदेवमाश्रित्य तदानुकूल्येनोचिता ये भावांशाः, तेषामेकजातियत्वेनेकत्वविवक्षया तद्रूपं **योग्यत्व**मिति ।

**प्रथमार्थेन** = अप्राधान्यरूपेण, **द्रव्यक्रियाभ्यासपराणां** = जैनक्रियाकारिणाम् । **द्वितीयार्थेन** = योग्यतारूपेण, **वृत्तितात्पर्यार्थः** = उपदेशपदवृत्तिपरमार्थः । इत्थञ्चापुनर्बन्धकानां मध्यस्थमिथ्यादृशां प्रधानद्रव्याज्ञा सम्भवतीति सिद्धम् ।

**<u>ચન્દ્ર</u>૦ :** ઉપદેશ પદ ગ્રન્થમાં દ્રવ્યશબ્દના બે અર્થ કહ્યા. ભાવ = ભાવનિક્ષેપ = મુખ્યવસ્તુનું જે પ્રધાન કારણ (અવશ્ય કાર્યને ઉત્પન્ન કરે તેવું જે કારણ = કારણતા) તે રૂપ જે ભાવાંશ, તેનાથી રહિત હોય તે કેવલ અપ્રાધાન્ય કહેવાય. (ભાવથી કારણતા એ પણ ભાવનો જ એક અંશ છે.)

જ્યારે સંગ્રહ અને વ્યવહારનયના જુદા જુદા અભિપ્રાયોને અનુસારે વિચિત્ર = જુદીજુદી એટલે કે એકભવિક + બદ્ધાયુષ્ક + અભિમુખનામગોત્ર એ ત્રણ લક્ષણવાળી જે યોગ્યતા તે દ્રવ્યશબ્દનો બીજો અર્થ છે. અહીં એકભવિકત્વ વિગેરે તે તે પર્યાય રૂપ જે સમુચિતભાવો છે, તદ્રૂપ છે. અર્થાત્ માનવભવમાં જન્મ, દેવાયુષ્યનો બંધ, મરણસામીપ્ય રૂપ પર્યાયો એ દેવભવને ઉચિત ભાવ રૂપ છે. અને આ જ એકભવિકાદિરૂપ ત્રણ (ત્રણેની એક જાતિય તરીકે એકત્વ વિવક્ષા વડે) યોગ્યતા છે.

એમાં "અપ્રાધાન્ય રૂપ પ્રથમ અર્થ વડે દ્રવ્યક્રિયાના અભ્યાસમાં તત્પર એવા અભવ્ય, સકૃદ્બંધક વિગેરેને દ્રવ્યાજ્ઞા હોય છે. યોગ્યતા રૂપ અર્થ વડે અપુનર્બંધકાદિઓને દ્રવ્યાજ્ઞા હોય છે" એમ ઉપદેશપદની ટીકાનો તાત્પર્યાર્થ છે.

(આ પાઠ પ્રમાણે "અપુનર્બંધક બની ચૂકેલા મધ્યસ્થ મિથ્યાત્વીઓને પ્રધાનદ્રવ્યાજ્ઞા સંભવે છે" એ પદાર્થ સિદ્ધ થયો.)

**यशो० : नन्वेवमपुनर्बन्धकानां द्रव्याज्ञा व्यवस्थिता, तथाऽपि भिन्नमार्गस्थानां मध्यस्थानामपि मिथ्यादृशां कथमेषा संभवति? जैनमार्गक्रिययैवाव्युत्पन्नदशायाम-पुनर्बन्धकत्वसिद्धेः, बीजाधानस्यैव तल्लिङ्गत्वात्, तस्य च सर्वज्ञवचनानुसारिजिन-मुनिप्रभृतिपदार्थकुशलचित्तादिलक्ष्यत्वाद् ।**

---

**चन्द्र० :** पूर्वपक्षो वस्तुव्यवहारतो जैनधर्मे स्थितानामेवापुनर्बन्धकादीनां प्रधानद्रव्याज्ञां मन्यमानो व्यवहारतो जैनधर्माद् बहिः स्थितानां बौद्धादीनां च प्रधानद्रव्याज्ञामस्वीकुर्वन् महोपाध्यायं खण्डयितुं प्रयतते - **ननु एवं** = उपदेशपदपाठानुसारेण **अपुनर्बन्धकानां द्रव्याज्ञा व्यवस्थिता** इति अस्माकमभिमतम् । **तथाऽपि** = अपुनर्बन्धकस्य प्रधानद्रव्याज्ञासिद्धावपि **भिन्नमार्गस्थानां** = साङ्ख्यबौद्धादीनां **मध्यस्थानामपि** = आस्तां तावत्कदाग्रहिणां इत्य**पि**शब्दार्थः, **मिथ्यादृशां कथं एषा** = प्रधानद्रव्याज्ञा **सम्भवति ?** ।

**ननु** किमर्थं न सा सम्भवेत्तेषाम् ? किमत्र बाधकम् ? इत्यतः पूर्वपक्षो बाधकमाह- **जैनमार्गक्रिययैव** = जिनेश्वरपूजासामायिकप्रतिक्रमणस्नात्रमहोत्सवादिरूपयैव, न तु शङ्करपूजादिभिरित्य**ेव**कारार्थः । **अव्युत्पन्नदशायां** = स्याद्वादपरिज्ञानाभावदशायां, मिथ्यात्वगुणस्थानक इति भावार्थः, **अपुनर्बन्धकत्वसिद्धेः** । तथा च यतो मिथ्यात्वदशायां जैनक्रिययैवापुनर्बन्धकत्वं ज्ञायते, ततो न साङ्ख्यबौद्धादीनां जैनक्रियाभावाद् अपुनर्बन्धकत्वं, ततश्च न तेषां प्रधानद्रव्याज्ञेति ।

इत्थञ्च जैनक्रियावन्त एवापुनर्बन्धकाः सम्भवन्ति, न त्वन्य इति पूर्वपक्षस्योत्सूत्राभिप्रायः।

**ननु** "मिथ्यात्वदशायां जैनमार्गक्रिययैवापुनर्बन्धकत्वं स्यात्" इति भवता पूर्वपक्षेण कुतो निर्णीतम् ? इत्याशङ्कायां पूर्वपक्षः प्राह - **बीजधानस्यैव** = सम्यग्दर्शनादेर्बीजं गुणानुरागः, तदाधानस्यैव, न त्वन्यस्येत्य**ेव**कारार्थः, **तल्लिङ्गत्वात्** = अपुनर्बन्धकत्वलिङ्गत्वात् । तथा च यतो बीजाधानमेवापुनर्बन्धकत्वज्ञापको हेतुः, ततो जैनमार्गक्रिययैव अपुनर्बन्धकत्वसिद्धिरिति सिद्धम् ।

**ननु** हे पूर्वपक्ष ! भवतु नाम बीजाधानस्य अपुनर्बन्धकत्वलिङ्गत्वम् । परन्तु एतावन्मात्रेण एतत्कथं सिद्धेत्, यदुत् "जैनमार्गक्रिययैवापुनर्बन्धकत्वं भवेत्, नान्यथा" ? इति ।

पूर्वपक्षः प्राह - **तस्य च** = बीजाधानस्य च **सर्वज्ञवचनानुसारी**त्यादि, सर्वज्ञवचनानुसारि यज्जिनमुनिप्रभृतिषु पदार्थेषु कुशलचित्तादि, तल्लक्ष्यत्वात् । अत्रादिपदात् कुशलवाक्काययोः

परिग्रहः । जिनप्रभुतिषु पदार्थेषु सर्वज्ञवचनानुसारि कुशलचित्तादि हि बीजाधानस्य लक्षणं, बीजाधानं च अनेन लक्षणेन ज्ञायत इति तल्लक्ष्यम् ।

इत्थं च जिनमुनिप्रभुतिषु कुशलचित्तादि जैनक्रिययैव, न त्वजैनधार्मिकक्रियया । ततश्च जैनक्रियैव बीजाधानलक्षणं सिद्धम् । एवं च जैनक्रियासद्भाव एव बीजाधानसद्भावः, बीजाधान-सद्भाव एव च लिङ्गसद्भावरूपेऽपुनर्बन्धकत्वस्य सिद्धिः । एवं च युक्तमुक्तं जैनक्रिययैव अपुनर्बन्धकत्वसिद्धिः।

**ચન્દ્ર૦ : પૂર્વપક્ષ :** ઉપદેશપદના પાઠથી એટલું તો જરૂર સિદ્ધ થાય છે કે અપુનર્બંધકોને દ્રવ્યાજ્ઞા હોય. પણ એ સિદ્ધ થવા છતાં પણ બુદ્ધધર્મ-વેદાંત ધર્મ વિગેરે ભિન્નમાર્ગોમાં રહેલા અજૈન મધ્યસ્થ એવા ય મિથ્યાત્વીઓને આ દ્રવ્યાજ્ઞા શી રીતે સંભવે ?

(**પ્રશ્ન :** કેમ ? તેઓ અપુનર્બંધક હોય તો એમને દ્રવ્યાજ્ઞા સંભવે જ ને ?)

**પૂર્વપક્ષ :** મિથ્યાત્વદશા એ સ્યાદ્વાદબોધના અભાવની દશા છે, અવ્યુત્પન્નદશા છે. અને આ દશામાં માત્ર જૈનમાર્ગની જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણાદિ ક્રિયાઓ વડે જ અપુનર્બંધકપણું સિદ્ધ થાય. (સિદ્ધ થાય એટલે "ઉત્પન્ન થાય" તેવો અર્થ ન કરવો. પરંતુ "અંદર રહેલી અપુનર્બંધકતા જણાય" એમ અર્થ કરવો.) આ અજૈનમાર્ગી મિથ્યાત્વીઓમાં જૈનક્રિયાઓ નથી, માટે તેઓમાં અપુનર્બંધકતા સિદ્ધ ન થાય. (જો ખરેખર તેઓમાં અપુનર્બંધકતા હોય, તો એના પ્રભાવથી તેઓ જૈનક્રિયાઓ કરતા થયા વિના ન જ રહે.)

(**પ્રશ્ન :** આવું તમે શી રીતે કહી શકો ? કે "જૈનક્રિયાથી જ અપુનર્બંધકતા સિદ્ધ થાય. બીજી ક્રિયાઓથી ન જ થાય.")

**પૂર્વપક્ષ :** બીજાધાન એ અપુનર્બંધકતાનું લિંગ (અપુનર્બંધકતાની હાજરી જાણાવનાર હેતુ) છે. માટે આ વાત માનવી પડે કે જૈનક્રિયાથી જ અપુનર્બંધકતા સિદ્ધ થાય.

(**પ્રશ્ન :** તમે બકવાસ કરતા લાગો છો ? "બીજાધાન અપુનર્બંધકતાનું લિંગ છે, માટે જૈનક્રિયાથી જ અપુનર્બંધકતા સિદ્ધ થાય." આ તમે શું બોલો છો ? કંઈ સમજાતું નથી.)

**પૂર્વપક્ષ :** ઉતાવળ ન કરો ! આખી વાત સાંભળો ! બીજાધાન અપુનર્બંધકત્વનું લિંગ છે અને એ બીજાધાન જિનેશ્વરદેવ, જૈનમુનિ વિગેરે પદાર્થોને વિશે શાસ્ત્રાનુસારી કુશળમન, કુશળવચન, કુશળક્રિયા રૂપ લક્ષણથી જણાય છે. અર્થાત્ તાદશકુશલચિત્તાદિ

એ બીજાધાનનું લક્ષણ છે. અને બીજાધાન એ લક્ષ્ય છે.

(એટલે અર્થ આ પ્રમાણે થયો કે જિનેશ્વરાદિમાં કુશળચિત્તોદિ એ લક્ષણ છે. અને જિનેશ્વરરાદિમાં કુશળચિત્તાદિ એ તો જૈનધર્મની ક્રિયાઓ જ છે. એટલે જૈનક્રિયાઓ જ બીજાધાનનું લક્ષણ બની. એટલે કે જૈનક્રિયાઓ હોય તો જ બીજાધાન હોય અને બીજાધાનથી જ અપુનર્બંધકત્વ જણાય. એટલે સ્પષ્ટ અર્થ મળી ગયો કે જૈનક્રિયાથી જ અપુનર્બંધકત્વની સિદ્ધિ થાય.

એટલે અજૈનો ભલે મધ્યસ્થ હોય તો ય તેઓ પાસે જૈનક્રિયાઓ નથી. માટે બીજાધાન નથી અને માટે જ તેઓમાં અપુનર્બંધકતા માની શકાતી નથી.)

---

**यशो० : तदुक्तमुपदेशपद-वृत्तिकृता-**

आणापरतंतेहिं ता बीआहाणमेत्थ कायव्वं । धम्मंमि जहासत्ती परमसुहं इच्छमाणेहिं ।।२२५।।

**इति गाथां विवृण्वता। धर्मबीजानि चैवं शास्त्रान्तरे (योगदृष्टिसमुच्चये) परिपठितानि दृश्यन्ते-**

जिनेषु कुशलं चित्तं तन्नमस्कार एव च । प्रणामादि च संशुद्धं योगबीजमनुत्तमम् ।।२३।।

उपादेयधियाऽत्यन्तं संज्ञाविष्कम्भणान्वितम् । फलाभिसन्धिरहितं संशुद्धं ह्येतदीदृशम् ।।२५।।

---

**चन्द्र० : ननु** हे पूर्वपक्ष ! "जैनक्रियैव धर्मबीजम्" इत्येतद् भवता कुतो निर्णीतम् ? इत्यतः पूर्वपक्षः शास्त्रपाठमाह - **तत्** = अनन्तरमेव वक्ष्यमाणं **उक्तम्** । केनोक्तम् ? इत्याह -**उपदेशपदवृत्तिकृता** । कीदृशेनोपदेशपदवृत्तिकृता तद् उक्तम् ? इत्याह = **आणापरतंतेहिं....इति गाथां विवृण्वता** = प्रकृतोपदेशपदगाथाया विवरणं कुर्वता उपदेशपदवृत्तिकृता तद् उक्तम्।

यां गाथां विवृण्वता तदुक्तं, तद्गाथायाः संक्षेपार्थस्त्वयम् - तस्मात् **परमसुखं इच्छद्भिः आज्ञापरतन्त्रैस्तत्र धर्मे बीजाधानं** = सम्यग्दर्शनादिधर्मस्य साधकानि यानि बीजानि, तेषां आधानं **कर्त्तव्यमिति** ।

एनां गाथां विवृण्वता वृत्तिकृता यदुक्तं तदेवाक्षरशः आह - **धर्मबीजानि च एवं** = अनन्तरमेव वक्ष्यमाणेन प्रकारेण **शास्त्रान्तरे** = योगदृष्टिसमुच्चयाख्ये **परिपठितानि दृश्यन्ते**। योगदृष्टिसमुच्चयगाथासंक्षेपार्थस्त्वयम् -

(१) **जिनेषु कुशलं चित्तं, तन्नमस्कार एव च** = जिननमस्कार एव च, अत्र नमस्कारो वचनेन ज्ञेयः । **प्रणामादि च** = जिनस्य कायेन प्रणामादि च । एतच्च कुशलचित्तादि कीदृशम् ? **संशुद्धं** = वक्ष्यमाणप्रकारं, **अनुत्तमं** = सर्वातिशायि **योगबीजम् ।**

जिनेषु विशुद्धं कुशलचित्तनमस्कारप्रणामादि अनुत्तमं योगबीजमिति भावः ।

(२) संशुद्धपदस्य व्याख्यामाह - **अत्यन्तं उपादेयधिया** = "इदं कुशलचित्तादि कर्त्तव्यमेव" इत्यादिरूपया युक्तं **संज्ञाविष्कंभणान्वितं** = आहारमैथुनभयपरिग्रहसंज्ञानिरोधयुक्तं, न तु तादृशसंज्ञाप्रेरितं कुशलचित्तादि । यतः संज्ञाविष्कम्भणान्वितं, तत एव **फलाभिसन्धिरहितं** = आलोकपरलोकसुखाशंसाविप्रमुक्तं **इदृशं** = एतादृशं **हि एतद्** = कुशलचित्तादि **संशुद्धं** उच्यते ।

उपादेयधीयुक्तं संज्ञाविष्कम्भणान्वितं फलाभिसन्धिरहितं जिनेषु कुशलचित्तादि संशुद्धं गीयते, तदेव च अनुत्तमं योगबीजम् ।

**<u>ચન્દ્ર</u>૦ : (પ્રશ્ન :** હે પૂર્વપક્ષ ! જૈનક્રિયાઓ જ બીજાધાનનું લક્ષણ છે ? એવું તમે કયાં આધારે કહી શકો છો ?) **પૂર્વપક્ષ :** ઉપદેશપદમાં આ પ્રમાણે ગાથા છે. "તે કારણસર પરમસુખને ઈચ્છતા આજ્ઞાપરતંત્ર જીવો વડે યથાશક્તિ આ ધર્મને વિશે બીજાધાન કરવું જોઈએ. અર્થાત્ સમ્યગ્દર્શનાદિ ધર્મોને સાધનાર એવા બીજોનું આધાન કરવું જોઈએ."

આ ગાથાનું વિવરણ કરતા શ્રી ઉપદેશપદટીકાકારે કહ્યું છે કે ધર્મના બીજો તો બીજા શાસ્ત્રમાં = યોગદષ્ટિસમુચ્ચયગ્રન્થમાં આ પ્રમાણે કહેવાયેલા દેખાય છે.

(૧) જિનેશ્વરોમાં સંશુદ્ધ એવું કુશળ ચિત્ત, સંશુદ્ધ એવો જિનનમસ્કાર અને સંશુદ્ધ એવા પ્રણામાદિ એ અનુત્તમ = ઉત્કૃષ્ટ યોગબીજ છે.

(૨) (સંશુદ્ધ એટલે શું ?) જે કુશળચિત્તાદિ અત્યંત ઉપાદેયબુદ્ધિથી યુક્ત હોય, આહાર ભય-મૈથુન-પરિગ્રહ સંજ્ઞાના નિરોધથી યુક્ત હોય, ફલોની અભિસન્ધિથી રહિત હોય. આવા પ્રકારના આ કુશળચિત્તાદિ સંશુદ્ધ કહેવાય.

(જિનાદિમાં કે કુશળચિત્તાદિમાં અત્યંત આદર હોય તો એ ઉપાદેયબુદ્ધિ કહેવાય. તથા ભયના કારણે જિનનમસ્કારાદિ કરે, આહારાદિ ઈચ્છાથી કરે તો એ ન ચાલે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ ચારેય સંજ્ઞાના નિરોધપૂર્વકના કુશળચિત્તાદિ હોવા

જોઈએ. તથા આલોક અને પરલોકના સુખોની ઈચ્છા એ ફલાભિસંધિ કહેવાય. તે વિનાનું આ હોવું જોઈએ.)

**यशो० :** आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु ।
वैयावृत्त्यं च विधिवच्छुद्धाशयविशेषतः ।।२६।।

भवोद्वेगश्च सहजो द्रव्याभिग्रहपालनम् ।
तथा सिद्धान्तमाश्रित्य विधिना लेखनादि च ।।२७।।

लेखना पूजना दानं श्रवणं वाचनोद्ग्रहः ।
प्रकाशनाऽथ स्वाध्यायश्चिन्तना भावनेति च ।।२८।।

दुःखितेषु दयाऽत्यन्तमद्वेषो गुणवत्सु च ।
औचित्यात्सेवनं चैव सर्वत्रैवाविशेषतः ।।३२।। **इति ।**

**चन्द्र० :** एवं जिनेषु कुशलचित्तादि प्रतिपाद्याधुनाऽचार्यादिष्वपि तत्प्रतिपादयति -

(३) **भावयोगिषु** = न तु योगिवेषमात्रधारिषु **आचार्याष्वपि** = न केवलं जिनेष्वेव इति **अपिशब्दार्थः**, **विशुद्धं एतद्** = कुशलचित्तादि (अनुत्तमं योगबीजम्) । बीजान्तरमाह- **शुद्धाशयविशेषतः** आचार्यादिषु **विधिवद् वैयावृत्त्यं** (योगीबीजम्) ।

(४) बीजान्तराणि आह - **सहजो भवोद्वेगः** = स्वाभाविकं भववैराग्यं, न तु कृत्रिमम्। **द्रव्याभिग्रहपालनं** = विरत्यभावेन भावाभिग्रहासम्भवाद् ये भावाभिग्रहकारकीभूता द्रव्याभिग्रहाः, तेषां पालनम् । **तथा सिद्धान्तमाश्रित्य विधिना लेखनादि च** = विधिना सिद्धान्तलेखनादि च।

(५) "लेखनादि"पदं विवृणोति - **लेखना** = सिद्धान्तस्य **पूजना** = सिद्धान्तस्यैव, एवमग्रेऽपि । **दानं, श्रवणं, वचना, उद्ग्रहः** = विधिपदग्रहणं, **प्रकाशना** = परेषां सिद्धान्तस्य प्रकाशनं, **स्वाध्यायः, चिन्तना, भावना इति च** । सिद्धान्तसम्बन्धीनी एतानि सर्वाणि योगबीजानि।

(६) **दुःखितेषु अत्यन्तं दया, गुणवत्सु च अद्वेषः, सर्वत्रैव च** = सर्वेष्वपि कार्येषु, सर्वेष्वपि जनेषु च **अविशेषतः** = सामान्यत एव, न तु यत्र विशेषलाभदर्शनं, तत्रौचित्य-

सेवनमन्यत्र तु अनुचितवर्त्तनमिति । **औचित्यात्सेवनं** = यस्य यत्र यदा यथा प्रवृत्तिः उचिता, तस्य तत्र तदा तथा तादृशप्रवृत्तिकरणम् ।

अत्र हि जिनेश्वरेषु जैनसाधुषु जिनागमेष्वेव च कुशलचित्तादिरूपा क्रिया योगबीजं प्रतिपादिता । ततश्च जैनक्रियैव योगबीजमिति स्पष्टम् ।

**ચન્દ્ર૦ :** (૩) જિનેશ્વરોની જેમ ભાવયોગી = સાચાયોગી (માત્ર વેષધારી નહિ) એવા આચાર્યાદિને વિશે વિશુદ્ધ એવા કુશળચિત્તાદિ તથા શુદ્ધ આશયવિશેષથી વિધિપૂર્વક આચાર્યાદિને વિશે વૈયાવચ્ચ (અનુત્તમયોગબીજ છે.).

(૪) સ્વાભાવિક ભવવૈરાગ્ય, (શ્મશાનનો વૈરાગ્ય ન ચાલે કે તરત જતો રહે) દ્રવ્યાભિગ્રહનું પાલન (વિરતિ ન હોવાથી ભાવાભિગ્રહ સંભવી ન શકે. માટે ભાવાભિગ્રહોને લાવનારા દ્રવ્યાભિગ્રહોનો પાલન) વિધિપૂર્વક સિદ્ધાન્તનું લેખનાદિ એ યોગબીજ છે.

(૫) ("લેખનાદિ" માં શું આવે ? એ બતાવે છે કે) સિદ્ધાન્તનું લેખન, સિદ્ધાન્તની પૂજા, સિદ્ધાન્તપુસ્તકોનું દાન, સિદ્ધાન્તની વાચના, સિદ્ધાન્તનું વિધિપૂર્વક ગ્રહણ, સિદ્ધાન્તની પ્રકાશના (બીજાઓ આગળ કથન), સિદ્ધાન્તનો સ્વાધ્યાય, સિદ્ધાન્તનું ચિંતન, સિદ્ધાન્તની ભાવના...આ બધા યોગબીજ છે.

(૬) દુઃખી જીવોને વિશે અત્યંત દયા, ગુણવાનોને વિશે અદ્વેષ, તથા સર્વ કાર્યોમાં, સર્વ લોકો વિશે એક સરખી રીતે ઔચિત્યનું સેવન. (જ્યાં વધુ લાભ દેખાય ત્યાં ઔચિત્ય સેવે અને જ્યાં લાભ ન દેખાય ત્યાં અનુચિત્તપ્રવૃત્તિ કરે તો એ "વિશેષતઃ ઔચિત્યસેવન" કહેવાય. એ યોગબીજ નથી પણ જ્યાં જ્યારે જેને જેવી પ્રવૃત્તિ ઉચિત હોય, ત્યાં ત્યારે તેને તેવી પ્રવૃત્તિ કરવી જોઈએ.)

(આ ગાથાઓમાં જિનેશ્વરો, જૈન સાધુઓ અને જિનાગમોને વિશે કુશળચિત્તાદિ જ યોગબીજ કહેવાયા છે. એટલે એનાથી નક્કી થાય છે કે "જૈનક્રિયાઓ જ યોગબીજ છે.")

---

**यशो० : ललितविस्तरायामप्युक्तं**–'एतत्सिद्ध्यर्थं तु यतितव्यमादिकर्मणि, परिहर्त्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंत(ह)तिः, भवितव्यमेतत्तन्त्रेण, प्रवर्त्तितव्यं दानादौ,

कर्त्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, प्रवर्त्तितव्यं विधानतो, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीयाऽऽयतिः, अवलोकनीयो मृत्युः, परिहर्त्तव्यो विक्षेपमार्गः, यतितव्यं योगसिद्धौ, कारयितव्या भगवत्प्रतिमा, लेखनीयं भुवनेश्वरवचनं, कर्त्तव्यो मङ्गलजापः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदनीयं कुशलं, पूजनीया मन्त्रदेवता, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्त्तितव्यमुत्तमज्ञातेन। एवम्भूतस्य येह प्रवृत्तिः सा सर्वैव साध्वी, मार्गानुसारी ह्ययं नियमादपुनर्बन्धकादिः, तदन्यस्यैवम्भूतगुणसंपदोऽभावात्' **इत्यत आह–**

---

**चन्द्र०** : पूर्वपक्ष एव "जैनक्रियैव योगबीजम्" इति साधनार्थं शास्त्रपाठान्तरमाह- **ललितविस्तरायामप्युक्तं** इत्यादि ।

**एतत्सिद्ध्यर्थं** = चैत्यवन्दनसिद्ध्यर्थं **यतितव्यं आदिकर्मणि** = प्राथमिकेषु कृत्येषु। एतदेवाह - **परिहर्त्तव्यः** इत्यादि, स्पष्टम् । नवरम् - **एतत्तन्त्रेण** = गुरुसंहतिपरतन्त्रेण । **साधुविशेषः** = गुणसम्पन्नः साधुरिति भावः । **प्रवर्त्तितव्यं विधानतः** = विधिपूर्वकं शास्त्रीयाचारे प्रवृत्तिः कार्य इति भावः । **आयत्तिः** = भविष्यत्कालः । **विक्षेपमार्गः** = धर्मस्य हानिमार्गः, चञ्चलतामार्गो वा । **उत्तमज्ञातेन** = उत्तमदृष्टान्तेन, उत्तमदृष्टान्तमवलम्ब्यैव वर्त्तनं कार्यं, न तु हीनदृष्टान्तमवलम्ब्य शैथिल्यं सेव्यमिति । **इह** = चैत्यवन्दनादौ धर्मे । **सर्वैव** = न तु काश्चिदेवेत्यपिशब्दार्थः । **साध्वी** = शोभना । तत्र कारणमाह - **मार्गानुसारी ह्ययं** जीवः **नियमाद्** = अवश्यं **अपुनर्बन्धकादिः** । ततश्च तस्य सर्वैव धर्मे प्रवृत्तिः शोभनैव ।

"**नन्वे**तादृशजीवोऽपुनर्बन्धकादिरेवेति कुतो निर्णीतम् ?" इत्यतस्तस्यापुनर्बन्धकत्वे युक्तिमाह - **तदन्यस्य** = अपुनर्बन्धकाद्भिन्नस्य **एवंभूतगुणसंपदः** = अकल्याणमित्रपरिहारादिरूपा गुणा एव संपत्, तस्या अभावात् । तथा च प्रकृतजीव एतादृशगुणसंपद्दर्शनाद-पुनर्बन्धकत्वमनुमीयत इति ।

अत्रापि जैनक्रियैवापुनर्बन्धकस्य प्रतिपादितेति तयैवापुनर्बन्धकत्वसिद्धेस्तदभाववतां साङ्ख्यशैवादीनामपुनर्बन्धकत्वासिद्धिः, ततश्च द्रव्याज्ञाया अपि असिद्धिरिति ।

अत्र पूर्वपक्षः समाप्तः ।

**ચન્દ્ર૦** : લલિતવિસ્તરામાં પણ કહ્યું છે કે આ ચૈત્યવંદનાનુષ્ઠાનની સિદ્ધિને માટે

આદિકર્મમાં યત્ન કરવો જોઈએ. (એ જ બતાવે છે કે) (૧) અકલ્યાણમિત્રોનો યોગ છોડી દેવો. (૨) કલ્યાણમિત્રો સેવવા (૩) ઉચિતમર્યાદા ઉલ્લંઘવી નહિ. (૪) લોકમાર્ગની અપેક્ષા રાખવી. (અર્થાત્ લોકાચારોની વિરૂદ્ધ પ્રવૃત્તિ ન કરવી.) (૫) ગુરુપરંપરા (કે ગુરુસમૂહ) ને માન આપવું. (૬) એને પરતન્ત્ર બનવું. (૭) દાનાદિમાં પ્રવૃત્તિ કરવી. (૮) ભગવાનની ઉદારપૂજા – વિશાળપૂજા કરવી. (૯) સાધુવિશેષનું નિરૂપણ કરવું (અર્થાત્ સાચા સાધુ શોધવા અને તેને શોધીને તેની ઉચિત ભક્તિ કરવી.) (૧૦) વિધિ વડે ધર્મશાસ્ત્ર સાંભળવું (૧૧) મહાયત્ન પૂર્વક ધર્મશાસ્ત્ર ભાવવું. (૧૨) વિધિપૂર્વક (શાસ્ત્રએ કહેલા આચારોમાં) પ્રવૃત્તિ કરવી. (૧૩) ધીરતા ધારણ કરવી (૧૪) ભવિષ્ય વિચારવું (૧૫) મૃત્યુનું અવલોકન કરવું. (૧૬) ધર્મની હાનિનો માર્ગ છોડી દેવો.(અથવા ચંચળતાનો માર્ગ છોડી દેવો.) (૧૭) યોગની સિદ્ધિમાં યત્ન કરવો. (૧૮) ભગવાનની પ્રતિમા કરાવવી (૧૯) ભવનેશ્વરનું વચન (જિનાગમ) લખવું-લખાવવું. (૨૦) મંગલજાપ કરવો (૨૧) ચારનું શરણ સ્વીકારવું (૨૨) દુષ્કૃતોની ગર્હા કરવી (૨૩) કુશળ = પુણ્યકાર્ય અનુમોદવું. (૨૪) મન્ત્રદેવતાને પૂજવી (૨૫) સારા આચારો સાંભળવા અથવા સજ્જનોના આચારો = કથાઓ સાંભળવી. (૨૬) ઉદારતાની ભાવના ભાવવી. (૨૭) ઉત્તમપુરુષોના દૃષ્ટાન્ત વડે વર્તન કરવું, અર્થાત્ મહાપુરુષોના દૃષ્ટાન્તોને આદર્શ બનાવી એ પ્રમાણે પ્રવૃત્તિ કરવી.

આવા પ્રકારના ગુણવાળા આત્માની ધર્મને વિશે જે પ્રવૃત્તિ થાય તે બધી જ પ્રવૃત્તિ સારી. કેમકે માર્ગાનુસારી આ જીવ અવશ્ય અપુનર્બંધકાદિ જ હોય. એનું કારણ એ કે અકલ્યાણમિત્રનો ત્યાગ કરવો વિગેરે બતાવેલા ગુણો રૂપી સંપત્તિ અપુનર્બંધકાદિ સિવાયના જીવોને હોઈ શકતી નથી. આ જીવની પાસે તો આ ગુણો રૂપી સંપત્તિ છે. માટે તે અવશ્ય માર્ગાનુસારી જ હોય.”

(આ પાઠમાં પણ જૈનક્રિયાઓ જ આદિધાર્મિકના કાર્યો તરીકે, યોગબીજ તરીકે બતાવેલી જણાય છે. માટે માનવું જ જોઈએ કે જૈનક્રિયાઓ જ બીજ – બીજાધાન હોવાથી અને બીજાધાન જ અપુનર્બંધકાદિનું લિંગ હોવાથી જૈનક્રિયાઓથી જ અપુનર્બંધકતા જાણી શકાય. શૈવાદિમાં તો જૈનક્રિયાઓ ન હોવાથી ત્યાં અપુનર્બંધકતા ન માની શકાય અને માટે જ તેઓમાં દ્રવ્યાજ્ઞા પણ ન માની શકાય. કેમકે દ્રવ્યાજ્ઞા અપુનર્બંધકને જ કહેલી છે.

અહીં પૂર્વપક્ષ સંપૂર્ણ થયો.)

**यशो० : यद्=यस्मादपुनर्बन्धकानां चित्रम्=अनेकविधम-नुष्ठानमुपदिष्टं, अतो भिन्नाचारस्थितानामपि तेषां द्रव्याज्ञाया नानुपपत्तिरिति ।**

**चन्द्र०** : एतत्पूर्वपक्षखण्डनायैव महोपाध्यायैर्मूलगाथायां निरूपितं यदुत "**यस्माद-पुनर्बन्धकानां चित्रमनुष्ठानमुपदिष्टं**" इति । अधुना महोपाध्यायास्तदनुसारेण पूर्वपक्षं खण्डयन्ति - **यद् = यस्माद् अपुनर्बन्धकानां चित्रं = अनेकविधं** = जैनक्रियारूपमजैनक्रियारूपं च **अनुष्ठानमुपदिष्टं**, तस्मात्कारणात् **भिन्नाचारस्थितानामपि** = जैनक्रियाभिन्नेषु शोभनेषु धार्मिकानुष्ठानेषु स्थितानामपि, जैनाचारस्थितानां तावद् द्रव्याज्ञोपपत्तिरस्त्यैवे**त्यपि**शब्दार्थः । **तेषां** = मध्यस्थमिथ्यात्विनां **द्रव्याज्ञाया नानुपपत्तिरिति** ।

**ચન્દ્ર૦** : (આ પૂર્વપક્ષના ખંડનને માટે જ ઉપાધ્યાયજીએ મૂળ ૧૫માં શ્લોકમાં આ ઉત્તરાર્ધ લખ્યો હતો કે "જે કારણથી અપુનર્બંધકોને ચિત્ર અનુષ્ઠાન ઉપદેશાયેલું છે."

ઉપાધ્યાયજી હવે આ પંક્તિને અનુસારે પૂર્વપક્ષનું ખંડન કરે છે, કે) અપુનર્બંધકોને જૈનક્રિયાઓ અને જૈનેતર સુંદર ક્રિયાઓ એમ બેય પ્રકારના અનુષ્ઠાનો હોવાનું શાસ્ત્રમાં વિધાન છે જ. એટલે ભલે ને તેઓ જૈનાચારથી જૂદા અજૈન સુંદર આચારોમાં રહેલા હોય, તો ય તેઓ અપુનર્બંધક હોઈ શકે છે. કેમકે એને આવા આચારો હોવાની વાત શાસ્ત્રમાં આવે જ છે. અને અપુનર્બંધક હોવાથી તેને દ્રવ્યાજ્ઞા પણ સંભવી શકે છે. એની અનુપપત્તિ થતી નથી.

**यशो० : इदमत्र हृदयं—न ह्यादिधार्मिकस्य विधिः सर्व एव सर्वत्रोपयुज्यते, किन्तु क्वचित्कश्चिदेव, इति भिन्नाचारस्थितानामप्यन्तःशुद्धिमतामपुनर्बन्धकत्वमविरुद्धं, अपुनर्बंधकस्य हि नानास्वरूपत्वात् तत्तत्तन्त्रोक्ताऽपि मोक्षार्था क्रिया घटते, सम्यग्दृष्टेश्च स्वतन्त्रक्रियैवेति व्यवस्थितत्वात् ।**

**चन्द्र०** : महोपाध्यायो निष्कर्षमाह - **इदमत्र हृदयं-न आदिधार्मिकस्य** = अपुनर्बन्धकादेः **विधिः सर्व एव** = जिनेषु कुशलचित्तादिरूपः, अकल्याणमित्रपरित्यागादिरूपश्च योगदृष्टिसमुच्चयललितविस्तराग्रन्थप्रतिपादितः संपूर्ण एव **सर्वत्र** = सर्वेषु अपुनर्बन्धकेषु **उपयुज्यते** = उपयोगीभवति । रे पूर्वपक्ष ! यद्यपि आदिधार्मिककृत्येषु जिनविषयककुशलचित्तादि प्रतिपादितं, किन्तु "यावन्ति आदिधार्मिककृत्यानि, तावन्ति सर्वाण्येव सर्वेष्वप्यपुनर्बन्धकादिषु भवन्त्येव, सर्वेषु च कृत्येषु सत्स्वेवापुनर्बन्धकत्वं सिद्ध्यति" इति तु न नियमः । यदि हि

अयं नियमः स्वीक्रियेत, तर्हि प्रायः कुत्रापि जीवेऽपुनर्बन्धकत्वं न सिद्ध्येत्, यतो जैनमार्गस्थितेष्वपि जीवेषु सर्वाणि आदिधार्मिककृत्यानि न भवन्त्येव । ततश्चेत्थमभ्युपगन्तव्यं यदुत यानि आदिधार्मिककृत्यानि प्रतिपादितानि, तेभ्य एकस्य द्वयोस्त्रिचतुराणां वा सम्भवेऽपि अपुनर्बन्धकत्वं सिद्ध्येदिति ।

एतदेवाह - **किन्तु क्वचित्** = कुत्रचिज्जीवे जैनमार्गस्थिते **कश्चिदेव** = कोऽप्यादिधार्मिकविधिः एव । **इति** = यत एवं, तस्मात्कारणात् **भिन्नाचारस्थितानामपि** = जैनक्रियाभिन्नेषु आचारेषु शैवधर्मादिसम्बन्धिषु स्थितानामपि **अन्तःशुद्धिमतां अपुनर्बन्धकत्वं** जैनक्रियाऽभावेऽपि **अविरुद्धम्** ।

**ननु** तेषामपुनर्बन्धकत्वं किमर्थं विरुद्धं न भवति ? इत्यतो महोपाध्यायः कारणमाह- **अपुनर्बन्धकस्य हि नानास्वरूपत्वात्** = अनेकरूपत्वात् **तत्तत्तन्त्रोक्ताऽपि** = न केवलं जैनतन्त्रोक्तैवेत्**यपि**शब्दार्थः, **घटते**, **सम्यग्दृष्टेश्च स्वतन्त्रक्रियैव** = जैनतन्त्रोक्तक्रियैव **इति व्यवस्थितत्वात्** ।

शास्त्रोक्तानि अपुनर्बन्धककृत्यानि जैनक्रियारूपाणि एकस्मिन्नेव जीवे तु सर्वाणि प्रायो न सम्भवन्ति, किन्तु जैनमार्गस्थिते जीवे तेभ्यः कानिचित्कृत्यानि सम्भवन्ति । अन्यधर्मस्थितानां तु जैनक्रियारूपेषु अपुनर्बन्धककृत्येषु असत्स्वपि अपुनर्बन्धकत्वं सम्भवति । यतः शास्त्र एव अपुनर्बन्धकस्यापि अन्यतन्त्रोक्ता क्रिया घटत इति प्रतिपादितमिति ।

<u>ચન્દ્ર</u>૦ : અહીં આ રહસ્ય છે કે યોગદૃષ્ટિસમુચ્ચય અને લલિતવિસ્તરામાં જે આદિધાર્મિક = અપુનર્બંધકાદિની વિધિ = કૃત્યો બતાવેલા છે, તે બધા જ કૃત્ય બધા જ અપુનર્બંધકોમાં ઉપયોગી ન બની શકે. (એટલે કે "એ બધા કૃત્યો પ્રત્યેક અપુનર્બંધકમાં હોય જ અને એ બધા કૃત્યોની હાજરીથી જ અપુનર્બંધકત્વની સિદ્ધિ થાય" એવું નથી.) પરંતુ જૈનમાર્ગમાં રહેલા જીવો રૂપ કોક સ્થાને જ, બતાવેલા કૃત્યોમાંથી કોઈક જ કૃત્યો અપુનર્બંધકત્વ માટે ઉપયોગી બને. (બીજા જીવોમાં તો એ બતાવેલા કૃત્યો સિવાયની અપુનર્બંધકતા હોઈ શકે જ છે.)

આ કારણસર જૈનઆચારોથી ભિન્ન આચારોમાં રહેલાઓને પણ જો તેઓ અંતઃકરણની શુદ્ધિવાળા હોય તો અપુનર્બંધકતા હોઈ જ શકે છે. એમાં કોઈ જ વિરોધ નથી. કેમકે એવી વ્યવસ્થા છે કે અપુનર્બંધકો અનેક પ્રકારના હોવાથી તેઓને જૈનશાસ્ત્રોમાં બતાવેલી ક્રિયા કે એ સિવાય અન્યશાસ્ત્રોમાં બતાવેલી ક્રિયાઓ પણ હોઈ શકે છે. જ્યારે

સમ્યગ્દૃષ્ટિને જૈનશાસ્ત્રોમાં કહેલી ક્રિયા જ હોય.

(સાર એટલો જ કે આ બતાવેલા અપુનર્બંધકકૃત્યો કંઈ બધા અપુનર્બંધકમાં ન હોય. પરંતુ મુખ્યત્વે જૈનમાર્ગમાં રહેલાઓમાં જ હોય. અને જૈનમાર્ગમાં રહેલાઓમાં પણ કંઈ એક જીવમાં બધા જ આચારો તો ન જ હોય, કોઈક જ હોય. તેના દ્વારા જ એનામાં અપુનર્બંધકત્વની સિદ્ધિ થઈ જાય.

હવે જે અજૈનમાર્ગમાં રહેલા મધ્યસ્થી મહાત્માઓ છે તેઓને તો પોતપોતાના શાસ્ત્રોમાં કહેલી ક્રિયાઓ હોય અને અપુનર્બંધકતા પણ હોય. આ વાત શાસ્ત્રમાં કહેલી છે.)

---

**यशो० : तदुक्तं योगबिन्दुसूत्रवृत्त्योः –**

अपुनर्बंधकस्यैवं सम्यग्नीत्योपपद्यते । तत्तत्तन्त्रोक्तमखिलमवस्थाभेदसंश्रयात् ।।२५१।।

**अपुनर्बंधकस्य**=उक्तरूपस्य **एवं**=उक्तरूपेण, **सम्यग्नीत्या**=शुद्धयुक्तिरूपया, **उपपद्यते**= घटते, किम् ? इत्याह – **तत्तत्तन्त्रोक्तं**=कापिलसौगतादिशास्त्रप्रणीतं, मुमुक्षुजनयोग्यमनुष्ठानं, **अखिलं**=समस्तम् । कुतः? इत्याह - **अवस्थाभेदसंश्रयात्**=अपुनर्बंधकस्यानेकस्वरूपाङ्गीकरणत्वात्। अनेकस्वरूपाभ्युपगमे ह्यपुनर्बंधकस्य किमप्यनुष्ठानं कस्यामप्यवस्थायामवतरतीति ।।२५१।।

---

**चन्द्र० :** "अपुनर्बन्धकस्य तत्तत्तन्त्रोक्ताऽपि क्रिया घटते" इत्यत्र शास्त्रपाठमाह– **तदुक्तं** इत्यादि । योगबिन्दुगाथासंक्षेपार्थस्त्वयम् – **एवं अपुनर्बन्धकस्य अवस्थाभेदसंश्रयात् तत्तत्तन्त्रोक्तमखिलं सम्यग्नीत्योपपद्यते** – इति ।

तट्टीकार्थस्तु सुगम एव । नवरम् – यतोऽपुनर्बन्धकोऽनेकविधो भवति, ततो जैनमार्गस्थस्यापुनर्बन्धकस्य योगदृष्ट्यादिग्रन्थप्रतिपादितानि आदिधार्मिककृत्यानि भवन्ति । अन्यमार्गस्थितस्य तु अपुनर्बन्धकस्य तत्तत्तन्त्रोक्तानि मुमुक्षुजनयोग्यानि कृत्यानि भवन्ति । न तु तेषां प्राणिवधादीनि मुमुक्षुजनायोग्यानि तत्तत्तन्त्रोक्तान्यपि भवन्ति इति सारः ।

**ચન્દ્ર૦ :** યોગબિન્દુસૂત્ર અને તેની ટીકામાં કહ્યું છે કે

**સૂત્ર :** આ પ્રમાણે અપુનર્બંધકની અવસ્થાભેદનો આશ્રય કરેલો હોવાથી અપુનર્બંધકને

તે તે શાસ્ત્રોમાં કહેલ બધું જ સમ્યગ્નીતિ વડે ઉપપન્ન થાય છે.

**ટીકા :** અપુનર્બંધક એટલે જેનું અમે આગળ સ્વરૂપ બતાવી ચૂક્યા છીએ તેવો જીવ. એવા જીવને પૂર્વે કહ્યા પ્રમાણે શુદ્ધયુક્તિરૂપ સમ્યગ્નીતિ વડે કાપિલ, સૌગતાદિ શાસ્ત્રો વડે કહેવાયેલા મુમુક્ષુલોકને યોગ્ય તમામ અનુષ્ઠાનો ઘટે જ છે. કેમકે અપુનર્બંધકના અનેક સ્વરૂપોનો અંગીકાર કરવામાં આવેલો છે અને અનેક સ્વરૂપ માનીએ એટલે અપુનર્બંધકને કોઈક અવસ્થામાં કોઈક અનુષ્ઠાન અવતાર પામી જાય.

(ટૂંકમાં-અપુનર્બંધકની અનેક અવસ્થા સ્વીકારી છે. એટલે જૈનમાર્ગમાં રહેલ અપુનર્બંધકને એ અવસ્થામાં જૈનશાસ્ત્રોક્ત ક્રિયાઓ હોય. જ્યારે અજૈનમાર્ગમાં રહેલ અપુનર્બંધકને અજૈનશાસ્ત્રોક્ત શંકરપૂજાદિ ક્રિયાઓ હોય. આમ એને મુમુક્ષુજન યોગ્ય એવી બધા શાસ્ત્રોમાં કહેલી બધી ક્રિયાઓ જુદી જુદી અવસ્થાઓમાં સંભવી જ શકે છે. સાર એટલુ છે કે તેઓને તે તે તન્ત્રોમાં કહેવાયેલી પ્રાણિવધ વિગેરે મુમુક્ષુ જનને અયોગ્ય એવી ક્રિયાઓ હોતી નથી.)

---

**यशो०** : अथापुनर्बंधकोत्तरं यद्भवति तद्दर्शयति –

स्वतंत्रनीतितस्त्वेव ग्रन्थिभेदे तथा सति । सम्यग्दृष्टिर्भवत्युच्चैः प्रशमादिगुणान्वितः ।।२५२।।

स्वतंत्रनीतितस्त्वेव=जैनशास्त्रनीतेरेव न पुनस्तन्त्रान्तराभिप्रायेणापि, ग्रन्थिभेदे= रागद्वेषमोहपरिणामस्यातीवदृढस्य विदारणे, तथा=यथाप्रवृत्त्यादिकरणप्रकारेण, सति=विद्यमाने, किम्? इत्याह–सम्यगदृष्टिः=शुद्धसम्यक्त्वधरो भवति=संपद्यते । कीदृशः? इत्याह- उच्चैः=अत्यर्थं, प्रागवस्थातः सकाशात्, प्रशमादिगुणान्वितः=उपशम-संवेग-निर्वेदानुकंपा-ऽऽस्तिक्याभिव्यक्तियुक्त इति ।।२५२।।

---

**चन्द्र०** : योगबिन्दुसूत्रवृत्तिपाठमेवाह - **अथ अपुनर्बन्धकोत्तरं** = अपुनर्बन्धका-वस्थोल्लङ्घनान्तरं **यद् भवति, तद्दर्शयति ।**

योगबिन्दुसूत्रसंक्षेपार्थस्त्वयम् - **स्वतन्त्रनीतितस्त्वेव तथा ग्रन्थिभेदे सति उच्चैः प्रशमादिगुणान्वितः सम्यग्दृष्टिर्भवति** - इति ।

तट्टीकार्थस्त्वयम् । **न पुनस्तन्त्रान्तराभिप्रायेणापि**, तन्त्रान्तरे हि ग्रन्थिः, तद्भेदादिप्रक्रिया च नास्त्येवेति तन्त्रान्तराभिप्रायेण ग्रन्थिभेदो न सम्भवत्येवेति । **यथाप्रवृत्त्यादि-करणप्रकारेण** = आदिपदाद् अपूर्वकरणानिवृत्तिकरणादीनां ग्रहः । **प्रागवस्थातः सकाशात्** = "प्रागवस्थातः सकाशाद् अत्यर्थं प्रशमादिगुणान्वितः" इत्यन्वयः । मिथ्यात्वे हि प्रशमादयो गुणा यादृशो भवन्ति, सम्यक्त्वे सति तादृशेभ्योऽधिकतीव्रास्ते गुणा भवन्तीति ।

**ચન્દ્ર૦ :** (યોગબિન્દુનો પાઠ ચાલુ જ છે.) હવે અપુનર્બંધકદશાને ઓળંગી લીધા બાદ જે થાય છે તે કહે છે.

**સૂત્ર :** જૈનતંત્રની નીતિ પ્રમાણે જ તે પ્રમાણે ગ્રન્થિભેદ થયે છતે જીવ અત્યંત પ્રશમાદિગુણોથી અન્વિત એવો સમ્યગ્દૃષ્ટિ થાય છે.

**ટીકા :** જૈનગ્રન્થો સિવાય અન્યગ્રન્થોમાં ગ્રન્થિ કે ગ્રન્થિભેદાદિ પદાર્થો જ માનેલા નથી. (એટલે ગ્રન્થિભેદ માત્ર જૈનશાસ્ત્રની નીતિ પ્રમાણે જ સમજવો. બીજા શાસ્ત્રોની નીતિ પ્રમાણે પણ આ ગ્રન્થિભેદ ઘટે એ સંભવિત નથી.)

ગ્રન્થિ એટલે અતિદૃઢ એવો રાગ-દ્વેષ-અજ્ઞાનનો પરિણામ. જ્યારે જૈનશાસ્ત્રની નીતિ મુજબ યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણાદિ પ્રકાર વડે આ ગ્રન્થિનો ભેદ થાય ત્યારે આ જીવ મિથ્યાત્વદશામાં રહેલા પ્રશમાદિગુણો કરતા વધુ જોરદાર એવા પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યગુણના પ્રગટપણાથી યુક્ત શુદ્ધસમ્યક્ત્વધારી બને છે.

---

**यशो० : एवं परेषामपि माध्यस्थ्ये द्रव्याज्ञासद्भावः सिद्धः ।।१५।।**

---

**चन्द्र० :** एवं योगबिन्दुपाठं प्रदर्श्य महोपाध्याया निष्कर्षमाहुः - **एवं** = योगबिन्दुपाठानुसारेण **परेषामपि** = जैनेतरमार्गस्थितानामपि **माध्यस्थ्ये** सति **द्रव्याज्ञासद्भावः सिद्धः** । ततश्च जैनेतराणां द्रव्याज्ञा नैव सम्भवति इति पूर्वपक्षोत्सूत्रं प्रतिहतमिति ।

**ચન્દ્ર૦ :** સાર એ આવ્યો કે યોગબિન્દુના પાઠને અનુસારે જૈનેતરમાર્ગમાં રહેલાઓને પણ માધ્યસ્થ્ય હોય તો દ્રવ્યાજ્ઞાનો સદ્ભાવ હોય એ સિદ્ધ થયું અને એટલે જૈનેતરોને દ્રવ્યાજ્ઞા ન જ હોય એ પૂર્વપક્ષનું ઉત્સૂત્ર ખંડિત થયું.

**૧૫મી ગાથા સંપૂર્ણ**

<u>यशो०</u> : ननु द्रव्याज्ञाऽपि सिद्धान्तोदितक्रियाकरणं विनाऽपि कथं परेषां स्यात्? इत्यत आह –

**मग्गाणुसारिभावो आणाए लक्खणं मुणेयव्वं ।**

**किरिया तस्स ण णियया पडिबंधे वा वि उवगारे ।।१६।।**

मार्गानुसारिभाव आज्ञाया लक्षणं ज्ञातव्यम् ।

क्रिया तस्य न नियता प्रतिबंधे वाऽप्युपकारे ।।१६।।

<u>चन्द्र०</u> : एवं युक्तिशास्त्रपाठाभ्यां प्रतिहतः पूर्वपक्षो व्याकुलीभूतः सन्नाशङ्कते - **ननु द्रव्याज्ञाऽपि** = भावाज्ञा तु न स्यादेव, किन्तु द्रव्याज्ञापि न स्याद् इत्य**पि**शब्दार्थः । **सिद्धान्तोदितक्रियाकरणं विनाऽपि** = जैनक्रियां विनाऽपि, जैनक्रियासत्त्वे तावद् भवतु द्रव्याज्ञा, किन्तु तद्विनाऽपि सा कथं भवेत् ? इत्य**पि**शब्दार्थः, **परेषां** = जैनेतराणाम् ।

समाधानमाह – **मार्गानुसारिभाव आज्ञाया लक्षणं ज्ञातव्यम् । तस्य प्रतिबन्ध उपकारे वा क्रिया न नियता** – इति गाथार्थः ।

<u>ચન્દ્ર</u>૦ : **પૂર્વપક્ષ :** એ જૈનતરોને ભાવાજ્ઞા તો ન જ હોય. પણ આ દ્રવ્યાજ્ઞા પણ સિદ્ધાન્તમાં કહેલી ક્રિયાઓના પાલન વિના ય શી રીતે હોઈ શકે ? (જૈનક્રિયા પાલનમાં તે દ્રવ્યાજ્ઞા ઘટે. પણ તમે તો તેના અભાવમાં પણ દ્રવ્યાજ્ઞા માની રહ્યા છે. એ અમને સમજાતું નથી.)

**ઉપાધ્યાયજી : ગાથાર્થ :** માર્ગાનુસારીભાવ આજ્ઞાનું લક્ષણ જાણવું. તે માર્ગાનુસારીભાવને અટકાવવામાં કે ઉપકાર કરવામાં ક્રિયા નિયત નથી.

**<u>यशो०</u> : मग्गाणुसारिभावो त्ति । मार्गानुसारिभावः=निसर्गतस्तत्त्वानुकूलप्रवृत्तिहेतुः परिणामः, आज्ञाया लक्षणं, मुणेयव्वं ति, ज्ञातव्यं,**

<u>चन्द्र०</u> : **निसर्गतः** = स्वभावत एव, न तु भयादिना । दृश्यते हि भयादिनाऽपि कस्यचिन्मोक्षानुकूलायाः प्रवृत्तेर्हेतुः परिणामः । यथा मरणभयाच्चन्द्रगुप्तमन्त्रिणा दीक्षा पालिता,

सा व्यवहारतो मोक्षतत्त्वानुकूला, ततश्च तस्य मरणभयात् तत्त्वानुकूलप्रवृत्तिहेतुः परिणामोऽस्ति, किन्तु निसर्गतस्तस्य मोक्षानुकूलप्रवृत्तिहेतुः परिणामो नास्तीति न तस्य मार्गानुसारिभावः ।

चन्द्र० : માર્ગાનુસારીભાવ એટલે "સ્વભાવથી જ તત્ત્વને અનુકૂલ પ્રવૃત્તિના કારણભૂત આત્મપરિણામ." (ભય વિગેરેથી પણ તત્ત્વાનુકૂલપ્રવૃત્તિહેતુભૂત પરિણામ થાય. પણ એ માર્ગાનુસારીભાવ ન ગણાય. **દા.ત.** ચન્દ્રગુપ્તના મંત્રીએ મૃત્યુના ભયથી દીક્ષા પાળી તો એ દીક્ષા વ્યવહારથી તો મોક્ષતત્ત્વને અનુકૂળપ્રવૃત્તિ કહેવાય. પણ તેનું કારણ એવો આત્મપરિણામ ભયને લીધે થયો છે, સહજ નથી થયો. અને માટે તેને માર્ગાનુસારીભાવ ન કહેવાય.)

આ માર્ગાનુસારીભાવ એ જિનાજ્ઞાનું લક્ષણ જાણવું. અર્થાત્ માર્ગાનુસારીભાવ એ જ જિનાજ્ઞા છે.

---

**यशो० : क्रिया=स्वसमयपरसमयोदिताचाररूपा, तस्य=मार्गानुसारिभावस्य, उपकारे प्रतिबन्धे वा न नियता, स्वसमयोदितक्रियाकृतमुपकारं विनाऽपि मेघकुमारजीवहस्त्यादीनां तथाभव्यत्वपरिपाकाहिताऽनुकम्पादिमहिम्ना मार्गानुसारित्वसिद्धेः, परसमयक्रियायां च सत्यामपि समुल्लसितयोगदृष्टिमहिम्नां पतञ्जल्यादीनां मार्गानुसारित्वाप्रतिघातात् ।**

---

चन्द्र० : **स्वसमयोदितेत्यादि**, स्वसमये = जैनशास्त्र उदिता या जिनपूजादिरूपा क्रिया, परसमये वोदिता या शिवपूजादिरूपा क्रिया, सा **मार्गानुसारिभावस्य उपकारे** = उत्पतौ स्थिरतायां वा **प्रतिबन्धे** = उत्पत्ति प्रतिरोधे विनाशे वा **न नियता** = न अन्वय-व्यतिरेकसहचारवती ।

यदि हि जैनक्रियासत्त्व एव मार्गानुसारिभावस्योत्पत्तिः स्थिरता वा स्यात्, जैनक्रियाऽभावे च तस्योत्पत्तिः स्थिरता वा न स्यात् तर्हि जैनक्रिया मार्गनुसरिभावस्य नियता भवेत् । यदि तु जैनक्रियासत्त्वेऽपि मार्गानुसारिभावोपकारो न भवेत् , जैनक्रियाऽभावेऽपि वा मार्गानुसारि-भावोपकारो भवेत् तर्हि अन्वयव्यतिरेकव्यभिचारसत्त्वान्न जैनक्रिया तादृशोपकारनियता भवेत्। पूर्वपक्षस्तु जैनक्रियां मार्गानुसारिभावस्योपकारे नियतां मन्यते, किन्तु न तद् युक्तम् । तत्र कारणमाह - **स्वसमयोदितक्रियाकृतं** = जैनक्रियाकृतं मार्गानुसारिभावोत्पादं तत्स्थैर्यं वा **विनाऽपि मेघकुमारजीवहस्त्यादीनां** = जैनग्रन्थे प्रसिद्धानां **तथाभव्यत्वपरिपा-काहितानुकम्पादिमहिम्ना** = तथाभव्यत्वपरिपाकेनात्मनि स्थापिता या अनुकम्पा, तदादीनां

प्रभावाद् **मार्गानुसारित्वसिद्धेः** ।

तथा च "जैनक्रियाऽसत्त्वे मार्गानुसारिभावस्योपकारो नैव भवेत्" इति व्यतिरेकसहचारस्य भङ्गान्न जैनक्रिया मार्गानुसारिभावस्योपकारे नियता ।

एवं यदि अजैनक्रियासत्त्वे मार्गानुसारिभावस्यानुत्पाद उत्पन्नस्य वा विनाशो भवत्येव, तदभावे चैव मार्गानुसारिभावोत्पादस्तत्स्थैर्यं वा भवति  इति स्यात्, तर्हि अजैनक्रिया मार्गानुसारिभावस्य प्रतिबन्धे नियता स्यात् । यदि तु अजैनक्रियासत्त्वेऽपि मार्गानुसारिभावस्योत्पादः स्थैर्यं वा भवेत, अजैनक्रियाऽभावेऽपि वा मार्गानुसारिभावस्योत्पादः स्थैर्यं वा न भवेत्, तर्हि अन्वयव्यतिरेकव्यभाचारसत्वान्नाजैनक्रिया मार्गानुसारिभावप्रतिरोधे नियता स्यात् । पूर्वपक्षस्तु अजैनक्रियां मार्गानुसारिभावस्य प्रतिरोधे नियतां मन्यते, किंतु तन्न युक्तम् । तत्रापि कारणमाह- **परसमयक्रियायां च** = सांख्यादितन्त्रप्रसिद्धक्रियायां च **सत्यामपि**, असत्यां तावद् मार्गानुसारिभावाप्रतिघातो भवत्येवेत्**यपि**शब्दर्थः । **समुल्लसितयोगदृष्टिमहिम्ना** = समुल्लसिताः = प्रकटीभूता या योगदृष्ट्यः = मित्रादयश्चतस्रः, तासां प्रभावात् **पतञ्जल्यादीनां** = सांख्यमतानुसारिमहर्षिविशेषाणां **मार्गानुसारित्वाप्रतिघातात्** = मार्गानुसारित्वोत्पाद-स्थैर्यप्रतिबन्धाभावात् ।

तथा च तत्र अजैनक्रियासत्त्वेऽपि मार्गानुसारिभावस्योत्पादस्थैर्यसम्भवाद् अन्वयसहचारस्य भङ्गान्नाजैनक्रिया मार्गानुसारिभावस्य प्रतिबन्धे नियता ।

**<u>ચન્દ્ર</u>૦** : જૈનશાસ્ત્રોમાં કહેલી ક્રિયાઓ (જિનપૂજાદિ) કે અજૈનશાસ્ત્રોમાં કહેલી ક્રિયાઓ (શિવપૂજાદિ) માર્ગાનુસારિભાવના ઉપકારમાં કે પ્રતિબંધમાં નિયત = અન્વયવ્યતિરેક સહચારવાળી નથી.

(જો "જૈનક્રિયા હોય તો જ માર્ગાનુસારિભાવની ઉત્પત્તિ કે ઉત્પન્નની સ્થિરતા થાય અને જો જૈનક્રિયા ન હોય તો માર્ગાનુસારિભાવોત્પત્તિ કે સ્થિરતા ન જ થાય." આ રીતે અન્વયસહચાર અને વ્યતિરેક સહચાર મળે તો જૈનક્રિયા માર્ગાનુસારિભાવના ઉપકાર પ્રત્યે નિયત ગણાય. (ઉપકાર = ઉત્પત્તિ અને સ્થિરતા એમ બે અર્થ લેવાના છે.)

પૂર્વપક્ષ જૈનક્રિયાને માર્ગાનુસારિભાવોપકાર પ્રત્યે નિયત માને છે. પણ એ વાત બરાબર નથી, કેમકે) જૈનશાસ્ત્રોમાં પ્રસિદ્ધ દૃષ્ટાન્તમાં મેઘકુમારના પૂર્વભવના હાથીમાં જૈનક્રિયાઓ ન હતી, છતાં પણ તથાભવ્યત્વના પરિપાક દ્વારા આત્મામાં સ્થાપિત થયેલ અનુકંપા વિગેરેના પ્રભાવથી તેમનામાં માર્ગાનુસારિભાવની સિદ્ધિ થઈ જ ગઈ છે.

(એટલે વ્યતિરેક સહચારનો ભંગ (વ્યતિરેક વ્યભિચારની હાજરી) થવાથી જૈનક્રિયા માર્ગાનુસારિભાવોપકાર પ્રત્યે નિયત ન બને.

(એમ જો "અજૈનક્રિયા હોય તો માર્ગાનુસારિતાની ઉત્પત્તિ-સ્થિરતા ન જ થાય અને અજૈનક્રિયા ન હોય તો જ માર્ગાનુસારિતાની ઉત્પત્તિ-સ્થિરતા થાય." આમ અન્વય-વ્યતિરેક સહચાર મળે, તો અજૈનક્રિયા માર્ગાનુસારિતાના પ્રતિબંધ પ્રત્યે નિયત કહેવાય. ઉત્પત્તિ અને સ્થિરતાનો અભાવ એ અહીં પ્રતિબંધનો અર્થ સમજવો.

પરંતુ "અજૈનક્રિયા હોવા છતાં માર્ગાનુસારિતાની ઉત્પત્તિ-સ્થિરતા થાય અને અજૈનક્રિયાના અભાવમાં પણ માર્ગાનુસારિભાવની ઉત્પત્તિ-સ્થિરતા ન થાય" તો અન્વય-વ્યતિરેક વ્યભિચાર મળવાથી અજૈનક્રિયા પ્રતિબંધને વિષે નિયત ન બને.)

પૂર્વપક્ષ તો અજૈનક્રિયાને માર્ગાનુસારિતાના પ્રતિબંધ પ્રત્યે નિયત માને છે. પણ એ બરાબર નથી કેમકે) પતંજલિ વિગેરે ઋષિઓમાં અજૈનક્રિયા હોવા છતાં પ્રગટી ચૂકેલી યોગદષ્ટિઓના પ્રભાવથી માર્ગાનુસારિતાનો પ્રતિબંધ થયો નથી. (અર્થાત્ માર્ગાનુસારિતા ઉત્પન્ન થઈ છે અને સ્થિર પણ રહી છે એટલે અહીં અન્વયસહચાર ન મળવાથી, અન્વયવ્યભિચાર મળવાથી અજૈનક્રિયા માર્ગાનુસારીતાના પ્રતિબંધ પ્રત્યે નિયત સિદ્ધ થતી નથી.)

---

**<u>यशो०</u> : अत्र कश्चिदाह—ननु पतञ्जल्यादीनां मार्गानुसारित्वमशास्त्रसिद्धम्, उच्यते--नैतदेवं, योगदृष्टिसमुच्चयग्रन्थ एव योगदृष्ट्यभिधानात् तेषां मार्गानुसारित्वसिद्धेः ।**

---

**<u>चन्द्र०</u> : अशास्त्रसिद्धम्** = शास्त्रसिद्धं न । न हि कुत्रापि प्रामाणिके शास्त्रे पतञ्जल्यादीनां मार्गानुसारित्वं निरूपितं, ततश्च "पतञ्जल्यादिषु अजैनक्रियासद्भावेऽपि मार्गानुसारिताऽप्रतिघातः" इति भवत्प्रतिज्ञोदितस्यान्वयव्याभिचारस्यात्रासत्त्वाद् अजैनक्रिया मार्गानुसारिताप्रतिरोधे नियता सिद्धा, इति पूर्वपक्षस्याभिप्रायः ।

समाधानमाह - **उच्यते, न एतत्** = भवदुक्तं **एवं** = सत्यम् । तत्र कारणमाह - **योगदृष्टिसमुच्चयग्रन्थ एव** = किमन्यशास्त्रगवेषणयेत्ये**एव**कारार्थः । **योगदृष्ट्यभिधानात्तेषां मार्गानुसारित्वसिद्धेः** = "तेषां" इति पदं पूर्वं पश्चाच्चोभयत्र योज्यम् । तथा च - यतो योगदृष्टि समुच्चये पतञ्जल्यादीनां योगदृष्टिसद्भावाभिधानात् पतज्जल्यादीनां मार्गानुसारित्वसिद्धिः, तस्माद् भवदुक्तमयुक्तम् ।

**ચન્દ્ર૦** : અહીં કોઈક એમ કહે છે કે પતંજલિ વિગેરેમાં માર્ગાનુસારિતા હતી એ વાત શાસ્ત્રમાં તો કરી જ ન હતી. એટલે એ માની ન શકાય (અને એટલે જ "પતંજલિ વિગેરેમાં અજૈનક્રિયા હોવા છતાં માર્ગાનુસારિતાનો અપ્રતિઘાત હોવાથી અજૈનક્રિયા માર્ગાનુસારિતાના પ્રતિબંધ પ્રત્યે નિયત ન બને." એવી તમારી પ્રરૂપણા જ તુટી જાય છે. કેમકે પતંજલ્યાદિમાં માર્ગાનુસારિતા છે જ નહિ. એનો પ્રતિબંધ થયો જ છે. એટલે કોઈ વ્યભિચાર ન હોવાથી અજૈનક્રિયા માર્ગાનુસારિતાના પ્રતિબંધ પ્રત્યે નિયત સિદ્ધ થાય છે.)

ઉપાધ્યાયજી કહે છે તમે કહેલી વાત કે "પતંજલ્યાદિની માર્ગાનુસારિતા શાસ્ત્રસિદ્ધ નથી" ખોટી છે કેમકે બીજા બધા ગ્રન્થોની વાત જવા દો, યોગદષ્ટિસમુચ્ચયગ્રન્થમાં જ પતંજલ્યાદિને યોગદષ્ટિઓની વિદ્યમાનતા કહેલી હોવાથી તેઓમાં માર્ગાનુસારિતાની સિદ્ધિ થઈ જાય છે.

---

**यशो०** : 'उक्तं च=निरूपितं पुनः, योगमार्गज्ञैः=अध्यात्मविद्भिः पतंजलिप्रभृतिभिः, तपोनिर्धूतकल्मषैः=प्रशमप्रधानेन तपसा क्षीणप्रायमार्गानुसारिबोधबाधकमोहमलैरिति **'उक्तं च** योगमार्गज्ञैस्तपोनिर्धूतकल्मषैः' **इति प्रतीकं विवृण्वता योगबिन्दुवृत्तिकृताऽपि तेषां तदभिधानाच्च ।**

---

**चन्द्र०** : पतञ्जल्यादीनां मार्गानुसारितासाधकं पाठान्तरमाह – "**उक्तं च**" इत्यत आरभ्य "**मोहमलैः**" इत्यन्तं यावद् योगबिन्दुवृत्तिपाठः । "उक्तं च योगमार्गज्ञैः तपोनिर्धूतकल्मषैः" इति च योगबिन्दुसूत्रपाठः । तत्सूत्रं दर्शितवृत्तिरूपेण विवृण्वता योगबिन्दुप्रतिकृताऽपि पतञ्जल्यादीनां मार्गानुसारित्वं प्रतिपादितं, अतस्तेषां मार्गानुसारित्वं शास्त्रसिद्धमेवेति भावार्थः । अक्षरार्थस्तु सुगमः । नवरम् – क्षीणप्रायो मार्गानुसारिबोधस्य बाधको मोहमलो येषां ते, तैः । इत्थं च तेषां मार्गानुसारिबोधसद्भावः स्पष्टमेव योगबिन्दुवृत्तिकृदभिप्रेतः सिद्ध्यति ।

**ચન્દ્ર૦** : વળી "उक्तं च योगमार्गज्ञैस्तपोनिर्धूतकल्मषैः" આ યોગબિન્દુસૂત્રની વ્યાખ્યા ટીકાકારે આ પ્રમાણે કરી છે કે, યોગમાર્ગજ્ઞ એટલે અધ્યાત્મના જાણકાર પતંજલિ વિગેરે ઋષિઓ. એ ઋષિઓ **તપોનિર્ધૂતકલ્મષ** છે. એટલે કે પ્રશમપ્રધાન તપ વડે તેઓનો માર્ગનુસારિબોધનો બાધક મોહમલ લગભગ ખલાસ થઈ ગયો છે. આવા ઋષિઓએ કહ્યું છે.

આમ આવું વિવરણ કરતા યોગબિન્દુ ટીકાકારે પણ પતંજલિ વિગેરેને માર્ગાનુસારિતા હોવાનું કથન કરેલ જ છે.

**यशो० : अयमिह परमार्थः—अव्युत्पन्नानां विपरीतव्युत्पन्नानां वा परसमयस्थानां जैनाभिमतक्रिया यथाऽसद्ग्रहपरित्याजनद्वारा द्रव्यसम्यक्त्वाद्यध्यारोपेन मार्गानुसारिता-हेतुस्तथा सद्ग्रहप्रवृत्तानां तेषामुभयाभिमतयमनियमादिशुद्धस्वरूपक्रियाऽपि पारमार्थिकवस्तुविषयपक्षपाताधानद्वारा तथा,**

**चन्द्र० :** महोपाध्यायाः शास्त्रतात्पर्यमाहुः - **अयमिह परमार्थः** - **अव्युत्पन्नानां** = अनाभोगमिथ्यात्विनां **विपरीतव्युत्पन्नानां** = आभिग्रहिकमिथ्यात्विनां **वा परसमयस्थानां** = अजैनमार्गस्थितानां **जैनाभिमतक्रिया** = जैनशास्त्रप्रतिपादिता सर्वविरत्यादिक्रिया **यथाऽसद्ग्रहपरित्याजनद्वारा** = कदाग्रहपरित्यागजननद्वारा **द्रव्यसम्यक्त्वाद्यध्यारोपेन** = मिथ्यात्वसद्भावाद् भावसम्यक्त्वविरत्यादिकं न सम्भवति, ततस्तत्र द्रव्यसम्यक्त्वदेशविरत्यादी-नामारोपणं क्रियते, एवं च तादृशारोपेन **मार्गानुसारिताहेतुः** । एतच्च पूर्वपक्षस्याप्यभिमतमेव ।

**तथा सद्ग्रहप्रवृत्तानां** = "यत्शोभनं तद् ग्राह्यं, न कुत्रापि कदाग्रहः कर्त्तव्यः" इत्यादि शोभनग्रहवतां, अनाभिग्रहिकाणां इति यावत् । **तेषां** = परसमयस्थानां **उभयाभिमते**त्यादि, उभयेषां = अजैनानां जैनानां च अभिमता या यमनियमादिरूपा शुद्धस्वरूपा क्रिया, साऽपि **पारमार्थिके**त्यादि, पारमार्थिकवस्तु एव विषयो यस्य, स पारमार्थिकवस्तुविषयः, स चासौ पक्षपातश्च इति पारमार्थिकवस्तुविषयपक्षपातः, तदाधानद्वारा **तथा** = मार्गानुसारिताहेतुः ।

तथाहि - आभिग्रहिकादिमिथ्यात्विभ्यो दीयमाना जैनक्रिया तेषां कदाग्रहं निराकृत्य मार्गानुसारितां जनयति, तथैव मध्यस्थमिथ्यात्विनां उभयसंमता अहिंसासत्यास्तैन्यादिरूपा शुद्धस्वरूपा क्रियाऽपि सद्देवगुरुधर्मेषु पक्षपातं समुत्पाद्य मार्गानुसारितां जनयतीति ।

**ચન્દ્ર૦ :** અહીં આ પરમાર્થ છે. અજૈનધર્મોમાં રહેલા જે જીવો અવ્યુત્પન્ન = બોધવિનાના = અનાભોગવાળા હોય કે વિપરીતવ્યુત્પન્ન = "આત્મા નિત્ય જ છે" ઈત્યાદિ ઉંધી માન્યતાવાળા = આભિગ્રહિકમિથ્યાત્વવાળા હોય. તેઓને દ્રવ્યસમ્યક્ત્વ વિગેરેનો આરોપ કરીને આપવામાં આવતી જૈનોને માન્ય ક્રિયા (જિનપૂજા, દેશવિરતિ, સર્વવિરતિ વિગેરે) જેમ તે જીવોના કદાગ્રહનો ત્યાગ કરાવવા દ્વારા તે જીવોમાં માર્ગાનુસારિતાને ઉત્પન્ન કરનારી છે. (અને આ વાત પૂર્વપક્ષને પણ માન્ય જ છે.)

તે જ પ્રમાણે "જે સાચું હોય તે બધાનો સ્વીકાર કરવો. કોઈપણ પદાર્થમાં ખોટો આગ્રહ ન રાખવો..." ઈત્યાદિરૂપે સુંદરવસ્તુનો જ ગ્રહ = સ્વીકાર કરવામાં પ્રવર્તેલા એવા જે અજૈનમાર્ગી જીવો હોય, તેઓ જે જૈનોને ય માન્ય બને એવી અહિંસાપાલન, સત્યવચન, ચોરીત્યાગ વિગેરે રૂપ શુદ્ધસ્વરૂપવાળી ક્રિયાઓ કરે કે જે યમ, નિયમાદિ શબ્દો વડે તેઓના ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે. એ ક્રિયાઓ પણ તે જીવોને સાચી વસ્તુમાં (વીતરાગદેવ + મહાવ્રતધારી સાધુ + સ્યાદ્વાદગર્ભિત-કરૂણાપ્રધાન ધર્મ) પક્ષપાત ઉત્પન્ન કરાવી આપવા દ્વારા તેઓમાં માર્ગાનુસારિતાને જન્મ આપી દે છે.

(અર્થાત્ તેઓ ભલે ચોક્ખી જૈનક્રિયા નથી કરતા, પણ જૈનોને પણ માન્ય એવી તેઓ દ્વારા કરાતી યમ, નિયમાદિ અજૈનક્રિયાઓ માર્ગાનુસારિતાનું કારણ બને જ છે. પૂર્વપક્ષને આ માન્ય નથી, "અજૈન માર્ગાનુસારી ન જ બને" એવો દૃઢ એકાન્ત પૂર્વપક્ષે પકડેલો છે.)

---

**<u>यशो०</u> : हेयोपादेयविषयमात्रपरीक्षाप्रवणत्वादध्यात्मविदाम् ।**

---

**<u>चन्द्र०</u> : ननु** अव्युत्पन्नानां विपरीतव्युत्पन्नानां वा अजैनानां द्रव्यसम्यक्त्वाद्यध्यारोपेन जैनक्रिया असद्ग्रहं निराकृत्य मार्गानुसारिताहेतुः, मध्यस्थमिथ्यात्विनां तु अजैनानां यमनियमादिरूपा अजैनक्रियाऽपि तात्त्विकपक्षपातं उत्पाद्य मार्गानुसारिताहेतुः, इत्येतत्कथम् ? यदि हि अव्युत्पन्नविपरीतव्युत्पन्नानां जैनक्रियैव मार्गानुसारितार्थं अभिमता, तर्हि मध्यस्थमिथ्यात्विनामपि जैनक्रियैव मार्गानुसारितार्थं अभिमन्तव्या इत्याशङ्कायामाह - **हेयोपादेयविषयमात्रपरीक्षाप्रवणत्वात्** = "किं हेयं किं उपादेयम् ? किमात्महितकारि ? किमात्माहितकारि ?" इत्येवं हेयोपादेयरूपस्य विषयमात्रस्य परीक्षायां प्रवणत्वात् **अध्यात्मविदां** = मध्यस्थमिथ्यात्वप्रभृतीनामिति ।

अयं भावः - अव्युत्पन्ना विपरीतव्युत्प्रन्ना हि न सद्ग्रहवन्तः, ततश्च तेषां निजमतक्रियायां "इयं मद्धर्मक्रिया, तस्मात्कर्त्तव्या" इत्येवंरूपोऽध्यवसायो भवति । न तु "इयं क्रिया उपादेया, आत्महितकारिणी, तस्मात्कर्त्तव्या" इत्येवंरूपोऽध्यवसायो भवति । एवं च निजमतेऽसद्ग्रहात् ते निजमतक्रियां हेयामुपादेयां वा शोभनामेव मन्यन्ते । अत एव तेषां निजमतयमनियमादिक्रियाकरणेऽपि मार्गानुसारिभावो न प्रकटीभवति । ततश्च तेषां प्रथमासद्ग्रहपरित्यागं आवश्यकम् । अत एव "अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो । जिणपन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं ॥" इति सम्यक्त्वं द्रव्यतो दत्त्वा जैनक्रियादानं

कर्त्तव्यम् । यतः सम्यक्त्वारोपपूर्विका जैनक्रिया स्वमतरागात्मकमसद्ग्रहं निराकृत्य मार्गानुसारितां जनयेत् ।

ये तु अजैना अध्यात्मविदो मध्यस्थाः, तेषां स्वमते रागो परमते वा द्वेषो न भवत्येव। किन्तु ते "किमिदं हेयं किं वोपादेयम् ?" इत्येतावन्मात्रं परीक्ष्य हेयं ज्ञात्वा त्यजन्ति, उपादेयं ज्ञात्वा स्वीकुर्वन्ति । एवं च तेषामसद्ग्रहाभावादेव असद्ग्रहपरित्यागार्थं उपयोगिनी जैनक्रिया न मार्गानुसारिताप्राप्त्यर्थमावश्यकी, एवं च तेषां जैनक्रियां विनाऽपि शुद्धस्वरूपा यमनियमादिका क्रिया सुदेवसुगुरुसुधर्मेषु पक्षपातं जनयित्वा मार्गानुसारिता जनयतीति ।

**ચન્દ્ર૦** : (**પૂર્વપક્ષ** : અવ્યુત્પન્ન અને વિપરીતવ્યુત્પન્ન એવા અજૈનોને દ્રવ્યસમ્યક્ત્વાદિના આરોપ પૂર્વકની જૈનક્રિયા કદાગ્રહને દૂર કરીને માર્ગાનુસારિતાનું કારણ બને. અને મધ્યસ્થમિથ્યાત્વી એવા અજૈનોને શુદ્ધસ્વરૂપવાળી પોતાના ધર્મની ક્રિયા પણ માર્ગાનુસારિતા લાવી શકે, જૈનક્રિયાની આવશ્યકતા નહિ. આવું કેમ ?

ટુંકમાં અમને એટલું જ સમજાવો કે વિપરીતવ્યુત્પન્નાદિમાં માર્ગાનુસારિતા માટે જૈનક્રિયા જ જોઈએ, અજૈનક્રિયા ન ચાલે અને મધ્યસ્થ અજૈનોને માર્ગાનુસારિતાની પ્રાપ્તિ માટે અજૈનક્રિયા પણ ચાલે આ વળી કેવું ?)

**ઉપાધ્યાયજી** : (અવ્યુત્પન્ન-વિપરીતવ્યુત્પન્નોને પોત-પોતાના ધર્મનો રાગ હોય છે. "આ મારા ધર્મની ક્રિયા છે માટે સારી" એમ વિચારીને તેઓ ધર્મક્રિયા કરે. એટલે આવો પોતાના ધર્મ પ્રત્યેનો ખોટો રાગ હોવાથી મુશ્કેલી એ છે કે તેઓ પોતાના ધર્મમાં કહેલી સારી કે ખરાબ બધી ક્રિયાોને સારી જ માની કોઈ જાતની પરીક્ષા કર્યા વિના જ એ ક્રિયાઓ કરવાના.

આવી અસદ્ગ્રહની હાજરીની દશામાં તેઓ ગમે તેટલી પોતાના ધર્મની સારી પણ ક્રિયા કરે, છતાં તેઓમાં માર્ગાનુસારિતા ન પ્રગટે. એટલે તેઓને "રાગ-દ્વેષ-અજ્ઞાન રહિત દેવ એ જ મારા દેવ, સુસાધુઓ જ મારા ગુરુ અને સ્યાદ્વાદપ્રધાન-કરૂણાપ્રધાન ધર્મ જ મારો ધર્મ..." આવી રીતે દ્રવ્યસમ્યક્ત્વનો આરોપ કરીને જૈનક્રિયા આપવી જરૂરી છે. આવા આરોપ પૂર્વકની જૈનક્રિયાના કારણે તેઓનો ખોટો આગ્રહ દૂર થઈ જાય અને માર્ગાનુસારિતા પ્રગટે છે.

પણ જે મધ્યસ્થમિથ્યાત્વીઓ છે, યોગદષ્ટિ પામેલા છે, તેઓ તો અધ્યાત્મના વેતા છે. એટલે તેમને મારો ધર્મ...મારા શાસ્ત્ર... આવી રીતનો વ્યક્તિરાગ=અસદ્ગ્રહ

હોતો નથી.) તેઓ તો સર્વત્ર એટલી જ પરીક્ષા કરે, ચકાસણી કરે કે "આ વસ્તુ, આ ક્રિયા હેય છે કે ઉપાદેય છે ? મારા આત્માને હિતકારી છે ? કે અહિતકારી છે ?" અને એ પછી જે હેય લાગે તે પોતાના ધર્મની ક્રિયા હોય તો ય છોડી દે અને જે ઉપાદેય લાગે તે ઈતરધર્મનું હોય તો ય સ્વીકારી લે.

(આમ તેઓને તો અસદ્ગ્રહ છે જ નહિ. એટલે અસદ્ગ્રહનો ત્યાગ કરાવવા માટે જરૂરી દ્રવ્યસમ્યક્ત્વારોપ પૂર્વકની જૈનક્રિયા તેમને એકાંતે આવશ્યક રહેતી નથી. પરંતુ તેઓ શુદ્ધસ્વરૂપવાળી જે સ્વધર્મની ક્રિયાઓ કરે તે પણ તે જીવોને સાચાતત્ત્વ ઉપર પક્ષપાત ઉત્પન્ન કરાવવા દ્વારા માર્ગાનુસારિતાને લાવી આપી શકે.

ટુંકમાં તે મધ્યસ્થ અજૈનો હેય-ઉપાદેય રૂપ વિષય માત્રથી જ પરીક્ષામાં તત્પર હોવાથી, મારો ધર્મ, મારી ક્રિયા... આવા ખોટા રાગવાળા ન હોવાથી તેઓને અજૈનક્રિયા પણ માર્ગાનુસારિતા લાવી આપે એમાં કોઈ બાધ નથી.

મોટા રોગવાળાને વધુ સારી દવા જોઈએ, સામાન્યરોગવાળાને તો સામાન્ય દવાથી પણ સારૂ થઈ જાય. કદાગ્રહી, અજ્ઞાનીઓના રોગને દૂર કરવા જૈનક્રિયા રૂપ મોટી દવા જોઈએ. જ્યારે મધ્યસ્થ-સરળ અજૈનોના રોગને દૂર કરવા માટે તો અજૈનોની સારી ક્રિયારૂપી સામાન્યદવા પણ ચાલે.)

---

**यशो० : तथा च नियतक्रियाया मार्गानुसारिभावजनने नैकान्तिकत्वमात्यन्तिकत्वं वा, तथा च जैनक्रियां विनापि भावजैनानां परेषां मार्गानुसारित्वादाज्ञासम्भवोऽविरुद्ध इति ।**

---

**चन्द्र० : तथा च नियतक्रियायाः** = जैनतन्त्रोक्तजिनपूजासामायिक-प्रतिक्रमणादिरूपायाः **मार्गानुसारिभावजनने नैकान्तिकत्वं** = न अवश्यं मार्गानुसारिताजनकत्वं, तत्सत्त्वेऽपि अभव्यादीनां मार्गानुसारिताऽजननात् । **न आत्यन्तिकं वा** = न तां विना मार्गानुसारिताऽभावस्यावश्यंभावः, तां विनाऽपि मध्यस्थानामजैनानां मार्गानुसारितासद्भावात् ।

**तथा च जैनक्रियां विनाऽपि** इत्यादि स्पष्टम् ।

ચન્દ્ર૦ : આમ એ નક્કી થયું કે, નિયતક્રિયા (= જૈનશાસ્ત્રોમાં કહેલી જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણાદિ ક્રિયા) માર્ગાનુસારિતાને ઉત્પન્ન કરવામાં એકાન્તિક કે આત્યન્તિક નથી. (એકાન્તિક એટલે જેની હાજરીમાં અવશ્ય કાર્ય થાય જ. પણ એવું અહીં નથી.

અભવ્યોમાં જૈનક્રિયા હોવા છતાં માર્ગાનુસારિતા પ્રગટતી નથી. આત્યન્તિક એટલે જેની ગેરહાજરીમાં કાર્ય ન જ થાય. અહીં એવું નથી. જૈનક્રિયાના અભાવમાં પણ માર્ગાનુસારિતા મધ્યસ્થ અજૈનોમાં થાય છે.)

અને આમ જૈનક્રિયા વિના પણ ભાવજૈન એવા મધ્યસ્થમિથ્યાત્વી અજૈનો માર્ગાનુસારી હોઈ શકવાથી તેઓને જિનાજ્ઞાનો સંભવ અવિરૂદ્ધ અર્થાત્ તેઓને જિનાજ્ઞાનો સંભવ માનવામાં કોઈ જ વાંધો નથી.

---

**यशो० : युक्तं चैतद्, न चेदेवं तदा जैनक्रियां विना भावलिङ्गबीजाभावाद् भावलिङ्गस्यापि परेषामनुपपत्तावन्यलिङ्गसिद्धादिभेदानुपपत्तेः ।**

---

**चन्द्र० :** एतदेव समर्थयन् युक्त्यन्तरमाह - **युक्तं चैतत्** = "अजैनानां मध्यस्थमिथ्यात्विनां जैनक्रियां विनाऽपि मार्गानुसारित्वं जिनाज्ञासद्भावश्च सम्भवति" इति एतद् युक्तं, **न चेदेवं** = यदि अजैनानां जैनक्रियां विना मार्गानुसारित्वादि न मन्यते, तदा **जैनक्रियां विना** = मध्यस्थमिथ्यादृशामजैनानां **भावलिङ्गबीजाभावात्** = सर्वविरति-परिणामात्मकं यद् भावलिङ्गं, तस्य यद् बीजं मार्गानुसारित्वं द्रव्याज्ञा वा, तदभावात् **भावलिङ्गस्यापि** = सर्वविरतिपरिणामस्यापि, न केवलं भावलिङ्गबीजस्यैवेति **अपि**शब्दार्थः । **परेषां** = मध्यस्थाजैनानां **अनुपपत्तौ** = अघटमानतायां **अन्यलिङ्गसिद्धादिभेदानुपपते:** = तीर्थसिद्धादिरूपा ये पञ्चदश भेदाः, तदन्तर्गता ये अन्यलिङ्गसिद्ध-अतीर्थसिद्धादिभेदाः, तदघटमानताऽऽपत्तेः ।

अयं भावः - अजैनवेषक्रियादियुक्तो यः सिद्ध्यति सोऽन्यलिङ्गसिद्धः, तीर्थाभावे च यः सिद्ध्यति सोऽतीर्थसिद्धः । एतौ द्वावपि भवतामपि अभिमतौ, शास्त्रेषु अनेकत्र प्रतिपादनात् । सिद्धपदं च सर्वविरतिपरिणामं भावलिङ्गात्मकं विना न सम्भवति । ततश्चैतयोरवश्यं भावलिङ्गं भवत्येव । परन्तु भवदुक्तरीत्या तन्न घटते, यतोऽनयोर्जैनक्रियादि नास्ति । ततश्चानयोर्भेदयोः उपपत्त्यर्थं "जैनक्रियां विनाऽपि मार्गानुसारितासम्भवोऽस्ति" इति मन्तव्यमेव, येन भावलिङ्गादिप्राप्त्या मोक्षो भवतीति सारः ।

**ચન્દ્ર૦ :** "અજૈન મધ્યસ્થને પણ જૈનક્રિયા વિના પણ માર્ગાનુસારિતાદિ હોઈ શકે છે" એ અમે કરેલી વાત ખરેખર એકદમ યોગ્ય છે. બાકી જો આ વાત ન માનો અને જૈનક્રિયા વિના અજૈનને માર્ગાનુસારિતા ન જ પ્રગટે એવો કદાગ્રહ રાખશો તો મોટી

મુશ્કેલી એ થશે કે શાસ્ત્રોમાં જે તીર્થસિદ્ધાદિ ૧૫ સિદ્ધભેદો બતાવેલા છે. તેમાંથી અન્યલિંગસિદ્ધ, અતીર્થસિદ્ધ ભેદ નહિ ઘટે. (તેનું કારણ એ કે જે અજૈનવેષધારી, અજૈનક્રિયાવાળો આત્મા મોક્ષે જાય તે **અન્યલિંગસિદ્ધ** કહેવાય. અને તીર્થની ગેરહાજરીમાં જે સિદ્ધ થાય તે **અતીર્થસિદ્ધ** કહેવાય. આ બેને જૈનક્રિયા તો હોતી જ નથી. એટલે તમારા મત પ્રમાણે એમને જૈનક્રિયા વિના માર્ગાનુસારિતા ન જ હોય. હવે સર્વવિરતિપરિણામ રૂપ ભાવલિંગનું બીજ આ માર્ગાનુસારિતાદિ જ છે. અને એ બીજનો એમનામાં અભાવ થવાથી ભાવલિંગનો પણ અભાવ જ માનવો પડે. અને સર્વવિરતિપરિણામ રૂપ ભાવ લિંગ વિના તો કોઈનો ય મોક્ષ ન જ થાય.

એટલે આ અન્યલિંગસિદ્ધ, અતીર્થસિદ્ધ ભેદ જ કદિ ન સંભવી શકે. માટે શાસ્ત્રમાં બતાવેલા આ બે ભેદોને સંગત કરવા માટે જૈનક્રિયાની ગેરહાજરીમાં પણ માર્ગાનુસારિતાદિનો સ્વીકાર કરવો જ જોઈએ, કે જેના દ્વારા તેઓ ભાવલિંગાદિ પામીને મોક્ષ પામી શકે.)

---

**यशो० : यः पुनराह (सर्वज्ञशतक-६८) –** 'परसमयानभिमतस्वसमयाभिमतक्रियैव असद्ग्रहविनाशद्वारा मार्गानुसारिताहेतुः' **इति**

---

**चन्द्र० :** पूर्वपक्षकथनं दर्शयित्वा तत्खण्डनं कर्तुं प्रथमं पूर्वपक्षं दर्शयति - **यः पुनः** = उत्सूत्रप्ररूपकः **आह । परसमयानभिमतस्वसमयाभिमतक्रियैव** = शैवबौद्ध-साङ्ख्यादिरूपाणां परसमयाणां अनभिमता या **स्वसमयस्य** = जैनशास्त्रस्य अभिमता **क्रिया** = जिनपूजासामायिकसर्वविरत्यादिरूपा, सैव, न तु उभयसमयाभिमता स्थूलाहिंसानुकम्पादिरूपा इत्येवकारार्थः । **असद्ग्रहविनाशद्वारा** = क्रियाकर्तुनिष्ठं असद्ग्रहं विनाशेन **मार्गानुसारिताहेतुः इति** ।

**ચન્દ્ર૦ :** જે ઉત્સૂત્રપ્રરૂપક એમ કહે છે કે, જે ક્રિયા વૈદાન્તીક, બૌદ્ધ, સાંખ્ય વિગેરે દર્શનોને માન્ય ન હોય અને માત્ર જૈનદર્શનને માન્ય હોય તેવી જિનપૂજા, સામાયિક સર્વવિરતિ વિગેરે રૂપ ક્રિયા જ કદાગ્રહનો વિનાશ કરવા દ્વારા માર્ગાનુસારિતાનું કારણ છે. પણ ઉભયસમયને માન્ય એવી સ્થૂલ અહિંસા, અનુકંપા વિગેરે રૂપ ક્રિયા માર્ગાનુસારિતાનું કારણ નથી.

---

**यशो० : तदसत्, उभयाभिमताकरणनियमादिनैव पतञ्जल्यादीनां मार्गानुसारिता-**

**ऽभिधानात्, व्युत्पन्नस्य मार्गानुसारितायां तत्त्वजिज्ञासामूलविचारस्यैव हेतुत्वात्, अव्युत्पन्नस्य तस्यां गुरुपारतन्त्र्याधानद्वारा स्वसमयाभिमतक्रियाया हेतुत्वे परसमयानभिमतत्वप्रवेशे प्रमाणाभावाच्च ।**

---

**चन्द्र० : तदसत्** = पूर्वपक्षमतं मिथ्या । तत्र कारणमाह- **उभयाभिमताकरणनियमादिनैव** = जैनसाङ्ख्योभयस्याभिमतो योऽकरणनियमादिः, तेनैव, "न तु परसमयानभिमस्वसमयाभिमतक्रियया" इति **एव**कारार्थः, **पतञ्जल्यादीनां** = आदिपदाद् भदन्तभास्करादिपरिग्रहः, **मार्गानुसारिताऽभिधानात्** । योगबिन्दुपाठः प्राक्प्रदर्शित एव ।

एवं शास्त्रपाठेन पूर्वपक्षं निराकृत्याधुना युक्त्या पूर्वपक्षं निराकरोति - **व्युत्पन्नस्य** = "यत्शोभनं तद्ग्राह्यं, इतरस्तु त्याज्यम्" इत्यादिमध्यस्थभावपरिकलितस्य **मार्गानुसारितायां तत्त्वजिज्ञासामूलविचारस्यैव** = तत्त्वजिज्ञासा एव मूलं यस्य, तादृशो यो विचारः = चिन्तनं, तस्यैव न तु स्वसमयमात्राभिमता क्रिया **इत्येव**कारार्थः, **हेतुत्वात्** । **अव्युत्पन्नस्य** = अनाभोगमिथ्यात्विन आभिग्रहिकमिथ्यात्विनश्च **तस्यां** = मार्गानुसारितायां **गुरुपारतन्त्र्याधानद्वारा स्वसमयाभिमतक्रियायाः** = जैनशास्त्राभिमतक्रियायाः **हेतुत्वे** = कारणत्वे सति **परसमयानभिमतत्वप्रवेशे** = परसमयानभिमतत्त्वधर्मस्य विशेषणान्तरस्य निवेशे **प्रमाणाभावाच्च** ।

इदमत्र हृदयम् - यथा हि धूमं प्रति वह्निः कारणं, तथा मार्गानुसारितां प्रति किं कारणम् ? इति वक्तव्यम् । तत्र पूर्वपक्षाभिप्रायोऽयं "मार्गानुसारितां प्रति परसमयानभिमतस्वसमयाभिमतक्रिया कारणम्" इति ।

उपाध्यायास्तु प्राहुः - **ननु** हे पूर्वपक्ष ! येषु मिथ्यात्विषु जीवेषु मार्गानुसारिता उत्पद्यते, ते द्विविधा भवन्ति, व्युत्पन्ना अव्युत्पन्नाश्च । तत्र ये मध्यस्था मिथ्यात्विनस्ते व्युत्पन्नाः, ये च अनाभोगवन्त आभिग्रहिकाश्च, ते अव्युत्पन्नाः ।

अत्र ये व्युत्पन्नाः, तेषां मार्गानुसारितां प्रति तत्त्वजिज्ञासामूलविचार एव कारणम् । ततस्तत्र परसमयानभिमतस्वसमयाभिमतक्रियायाः कारणत्वं न भवति ।

ये चाव्युत्पन्नाः, तेषां मार्गानुसारितां प्रति स्वसमयाभिमतक्रिया कारणम् । सा च क्रिया परसमयाभिमता भवतु परसमयानभिमता वा भवतु, न तेन किञ्चित्प्रयोजनम् । यतः परसमयाभिमता या स्वसमयाभिमता अनुकंपाकरणादिरूपा क्रिया, साऽपि मेघकुमारजीवहस्त्यादीनां मार्गानुसारितायाः हेतुरभवत् । परसमयानभिमता या स्वसमयाभिमता

जिनपूजादिरूपा क्रिया, साऽपि प्रभूतानां जीवानां मार्गानुसारिताया हेतुरभवत् ।

ततश्चाव्युत्पन्नानां मार्गानुसारितां प्रति स्वसमयाभिमतक्रियारूपमेव कारणं मन्तव्यम् । कारणशरीरे परसमयानभिमतत्वरूपविशेषणप्रवेशे न किमपि प्रमाणमिति ।

**<u>ચન્દ્ર</u>૦ :** પૂર્વપક્ષ માનેલો કાર્યકારણ ભાવ ખોટો છે. જો શાસ્ત્રની દૃષ્ટિએ વિચારએ તો પતંજલી વિગેરે ઋષિઓને સાંખ્યમત અને જૈનમત બેયને માન્ય એવા અકરણનિયમાદિરૂપ ક્રિયા દ્વારા જ માર્ગાનુસારિતા હોવાનું પ્રતિપાદન યોગબિન્દુ વિગેરે ગ્રન્થોમાં કરેલું છે. ત્યાં માત્ર જૈન શાસ્ત્રમાન્ય ક્રિયા વડે માર્ગાનુસારિતા બતાવી નથી. એટલે આ શાસ્ત્રપાઠ પ્રમાણે પૂર્વપક્ષની વાત ખોટી પડી જાય છે.

(હવે જો યુક્તિની દૃષ્ટિએ વિચારીએ તો જે મિથ્યાત્વીજીવોમાં માર્ગાનુસારિતા ઉત્પન્ન થાય છે, તે મિથ્યાત્વી જીવો બે પ્રકારના છે. (૧) વ્યુત્પન્ન (૨) અવ્યુત્પન્ન. એમાં "જે સાચું તે મારૂં" એવા પ્રકારના સદ્ગ્રહવાળા, મધ્યસ્થ જીવો વ્યુત્પન્ન કહેવાય. જ્યારે બિલકુલ અજ્ઞાનીઓ અને "આત્મા નિત્ય જ છે" ઈત્યાદિ કદાગ્રહવાળાઓ અવ્યુત્પન્ન કહેવાય.)

એમાં વ્યુત્પન્નજીવોમાં ઉત્પન્ન થનાર માર્ગાનુસારિતા પ્રત્યે તો તત્ત્વજિજ્ઞાસામૂલક એવો વિચાર જ કારણ છે. (એ જીવોમાં તત્ત્વજિજ્ઞાસા હોય છે, અને એટલે તેના દ્વારા થનાર ચિંતન એ જ એમને સમ્યગ્દર્શનાદિમાર્ગ તરફ અનુસરનારા બનાવી દે છે. એટલે ત્યાં તો પરસમય-અનભિમત એવી સ્વસમય-અભિમત એવી ક્રિયા તો કારણ બનતી જ નથી.)

જે અવ્યુત્પન્ન જીવો છે, તેઓની માર્ગાનુસારિતા પ્રત્યેતો જૈનશાસ્ત્ર માન્ય ક્રિયા જ તે જીવોમાં ગુરુપારતન્ત્ર્યનું આધાન કરવા દ્વારા કારણ બને. (અર્થાત્ તે જીવો જૈનશાસ્ત્ર માન્ય ક્રિયા કરે, એના દ્વારા તેઓમાં ગુરુપારતન્ત્ર્ય પ્રગટે અને તેના દ્વારા માર્ગાનુસારિતા પ્રગટે.)

હવે એ જૈનશાસ્ત્રમાન્ય ક્રિયા "અન્યશાસ્ત્રને અમાન્ય જ હોવી જોઈએ" એવો કોઈ એકાંત યોગ્ય નથી જ. (કેમકે જૈનશાસ્ત્રમાન્ય ક્રિયા અન્યશાસ્ત્રને માન્ય હોય (અનુકંપાદિ) કે અમાન્ય હોય (જિનપૂજાદિ) તો ય એ ક્રિયાઓ તે જીવોમાં માર્ગાનુસારિતા લાવી જ આપે છે. (દા.ત. મેઘકુમારજીવને હાથીના ભવમાં જૈનશાસ્ત્રમાન્ય અનુકંપાથી માર્ગાનુસારિતા આવી કે જે અનુકંપા અન્યશાસ્ત્રમાન્ય પણ છે જ. અન્યશાસ્ત્રો આવી

અનુકંપાને ખોટી-ખરાબ નથી કહેતા પણ કર્ત્તવ્ય તરીકે સ્વીકારે છે.)

એટલે સ્વસમયાભિમત ક્રિયા જ અવ્યુત્પન્નોની માર્ગાનુસારિતામાં કારણ છે. હવે તમે પરસમયાનભિમત એવી સ્વસમયાભિમત ક્રિયાને કારણ માનવાની વાત કરો છો. પણ આ રીતે સ્વસમયાભિમત ક્રિયા રૂપ કારણમાં પરસમયાનભિમતત્વ રૂપ વિશેષણ ઉમેરવાની જરૂર શું છે ? એમાં પ્રમાણ શું છે ? (અર્થાત્ એ વિશેષણ ન ઉમેરીએ તો ક્યાંય પણ વાંધો આવતો હોય તો બતાવો. તો અવશ્ય એ વિશેષણ ઉમેરાય. પણ એવું તો છે નહિ.ઉલ્ટું એ વિશેષણ ઉમેરવામાં વાંધો આવે.

એટલે પૂર્વપક્ષ માનેલો કા.કા.ભાવ બરાબર નથી.)

---

**<u>यशो०</u> : भवाभिनन्दिदोषप्रतिपक्षा गुणा एव हि नियता मार्गानुसारिताहेतवः, क्रिया तु क्वचिदुभयाभिमता, क्वचिच्च स्वसमयाभिमतेत्यनियता हेतुः,**

---

**<u>चन्द्र०</u>** : एवं तावत्क्रियानयमाश्रित्य क्रियाया मार्गानुसारिताहेतुत्वं प्रतिपादितम् । अधुना ज्ञानक्रियानयद्वयमाश्रित्याह - **भवाभिनन्दिदोषप्रतिपक्षाः** = क्षुद्रतालाभरतिदीनतामत्सर-भयशठताऽज्ञतानिष्फलारम्भसङ्गततारूपाणां भवाभिनन्दिदोषाणां ये शत्रुभूताः **गुणाः** = उदारतालाभरत्यभावादैन्यगुणरागनिर्भयतासरलतासम्यग्बोधसफलारम्भसङ्गततारूपाः **एव हि नियताः** = भवाभिनन्दिदोषप्रतिपक्षगुणत्वेन धर्मेण अवच्छिन्नाः **मार्गानुसारिताहेतवः** = मार्गानुसारितात्वावच्छिन्नाया मार्गानुसारिताया हेतवः ।

अधुना क्रियानयमाह - **क्रिया तु क्वचित्** = कस्यांचिन्मार्गानुसारितायां व्युत्पन्नजीव-सम्बन्धिन्यां **उभयाभिमता** = अजैनजैनतन्त्रोभयसंमता "हेतुः"पदमत्र योज्यम् । **क्वचिच्च** = कस्यांचिच्च मार्गानुसारितायां अव्युत्पन्नजीवसम्बन्धिन्यां **स्वसमयाभिमता** = जैनशास्त्राभिमता । **इति** = एतस्मात्कारणात् **अनियता** = एकधर्मेणानवच्छिन्ना, किन्तु उभयसंमतत्वजैनसंमतत्वरूपाभ्यां द्वाभ्यां धर्माभ्यां अवच्छिन्ना क्रिया मार्गानुसारितां प्रति हेतुः ।

मार्गानुसारितात्वधर्मावच्छिन्नां मार्गानुसारितां प्रति भवाभिनन्दिदोषप्रतिपक्षगुणत्वावच्छिन्ना गुणाः कारणमिति तेषां गुणानां एकधर्मावच्छिन्नं कार्यं प्रति एकधर्मावच्छिन्नत्वेन हेतुत्वान्नियतकारणत्वम् ।

व्युत्पन्नमार्गानुसारितात्वावच्छिन्नां मार्गानुसारितां प्रति उभयाभिमतक्रियात्वावच्छिन्ना क्रिया

कारणं, अव्युत्पन्नमार्गानुसारितात्वावच्छिन्नां मार्गानुसारितां प्रति तु जैनाभिमतक्रियात्वावच्छिन्ना क्रिया कारणमित्येवं भिन्नभिन्नधर्मावच्छिन्नां मार्गानुसारितां प्रति भिन्नभिन्नधर्मावच्छिन्नाया: क्रियाया हेतुत्वात् क्रियाया मार्गानुसारितां प्रति नियतकारणत्वं न।

यदि हि मार्गानुसारितात्वैकधर्मावच्छिन्नां मार्गानुसारितां प्रति केनचिदेकेन धर्मेणावच्छिन्ना क्रिया कारणं स्यात् तर्हि सा नियतकारणं भवेत्, किन्तु तन्नास्ति इति नव्यन्यायानुसारीपन्था:।

अयन्तु अस्य स्पष्टोऽर्थ: ।

(१) मार्गानुसारितां प्रति के गुणा: कारणम् ? इति प्रश्ने भवाभिनन्दिदोषप्रतिपक्षगुणा: कारणमिति सम्यक्समाधानं दातुं शक्यते । एतच्च-मार्गानुसारितात्वावच्छिन्नां मार्गानुसारितां प्रति भवाभिनन्दिदोषप्रतिपक्षगुणत्वावच्छिन्ना गुणा: कारणं - इति न्यायमते कथ्यते ।

(२) मार्गानुसारितां प्रति का क्रिया कारणम् ? इति प्रश्ने न किमपि समाधानं दातुं शक्यते। यतो यदि "जैनक्रिया कारणं" इत्युच्येत, तर्हि जैनक्रियां विनाऽपि मार्गानुसारितोत्पादाद् व्यभिचारो भवेत् । एवमन्यत्रापि भाव्यम् । ततश्च "मार्गानुसारितां प्रति न काऽपि क्रिया कारणम्" इति वक्तुं युक्तम् । एतच्च न्यायमते-मार्गानुसारितात्वावच्छिन्नां मार्गानुसारितां प्रति क्रियात्वावच्छिन्ना क्रिया, अन्यधर्मावच्छिन्ना वा क्रिया न कारणं - इति निगद्यते ।

(३) व्युत्पन्नमार्गानुसारितां प्रति का क्रिया कारणम् ? इति प्रश्ने उभयाभिमता क्रिया कारणं इति समाधानं शक्यम्। एतच्च न्यायमते - व्युत्पन्नमार्गानुसारितात्वावच्छिन्नां मार्गानुसारितां प्रति उभयाभिमत-क्रियात्वावच्छिन्ना क्रिया कारणं - इति प्रतिपाद्यते ।

(४) व्युत्पन्नभिन्नमार्गानुसारितां प्रति का क्रिया कारणम् ? इति प्रश्ने "जैनक्रिया कारणं" इति समाधानं शक्यम् । एतच्च न्यायमते-व्युत्पन्नभिन्नमार्गानुसारितात्वावच्छिन्नां मार्गानुसारितां प्रति जैनक्रियात्वावच्छिन्ना क्रिया कारणं - इति भण्यते ।

<u>ચન્દ્ર</u>૦ : (ઉપાધ્યાયજીએ ક્રિયાનય-વ્યવહારનય અનુસારે તે તે માર્ગાનુસારિતા પ્રત્યે તે તે ક્રિયાને કારણ તરીકે બતાવી. જ્ઞાનનય-નિશ્ચયનય તો માર્ગાનુસારિતા પ્રત્યે ક્રિયાને કારણ ન માને, પણ આંતરપરિણામ તે જ કારણ માને. માર્ગાનુસારિતા એક પ્રકારનો આત્મપરિણામ જ છે, એટલે તેના પ્રત્યે ઉપાદાન કારણ આત્મપરિણામ જ બને. એટલે હવે ઉપાધ્યાયજી જ્ઞાન-ક્રિયા, નિશ્ચય-વ્યવહાર બેય નયની માન્યતાને ભેગી જણાવી રહ્યા છે કે)

ભવાભિનન્દીજીવના જે ((૧) ક્ષુદ્રતા (૨) લાભરતિ (૩) મત્સર – ઈર્ષ્યા (૪) ભય (૫) લુચ્ચાઈ (૬) અજ્ઞાન (૭) નિષ્ફલારંભ એમ ૭ ) દોષો છે. એ દોષોના વિરોધી એવા ((૧) ઉદારતા (૨) લાભરતિનો અભાવ (૩) ગુણરાગ (૪) નિર્ભયતા (૫) સરળતા (૬) સમ્યગબોધ (૭) સફળ આરંભ ૭) ગુણો એ માર્ગાનુસારિતાના નિયત કારણ છે. (નિયત કારણ એટલે તમામે તમામ માર્ગાનુસારિતા પ્રત્યે કારણ. ૧૦૦ માર્ગાનુસારિતામાંથી ૫૦ માર્ગાનુસારિતા પ્રત્યે કારણ છે અને બાકીની ૫૦ માર્ગાનુસારિતા પ્રત્યે બીજા ગુણો કારણ બને...એવું નથી. આ જ્ઞાનનય + નિશ્ચયનયનો અભિપ્રાય બતાવ્યો.)

ક્રિયાની જો વિચારણા કરીએ તો વ્યુત્પન્નજીવોની માર્ગાનુસારિતા પ્રત્યે ઉભયમાન્ય = જૈન-અજૈન ઉભયને માન્ય એવી ક્રિયા કારણ બને અને વ્યુત્પન્નભિન્ન જીવોની માર્ગાનુસારિતા પ્રત્યે જૈનસમય અભિમત ક્રિયા કારણ બને.

(આમ તમામે તમામ માર્ગાનુસારિતા પ્રત્યે કોઈ એક જ પ્રકારની ક્રિયા કારણ બનતી નથી. પરંતુ અમુક માર્ગાનુસારિતા પ્રત્યે અમુક પ્રકારની ક્રિયા અને અમુક માર્ગાનુસારિતા પ્રત્યે અમુકપ્રકારની ક્રિયા કારણ બને છે. આમ હોવાથી ક્રિયા એ માર્ગાનુસારિતા પ્રત્યે કારણ ખરી, પણ અનિયત કારણ કહેવાય. તમામે તમામ માર્ગાનુસારિતા પ્રત્યે જો કોઈ એક જ પ્રકારની ક્રિયા કારણ કહી શકાતી હોત તો એ નિયત કારણ કહેવાય પણ એવું કહી શકાતું નથી. માટે તે અનિયત કારણ બને.

આ વાતને જરાક સ્પષ્ટ રીતે સમજીએ.

(૧) માર્ગાનુસારિતા પ્રત્યે કયા ગુણો કારણ ? એ પ્રશ્નનું સમાધાન "ભવાભિનન્દીદોષ પ્રતિપક્ષ ગુણો કારણ" એમ આપી શકાય છે. ન્યાયમતમાં આ જ વસ્તુ આ પ્રમાણે કહેવાય કે "માર્ગાનુસારિતાત્વાવચ્છિન્ન માર્ગાનુસારિતા પ્રત્યે ભવાભિનન્દીદોષપ્રતિપક્ષગુણત્વાવચ્છિન્ન ગુણો કારણ."

(૨) માર્ગાનુસારિતા પ્રત્યે કઈ ક્રિયા કારણ ? આ પ્રશ્નનું સમાધાન આપવું શક્ય નથી. જો જૈનક્રિયાને કારણ કહો તો જૈનક્રિયા વિના પણ માર્ગાનુસારિતા પ્રગટેલી હોવાથી ત્યાં વ્યભિચાર આવે. એટલે એમ ન કહેવાય. એમ બીજા પણ કોઈ સમાધાન શક્ય નથી. આને ન્યાયની ભાષામાં એમ કહેવાય કે "માર્ગાનુસારિતાત્વાવચ્છિન્ન માર્ગાનુસારિતા પ્રત્યે ક્રિયાત્વાવચ્છિન્ન, જૈનક્રિયાત્વાવચ્છિન્ન કે અન્યધર્માવચ્છિન્ન કોઈપણ

ક્રિયા કારણ બની શકતી નથી."

(૩) વ્યુત્પન્નજીવોની માર્ગાનુસારિતા પ્રત્યે કઈ ક્રિયા કારણ ? એ પ્રશ્નનું સમાધાન આપી શકાય કે "ઉભયાભિમત ક્રિયા કારણ છે." ન્યાયભાષામાં એમ કહેવાય કે "વ્યુત્પન્નમાર્ગાનુસારિતાત્વાવચ્છિન્ન માર્ગાનુસારિતા પ્રત્યે ઉભયાભિમતક્રિયાત્વાવચ્છિન્ન ક્રિયા કારણ."

(૪) અવ્યુત્પન્ન જીવોની માર્ગાનુસારિતા પ્રત્યે કઈ ક્રિયા કારણ ? એ પ્રશ્નનું સમાધાન આપી શકાય કે "જૈનક્રિયા કારણ." આને ન્યાયભાષામાં એમ કહેવાય કે "વ્યુત્પન્નભિન્નમાર્ગાનુસારિતાત્વાવચ્છિન્ન માર્ગાનુસારિતા પ્રત્યે જૈનાભિમતક્રિયાત્વાવચ્છિન્ન ક્રિયા કારણ છે."

---

**यशो० : परकीयसंमतेर्निजमार्गदाढर्यहेतुत्वं चाऽव्युत्पन्नमभिनिविष्टं वा प्रति, न तु व्युत्पन्नमनभिनिविष्टं च प्रतीति ।**

---

**चन्द्र० : ननु** "व्युत्पन्नमार्गानुसारितां प्रति उभयाभिमतक्रिया कारणम्" इत्युक्तम् । किन्तु तन्न युज्यते । यतो व्युत्पन्नोऽजैनमिथ्यात्वी स्वदर्शनाभिमतां क्रियां कुर्वाणस्तां क्रियां जैनाभिमतामपि ज्ञात्वा एतदेव मन्यते यदुत "मत्समयक्रिया जैनसमयस्याप्यभिमतेति मत्समय एव श्रेयान्" इति । एवं च स मिथ्यामते कदाग्रही भविष्यति । इत्थं च उभयाभिमतक्रियया तस्य मार्गानुसारित्वं तु दूरे, प्रत्युत व्युत्पन्नत्वं समुत्पन्नमपि अपगच्छेदिति आशङ्कां निराकरोति- **परकीयसंमतेः** = अजैनमिथ्यात्विनः शैवादिस्वरूपस्वसमयसंमत्यपेक्षया या परकीया = जैनशास्त्रीया सम्मतिः, तस्याः **निजमार्गदाढ्र्यहेतुत्वं च** = शैवादिस्वरूपे निजमार्गे दाढ्र्यस्य हेतुत्वं च **अव्युत्पन्नमभिनिविष्टं वा प्रति** = अनाभोगमिथ्यात्विनमाभिग्रहिकमिथ्यात्विनं वा प्रति । अव्युत्पन्नो हि तत्त्वविचारशून्यः स्वसमयक्रियां जैनाभिमतामपि ज्ञात्वा स्वसमये दृढो भवति, आभिग्रहिकमिथ्यात्वी तु स्वत एव स्वसमये कदाग्रही सन् स्वसमयक्रियां जैनाभिमतामपि ज्ञात्वा सुतरां स्वसमये दृढो भवति । एवं च **परकीयसंमतेः** "इयं अजैनक्रिया कर्त्तव्या" इति जैनशास्त्रसंमतिरूपाया अव्युत्पन्नमभिनिविष्टं वा प्रति तद्दर्शनदृढताकारणत्वं भवत्येव । अत एव तेषां मार्गानुसारितां प्रति उभयाभिमता क्रिया न कारणं, किन्तु जैनक्रिया इति प्रागेवाभिहितम् । जैनक्रियाकरणे हि अजैनमते कदाग्रहो न सम्भवतीति ।

**न तु व्युत्पन्नमनभिनिविष्टं च प्रति,** व्युत्पन्नोऽनभिनिविष्टः परमार्थगवेषणपरः, न तु

तत्त्वभिन्ने पदार्थे रुचिपरः । ततश्च स्वाभिमतां क्रियां जैनाभिमतामपि ज्ञात्वा "स्वदर्शनं महत्" इति मिथ्याऽहंकारं न कुरुते । किन्तु "यत एषा क्रिया रागद्वेषहानिजननी, ततो जैनेऽभिमता। ततश्चैव यदुक्तं यदुत रागद्वेषहानिकरी क्रिया कर्त्तव्या, सा स्वसमयाभिमता वा स्यात्, जैनसमयाभिमता वा स्यात्, उभयाभिमता वा स्यान्न तेनास्माकं प्रयोजनम्" इत्येव मन्यते । ततश्च तं प्रति तत्समयाभिमतक्रियायां जैनदर्शनसंमतिस्तत्समयदृढताहेतुर्न भवतीति । अत एव "व्युत्पन्नं प्रति उभयाभिमता क्रिया मार्गानुसारिताहेतुः" इति प्राक्प्रतिपादितम् । अत्र व्युत्पन्नो नाम अनाभोगमिथ्यात्वरहितः, अनभिनिवेशी च आभिग्रहिकमिथ्यात्वरहितः, ततश्च यस्मिञ्जीवे अनाभोगं आभिग्रहिकं वा एकमपि मिथ्यात्वं न भवेत् स एवात्र ग्राह्यः, न तु केवलं अनाभोगमात्ररहितं आभिग्रहिकमात्ररहितं वा इति बोध्यम् ।

**ચન્દ્ર૦ : (પૂર્વપક્ષ :** તમે વ્યુત્પન્ન પ્રત્યે ઉભયાભિમત ક્રિયાને માર્ગાનુસારિતા બતાવી. પણ એમાં વાંધો એ આવે છે કે એ જીવો પોતના મતમાં બતાવેલી ક્રિયા કરતા હોય અને એમને ખબર પડે કે "આ ક્રિયા તો જૈનોને પણ માન્ય છે" એટલે આ પરકીય = જૈનશાસ્ત્ર સંબંધી સંમતિ = મંજુરી પોતાની ક્રિયામાં મળી જવાથી તે તો વિચારશે કે "જૈનો પણ જો અમારા મતની વાત સ્વીકારતા હોય તો પછી અમારો મત જ જોરદાર કહેવાય." આમ એ જીવો ઉભયાભિમતક્રિયા દ્વારા માર્ગાનુસારિતા તો ન પામે પણ સીધા મિથ્યામતમાં કદાગ્રહને પામે અને વ્યુત્પન્નતાને પણ ખોઈ બેસે. આભિગ્રહિક મિથ્યાત્વી બની જાય.)

**ઉપાધ્યાયજી :** પોતાની અજૈનક્રિયામાં જૈનદર્શન રૂપી પરદર્શનની સંમતિ મળે એટલે તે જીવો પોતાના માર્ગમાં દઢ બને અને આ રીતે જૈનદર્શનની સંમતિ તેઓને સ્વમાર્ગદઢતામાં કારણ બને એવી તમારી આ વાત સો ટકા સાચી છે. પણ એ વાત અવ્યુત્પન્ન કે અભિનિવેશી જીવો પ્રત્યે જ સાચી ઠરે છે. (અર્થાત્ જેઓ તત્ત્વવિચારથી શૂન્ય, મૂઢ જેવા છે. તેઓને ખબર પડે કે "અમારા દર્શનની ક્રિયા જૈનોને પણ માન્ય છે" તો તેઓ તત્ત્વનો વિચાર કરનારા ન હોવાથી પોતાના દર્શનને ખૂબ મહાન માની જ લેવાના.

જે અજૈન સ્વદર્શનમાં આગ્રહવાળો છે, આભિગ્રહિક છે એ તો આજ પણ પોતાના મતમાં દઢ છે, એમાં વળી એને ખબર પડે કે "મારા દર્શનની ક્રિયા જૈનોને પણ માન્ય છે" એટલે આગમાં પેટ્રોલ નાંખવા જેવું થાય. એ વધુ પોતાના ખોટા દર્શનમાં દઢ બને.

આમ પરકીયસંમતિ (અજૈનોની અપેક્ષાએ જૈનસંમતિ એ પરકીયસંમતિ કહેવાય.) અવ્યુત્પન્ન અને અભિનિવેશી પ્રત્યે તેઓના મતમાં દઢતાનું કારણ બને.

આ જ કારણસર અમે અવ્યુત્પન્નો + અભિનિવેશીઓની માર્ગાનુસારિતા પ્રત્યે ઉભયાભિમત ક્રિયાને કારણ કહી નથી. કેમકે એ ક્રિયા તો તેમને આગમાં પેટ્રોલનું કામ કરનારી બની જાય છે. એટલે તેઓની માર્ગાનુસારિતા પ્રત્યે જૈનક્રિયાને જ કારણ કહી છે. જૈનક્રિયા કરવાથી તેઓને સ્વદર્શનમાં કદાગ્રહ થવાનો સંભવ જ નથી. જૈનક્રિયાથી લાભ થશે, એટલે જૈનદર્શનમાં જ શ્રદ્ધાવાળા બનવાના. આમ જૈનક્રિયા તેઓને માર્ગાનુસારી બનાવે.)

જે અજૈન જીવો વ્યુત્પન્ન અને અભિનિવેશરહિત છે એટલે કે જીવોમાં અનાભોગ કે આભિગ્રહિક બેમાંથી પણ એક પણ મિથ્યાત્વ નથી. તેઓ પ્રત્યે જૈનશાસ્ત્રસંમતિ તેઓના મતમાં દઢતાનું કારણ ન બને. (કેમકે આ જીવો તો તત્ત્વની જ ગવેષણા કરનારા હોય છે. "જૈનોએ પણ અમારી ક્રિયાને માન્ય ગણી છે" આવી ખબર પડે એટલે "અમારૂં દર્શન મહાન" એવા મિથ્યા અહંકારમાં રાચવાની ભૂમિકા તેઓની નથી. તેઓ તો તત્ત્વ વિચારે કે "જૈનોએ આ ક્રિયાને સંમતિ શા માટે આપી ? એટલા માટે કે આ ક્રિયા રાગદ્વેષની હાનિ કરાવનારી છે. હવે કોઈપણ ક્રિયા હોય, પછી એ આપણા મતની હોય કે જૈનમતની હોય, જો એ રાગદ્વેષની હાનિ કરાવે તો એ કર્ત્તવ્ય બની જ જાય છે. એમાં બે મત નથી."

આમ આ અજૈનોને તેમની ક્રિયાઓમાં જૈનશાસ્ત્રની સંમતિ એ તેઓને પોતાના મતમાં દઢ કરનારી બનતી નથી. માટે જ અમે વ્યુત્પન્ન અજૈનોની માર્ગાનુસારિતા પ્રત્યે ઉભયાભિમત ક્રિયાને કારણ માનેલ છે.

અહીં न व्युत्पन्नमनभिनिविष्टं च प्रति એમ લખેલ છે. એમાં વ્યુત્પન્નજીવો અને અનભિનિવેશી જીવો...જો એમ બે પ્રકારના જીવો લઈશું તો એનો અર્થ એ કે અનભિનિવેશી તરીકે અવ્યુત્પન્ન જીવો જ આવે. જો તેઓ વ્યુત્પન્ન હોય તો વ્યુત્પન્ન શબ્દથી જ તેઓનો સમાવેશ થઈ જાય. અને અનભિનિવેશી તરીકે લીધેલા જીવો અવ્યુત્પન્ન હોય. તો ઉપર જ કહી ગયા કે "અવ્યુત્પન્ન પ્રત્યે પરકીયસંમતિ નિજમાર્ગદઢતાહેતુ છે." એટલે પરસ્પર વિરોધ આવે.

માટે વ્યુત્પન્ન અને અનભિનિવિષ્ટ એ બે જુદા જુદા પ્રકારના જીવો ન લેવા. પરંતુ

જે જીવ વ્યુત્પન્ન = અનાભોગમિથ્યાત્વરહિત અને અનભિનિવિષ્ટ = આભિગ્રહિકમિથ્યાત્વ રહિત હોય. તે જીવ અહીં લેવો.

ટુંકમાં જે જીવમાં અનાભોગ કે આભિગ્રહિક બેમાંથી એક પણ મિથ્યાત્વ નથી તે જીવો પ્રત્યે પરકીયસંમતિ સ્વમાર્ગદઢતાનું કારણ ન બને. પરંતુ જે જીવોમાં અનાભોગ કે આભિગ્રહિક બેમાંથી એક પણ મિથ્યાત્વ હોય તો એના પ્રત્યે પરકીયસંમતિ સ્વમાર્ગદઢતાનું કારણ બને.)

<u>चन्द्र०</u> : इदन्तु रहस्यं मनसि दृढमवधार्यं यदुत अनुकम्पाजीवदयादिरूपा या उभयाभिमता क्रिया, व्युत्पन्नस्तां क्रियां स्वदर्शने स्थित्वा स्वदर्शनीयां मत्वा कुर्वाणोऽपि मार्गानुसारितां प्राप्नोति, जैनदर्शने च स्थित्वा जैनदर्शनीयां मत्वा तां क्रियां कुर्वाणस्तु सुतरां मार्गानुसारितां प्राप्नोति । अजैनदर्शने प्रतिपादिता अशुद्धस्वरूपा यागीयहिंसादिरूपा क्रिया तु व्युत्पन्नानामपि मार्गानुसारितां न जनयतीति तादृशक्रियाव्यवच्छेदार्थमेव उभयाभिमता क्रिया व्युत्पन्नमार्गानुसारितां प्रति कारणं निगदिता । ततश्च यागीयहिंसादिरूपायाः क्रियाया जैनानभिमतत्वात् तस्याः कारणत्वमेव अनभिमतमिति । यदि तु व्युत्पन्नानां अजैनक्रिया जैनक्रिया वा काऽपि क्रिया मार्गानुसारिताकारणं मन्येत्, तर्हि यागीयहिंसादिक्रियाया अपि तान् प्रति मार्गानुसारिताकारणत्वं स्यादिति ।

अव्युत्पन्नाणां मार्गानुसारितां प्रति तु या जैनक्रिया कारणं प्रतिपादिता, सा तु जिनपूजादिरूपा जैनदर्शनमात्राभिमताऽपि स्याद् अनुकम्पादिरूपा च उभयाभिमताऽपि स्यात् । यदा तु अव्युत्पन्ना जैनदर्शनाभिमतामपि अनुकम्पादिरूपां उभयाभिमतां क्रियां स्वदर्शनीयां मत्वा कुर्वन्ति, तदा सा क्रिया जैनाभिमताऽपि सती "जैनक्रिया इयं" इति ज्ञानेन न क्रियते, किन्तु "अस्मद्दर्शना-भिमता इयं" इति ज्ञानेन क्रियते । ततश्च सा क्रिया अव्युत्पन्नानां स्वदर्शने कदाग्रहं जनयतीति जैनाभिमताऽपि क्रिया स्वदर्शनीयत्वेन ज्ञात्वा अव्युत्पन्नेनाजैनेन क्रियमाणा न मार्गानुसारिताकारणम् । किन्तु अव्युत्पन्नोऽजैनो जैनदर्शने स्थित्वा उभयाभिमतां क्रियां जैनदर्शनीयां मत्वा तां करोति, तदा तु सा क्रिया तस्य मार्गानुसारितां जनयतीति । अव्युत्पन्नो हि जैनमात्राभिमतां जिनपूजादिक्रियां तु जैनदर्शनीयामेव मत्वा करोति, यतः सा अन्यदर्शनानां अनभिमतैवेति । सा क्रिया तु तस्य मार्गानुसारितां जनयत्येवेति ।

"इयं जैनक्रिया" इति ज्ञानपूर्वकं अव्युत्पन्नेन क्रियमाणा उभयाभिमता जैनदर्शनमात्राभिमता वा क्रिया तस्य मार्गानुसारितायाः कारणमिति सारः ।

(ચન્દ્ર૦ : આ રહસ્ય મનમાં દૃઢ રીતે ધારણ કરવું.

અનુકંપા, જીવદયા વિગેરે રૂપ ક્રિયાઓ જૈનદર્શન અને સાંખ્યાદિદર્શન એમ ઉભયદર્શનને માન્ય છે. એટલે આ બધી ક્રિયાઓ ઉભયાભિમત કહેવાય. હવે જે વ્યુત્પન્નજીવો છે તેઓ અજૈન હોય અને એટલે સાંખ્ય વિગેરે પોતપોતાના દર્શનમાં જ રહીને ઉભયાભિમત એવી અનુકંપાદિ ક્રિયાઓ કરતા હોય અને એ ક્રિયાઓ સાંખ્યદર્શનની છે એમ સમજીને કરતા હોય તો પણ તેઓને તે ક્રિયા માર્ગાનુસારિતાનું કારણ બને.

એ વ્યુત્પન્ન અજૈનો જૈનદર્શન સ્વીકારીને, જૈનદર્શનમાં રહીને અનુકંપાદિ રૂપ ઉભયાભિમત ક્રિયાઓને "જૈનદર્શનની ક્રિયા કરૂં છું" એમ માનીને કરતા હોય તો તો સુતરાં એ ક્રિયાઓ તે જીવોને માર્ગાનુસારિતાનું કારણ બને.

અવ્યુત્પન્નાદિની માર્ગાનુસારિતા પ્રત્યે જે જૈનાભિમત ક્રિયા = જૈનક્રિયા કારણ માની છે, તે બે પ્રકારની હોઈ શકે છે. અનુકંપા, જીવદયાદિ રૂપ જૈનક્રિયા ઉભયાભિમત છે. અને જિનપૂજાદિ રૂપ જૈનક્રિયા માત્ર જૈનદર્શનાભિમત છે.

એમાં અવ્યુત્પન્નાદિ જો પોતાના દર્શનમાં જ રહીને અનુકંપાદિ રૂપ ઉભયાભિમત ક્રિયા કરે અને "આ મારા દર્શનની ક્રિયા છે" એમ વિચારીને કરે તો એ ક્રિયા એને પોતાના દર્શનમાં જ ખોટો આગ્રહ ઉત્પન્ન કરાવવા દ્વારા અનર્થકારી બને છે. એટલે ભલે એ જૈનક્રિયા હોય તો પણ તેઓને માર્ગાનુસારિતાનું કારણ ન બને.

પરંતુ એ અવ્યુત્પન્નાદિ જો જૈનદર્શનમાં આવીને ઉભયાભિમત અનુકંપાદિ ક્રિયાને "આ જૈનદર્શનની ક્રિયા છે" એમ સમજીને કરે તો તો એ ક્રિયા અવ્યુત્પન્નને જૈનદર્શન રૂપ સાચા દર્શનમાં જ અનુરાગાદિ જન્માવનાર હોવાથી માર્ગાનુસારિતાનું કારણ બને.

હવે જે માત્ર જૈનદર્શનાભિમત ક્રિયાઓ છે, એ તો બીજા દર્શનોને માન્ય જ ન હોવાથી અવ્યુત્પન્નો જો એ ક્રિયાઓ કરે તો એ જૈનદર્શનની ક્રિયા સમજીને જ કરવાના છે. અને એટલે તેના દ્વારા તેઓ જૈનદર્શન પ્રત્યે જ અનુરાગાદિવાળા બનવાના છે. એટલે અવ્યુત્પન્નાદિને માત્ર જૈનદર્શનને અભિમત ક્રિયાઓ તો અવશ્ય માર્ગાનુસારિતાનું કારણ બને જ.

---

**यशो०** : 'यत्तु निश्चयतः परसमयबाह्यानामेव संगमनयसाराम्बडप्रमुखानां मार्गानुसारित्वं स्यात्, नान्येषाम्' **इति केषाञ्चिन्मतं (सर्वज्ञशतक० श्लो. ६९),**

**चन्द्र०** : केषाञ्चिन्मतं खण्डयितुं प्रथमं तन्मतं दर्शयति - **यत्तु** इत्यादि । **निश्चयतः** = आत्मपरिणामापेक्षया **परसमयबाह्यानामेव** = अजैनमताद् बहिर्भूतानामेव, न तु अजैनमतान्तवर्त्तिनामपीत्**येव**कारार्थः । व्यवहारतस्तु तेषां परसमयान्तर्गतत्वेऽपि न कोऽपि क्षतिः इति प्रदर्शनार्थं "निश्चयतः" पदमुपातम् । **संगमनयसाराम्बडप्रमुखानां** = शालिभद्रपूर्वभवगोपालकमहावीरप्रथमभवमनुष्यपरिव्राजकप्रभृतीनां **मार्गानुसारित्वं** स्यात् । **नान्येषां** = निश्चयतः परसमयान्तर्गतानामिति ।

उत्सूत्रप्ररूपकेण हि जैनक्रियैव मार्गानुसारिताकारणं स्वीकृता, परसमयस्थितानां मार्गानुसारिता नैव भवति । ततश्च "संगमनयसारादीनां जैनक्रियाऽभावाद् मार्गानुसारिताप्राप्तिः कथम् ?" इति आपत्तिस्तस्यापतिता । तद्वारणार्थं मुग्धशिरोमणिना उत्सूत्रप्ररूपकेण निगदितं, ते हि संगमादयो निश्चयतः परसमयबाह्याः, ततो मार्गानुसारिता सम्भवेदिति । **केषाञ्चित्** = उत्सूत्रप्ररूपकाणां अग्राह्याभिधानानां मतम् ।

**ચન્દ્ર૦** : કેટલાકોનો વળી એવો મત છે કે, નિશ્ચયથી = આત્મપરિણામની અપેક્ષાએ = પરમાર્થથી પરસમયથી બાહ્ય બનેલા એવા જ સંગમ, નયસાર, અંબડ વિગેરેને માર્ગાનુસારિતા થઈ. પણ જેઓ નિશ્ચયથી પરસમય બાહ્ય નથી બન્યા તેઓને માર્ગાનુસારિતા પ્રાપ્ત ન થાય.

(પૂર્વપક્ષે એમ માન્યુ છે કે "જૈનક્રિયા જ માર્ગાનુસારિતાને જન્મ આપે. પરદર્શનમાં રહેલાઓ જૈનક્રિયા વિનાના જ હોવાથી તેઓને માર્ગાનુસારિતા પ્રાપ્ત ન થાય."

એની સામે પ્રશ્ન થયો કે "શાલિભદ્રનો પૂર્વભવ સંગમગોવાળ, મહાવીરસ્વામીનો પ્રથમભવ નયસાર રાજા, અંબડ પરિવ્રાજક આ બધા જીવો જૈનક્રિયા વિનાના જ હતા. એટલે આમ જોઈએ તો પરસમયમાં જ રહેલા હતા, છતાં તેઓને માર્ગાનુસારિતા મળી છે એ તો બધા ય માને જ છે. માટે જ તો સંગમ, શાલિભદ્ર, નયસાર મહાવીર અને અંબડ પરિવ્રાજક શ્રાવક બન્યા છે. તો તમારી માન્યતા શું ?"

એટલે પૂર્વપક્ષે વગર વિચાર્યે ઉત્તર આપી દીધો કે આ સંગમાદિ વ્યવહારથી ભલે પરસમયમાં હોય, તો ય નિશ્ચયથી તો પરસમયથી બાહ્ય જ છે. અને એટલે તેઓને માર્ગાનુસારિતા પ્રાપ્ત થાય.

આમ પૂર્વપક્ષે બચાવ કર્યો છે.)

**યશો૦ : तत्तेषामेव प्रतिकूलं, सद्ग्रहप्रवृत्तिजनितनैश्चयिकपरसमयबाह्यतया पतञ्जल्यादीनामप्यम्बडादीनामिव मार्गानुसारित्वाप्रतिघातात् ।**

**चन्द्र० : तत्** = केषाञ्चिन्मतं **तेषामेव** = तादृशमतप्रतिपादकानामेव, न त्वस्माक-मित्**यपि**शब्दार्थः । कथं प्रतिकूलम् ? इत्याह – हे पूर्वपक्ष ! पतञ्जल्यादीनां परसमयस्थितत्वाद् भवता मार्गानुसारित्वं नानुमन्यते, संगमादीनां च मार्गानुसारित्वं निश्चयतः परसमयबाह्यत्वं स्वीकृत्याभिमन्यते । किन्तु **सद्ग्रहप्रवृत्ती**त्यादि, सद्ग्रहेण या प्रवृत्तिः, तया जनिता या नैश्चयिकी परसमयबाह्यता, तया **पतञ्जल्यादीनामपि** = न केवलं संगमादीनामेवेत्**यपि**शब्दार्थः । **अम्बडादीनामिव मार्गानुसारित्वाप्रतिघातात्** । अम्बडादीनां व्यवहारतः परसमयाभ्यन्त-र्वर्त्तित्वेऽपि, तेषां यः सद्ग्रहः = यत् शोभनं तद् ग्राह्यं इत्यादिरूपः, तेन या प्रवृत्तिः = शोभनक्रिया तया तेषां नैश्चयिकं परसमयबाह्यत्वं अभवत् । ततश्च यथा तेषां तादृशपरसमयबाह्यतया मार्गानुसारित्वं न प्रतिहन्यते, तथा पतञ्जल्यादीनामपि सद्ग्रहप्रवृत्तिसत्त्वात् तज्जन्येन नैश्चयिकपरसमयबाह्यत्वेन मार्गानुसारित्वमप्रतिहतमेवेति ।

**ચન્દ્ર૦ :** કેટલાકોનો આ મત એ બિચારા તેઓને જ પ્રતિકૂળ થઈ પડે છે. (કેમકે એ કેટલાકો પતંજલિ વિગેરે પરસમયમાં રહેલા હોવાથી તેમને માર્ગાનુસારી માનતા નથી. પણ હવે તેઓએ અંબડાદિને તો નિશ્ચયથી પરસમયબાહ્ય માની ને માર્ગાનુસારી માની જ લીધા છે. તો એ હવે એમને જ ભારી પડવાનું કેમકે, અંબડાદિ આમ તો પરસમયમાં – પરિવ્રાજકપણામાં જ રહેલા છે. અને છતાં તેઓમાં સદ્ગ્રહ ("જે સારૂં હોય તે ગ્રહણ કરવું. મતભેદ જોવો નહિ") દ્વારા જે સુંદર પ્રવૃત્તિ છે, (મુનિને દાન કરવું... વિગેરે) તેના દ્વારા તેઓમાં નૈશ્ચયિક પરસમયબાહ્યત્વ આવવાથી માર્ગાનુસારિતા પ્રગટી છે. આવું પૂર્વપક્ષ માને છે.) તો હવે એ જ પ્રમાણે પતંજલિ વિગેરે મહર્ષિઓમાં પણ સદ્ગ્રહ છે. અને તેનાથી જન્ય સુંદર પ્રવૃત્તિ છે. એટલે તેઓમાં પણ સદ્ગ્રહપ્રવૃત્તિથી જન્ય એવી નૈશ્ચયિક પરસમયબાહ્યતા માની જ શકાય. અને એટલે તેઓમાં પણ માર્ગાનુસારિતા માનવી જ પડે. પૂર્વપક્ષ એમાંથી છટકી ન શકે.

**યશો૦ : इयानेव हि विशेषो यदेकेषामपुनर्बन्धकत्वेन तथात्वं, अपरेषां तु श्राद्धत्वादिनेति ।।१६।।**

**चन्द्र० :** एवं अम्बडादीनामिव पतञ्जल्यादीनामपि मार्गानुसारित्वे सिद्धेऽपि यो विशेषस्तमाह

- **इयानेव** = एतावानेव **विशेषो** यद् **एकेषां** = पतञ्जल्यादीनां **अपुनर्बन्धकत्वेन तथात्वं** = मार्गानुसारित्वं **अपरेषां नु** = अम्बडादीनां **श्राद्धत्वादिना** = श्रावकत्वादिना "मार्गानुसारित्वं" इति योज्यम् ।

पतञ्जल्यादयो हि नैश्चयिकेन परसमयबाह्यत्वेन अपुनर्बन्धकस्वरूपा मार्गानुसारिणः, अम्बडादयस्तु नैश्चयिकेन परसमयबाह्यत्वेन श्रावकस्वरूपा मार्गानुसारिणोऽभवन्निति ।

<u>**ચન્દ્ર**</u>૦ : (આ પ્રમાણે અબંડાદિની જેમ પતંજલિ વિગેરેને પણ માર્ગાનુસારિતા સિદ્ધ થઈ. તેમ છતાં એ બેયની માર્ગાનુસારિતામાં જે ભેદ છે, વિશેષતા છે તેને બતાવે છે કે) બેયની માર્ગાનુસારિતામાં આટલી વિશેષતા છે કે પતંજલિ વિગેરે અપુનર્બંધક રૂપે માર્ગાનુસારી બન્યા. અંબડાદિ શ્રાવકાદિરૂપે માર્ગાનુસારી બન્યા.

लघुहरिभद्रबिरुदधारिभिर्महामहोपाध्यायैर्यशोविजयिभिर्विरचिते **धर्मपरीक्षाग्रन्थे**

**तृतीयो विभागः**

**समाप्तः ।**

**यदीयसम्यक्त्वबलात् प्रतिमो, भवादृशानां परमस्वभावम् ।**

**कुवासनापाशविनाशनाय, नमोऽस्तु तस्मै जिनशासनाय ॥**

**॥ वन्दे वीरम् ॥**

# સ્વાધ્યાયોપયોગી પુસ્તકો

## સાધન ગ્રન્થો

(૧) કલ્યાણ મંદિર (૨) રઘુવંશ (૧-૨ સર્ગ) (૩) કીરાતાર્જુનીય (૧-૨ સર્ગ) (૪) શિશુપાલવધ (૧-૨ સર્ગ) (૫) નૈષધીયચરિતમ્ (૧-૨ સર્ગ) શ્લોક, અર્થ, સમાસ, અન્વય, ભાવાર્થ સહિત.

ન્યાય સિદ્ધાંત મુક્તાવલિ (ભાગ ૧-૨) ગુજરાતી વિવેચન સહિત.

વ્યાપ્તિપંચક... ચન્દ્રશેખરીયાવૃત્તિ સહિત • સિદ્ધાન્ત લક્ષણ (ભાગ ૧-૨)... ચન્દ્રશેખરીયાવૃત્તિ સહિત

સામાન્યનિરુક્તિ (ગુજરાતી વિવેચન) • અવચ્છેદકત્વનિરુક્તિ (ગુજરાતી વિવેચન)

## આગમ ગ્રન્થો

ઓઘનિર્યુક્તિ (ભાગ ૧-૨) દ્રોણાચાર્ય વૃત્તિ + ગુજરાતી ભાષાંતર (પ્રતાકારે)

ઓ.નિ. સારોદ્ધાર (ભાગ ૧-૨) વિશિષ્ટ પંક્તિઓ ઉપર વિવેચન (પ્રતાકારે)

દસવૈકાલિક સૂત્ર (ભાગ ૧ થી ૪) હારિભદ્રીવૃત્તિ + ગુજરાતી ભાષાંતર

આવશ્યક નિર્યુક્તિ (હારિભદ્રી વૃત્તિ - ગુજરાતી ભાષાંતર સહિત ભાગ ૧ થી ૮)

ઉત્તરાધ્યયન સૂત્ર (શાંતિસૂરિવૃત્તિ - ગુજરાતી ભાષાંતર સહિત અધ્યયન-૧)

ઉપદેશમાળા-સિદ્ધર્ષિગણિવૃત્તિ (૫૪ ગાથા) (ગુજરાતી ભાષાંતર સહિત)

सिद्धान्तरहस्यबिन्दुः (ઓઘનિર્યુક્તિની વિશિષ્ટ પંક્તિઓનું રહસ્ય ખોલતી નવી ચન્દ્રશેખરીયા સંસ્કૃત વૃત્તિ)

## સંયમ-અધ્યાત્મ-પરિણતિપોષક ગ્રન્થો

સામાચારી પ્રકરણ (ભાગ ૧-૨) ચન્દ્રશેખરીયાવૃત્તિ ગુજરાતી ભાષાંતર સહિત (દસવિધ સામાચારી)

યોગવિંશિકા ચન્દ્રશેખરીયા વૃત્તિ સહિત

## સ્વાધ્યાયીઓ ખાસ વાંચે

સ્વાધ્યાય માર્ગદર્શિકા (સિલેબસ) • શાસ્ત્રાભ્યાસની કળા (શી રીતે ગ્રન્થો ભણવા?' એની પદ્ધતિ)

## મુમુક્ષુઓને-નૂતન દીક્ષિતોને-સંયમીઓને અત્યંત ઉપયોગી પુસ્તકો

• મુનિજીવનની બાળપોથી (ભાગ ૧-૨-૩) • સંવિગ્ન સંયમીઓને નિયમાવલી

• હવે તો માત્ર ને માત્ર સર્વવિરતિ.

ગુરૂમાતા • વંદના • શરણાગતિ • મહાપંથના અજવાળા
વિરાટ જાગે છે ત્યારે • ત્રિભુવનપ્રકાશ મહાવીર દેવ
મહાભિનિષ્ક્રમણ • ઉંડા અંધારેથી • વિરાગની મસ્તી
} આ નવેક પુસ્તકો ને પ્રત્યેક આત્માર્થીએ અવશ્ય વાંચવા જેવા છે.

* ધન તે મુનિવરા રે...(દસવિધ શ્રમણધર્મ પર ૧૦૮ કડી + વિસ્તૃત વિવેચન)
* વિશ્વની આધ્યાત્મિક અજાયબી (ભાગ ૧-૨-૩-૪)...(૪૫૦ આસપાસ શ્રેષ્ઠ પ્રસંગો)
* અષ્ટપ્રવચન માતા... (આઠ માતા ઉપર વિસ્તૃત વિવેચન)
* મહાવ્રતો...(પાંચ મહાવ્રતો ઉપર વિસ્તૃત વિવેચન) * જૈનશાસ્ત્રોના ચૂંટેલા શ્લોકો ભાગ ૧-૨ (અર્થસહિત)
* આત્મસંપ્રેક્ષણ... (આત્માના દોષો કેવી રીતે જોવા ? પકડવા ? એનું વિરાટ વર્ણન)
* મુમુક્ષુઓને માર્ગદર્શન... (દીક્ષા લેવામાં નડરતભૂત બનતા અનેક પ્રશ્નોનું સમાધાન)
* ૩૫૦ ગાથાનું સ્તવન (ભાગ ૧-૨-૩)... પાંચ ઢાળ ઉપર વિસ્તૃત વિવેચન સહિત
* સુપાત્રદાન વિવેક (શ્રાવિકાઓને ભેટમાં આપવા-સાચી સમજ આપવા મંગાવી શકો)
* આત્મકથા (વિરતિદૂતની ૧૧ આત્મકથાઓનો સંગ્રહ) * દસવૈકાલિકચૂલિકાનું વિવેચન
* શલ્યોદ્ધાર (આલોચના કરવા માટે ઉપયોગી સૂક્ષ્મતમ અતિચાર સ્થાનોનો સંગ્રહ)

**વિરતિદૂત માસિક** ૧ થી ૧૨૦ અંકનો આખો સેટ જેને પણ જોઈએ, તે મેળવી શકે છે.

# धर्म परीक्षा

भाग-३

યોગગ્રન્થના ભાવ ન જાણે

જાણે તો ન પ્રકાશે.....

ફોગટ મોટાઇ મન રાખે

તસ ગુણ દૂરે નાસે.. ધન તે મુનિવરા રે...

( ૩૫૦ ગાથાનું સ્તવન ઢાળ-૧૫ )

જે સાધુ યોગવિંશિકા વગેરે યોગગ્રન્થોના રહસ્યો જાણતો નથી,

જાણે છે, તો કહેતો નથી, બોલતો નથી.

મનમાં નકામું અભિમાન રાખે છે...

તેના ગુણો દૂર ભાગી જાય છે.